વાર્ષિક લવાજમ રૂા. ૧૫૦/-

વર્ષ : ૪૨મું
જુન - ૨૦૧૭
અંક : ૪૬૯

મંગલ મંદિર ● જુન-૨૦૧૭ ● ૧
(કુલ પાના : ૧૦૦ )

શ્રી કચ્છી જૈન સેવા સમાજ

# મંગલ મંદિર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનું માસિક મુખપત્ર




**આષાઢી બીજ**
**કચ્છી નવા વર્ષની**
**સર્વેને હાર્દિક વધાઈ**

ગગન ગજે ને મોરલા બોલે;
મથે ચમકેતી વીજ,
એ હાલો પાંજે કચ્છ મે;
આવઈ આષાઢી બીજ.




: મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ**
માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય-સુપ્રીમવાલા)
**શ્રી કચ્છી જૈન ભવન**
૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી, એલિસબ્રીજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬
ફોન : (079) 2657 8892, 2658 1501, 2657 9469 ફેક્સ : (079) 2658 2060
Email : kutchijainamd@gmail.com • Website : www.kutchijainahd.org

# તદ્દન નવાં પ્રકાશનો




NAVNEET
**GLOBAL DICTIONARY**
Price : ₹ 400.00




NAVNEET
**CONCISE GLOBAL DICTIONARY**
Price : ₹ 320.00

**મુખ્ય વિશેષતાઓ :**

- ◎ વર્તમાન સમયમાં અંગ્રેજી ભાષાની અગત્યને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવેલા સર્વાંગસંપૂર્ણ કોશ.
- ◎ અંગ્રેજી સ્પેલિંગ **'બ્રિટિશ ઇંગ્લિશ'** પ્રમાણે અને તેના ગુજરાતીમાં અર્થ **'સાર્થ જોડણીકોશ'** પ્રમાણે આપવામાં આવેલ છે.
- ◎ લગભગ **25,000 મૂળ શબ્દો** અને **40,000 સાધિત શબ્દો** મળીને કુલ **70,000 શબ્દોના** વિશદ અર્થોનો ગુજરાતી તથા અંગ્રેજી એમ બંને ભાષામાં સમાવેશ.
- ◎ જ્યાં મૂળ શબ્દ ક્રિયાપદ છે, ત્યાં તેના ભૂતકાળ (p.t.) અને ભૂતકૃદંત(p.p.)નાં રૂપોનો પણ સમાવેશ.
- ◎ જરૂરિયાત પ્રમાણે શબ્દો અને રૂઢિપ્રયોગોનો અંગ્રેજીમાં વાક્યપ્રયોગો દ્વારા સરળ સ્પષ્ટીકરણ સાથે સમાવેશ.
- ◎ સ્પેલિંગના ઉચ્ચારોનું International નિયમ મુજબ નિર્દેશન જેમ કે, Budget ('બજિટ્), Development (ડિ'વેલપમન્ટ્), Grandmother ('ગ્રૅન્ડ્મધર્).
- ◎ રોજિંદા જીવનમાં વપરાતી વિવિધ વસ્તુઓ તેમજ આસપાસ જોવા મળતી વસ્તુઓના વિપુલ શબ્દભંડોળનો પરિશિષ્ટમાં સમાવેશ.

Knowledge is wealth

**NAVNEET EDUCATION LIMITED**


**Correspondence Address :** Navneet House, Gurukul Road, Memnagar, Ahmedabad-380 052, India.
**phone :** (079) 6630 5000 • 66305001, 2745 1000 • **Fax :** (079) 6630 5011, 2748 8000
**email :** navneet.ahd@Navneet.com • **Website :** www.navneet.com

# Available on HIRE

- Gas Engine Driven Generators
  Range : 50 KVA to 10 Mega Watts
- Gas Engine Driven Gas Compressors
  Range : 10 HP to 8000 HP
- Oil & Gas Processing Equipments Readily Available
- Work Over Rig 100 Ton, 50 Ton & 30 Ton Capacity
- 120 kg/cm2 Air Compressors

# We Provide

- Complete equipment Readily Available
- Spare Parts
- Operation & Maintenance
- Engineering Consultancy



**Corporate Office :**

**Deep Industries Limited**

6th Floor, N.G. Tower, Opp. Fun Republic Cinema,
S.G. Highway, Ahmedabad - 380 015.
Tel # 91-79-26862076/78
Fax # 91-79-26862077

**Registered Office :**

**Deep Industries Limited**


Opp. Suryanarayan Bunglows,
State Highway, Motera,
Dist. Gandhinagar.
Phone # 91-79-27571128
Fax # 91-79-27502464
Email info@deepindustries.com

Certified ISO 9001 2000 by BVQi UKAS QUALITY MANAGEMENT

AN ISO 9001 - 2000 COMPANY

# ડેઈલી લાઈફમાં ઉપયોગી વિવિધ વિષયનાં પુસ્તકો

*બાળકો, યુવાનો અને મહિલાઓ માટે વસાવવા જેવાં - વાંચવા જેવાં પુસ્તકો*




**અમિતાભ બચ્ચન**

લે. સૌમ્ય વંદોપાધ્યાય,
અનુ. બકુલ દવે
કિંમત : 750

સદીના મહાનાયક અમિતાભ બચ્ચનના જીવનની જાણીતી-અજાણી અનેક વાતો વ્યક્ત કરતું જીવનચરિત્ર




**ઇદમ્ વિનોદમ્**

વિનોદ ભટ્ટ
કિંમત : રૂ. 170

વર્તમાન ગુજરાતી સાહિત્યને ઉત્કૃષ્ટ અને સાત્ત્વિક હાસ્યસાહિત્યથી તરબોળ કરનાર શ્રેષ્ઠ હાસ્યલેખકનું તદ્દન તાજું પુસ્તક.




**બાલ-કાવ્યકુંજ**

અરુણિકા મનોજ દરુ
કિંમત : રૂ. 70

બાળકોને મજ સાથે સંસ્કાર-ઘડતરની દિશા બતાવે એવાં ગુજરાતી બાળકાવ્યોનો અત્યારે દુષ્કાળ ચાલી રહ્યો છે. એવા સમયે આ બાળકાવ્યો આપણો ઉત્સાહ વધારે છે. પ્રકૃતિ, પરાક્રમ, પુરુષાર્થ, પરમાર્થ, પરિવાર વગેરે સાથે અનુસંધાન જોડી આપતાં આ બાળકાવ્યોમાં ભરપૂર મોજ છે.




**ઑરિગામી ભાગ-૩**

લેખન અને સંકલન :
ડૉ. નરેશ શાહ, અમીષા શાહ
કિંમત : રૂ. 250

કાગળ વાળીને તેમાંથી વિવિધ આકૃતિઓ અને કલાકૃતિઓ કંડારવાનું ગાઈડન્સ આપતું પુસ્તકશિક્ષણ-સંસ્કાર છે.




**હેલ્થ-હાઈવે**

લે. ડૉ. મુકુન્દ મહેતા
કિંમત : 400/-

ડૉક્ટર પાસે જવું જ ન પડે એ રીતે 168 બીમારીઓનું ઘેરબેઠાં નિવારણ કરવાનું ગાઈડન્સ આપતું પુસ્તક




**કેન્સર મટી શકે છે**

લે. ડૉ. ચિરાગ શાહ
કિંમત : 400

કેન્સરનો રોગ થતાં પહેલાં અને થયા પછી શું કરવું એનું તજજ્ઞ તબીબનું અનુભવસમૃદ્ધ ઉપયોગી પુસ્તક



**બાની વાતું**

લે. શરીફા વીજળીવાળા
કિંમત : 80

માતાની ગોદમાં કે માતાની પાસે બેસીને બાળપણમાં સાંભળેલી કેટલીક યાદગાર વાતોનું રસપાન એટલે –




**રળિયામણા રિલેશન્સ**

લે. રોહિત શાહ
કિંમત : 150


પરિવાર એટલે સંબંધોનું સ્વર્ગ. એ સ્વર્ગની સુગંધનો સતત સાક્ષાત્કાર કરાવતું અણમોલ પુસ્તક




**અવર ચાઇલ્ડ, અવર ચૅલેન્જ**

લે. ઊર્મિલા શાહ
કિંમત : 180

બાળક શાંત હોય કે તોફાની, એનો ઉછેર ચૅલેન્જરૂપ હોય છે. એ ચૅલેન્જ ઉપાડવાની સજ્જતા કેળવતું પુસ્તક




**પાછલી વયે**

લે. મનહર ઓઝા
કિંમત : 50

પાછલી ઉંમરની પીડાઓ નવી-જૂની જનરેશન સમજે એનું માર્ગદર્શન આપતું વાસ્તવિક વિચારોનું પુસ્તક




**ભાગ રે ટેન્શન ભાગ**

લે. કાન્તિ પટેલ
કિંમત : 200

ટેન્શન શારીરિક અને માનસિક રોગો સાથે લઈને જ આવે છે. એનાથી બચવાના ઉપાયો જણાવતું પુસ્તક

**ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય**

**ગૂર્જર સાહિત્યભવન**

રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ - 380 001
ફોન : 079-22144663.
e-mail : goorjar@yahoo.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, ટાઇટેનિયમ સિટીસૅન્ટર પાસે, સીમા હૉલની સામે,
100 ફૂટ રોડ, પ્રહ્લાદનગર, અમદાવાદ-15 ફોન : 26934340, મો. 9825268759
ઈમેલ : gurjarprakashan@gmail.com

છેલ્લા ૪૧ વર્ષથી દર મહિનાની ૫ તારીખે નિયમિતપણે પોસ્ટ કરવામાં આવતું "શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"નું મુખપત્ર

**"મંગલ મંદિર"**

**મુખ્ય કાર્યાલય**

**શ્રી કચ્છી જૈન ભવન,**

૪૩-૪૪, શ્રી બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી,
પાલડી, એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦ ૦૦૬.
ફોન : (૦૭૯) ૨૬૫૭૮૮૯૨, ૨૬૫૮૧૫૦૧
ફેક્સ : (૦૭૯) ૨૬૫૮૨૦૬૦
ઈ-મેઈલ : kutchijainamd@gmail.com
વેબ-સાઈટ : www.kutchijainahd.org

**તંત્રી**

પ્રતાપ નારાણજી દંડ

*અંકમાં પ્રસિધ્ધ થયેલ લેખો તથા અન્ય વિભાગની માહિતીઓ સાથે તંત્રીમંડળ સહમત છે તેમ માની લેવું જરૂરી નથી. રજૂ થયેલ વિચારો જે તે વ્યક્તિના હોય છે, જેની નોંધ લેવા વિનંતી.*

## લેખકોને નમ્ર વિનંતી

*'મંગલ મંદિર'માં પ્રગટ કરવા માટે વિપુલ પ્રમાણમાં લેખ સામગ્રી અમને મળતી રહે છે અને એટલે સ્વીકૃત કૃતિઓને પ્રગટ કરવાનું પણ સ્વાભાવિક રીતે વિલંબાય. મંગલ મંદિરના ધોરણને ધ્યાનમાં લઈ, પોતાની રચના મોકલતી વખતે લેખક સ્વવિવેક દાખવે તેવી વિનંતી છે.*

*એક સાથે એકથી વધુ કૃતિઓ ન મોકલવા વિનંતી.*

*ભાષાદોષ અને લાંબા લેખો અસ્વીકાર્ય બનશે તેની નોંધ લેવા વિનંતી. લેખમાં એકની એક વાતનું પુનરાવર્તન (રિપિટેશન) ટાળવું જરૂરી છે. કૃતિની હસ્તપ્રત સ્વચ્છ અને સુવાચ્ય હોવી જોઈએ. આશા છે કે, આ બાબતમાં લેખક મિત્રોનો સહકાર અમને મળી રહેશે.*

***— મુખ્યતંત્રી***

# અનુક્રમણિકા

**તંત્રી લેખ :**

- યોગ : નિરામય આરોગ્યની ચાવી ॥ આવી આષાઢી બીજ! ........ ૭
- આગામી કાર્યક્રમોની ઝલક ........ ૮

**લેખ વિભાગ**

**અષાઢી બીજ વિશેષ**

- અષાઢી બીજ : કચ્છ, કચ્છીઓ અને કચ્છીયતનો મહોત્સવ ........ **ડૉ. કાંતિ ગોર** ....... ૯

**ધારાવાહિક નવલકથા**

- છોરાંવછોઇ – (૮)
  મણિલાલનો ફુઆ સાથે ઝઘડો ........ **હંસરાજ સાંખલા** ..... ૧૧

**કચ્છ**

- નર્મદાના નીરના વધામણા તથા
  કંડલા વિકાસની બદલાતી ગાથા ........ **દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૧૩

**કચ્છની રસધાર**

- ભેરીઓ ગારુડી અને ભુજિયાનો ભુજંગ ........ **દુલેરાય કારાણી** ..... ૧૪

**કચ્છી કથા**

- અગ્નિદાહ ........ **સ્વામી સચ્ચિદાનંદ** ..... ૧૯

**કચ્છી પ્રતિભા વિશેષ**

- કચ્છના કલાગુરુ : એલ. સી. સોની ........ **ભરત 'કુમાર' પ્રા. ઠાકર** ..... ૨૧

**લોક સાહિત્ય**

- લીલી લીલી રાણી રન્ના દેની કૂખ ........ **શિવદાન ગઢવી** ..... ૨૩

**વાર્તા**

- વલુરાટ ........ **કંદર્પ ર. દેસાઇ** ..... ૨૭
- લાવારિસ ........ **ઇશ્વર અંચેલીકર** ..... ૩૧
- આશના શું બોલે? ........ **નીલમ દોશી** ..... ૩૩
- મિલન ........ **ડૉ. નવીન વિભાકર** ..... ૩૭

**લલિત નિબંધ**

- સ્વપ્નમાં એકાધિકાર ........ **રતિલાલ 'અનિલ'** ..... ૩૯

**નિબંધ**

- ઈલેક્ટ્રોનિક માધ્યમોના ચમત્કારો ........ **ફાધર વર્ગીસ પોલ** ..... ૪૦
- અંતે નિર્ણય ચોક્કસ લેજો ........ **મિતેષ સોલંકી** ..... ૪૨

**દૃષ્ટાંત કથા**

- મનોરથ ........ **રણધીરસિંહ ડી. ચૌહાણ** ..... ૪૩

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના

**"પદાધિકારીશ્રીઓ"**

**મેનેજિંગ ટ્રસ્ટી**
શ્રી પ્રતાપ નારાણજી દંડ
ઘર : ૦૭૯- ૨૬૪૦૫૦૪૭ મો. ૯૪૨૬૭ ૨૫૬૧૯

**ઉપપ્રમુખ-૧**
શ્રી મનુભાઈ ગોવિંદલાલ શાહ
ઘર : ૨૬૪૪ ૬૪૧૩, ઓ. ૨૬૪૦ ૧૧૫૦
મો. ૯૮૨૫૦ ૩૧૫૨૮

**ઉપપ્રમુખ-૨**
શ્રી શાંતિલાલ મુળજી સાવલા
ઘર : (૦૨૭૧૭) ૨૩૪૪૫૫ મો. ૯૮૨૫૦ ૪૮૬૪૫

**માનદ્ મંત્રી**
શ્રી કાંતિલાલ રામજી શાહ
ઘર : ૨૬૪૨૩૮૯૫, ઓ. : ૨૫૮૯૪૫૫૬/૨૫૮૩૩૯૮૯
મો. ૯૩૨૮૦ ૦૧૧૪૦

**સહમંત્રી**
શ્રી હસમુખ બાબુભાઈ શાહ (ખાંડવાલા)
ઘર : ૨૬૬૦૩૪૫૮, ઓ. : ૨૬૬૦૫૪૫૩
મો. ૯૮૨૫૦ ૪૦૬૬૬

**ખજાનચી**
શ્રી ચંદ્રકાંત દામજી શાહ
ઘર : ૨૬૬૦૫૨૨૫

**સહ ખજાનચી**
શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર
ઘર : ૨૬૬૫૦૨૯૯, મો. ૯૪૨૮૩ ૫૧૩૭૦


**શ્રી કચ્છી વિશ્રામ ગૃહનું સરનામું :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
શ્રી કચ્છી વિશ્રામ ગૃહ
અરિહંતનગર દેરાસરની સામે,
ગાંધી વિદ્યાલયની ગલીમાં, રચના સ્કૂલની પાછળ,
રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૪.
ફોન : ૦૭૯-૨૨૮૮૪૫૪૭

**સેવા ભવનનું સરનામુ :**
શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત
માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, એસ. ટી સ્ટેન્ડ પાસે,
સત્કાર ગેસ્ટ હાઉસની સામે, રૂગનાથપુરા,
અમદાવાદ-૩૮૦ ૦૨૨. ફોન : ૦૭૯-૨૫૪૬૧૨૭૦

**'મંગલ મંદિર'ના અંકો સમાજની વેબસાઈટ**
**www.kutchijainahd.org**
**ઉપર... *ઉપરાંત*....**
**www.hellokutchis.com**
**ઉપર વાંચી શકાય છે.**

## પ્રેરણા


- રામજીની સાખે ........ **લીલાધર માણેક ગડા** ..... ૪૪
- રિક્ષાચાલક ........ **ડૉ. સુધીર ચી. મોદી** ..... ૪૭


## સમાજ ચિંતન


- સંબંધોના સથવારે : બાંધી મુઠ્ઠી લાખની ........ **ઈલા કે. શાહ** ..... ૪૮
- પ્રાચીનકાળથી નારીને સતીની વ્યાખ્યામાં બાંધી છે ........ **ચંદ્રકાંત પટેલ 'સરલ'** ..... ૪૯


## ચિંતન


- આજનો વિદ્યાર્થી ........ **કાકા કાલેલકર** ..... ૫૧
- સંસ્કાર વારસો આપતી શિક્ષણ વ્યવસ્થા ........ **મનુભાઈ પંચોળી** ..... ૫૨
- સાંપ્રત સમાજમાં શિક્ષણ અને સંસ્કાર ........ **દિનેશચંદ્ર જગજીવન શાહ** ..... ૫૩


## સંસ્મરણ


- ડાંગે માર્યા પાણી ........ **રસિક મહેતા (પારેખ)** ..... ૫૪
- મનેય કોઈ મળવા આવ્યું છે ........ **પૂર્વી મલકાણ મોદી (યુ.એસ.એ.)** ..... ૫૬


## વિભૂતિ વંદના


- રિવોલ્યુશનરી સંત સ્વામી સચ્ચિદાનંદજી ........ **ભદ્રાયુ વચ્છરાજાની** ..... ૫૮


## લઘુ કથા


- કાવડ ........ **આરતીબા ગોહીલ "શ્રી"** ..... ૬૦


## પર્યાવરણ


- મહારાવ ખેંગારજી ત્રીજાનો વનસ્પતિ પ્રેમ ........ **હરેશ ધોળકિયા** ..... ૬૧
- પર્યાવરણની સાચવણી – ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ ........ **ફાધર વર્ગીસ પોલ, એસ.જે.** ..... ૬૨


## આરોગ્ય


- વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪ મે ........ **ડૉ. મણિલાલ ગડા, ડૉ. દિપ્તી શાહ** ..... ૬૩
- સાઠ પછીનું સ્વાસ્થ્ય – (૫) : વધતી ઉંમર અને ઈન્દ્રિયો – કાન ........ **હરેશ ધોળકિયા** ..... ૬૬


## હાસ્ય


- ભોપલો બકાવી ગ્યો, બાકી... ........ **કનુ આચાર્ય** ..... ૬૮
- મેરે ઘર આયી એક નન્હી પરી. ........ **ડૉ. નલિની ગણાત્રા** ..... ૭૧
- યોગા ........ **ભારતી ર. સોની** ..... ૭૨


## નિયમિત વિભાગો


- અન્ય સંસ્થાઓના સમાચાર ........ ૭૪
- જાણવા જેવું ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૭
- *Nano Nine* શબ્દ રમત-૧૨૯ ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૭૯
- *Nano Nine Sudoko* (ક્રમાંક : ૧૦૮૬) ........ **સંકલન : રજનીકાંત પારેખ** ...... ૮૧
- વલોવતન ........ **સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ** ...... ૮૨
- સમાજ દર્પણ ........ ૮૫
- સંસ્થા સમાચાર ........ ૮૬
- શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ ........ ૯૫
- ઊડતી નજરે ........ ૯૬


Printed & Published by : **Mr. Pratap Dand,** For **Shri Kutchhi Jain Seva Samaj - Ahmedabad**. Printed at **Vinayak Offset,** Dudheshwar, Ahmedabad. Published at **Shri Kutchhi Jain Seva Samaj – Ahmedabad,** 43/44, Brahman Mitra Mandal Soc., Opp. Navchetan High School, Paldi, Ellisbridge, Ahmedabad-380 006. Editor : **Mr. Pratap Dand ● Yearly Subscription : Rs.150/-**

## તંત્રી લેખ

# યોગ : નિરામય આરોગ્યની ચાવી || આવી આષાઢી બીજ!

છેલ્લા દાયકા દરમિયાન આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતને પ્રાપ્ત થયેલ સિદ્ધિઓ અને ઉપલબ્ધિઓમાં યોગને મળેલ વૈશ્વિક સ્વીકૃતિનું મૂલ્ય જેટલું આંકીએ એટલું ઓછું લેખાશે. અત્યાર સુધી યોગ જાણે કોઈ વિશેષ સાંપ્રદાયિક ઉપક્રમ હોય અને ફક્ત હિંદુ ધર્મની જ અસ્કામત હોય એવી ભ્રાન્તિ ચાલતી રહી છે. બાબા રામદેવ દ્વારા યોગનો સ્વાસ્થ્ય માટેની સર્વસુલભ આઈટમ સ્વરૂપે મોટા ફલક પર પ્રચાર - પ્રસાર થતાં એ ગ્રંથિ તૂટી અને દુનિયાના ઘણા બધા દેશોએ યોગનો ઉમળકાપૂર્વક સ્વીકાર તથા પુરસ્કાર કર્યો. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ એની વૈશ્વિક માન્યતા માટે પ્રયાસ કર્યો, જેની ફલશ્રુતિ લેખે ૨૧ જૂનના દિવસને યુનાઈટેડ નેશન્સ દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે ઉજવવાનો નિર્ણય જાહેર કરાયો. ભારતીય સંસ્કૃતિના અભિન્ન અંગ સમા 'યોગ'નો આખી દુનિયાને લાભ મળે એ દિશામાં પ્રયાસો શરૂ થયા. જેમાં સાઉદી અરબ સહિતના ખાડીના દેશો અને ઈરાનથી લઈ ઈન્ડોનેશિયા સુધીનાં ઈસ્લામિક રાષ્ટ્રો પણ સામેલ છે. એક રીતે આ ભારતીય સંસ્કૃતિનો વિશ્વવિજય જ ગણાય. એનો યશ સ્વાભાવિક રીતે જ યોગ ગુરુ બાબા રામદેવ તથા એમણે જેમને રાષ્ટ્ર ઋષિ કહી બિરદાવ્યા છે તેવા આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ફાળે જાય છે. અલબત્ત, યોગ કોઈ એક-બે વ્યક્તિઓની મૉનોપૉલી ન જ હોઈ શકે. આદિ અનાદિથી ભારતમાં ઋષિ મુનિઓએ આ સાત્ત્વિક જીવનશૈલી વિકસાવેલી છે જે કાળક્રમે વિવિધ મહાયોગીઓ દ્વારા અનેકવિધ ધારાઓમાં વહેતી રહી છે. પતંજલિથી લઈ આધુનિક કાળના મહર્ષિ મહેશ યોગી અને ઓશો રજનીશ સુધીના તપસ્વીઓ એનો પોતપોતાની રીતે વિનિયોગ કરતા રહ્યા છે. મહર્ષિ દયાનંદ સરસ્વતી, રમણ મહર્ષિ, સ્વામી વિવેકાનંદ, શ્રી અરવિંદ વગેરે દ્વારા યોગને પરમાત્મા સુધી પહોંચવાના રાજમાર્ગ સ્વરૂપે પ્રતિષ્ઠા સાંપડેલી છે. પરંતુ એનો સ્થૂળ વિનિયોગ ભૌતિક જીવનને રોગમુક્ત રાખવા માટે સૌથી વધુ ઉપકારક નીવડી શકે તેનું પ્રતિપાદન સવિશેષ બાબા રામદેવ દ્વારા સંપન્ન થયું. છેલ્લા અર્ધશતક દરમિયાન યોગ એક 'સેલેબલ કૉમોડિટી' તરીકે ભારતીય યોગીઓ દ્વારા અમેરિકા સહિત પશ્ચિમના દેશોમાં લોકપ્રિય બની ગયો હતો. એનો દુનિયાએ સ્વાસ્થ્ય માટેના વૈજ્ઞાનિક વ્યાયામ લેખે સ્વીકાર અને પુરસ્કાર કરી એને આંતરરાષ્ટ્રીય માન્યતા બક્ષી તે ભારત માટે ગૌરવ અપાવનારી ઐતિહાસિક ઘટના છે. આજના મોંઘવારીથી પીડાતા જનસમુદાય માટે યોગ આશીર્વાદ સમાન છે. દવાઓ અને તબીબી સારવારનો ખર્ચ ટાળવા માટે આ તદ્દન નિઃશુલ્ક એવો સ્વાસ્થ્યપ્રદ વ્યાયામ છે. એક વાર એની પ્રક્રિયા સમજી લીધા પછી ઘેર બેઠાં એની પ્રેક્ટિસ કરી શકાય છે. સૌથી મહત્ત્વની બાબત તો એ છે કે યોગ કોઈ ધર્મ - સંપ્રદાય સાથે સંકળાયેલી બાબત નથી. એ શુદ્ધ વિજ્ઞાન છે. યોગમાં પ્રાણાયામનો પણ સમાવેશ થઈ જાય છે. પ્રાણ એટલે શ્વાસ. યોગ્ય રીતે શ્વાસ લેવા - છોડવાથી રક્તવાહિનીઓના બ્લોકેજથી લઈ અનેક પ્રકારની બીમારીઓથી બચી શકાય છે. યોગ થયા પછી હૉસ્પિટલોનાં ચક્કર કાપવા કરતાં રોગ થાય જ નહીં એ પ્રકારની આ ફુલપ્રૂફ જીવનશૈલી અપનાવવી શું ખોટી? એમાં પાઈ પૈસાનો ખર્ચ નથી. ફક્ત દિવસમાં

વધુમાં વધુ એકાદ કલાક જેટલો સમય જ ફાળવવાનો છે. સૂર્યોદય પહેલાં ઊઠી ૐકાર સહિત પ્રાણાયામ અને યોગાસનો કરનારના બાકીના ત્રેવીસ કલાક ઊર્જાની અનુભૂતિથી તરબતર રહે છે. આપણા જ દેશમાં અને પાડોશી પાકિસ્તાનમાં યોગ સામે કેટલાક અણસમજુ લોકોએ બિનજરૂરી શંકા કુશંકા ઉઠાવી એને હિંદુત્વના નામે વગોવવાની કોશિશ પણ કરી પરંતુ દુનિયાભરની શાણી પ્રજાએ ભારતીય સંસ્કૃતિની આ અણમોલ ભેટને ઉમળકાભેર સ્વીકારીને માનવજાત માટે વરદાનરૂપ ગણી છે. આપણા દેશમાં કેટલાકને સૂર્ય નમસ્કાર સામે વાંધો છે, પરંતુ સૂર્ય નમસ્કાર તો સંપૂર્ણ વ્યાયામ છે અને ૐકારના ઉચ્ચારણ પછળ પણ વિજ્ઞાન છે. આખરે પૂર્વજોની આ અણમોલ વિરાસતને માનવજાતના કલ્યાણ અર્થે પ્રયોજી યોગને એક જીવનશૈલી તરીકે સ્વીકારવામાં જ દુનિયાના ડાહ્યા માણસોને શાણપણ વરતાયું અને એ રીતે ૨૧ જૂનના દિવસને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકેની માન્યતા સાંપડી. એ માટે આપણા વડાપ્રધાન સહિત જે કોઈ મહાનુભાવોએ આ મહાન ઉપલબ્ધિ અંકે કરાવવા તન-મન-ધનથી પુરુષાર્થ કર્યો છે તે બધા જ માનવજાતના ઉપકારક છે અને અભિનંદનના અધિકારી છે.

શાસ્ત્રમાં કાર્યમાં કુશળતાને યોગ કહેલ છે. योगः कर्मसु कौशलम. મૂળે 'યોગ' શબ્દ 'યુજ્' ધાતુ પરથી બન્યો છે. એનો અર્થ છે 'જોડવું.' એ આત્માને પરમાત્મા સાથે અને શરીરને સ્વાસ્થ્ય સાથે તથા મનુષ્યને સમાજ સાથે જોડે છે. એ સમન્વયકારી માંગલિક વિભાવના છે. ચાલો, આપણે પણ આપણા ઋષિના જ શબ્દો દોહરાવીએ – सर्वे सन्तु निरामयाः । વળી આષાઢી બીજ પણ આ જ મહિનાના અંતિમ દિવસોમાં આવે છે.

કચ્છ માટે આષાઢી બીજ તો નવા વરસનો પ્રારંભ.

સૌને નૂતન વર્ષાભિનંદન. આ આપણું વિશિષ્ટ સાંસ્કૃતિક પર્વ છે. એની પાછળ અનેક દંતકથાઓ અને વિજયગાથાઓ પડેલી છે. સૌથી મહત્ત્વની વાત એ કે આષાઢ એ ચાતુર્માસનો પહેલો મહિનો છે. વળી કચ્છ ઓછા વરસાદવાળો સૂકો રણપ્રદેશ. એટલે વરસાદનાં વધામણાં એના માટે સ્વાભાવિક રીતે જ વધુ રોમાંચક હોય. સમગ્ર દેશ જ્યારે દિવાળી પછી કે ચૈત્રી પ્રતિપદાએ નવા વરસની ઉજવણી કરતો હોય ત્યારે કચ્છ એની આગવી પરંપરાનુસાર આષાઢી બીજને જ નવા વરસની શરૂઆત ગણતું રહ્યું છે તે એની અસ્મિતાની ઓળખ છે. ■

## આગામી કાર્યક્રમોની એક ઝલક....

| તારીખ – સમય | સ્થળ | કાર્યક્રમ - આયોજનકર્તા | કાર્યક્રમની વિગત |
|---|---|---|---|
| ● શુક્રવાર, તા. ૧૬-૬-૨૦૧૭ બપોરે ૨.૦૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | મહિલા ઉત્કર્ષ સમિતિ | યોગ દિવસ નિમિત્તે યોગ કેમ્પ. (વિસ્તૃત માહિતી : જુઓ પાના નં.-૯૦) |
| ● રવિવાર, તા. ૨૫-૬-૨૦૧૭ સાંજે ૪.૩૦ વાગ્યાથી | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | વયસ્ક સમિતિ | પેપર કટીંગ કરી વિવિધ આકૃતિઓ બનાવવી, અંતાક્ષરી, હાઉસીનો કાર્યક્રમ. |
| ● રવિવાર, તા. ૨૩-૭-૨૦૧૭ સવારે ૯.૦૦ કલાકે | શ્રી કચ્છી જૈન ભવન - પાલડી | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ | ૩૦મી વાર્ષિક સામાન્ય સભા. |

અષાઢી બીજ વિશેષ

# અષાઢી બીજ : કચ્છ, કચ્છી અને કચ્છીયતનો મહોત્સવ

ડૉ. કાંતિ ગોર

અષાઢી બીજ એટલે કચ્છી નવા વર્ષનો પ્રારંભ. અષાઢી બીજના દિવસને નવા વર્ષનો પ્રથમ દિવસ માનવાની આ પરંપરા આશાવાદ પર જીવતા કચ્છી મર્દ માણસોનો મિજાજ વ્યક્ત કરે છે.

બીજ, એ વિશ્વનો વૈભવ છે, કર્મ અને વિકાસનું પ્રતીક છે. અષાઢ શરૂ થાય એટલે મોટાભાગે દુકાળનો સામનો કરતા આ મુલકમાંથી દેશ વિદેશમાં બહાર ગયેલા દરિયા ખેડુઓ, આખર શરૂ થતાં જ વળતિયા થઈને વતન પહોંચી આવે. પોતાના પશુધનને બચાવવા બહાર ગયેલા માલધારીઓ પણ વતન તરફ પાછા વળે. જૂના સમયમાં લડાઈઓ પણ ચોમાસામાં બંધ રહેતી. તેથી ચાકરિયાતો અને અન્ય પણ ઘરે પાછા આવતા.

વિસ્તાર અને સ્થાનની દૃષ્ટિએ પણ કચ્છ વિશિષ્ટ સ્થિતિ ધરાવે છે. તેથી ચોમાસાની શરૂઆતમાં ઘરના બધા મોભીઓ પાછા આવે એનો આનંદ હર કોઇને હૈયે હોય. આ બધા કારણે અષાઢનું મહત્ત્વ લોક જીવનમાં પ્રસ્થાપિત થયું. ૨૭ નક્ષત્રોમાંથી ૨૦મું નક્ષત્ર પૂર્વાષાઢા અને ૨૧મું નક્ષત્ર ઉત્તરાષાઢા – આ બેમાંથી કોઈ પણ નક્ષત્ર કોઈ પણ પૂનમે આવે તે અષાઢ માસ.

અષાઢી બીજના કચ્છી નવા વર્ષની શરૂઆત ક્યારથી થઈ તે વિશે કેટલીક દંતકથાઓ પ્રચલિત છે. ૧૦મી સદીમાં થઈ ગયેલ કચ્છનો પ્રજાપ્રિય રાજકુમાર લાખો ફુલાણી આ દિવસે દેશવટેથી પાછો આવ્યો એના આનંદમાં, ૧૨મી સદીમાં જામ લાખાને માલધારીઓએ મુલકનો મુખી માન્યો તેના માનમાં આ ઉત્સવ શરૂ થયો. તો કેટલાક અભ્યાસીઓના અભિપ્રાય પ્રમાણે જામ રાયધણ, જે રત્તા રાયધણ તરીકે ઓળખાતા, તેમણે ૧૨મી સદીમાં કચ્છની પ્રજા પર જુલમ ગુજારતા જતોને મારી ભગાડ્યા તેના માનમાં આ કચ્છી સંવત શરૂ થયાની વાતો પ્રચલિત છે. પણ હકીકતમાં એનાથી પણ અગાઉ આ કચ્છી સંવત પ્રચલિત હતો તેમ કહી શકાય તેમ છે.

વિક્રમ સંવત કારતક સુદ એકમથી શરૂ થાય છે અને તે ઇસુથી ૫૬ વર્ષ પૂર્વે શરૂ થયો છે જ્યારે કચ્છી નવું વર્ષ તો વિક્રમ સંવતથી પણ ચાર મહિના અગાઉ શરૂ થાય છે. આ રીતે કચ્છી નવું વર્ષ અષાઢથી શરૂ થઈ ચાર મહિના વિક્રમ સંવતથી પણ આગળ રહે છે અને કારતકથી બંને સમાંતર ચાલે છે. હમણાં વિક્રમ સંવત ૨૦૭૩ ચાલે છે. જે આસોર મહિના સુધી ૨૦૭૩ જ રહેશે. પણ કચ્છી સંવત અષાઢ માસથી, એટલે ચાર મહિના અગાઉ જ, ૨૦૭૪ થશે. આ રીતે તે ચાર મહિના સુધી વિક્રમ સંવતથી આગળ ચાલશે અને કારતકથી વિક્રમ સંવત પણ ૨૦૭૪ થશે.

જૂના પંચાંગો પ્રમાણે આ કચ્છી સંવત કચ્છ અને હાલારમાં ચાલે છે. હાલાર એટલે જામનગરનો વિસ્તાર. જામનગરનો જાડેજા વંશ કચ્છનો જ ફાંટો છે. જામ રાવળે નવા નગર, જામનગરની ગાદી સ્થાપી ત્યારે આ કચ્છી સંવત ચાલુ રાખ્યો હતો.

અષાઢથી નવું વર્ષ શરૂ કરવાની આ પરંપરા કાઠિયાવાડના અન્ય કેટલાક વિસ્તારોમાં પણ ચાલુ થઈ હતી. માંગરોળમાંથી કુમારપાળના સમયનો વિ.સં. ૧૨૦૨નો એક લેખ પ્રાપ્ત થયો છે તે પરથી આ જણાય છે. તે લેખમાં વિક્રમ સંવતની સાથે સાથે સિંહ સંવતનો પણ એમાં ઉલ્લેખ છે અને તે બંને સંવત માટે આષાઢાદિ૦– એવો ઉલ્લેખ છે. આમ એટલું નિશ્ચિત છે કે કચ્છી સંવત વિક્રમ સંવતથી પણ ચાર મહિના જૂનો છે અને એની સાથે જોડાયેલ દંતકથાઓ, પ્રાદેશિક રાજાઓનો મહિમા વધારવા જોડી કાઢવામાં આવી હોય તેવું લાગે છે.

વિક્રમ સંવત તો ચોમાસા પછી નવું ધનધાન્ય ઘરમાં આવી જાય પછી ઉજવાય છે પણ માત્ર કચ્છ જ એવો નિરાળો પ્રદેશ છે, જ્યાં નવા વર્ષની ઉજવણી ચોમાસાના પ્રારંભે, વરસાદ થયો હોય કે ન થયો હોય, અષાઢી બીજે થાય છે. કચ્છીઓને ઈશ્વર પર અતૂટ શ્રદ્ધા છે કે વરસાદ થશે જ અને એ શ્રદ્ધાથી એ નવું વર્ષ મનાવે છે અને કદાચ વરસાદ ન થાય તો પણ બીજનો ચંદ્ર એને પ્રગતિ અને પુરુષાર્થનો માર્ગ ચીંધે છે.

રાજાશાહી વખતે નવા વર્ષનો ઉત્સવ ઠાઠમાઠથી રાજદરબારમાં ઉજવવામાં આવતો. બધા વર્ગના પ્રજાજનો દરબારમાં આવતા. કચ્છરાજના પ્રતીકવાળી ધ્વજા ફરકાવવામાં આવતી. મંત્રોચ્ચાર થતા, વરુણદેવની પૂજા થતી. ભુજિયા ડુંગર પર ઉત્સવ થતો. તોપોની સલામી અપાતી. ખેડૂતો બળદોને શણગારતા. ભારતને સ્વાતંત્ર્ય મળ્યું ત્યાં સુધી આ પરંપરા ચાલુ રહી. પણ આ રાજાશાહી ઉજવણી બંધ થયા પછી પણ કચ્છીઓના દિલમાં આ ઉમંગ જરાય ઓછો નથી થયો.

આ દિવસે ઘરે ઘરે 'મીઠા ભાત'ના આંધણ મૂકાય. નાના હોય તે સાકર અને નાળિયેર લઈને મોટાઓના આશિર્વાદ લેવા જાય. એમને પગે લાગે અને આશિર્વાદ મેળવે. રાજપુતો પોતાના શૂરા પૂરાના પાળિયાઓને સિંદુર ચડાવે, નૈવેદ્ય ધરાવે. પરોપકાર

માટે પોતાનું જીવન ધરી દેનાર, આ ધરતીના સપૂતોના બલિદાનને યાદ કરવામાં આવે. એમના સ્થાનકે પેડી થાય. સાંજે બધા ગામના ચોકમાં એક સ્થળે એકઠાં થાય, ચંદ્રના દર્શન કરે, એક બીજાને ભેટે અને નવા વર્ષની વધાઈ આપે. ચંદ્રને ફરતા તેજ વલયને કે વર્તુળને આધારે વર્ષ કેવું જશે તેની આગાહીઓ કે કલ્પનાઓ કરે.

કાંઠાળ વિસ્તારમાં, દરિયા કિનારે વસતા લોકો, દરિયાખેડુઓ દરિયાલાલની પૂજા અર્ચના કરે, વહાણોને સુશોભિત કરે, વાવટા ફરકાવે, એકબીજાને ભાવથી ભેટે. કચ્છી નવા વર્ષે દરિયાલાલની પૂજા અર્ચનાની આ પરંપરા આજે પણ જળવાઈ રહી છે.

મેઘદૂતમમાં 'અષાઢસ્ય પ્રથમ દિવસે' કહીને અષાઢનો મહિમા ગાનાર મહાકવિ કાલીદાસનો જન્મદિવસ જ અષાઢ સુદ એકમના મનાવાય છે અને કચ્છીઓ કાલીદાસના એ પ્રિય અષાઢને એની જન્મજયંતીના બીજા દિવસે જ નવા વર્ષના પ્રારંભ દિન તરીકે ઉજવે છે. એમ કહેવું જોઈએ કે કચ્છીઓની કુદરતને માણવાની સૂઝ કે નિસર્ગપ્રેમ મહાકવિથી જરા પણ ઉતરતી નથી.

પણ હવે સમય પલટાયો છે. એક જમાનામાં બહાર કમાવા જતા માણસોએ મોકલેલ મનીઓર્ડર પર કચ્છનો આર્થિક વ્યવહાર નિર્ભર હતો. કચ્છમાં આવકના સ્રોત મર્યાદિત હતા અને કમાઈ ન શકે તેવા બાળકો અને સ્ત્રીઓનું પ્રમાણ જ વધારે હતું. અત્યારે સ્થિતિ જુદી છે. આર્થિક વિકાસ પણ વધ્યો છે. લોકોને પરંપરાગત રીતે ઉજવણીનો સમય પણ નથી મળતો. શહેરોમાં નવા વર્ષનું મહત્ત્વ ઘટ્યું નથી પણ પરંપરાગત ઉજવણીમાં જરૂર ઓટ આવી છે. પણ કચ્છીઓના મનમાં તો અષાઢી બીજનું સ્થાન કોઈ પણ ઉત્સવથી ઉતરતું નથી. કચ્છીઓની ભાવનાને કચ્છીના એક લબ્ધપ્રતિષ્ઠ કવિ દયારામ નાકર 'મંગલ'ના શબ્દોમાં કચ્છીમાં આ રીતે અભિવ્યક્ત થઈ છે.

*આષાઢી બીજ વડર કાં વિજ!*
*સુખને સપત તું કચ્છડે કે ડિજ!*
*ઘીમેં રંધીજ ખન કેલેંજે સાથમેં*
*હોંસેં ખારાઈ તું રાજી રાજી થી જ!*

અર્થાત્, અષાઢી બીજ કાં વાદળ, કાં વીજ. તું કચ્છડાને સુખ અને સંપત્તિ આપ અને બધાને હોંશથી રાંધેલ ખીર અને ખાંડ ખવડાવીને તું રાજી રાજી થજે. કચ્છનો આ ઉત્સવ કચ્છીઓના અરમાન પૂરા કરે. એની ઉજવણી હજુ પણ વધારે ધમાકેદાર રીતે થાય, કચ્છીઓની તાકાત, ખંત અને ખમીરને વ્યક્ત કરતા કાર્યક્રમો મોટા પ્રમાણમાં થાય અને કચ્છીઓનો આ નવ વર્ષારંભ મહોત્સવ જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં ત્યાં વિશ્વના ખૂણેખૂણામાં ઉજવાતો થાય અને સૌના જીવનમાં ખીર અને ખાંડ જેવી મીઠાશ પ્રસરે તેવી શુભેચ્છા.

***"સુદર્શન",***
***૯૨, શ્રીજી નગર, એન.આર.આઈ. કોલોની,***
***માધાપર રોડ, ભુજ, કચ્છ-૩૭૦ ૦૨૦.***

ધારાવાહિક નવલકથા

# છોરાંવછોઇ – (૮)

હંસરાજ સાંખલા

## મણિલાલનો ફુઆ સાથે ઝઘડો

મણિલાલ ફુઆની સૉ મિલમાં જ કામે લાગ્યો. પહેલી તારીખ થતાં તેણે ફુઆને કહ્યું. 'હમણાં,' હોદીના પગારનો ખુલાસો કરો ને હવેથી નવો પગાર શું દેશો ઈ કો!

"હું તો તારા હારુ ઠેવરાનું વિચારુંર્યો."

'તો એમ કરો. પણ કાંક કરો' થોડા અકળાઈને મણિલાલે કહ્યું.

"ઇ તો ધીરજ રાખવી પડે."

"ધીરજ રાખી જ હે નાં? કેટલાં વર થ્યાં! ઠેવરાની આશામાં અડધા પગારે ઢેહડાઉર્યો. આજ કાલ કરતાં પંદર વર થ્યાં એને. ઓલ્યા અમારા ગામવાળા તમારા કરતાં ડબલ પગારનું કેર્યા."

ફુઆ કાંય બોલ્યા નહીં.

"ફુઆ મને એને જવાબ દેવો હે શું કીં?"

"તને ઠીક લાગે ઇ કે." ફુઆએ કહ્યું.

"હું તો કીં ર્યો. મારો પગાર વધારો ને કંપનીનો રસોડોય તમારી વહુ (મારી પત્ની) કરશે. મેં બધાં કને દવા હારું લીધેલા પૈસા ચૂકવવા હે. એટલે થોડી ઉપાડ પણ ખપશે."

"ઇ બધું નીં થાય મણા! ઈયાં ફુઆ કને રૃપિયાના ઝાડ થોડા હે કે એમાંથી તોડી તોડી ફુઓ દેતો આવે." ફુઆએ અકળાઈને કહ્યું.

"તો પછી શું કરું? અમારા ગામવાળા કને જાઉં?"

"તને જવું હોય તો જા. કાલ જતો હો તો આજ જા. તને એમ હે કે હું જૈશ તો ફુઆનો બેન્સો બંધ થઈ જશે? તારી કામની ગેરંટીથી બેન્સો થોડો ઊભો કર્યો તો તારા ફુઆએ."

"હું એ ક્યાં કઉર્યો?" મણિલાલે થોડા નમ્રભાવે કહ્યું.

"તારો કેવાનો અર્થ ઇ જ થાયર્યો. તું કે એમ અમે થોડું કરીએ?"

"તો પછી મારો હિસાબ કરી નાખો."

"હિસાબતાં કરેલો જ હે."

"મારો પગાર શું ગણ્યો હે?"

"તને કેધો તો એટલો ગણ્યો હે."

"ઇ તો ઠેવરાની આશા દીધી'તી તૈયે ઇ પગાર કર્યો તો."

"તો હજીયે ક્યાં ના હે. કામ કર પડ્યો. છનોમનો. તને મોડો વેલોયે ઠેવરો કરી દઈશ. એના હારું ફુઆ માથે વિશ્વાસ રાખવો પડે."

"આટલાં વર (પંદર વર) વિશ્વાસ રાખીને ધણી થૈનેં જ ઢહેડો (મજૂરી) કર્યો હે. એના પછીયે તમે એમ કો કે હાલ જતો હો તો આજ જા. આનો મતલબ શું ફુઆ?" મણિલાલનું મગજ આજે છટકી ગયું હતું. "આમ મોટા થૈ ને નેનકડાને ચેપલોર્યા પણ ભગવાન બધું જુવેર્યો. ઓમ મંદિરમાં ને સમાજ વાડીયુમાં તકતીયું લગાવો ને ફૂલહાર પેરી, દાતા થૈ ને ફરો. ને કામ કરવાવાળાને પૂરી મજૂરીએ (પગાર) ન દયો. આ કાંય ધરમ કેવાય? હાલી નીકળ્યા હે ધર્માત્મા થવા."

મણિલાલના હાથ અને આખું શરીર ધ્રૂજતું હતું. એણે આગળ કહ્યું. "વળી હજી કેર્યા વિશ્વાસ હોય તો કામ કર પડ્યો. મારો હિસાબ કરી નાખો. મને હવે એક દી ઈયાં કામ નથી કરવું. મને દશ વર પેલાંય કેટલા મોટા પગારની ઓફર હતી. જો એનો અડધો ફરક ગણીયે તોય ક્યાં પોગે?'

"મુનીમજીને તારો હિસાબ કરવાનું કઈ દીં ર્યો. હવારે જ તારાં ટપ્પડિયાં (સામાન) ખણી જજે. અને તારો ઉપાડ મને નિયમ મુજબ જયાં કામે લાગ ત્યાંથી લઈને દઈ દેજે અઠવાડિયામાં.

"ઉપાડની વાત કરતા હોતો મારી સગવડે દૈશ. જુઓ ફુઆ, એમ મને નિયમ બતાવશો તો મારો પગાર માર્કેટ લેવલે ગણવો પડશે. અમને બધી ખબર પડેરી પણ તમે મારા વડીલ હો એટલે હું મર્યાદા રાખુંર્યો. ને તમે સંબંધને કાંય ગણતા નથી? કાંક તાં સંબંધની શરમ રાખો." મણિલાલે કહ્યું.

"જોયો સંબંધ રાખવાવાળો, મને શિખામણ દેવા નીકળ્યો હે. જા ભિખારી, થાય તૈયે દેજે. ને ન દેવા હોય તો ન દેજે તને માફ એમ હમજીસ કોક ભિખારીને ધર્માદા કર્યાતા." ફુઆના મોંએથી તુચ્છકારભર્યા સૂરથી આવી વાત સાંભળતાં મણિલાલનું મગજ ગયું.

"ફુઆ મોં હંભાળીને બોલો. તમે મારા બાપના ઠેકાણે હો એટલે કાંય બોલતો નથી નહીં તો...!"

"નહીં તો તું શું કરી લેનારો તો? માજદ્દા...(એક ગાળ) મને ધમકી દો ર્યો ચુત..." કહેતા એના ફુઆ ઊભા થૈ ગ્યા.

ઊંચા અવાજની બોલાચાલી સાંભળી અંદરથી ફુઆના નાનાભાઈ પ્રેમજી ફુઆ બહાર આવ્યા. મોટાભાઈને ન બોલવાનો ઈશારો કરીને બન્નેને જુદા પાડ્યા.

તેના ફુઆ ધનજીફુઆ લાલ આંખે ત્રાંસું જોતાં જતા રહ્યા. મણિલાલ ગુસ્સામાં બોલ્યે જતો હતો. "મણિલાલ બસ. હવે મોં બંધ કરજે તું. તને ખબર તાં હે તારા ફુઆનો સ્વભાવ કેવો હે? મૂક માથાકૂટ." કહી નોકરને પાણી પાવાનો ઈશારો કર્યો અને કહ્યું, 'મણિલાલ તને જે કંઈ કહેવું હોય ઈ હવેથી મને કેવાનું. જો તને રજા જ લેવી હોય તો ભલે, નૈં તો તને પગાર વધારી દૌં. બોલ કેટલો ખપેર્યો?"

"હવે મને ઈયાં કામ નથી કરવું ફુઆ." કહેતાં મણિલાલની આંખમાં આંસુ આવી ગયાં.

"તને ગમે ત્યાં કામ તાં કરવુંજ પડશે ને? ભાઈ, કામ વગર કોણ રોટલા દેશે? તારા ફુઆનું આમેય ક્યાં મગજ ઠેકાણે હે? એનાથી કદાચ કાંય કેવાઈ ગયું હોય તો એના વતી હું માફી માગુર્યો, બસ." નાના ફુઆએ મણિલાલને હાથ જોડતાં કહ્યું.

"ફુઆ, બોલવાનું કાંક તાં માપ (ભાન) ખપે કે નીં? આ તો ઉઘાડિયું 'મા ભેણ' ની ગાળું માથે આવી ગ્યા. ફુઆ આજ ધ્રાઈ (ધરાઈ) ર્યો. પંદર વરથી મારા ઘર અને શરીર હામે જોયા વગર રાત દી કામ કર્યું હે. ઠેવરો કરી દઈશ, ઠેવરો કરી દઈશ, એમ કોણીયે ગોળ ચોટાડી મફતમાં ગાંડ..." એ રડમસ થઈ ગયો. એની આંખમાં આસું આવી ગયાં.

'મારે ઘરેથી (પત્ની) જેદી આવી તેદીથી કેતીતી. બીજે કામ કરો તો પગાર તાં મલે. નૈ તો મારા બાપ જેવા હાલ થશે. એના બાપાને એના મામાએ ભાગ દઈશ, ભાગ દઈશ કરી વીસ વર ઢહેડીને રવાના કર્યાતા. તમને ફુઓ પગારે પૂરો નીં દે ને છેલે ઈ જ હાલ કરશે તમારા ફુઓ. આજ એની વાત હાચી નીકળી. આજ કેર્યા તારાં ટપ્પડિયાં હવારેં જ ખણી જજે. આ ઈનામ દેર્યા હગો ફુઓ. મને એના ભાઈબંધ કાયમ કે'તા મણિલાલ તારા ફુઆની વાતના વિશ્વાસે ન રેજે. તારો ફુઓ તો પૈસાનો યાર હે એને કેની કદર કરી હે કે તારી કરશે.' ફુઆ આજ મને એનો અખરે અખર હાચો લાગેર્યો. એને તાં બીજુયે ઘણું બધું કેધું હે. ઈ હવે તમને નથી કેવું. ભલે તમને મોટાને બધી છૂટ હોય. અમે ભલે નેનકડા માહણ હૈયે. પણ અમે અમારી મર્યાદા ન તોડીયે.

'જો મણા, ઝાઝી વાતેં ગાડાં ભરાય. હજીયે તારી ઈચ્છા હોય તો તારા ફુઆને મેલ એક બાજુ. તને ઈયા કામ ન કરવું હોય તો ઓલી મિલે કામ કરજે. પછી તને ને તારા ફુઆને શું લેવા-દેવા?"

'ના ફુઆ. હવે મજા નીં આવે. તમને કામ કરનાર મલી રેશે. ને મનેય કામ મલી રેશે.' કહી મણિલાલ લમણે હાથ મૂકીને આંખો બંધ કરી કંઈક વિચારવા લાગ્યો.

થોડી વારે મણિલાલ ઊભો થયો. ગજવામાં હાથ નાખી કેટલા પૈસા છે એ ચેક કર્યું. અને નાના ફુઆને કીધું 'ફુઆ હું જાઉર્યો. હવારે આવીશ.'

"તારી મરજી ભાઈ. તારા મગજમાં મારી વાત ન બેહતી હોય તો ધણીનું કોય ધણી નથી. બાકી એટલું કૌંર્યો હારા માઠા પ્રસંગે જે આપડું હશે ઈ જ આપડું થશે. ને એનું જ પેટ બળશે. પારકા કોઈને પેટ નીં બળે. બાકી તો ભાઈ પેટ હામા હૌના ગૂડા વળે." પ્રેમજીફુઆએ બગડેલી બાજી સુધારવા મણિલાલને સમજાવવા પ્રયત્ન કર્યો.

"ફુઆ આટલા દી અમે પેટ હામે ગૂડા નો'તા વાળ્યા. ગુડા મજબૂત હતા એટલે ફુઆ હારું સીધા જ રાખ્યાતા. હવે એમ થાયર્યું, ગૂડા થાકે એના પેલાં થોડા પેટ હામે વાળીયે. નીં તો ગૂડા થાકશે તૈયેં કોંય હામું નીં જુએ. ફુઆ મારે ઠેકાણે તમે હો તો તમે શું કરો?" થોડું રોકાઈને કહ્યું, "ખબર અમને બધી પડેરી. પણ શું કરીએ? હમણાં તમારા મિલુંવાળાના દી હે. અમારા કામવાળાના દી નથી. પણ એક દી અમારા કામવાળાનાય દી આવશે." કહી મણિલાલ એના ફુઆની મિલમાંથી ધીમી ચાલે મક્કમ પગલે બહાર નીકળી ગયો. એના નાના ફુઆ એની પીઠ તાકતા રહ્યા.

*(ક્રમશઃ)*

## સફેદ રણ...

કોઈ ના કહેશો કે સફેદ રણ છે આ
કુદરતે કંડારેલ રૂપેરી આંગણ છે આ.

સુકાણાં નથી અહીં ખારા નીર માત્ર
પાંજી ધરતીના ધોળા ફૂલ ધાવણ છે આ
કોઈ ના કહેશો કે સફેદ રણ છે આ.

રણ તો ધખતી રેતના ઢુવાને કહેવાય,
અસાંજા મલકમાં ઢોળાયેલ માખણ છે આ
કોઈ ના કહેશો કે સફેદ રણ છે આ.

લીંપણ થયા છે જમીનમાં ચાંદનીના,
પૂનમે સગા હાથે પાથરેલ પાથરણ છે આ
કોઈ ના કહેશો કે સફેદ રણ છે આ.

સૂરજને જોવું હશે એનું રૂપ ધરા મહીં,
રેતની રંગોળીમાં મઢાવેલ દર્પણ છે આ
કોઈ ના કહેશો કે સફેદ રણ છે આ.

કૃપા તો જુઓ કિરતારની કચ્છ ઉપર,
રણને પણ કરાવેલ દૂધાળા નાવણ છે આ
કોઈ ના કહેશો કે સફેદ રણ છે આ.

*ઇસુભાઇ ગઢવી*

કચ્છ

# નર્મદાના નીરના વધામણા તથા કંડલા વિકાસની બદલાતી ગાથા

દિનેશચંદ્ર જગજીવન શાહ

કચ્છની ધીંગી ધરાના આપણે ધીંગા કચ્છી માડુઓ અને કચ્છી જેવા જ ધીંગા એવા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી, કે જેઓએ તા. ૨૨-૫-૨૦૧૭ને સોમવારના રોજ ભચાઉના નર્મદા કેનાલના લોધેશ્વર ખાતે રૂા. ૧૪૮.૨૬ કરોડના ખર્ચે તૈયાર થયેલ પમ્પિંગ સ્ટેશનનું લોકાર્પણ કરી તેના દ્વારા ટપ્પર ડેમને નર્મદા નીરથી પખાળ્યો. તેમજ કંડલા બંદરના વિકાસ માટે રૂા. ૯૯૬ કરોડની યોજનાનું વિધિવત ખાત મુહૂર્ત કર્યું. આજે ઉપરોક્ત બંને યોજનાની વિગતોની ચર્ચા કરતા પહેલા કચ્છની પરિસ્થિતિ અંગે ભૂતકાળ તરફ થોડી નજર કરીશું.

કચ્છમાં તથા ગુજરાતના કેટલાક વિસ્તારોમાં તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ ભયંકર વિનાશક ભૂકંપ આવ્યો. સામાન્ય રીતે આવી ઘટનાથી ખાનાખરાબી વધારે થતી હોય છે. પરંતુ આ ભૂકંપ કચ્છ માટે આશિર્વાદરૂપ સાબિત થયેલ છે. ભૂકંપ પહેલાના કચ્છ અને આજના કચ્છની સ્થિતિમાં આસમાન - જમીનનો ફરક છે. ભૂકંપ બાદ કચ્છ એકદમ પ્રગતિના માર્ગે દોડવા માંડ્યું. આ પ્રગતિ પાછળ જો કોઈ વ્યક્તિની મહેનત કે લાગણી હોય, તો તે વખતના ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને તેનો શ્રેય આપવો રહે.

ધરતીકંપ બાદ સૌપ્રથમ ફિલ્મ જગતના મહાનાયક અમિતાભ બચ્ચનને ગુજરાતના પ્રવાસન (ટુરિઝમ) વિભાગના બ્રાન્ડ એમ્બેસેડર બનાવી પ્રવાસન ઉદ્યોગને વેગવંતો બનાવ્યો. 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા'ના સ્લોગન થકી કચ્છનો પ્રવાસન ઉદ્યોગ ધમધમી રહ્યો છે. ઉપરાંત કેન્દ્ર સરકાર તથા ગુજરાત સરકારની રાહત યોજનાઓ અંતર્ગત ભારે ઉદ્યોગોના કચ્છમાં પગરણ થયા અને કચ્છની કાયાપલટના મંગલાચરણ મંડાયા.

કચ્છના એવા કોઈ સદ્‌ભાગ્ય છે કે કચ્છની જનતા અને કચ્છ પ્રત્યે તેમની વિશિષ્ટ લાગણીનો સંબંધ અકબંધ રહ્યો છે. તેમની કચ્છની લીધેલ અવારનવાર મુલાકાતની પરંપરા પણ વડાપ્રધાન બન્યા પછી પણ જાળવી રાખી છે. કચ્છને નર્મદાના નીરથી નવપલ્લવિત કરવા નર્મદા નીર યોજના દ્વારા કચ્છમાં હરિયાળી ક્રાંતિના શ્રીગણેશ કરેલ છે. આ નર્મદા યોજના ઘણા સમય થયા આકાર પામેલ છે પરંતુ તેને વેગવંતી બનાવી ઝડપથી પરિણામ લાવવાની કાર્યવાહી શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા અમલમાં આવી. આમ, કચ્છની ધીંગી ધરાનું દુષ્કાળનું મહેણું ભાંગવા તેમણે કમર કસી. ભરૂચથી ૩૫૭ કિ.મી. લાંબી નહેરનું આયોજન તેમની દેણ છે. કચ્છના ટપ્પર ડેમમાં વહી જતું ૧ ફીટ વરસાદી પાણીના ભરાવાથી ૧૮૨ ગામોની ૧ લાખ ૧૨ હજાર ૭૭૮ હેક્ટર જમીનને પીયતનો લાભ મળશે. આ સમયે હજારોની સંખ્યામાં એકત્ર થયેલ માનવ સમુદાય નર્મદા મૈયાના દર્શનથી ભાવવિભોર બની ગયો અને 'નર્મદે સર્વદે'નો નાદ ગુંજવા લાગ્યો.

આ પ્રસંગે કચ્છના કંડલા બંદરના વિકાસ અર્થે રૂા. ૯૯૬ કરોડના પ્રોજેક્ટોનું પણ ખાતમુહૂર્ત શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા કરવામાં આવ્યું. મુંદ્રા ખાતે આવેલ ખાનગી અદાણી બંદર કરતાં કંડલા બંદર મહાબંદર બની વિકાસ કરે તેવી યોજના - ભાવના તેમણે દર્શાવી. ઇરાનના ચાબાહર બંદર સાથે કંડલા બંદરનો સીધો સંપર્ક વેપારની નવી દિશા ખોલશે તેવો આશાવાદ તેમણે વ્યક્ત કર્યો અને જણાવ્યું કે જોડાણથી પરિવહન સમય તથા ઊર્જામાં બચત થશે અને વૈશ્વિક વ્યાપાર વધશે. કંડલા બંદરને 'દીદયાળ પોર્ટસ ઑફ કંડલા' તરીકેની નવી ઓળખાણ આપી. તુરતમાં કંડલા બંદર ખાતે રૂા. ૧ લાખ કરોડનું રોકાણ આવી રહ્યું છે. હવેથી ફર્નીચરની ખરીદી માટે લોકોને ચીન નહીં પરંતુ કંડલા આવવું પડશે તેવું તેમણે કહ્યું.

આ પ્રસંગે ગુજરાતના હાલના મુખ્યપ્રધાન શ્રી વિજયભાઈ રૂપાણીએ કંડલા બંદરની ભવિષ્યની રૂપરેખા જણાવતા કહ્યું કે કંડલા બંદરને મેરીટાઈમ રિસર્ચ અને અભ્યાસ માટેનું કેન્દ્ર બનાવવા અંગે સમાવેશ કરવામાં આવે છે તથા કંડલા ક્રુઝ ટર્મિનલ બનાવવાની યોજના હાથમાં હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે રજૂઆત પ્રમાણે યોજનાનું ખાત મુહૂર્ત કરવામાં આવ્યું હતું. રૂા. ૧૫.૨૬ કરોડના ખર્ચે ગાંધીધામમાં ડૉ. બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર, રૂા. ૨૫૩ કરોડના ખર્ચે ૪.૫ મેટ્રિક ટનની ક્ષમતા ધરાવતી ૧૪મી જેટ્ટી, રૂા. ૨૭૮ કરોડના ખર્ચે ૧૬મી જેટ્ટી, રૂા. ૨૩૨.૬૨ કરોડના ખર્ચે ઈન્ટર ચેઈન્જ, રૂા. ૯૪ કરોડના ખર્ચે અત્યાધુનિક એવી બે મોબાઈલ હાર્બર ક્રેન અને રૂા. ૧૨૨ કરોડના ખર્ચે ખાતા હેન્ડલીંગમાં મિકેનાઇઝેશન સુવિધા. આમ, કુલ રૂા. ૯૯૬ કરોડના પ્રોજેક્ટોનું ખાત મુહૂર્ત ઇલેક્ટ્રોનિક સ્વીચ દ્વારા શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કર્યું હતું. સાથે સાથે ભુજ ખાતે રૂા. ૩૯.૧૧ કરોડના ખર્ચે નિર્માણ પામનારા આઇકોનિક એસ.ટી. બસ પોર્ટ (સ્ટેન્ડ)નું પણ વીડિયો કોન્ફરન્સ દ્વારા શિલાન્યાસ કર્યું હતું.

**(અનુસંધાન : જુઓ પાના નં.-૨૨ ઉપર)**

કચ્છની રસધાર

# ભેરીઓ ગારુડી અને ભુજિયાનો ભુજંગ

દુલેરાય કારાણી

ચંદ્રવંશી રાજપૂતોના પૂર્વજ દેવેન્દ્રના ચાર દીકરા હતા : અસપત, ગજપત, નરપત અને ભૂપત. એમાંથી સૌથી મોટા અશપતે ઈસ્લામ ધર્મ ગ્રહણ કર્યો. નરપતના વંશના સમા થયા. ગજપતના વંશના ચંદ્રચૂડ યાદવને તેના મામાનું વંથલીનું રાજ્ય મળ્યું અને એના વંશવાળા ચૂડાસમા કહેવાયા. ભૂપતના થયા ભટ્ટી રાજપૂતો. ભૂપતના વંશજોએ કેર ભાટને મારેલ હોવાથી તેઓ ભાટી અથવા ભટ્ટીના નામે ઓળખાવા લાગ્યા. આ ભટ્ટી રાજપૂતોએ પ્રથમ ગઢકાછામાં અને ત્યારબાદ સલભાણમાં પોતાની રાજસત્તા જમાવી. આગળ જતાં સલભાણમાંથી તેમને ખોરાસનવાળાઓએ હરાવીને હાંકી કાઢ્યા. એટલે આ ભટ્ટી લોકો મોટા રણ તરફ જતા રહ્યા. સિંધના તે વખતના રાજપૂત રાજાઓ સાથે અને ઝાલોરના સોનીગરા રાજપૂતો સાથે તેમણે લગ્નસંબંધ બાંધ્યો અને રણમાં તાણોતનો કિલ્લો બાંધીને ત્યાં પોતાની રાજધાની સ્થાપી. થોડી મુદતમાં આસપાસના લૂંટારાઓએ એકત્ર થઈને તાણોતના કિલ્લાને ઘેરો ઘાલ્યો. એટલું જ નહિ પણ કિલ્લો તોડીને અંદર પેઠા અને જે ભટ્ટીઓ હાથ ચડ્યા તેમને કતલ કરી નાખ્યા. તાણોતના કિલ્લાને પણ તેમણે જમીનદોસ્ત કરી દીધો. આ સામૂહિક કતલમાંથી રાવળ દેવરાજ અને તેના પક્ષના કેટલાક ભટ્ટીઓ બચી ગયા. તેમણે ત્યાંથી ચાલીને બીજો કિલ્લો બાંધ્યો.

આ કિલ્લાનું નામ રાવળ દેવરાજે પોતાના નામ પરથી 'દેવરાવળ' પાડ્યું. રાવળ દેવરાજ પરાક્રમી રાજા હતો. તેણે લોદ્રા જાતિના રાજપૂતોનું લોદરવા નગર પણ જીતી લીધું.

રાવળ દેવરાજથી છઠ્ઠો પુરુષ જેસલ થયો. તેને જણાયું કે દેવરાવળ કિલ્લો બરાબર સહીસલામત સ્થળ નથી. આથી તેણે ઈ.સ. ૧૧૫૬ માં આ કિલ્લાથી દસ માઈલ દૂર એક નવો મજબૂત કિલ્લો ચણાવ્યો. અહીં એક નવું ગામ વસાવીને તેનું નામ જેસલમેર રાખ્યું. જેસલમેરનો કિલ્લો એ વખતે અજિત અને અનુપમ હોવાથી ભાટચારણો આ કિલ્લાને બિરદાવતાં કહેવા લાગ્યા કે

***ગઢ દિલ્લી, ગઢ આગરા, ગઢ તો બીકાનેર,***
***ભલો ચણાવ્યો ભટ્ટીએ, ગઢ તો જેસલમેર.***

આ ભટ્ટી વંશમાં એક વખતે મૂરૂરા નામે એક દાનવીર રાજા થઈ ગયો.

*ગઢ કાછેજો રાજિયો, મૂરૂરા દાતાર,*
*જિકીં મંગણેં મંગેઓ, સે તેં કે તૈયાર.*

*ભાવાર્થ :* ગઢકાછાનો રાજા મૂરૂરા દાનવીર હતો. યાચક લોકો જે માગતા તેમને માટે તે તૈયાર હતું.

આ દાનવીર ભટ્ટી રાજાને કશી સંતતિ ન હતી. આ એક ચિંતા તેને રાતદિવસ સતાવ્યા કરતી હતી. સુખ, સમૃદ્ધિ અને રાજવૈભવ તેને ઝેર જેવાં લાગતાં. સંતાનપ્રાપ્તિ માટે તેણે ઘણાં ફાંફાં માર્યા, ઘણી દવાઓ અને માનતાઓ કરી પણ એ સઘળું નિષ્ફળ ગયું. આમ છતાં એને ત્યાં ભાટચારણ, યોગી-યતિ, બ્રાહ્મણ-સૈયદ જે કોઈ આવે તેમને તેમની ઈચ્છા અનુસાર સંતુષ્ટ કરતો અને એમના આશીર્વાદથી કદી પોતાની મુરાદ હાંસલ થશે એમ માનતો.

એક દિવસે એણે સાંભળ્યું કે ગામના પાદરે કોઈ મહાન યોગીરાજે ધૂણી નાખી છે અને આખા ગામના લોકો એ મહાત્માનાં દર્શન માટે પડાપડી કરે છે. યોગીરાજ જેને દર્શન આપે છે તેનું કલ્યાણ થઈ જાય છે, એવી ઊડતી વાતો સાંભળીને મૂરૂરા પોતે કોઈને સાથે લીધા વિના એકલો-એકલો એ મહાત્માનાં દર્શન માટે નીકળી પડ્યો. યોગી પાસે પહોંચીને તે તેનાં ચરણો દબાવવા બેસી ગયો. યોગીરાજ સમાધિમાંથી જાગ્રત થયા ત્યારે તેમણે જોયું કે એક માણસ એમનાં ચરણો દબાવતો નીચું મસ્તક કરી બેઠો છે. તેમણે મૂરૂરાના મસ્તક પર હાથ મૂકીને કહ્યું : 'બેટા, તું કોણ છે?'

'મહારાજ! હું આપનો સેવક છું, જેસલમેરનો રાજા છું. મારે ત્યાં અન્નધનના ઢગલા છે. એકને હાકલ કરતાં હજારો હાજર થઈ જાય છે. આમ છતાં હું દુઃખી છું. મારે ત્યાં શેર માટીની ખોટ છે.' ભટ્ટીરાજે દુઃખદ ભાવે પોતાનું દુઃખ વ્યક્ત કર્યું.

દુભાતા દિલમાંથી બહાર આવેલાં ભટ્ટીરાજાનાં વચનો સાંભળીને યોગીએ પોતાની ધૂણીમાંથી એક ચપટી ખાક ઉપાડી અને એ ખાક મૂરૂરાના હાથમાં મૂકતાં કહ્યું : 'લે, આ તારી રાણીને ખવડાવ! તારે ત્યાં એક કુંવરનો જન્મ થશે. પણ એક વાત છે કે એ કુંવર તારા કામનો નહિ થાય.'

'મહારાજ! જ્યાં સંતતિના જ વાંધા છે, સવારે ઊઠીને મારું મોં જોવા પણ કોઈ રાજી નથી, એવી હાલતનું મારું વાંઝિયાપણું ટળી જાય એટલું પણ મારે માટે બસ છે.' મૂરૂરાએ ગળગળા

અવાજે અને આંસુભરી આંખે યોગીના ચરણોમાં મસ્તક મૂકીને આભારવશતાથી જણાવ્યું.

મૂરૂરાની દીનતા જોઈને યોગીરાજને દયા આવી. તેણે બીજી ચપટી આપીને કહ્યું : 'તારે ત્યાં બે પુત્રોનો જન્મ થશે. હવે ખુશીથી જા!'

*જોગી ઝટ રાકે ડિનેં, ભભૂત ચપટી ભાર,*
*કાછે જે સરદાર, પીંગો લોડેં પ્રેમસેં.*

*ભાવાર્થ :* યોગીએ રાજાને ચપટી ભરીને ભભૂતિ આપી અને ગઢ કાછાના રાજવીએ પ્રેમથી પારણું ઝુલાવ્યું.

ભટ્ટીરાજાના આનંદની અવધિ થઈ ગઈ. ઊછળતા અંતરે ઘેર જઈ તેણે યોગીની આપેલી ભસ્મ રાણીને આપતાં કહ્યું કે આ ભસ્મથી આપણું વાંઝિયામહેણું હળે ટળી જવાનું છે.

અને યોગ્ય સમયે એને ત્યાં એક કુંવરનો અને ત્યારબાદ બીજા કુંવરનો જન્મ થયો. આ બેમાંનો મોટો કુંવર એ જ આપણી આ દંતકથાનો નાયક ભેરીઓ ગારુડી.

ભેરીઓ કંઈક સમજણો થયો ત્યારથી જ તેને રાજરમતો અને રાજવૈભવો પ્રત્યે અણગમો આવવા લાગ્યો. જરા મોટો થતાં તે સ્વયંસ્ફુરણાથી મોરલીઓ બનાવવા લાગ્યો. બનાવતાં પણ શીખ્યો અને વગાડતાં પણ શીખ્યો. પોતા જેવા મસ્ત બાલમિત્રોનું મંડળ જમાવીને પગે ઘૂઘરા બાંધી, માથે કલગી ચડાવી, થનગન નાચતાં પણ શીખ્યો. પછી પોતાના મિત્રોને પણ એ કળા શીખવવા લાગ્યો. મિત્રમંડળીને પણ આ નાચ-ગાનમાં મજા પડતી. આ પ્રકારના આનંદ-પ્રમોદમાં જ આખી મંડળી રસ લેવા લાગી.

ભેરીઓ જરા પુખ્ત ઉંમરનો થતાં તે પોતાના દોસ્તો સાથે જંગલમાં જઈને નાગના રાફડા શોધવા લાગ્યો. નાગના દર પાસે બેસીને તે મોરલી વગાડતો અને જ્યાં નાગને દેખે ત્યાંથી તેને પકડી પાડીને કરંડિયામાં પૂરી દેતો. પોતાના મિત્રોને પણ એકએક નાગની ભેટ વહેંચી દેતો. બસ આ જ એનો નિત્યક્રમ થઈ પડ્યો. આ એક જ રંગમાં આ રાજકુમાર રંગાઈ ગયો.

ભટ્ટીરાજાને કાને રાજકુમારનાં પરાક્રમોની વાતો આવવા લાગી ત્યારે તેને પેલા યોગીરાજનાં વચનો યાદ આવ્યાં. એને ખાતરી થઈ કે યોગી સાચો હતો. આમ છતાં ભૈરવકુમારને સમજાવવા ભટ્ટીરાજાએ ઘણા પ્રયત્ન કર્યા. પણ તે આજન્મ ગારુડી પોતાના કાર્યક્રમને કોઈ રીતે ફેરવે એવો ન હતો. એ ગારુડીરાજ તો રાતદિવસ ગાનતાનના તરંગોમાં જ મસ્ત રહેતો. જે ચીજ દેખે તે વાગે છે કે નહિ તેની પરીક્ષા કરતો. એવી રીતે મોરલીની રચનામાં તે સુધારાવધારા કરતો જ રહ્યો. નાચવા અને ગાવામાં તેને ભૂખતરસનું પણ ભાન રહેતું નહિ. મૂરૂરાએ જ્યારે જાણ્યું કે આ કુંવર કોઈ પણ રીતે અંકુશમાં આવે તેમ નથી ત્યારે તેને બોલાવી શાંતિથી સમજાવીને કહ્યું કે 'કુમાર! તમે તો રાજા થવાને અને રાજ ચલાવવાને જ સર્જાયા છો. એક રાજાને આવા ધંધા છાજે ખરા? તમારે રમતો શીખવી હોય તો શિકારની શીખો! રાજાના કુંવરને મોરલીઓ વગાડવી અને થનગન નાચવું એ શોભે ખરું?'

પણ રાજાજીની સઘળી શિખામણો ભેંસ આગળ ભાગવત જેવી હતી. એનો બોધ અરણ્યરુદન સમાન હતો.

આખરે ભટ્ટી રાજાને ખાતરી થઈ કે કુંવર કોઈ પણ ઉપાયે સુધરે તેમ નથી. એટલે છેલ્લા ઇલાજ તરીકે તેને ચેતવણી આપી કે 'ભૈરવકતુમાર, કાં તો તમે આ ધંધા છોડી દો અથવા તો મારો મુલક છોડી દો.'

આ ગારુડી વીરને તો રાજની કે મુલકની દરકાર જ ક્યાં હતી! એના મદારીખેલમાં જ એના રાજનો અને મુલકનો સમાવેશ થઈ જતો હતો. એટલે એને તો ભાવતું હતું અને વૈદે બતાવ્યા જેવું થયું. પિતાના વારસાની પણ એને પરવા ન હતી. હવે તો વતનનો ત્યાગ કરવાની તે તૈયારી કરવા લાગ્યો. એના મિત્રોનું બનેલું ગારુડી મંડળ પણ એના પર એવું મોહી પડ્યું હતું કે એના મિત્રોની ટોળી પણ એની સાથે જ ઊપડવા તૈયાર થઈ ગઈ.

*ગડજી ગારુડી થેઆ, જામાં પેરે તન,*
*મહીપત સંધા મન, મોરલીએં તેં મોહીવ્યા.*

*ભાવાર્થ :* એને ભેટીને બધા ગારુડી બની ગયા. અંગ પર જામા પહેરી લીધા. રાજવીનાં મન મોરલી પર લોહી પડ્યાં.

ભટ્ટીવંશનો ભૈરવકુમાર હવે ખરેખરો ગારુડી બની ગયો. શરીર પર કેસરી રંગના જામા ધારણ કરી લીધા. મસ્તક પર ઝૂલતી કલગીવાળી પાઘડી પહેરી લીધી. પોતાના સાથીને પણ એ જ રીતે શણગારીને ભૈરવકુમારે પોતાની જન્મભૂમિ જેસલમેરની વિદાય લીધી. ભટ્ટીરાજાને યોગીએ ભભૂતિ આપતી વખતે જે ભવિષ્યવાણી ઉચ્ચારી હતી તે યથાર્થ નીવડી.

ભેરીઓ ગારુડી પોતાના ગારુડીમંડળ સાથે મજલ દર મજલ કરતો ચાલ્યો જાય છે. એક દિવસ મધ્યાહ્ન સમયે તેમણે એક ડુંગરની તળેટીમાં ઝાડના છાંયડા નીચે છાવણી નાખી.

તાપ સખત હતો. તમામ ગારુડી મિત્રો શીળી છાયા શોધીને ત્યાં આરામ કરવા લાગ્યા. ભેરીઓ પણ એક વૃક્ષની છાયા તળે જામી ગયો. બધા મિત્રો ઊંઘવા લાગ્યા. ભેરીઆને ઊંઘ આવતી ન હતી.

ભેરીઓ જ્યાં આરામ લેતો હતો ત્યાં જ એક ગુફા આવેલી હતી. આ ગુફાનું દ્વાર એક શિલા વડે ઢંકાયેલું હતું. જેની વિભૂતિના પ્રતાપે ભટ્ટી રાજાને ત્યાં ભેરીઆ કુમારનો જન્મ થયો હતો એ જ યોગીરાજ તેના શિષ્યોને પોતાની વિદ્યા શીખવી રહ્યો હતો. એનો અવાજ ભેરીઆને કાને આવતાં તે તરત સાવધ થઈ ગયો. એના મનમાં નવી જિજ્ઞાસા જાગી ઊઠી. તે છાનોમાનો

ગુફાના દ્વારને કાન દઈને બેસી ગયો. યોગી જે વિદ્યા પોતાના ચેલાઓને ભણાવી રહ્યો હતો તે એક ધ્યાનથી શ્રવણ કરવા લાગ્યો. આ રીતે ઘણો વખત વ્યતીત થઈ ગયો.

હવા આવવા માટે જરાક ખુલ્લા રાખેલા ગુફાના દ્વાર પર કોઈક બેઠું છે એવો યોગીને ભાસ થયો. ગુફાની શિલા દૂર કરવાની યોગીએ એક શિષ્યને આજ્ઞા કરી. દ્વાર ખૂલતાં જ ત્યાં ગુપચુપ બેસી રહેલા ભેરીઆ પર યોગીની દૃષ્ટિ પડી. યોગીએ આ યુવાનને અંદર બોલાવ્યો. તેણે શું-શું સાંભળ્યું તે પૂછી જોયું. ભેરીઆએ તેને જે અભ્યાસપૂર્ણ અને કુશળતાભરેલા જવાબ આપ્યા તે સાંભળી યોગી પ્રસન્ન થઈ ગયો. તેને ખબર પડી ગઈ કે આટલી મહેનત લેવા છતાં તેના ચેલા જે તત્ત્વ નથી સમજી શક્યા તે વસ્તુ બહાર બેઠેબેઠે આ યુવાન જાણી ગયો છે. એની સાથેની વાતચીતથી યોગીને એ વાતની પણ જાણ થઈ ગઈ કે એની વિભૂતિના પ્રતાપે ભટ્ટીરાજાને ત્યાં જે કુમારનો જન્મ થયો એ પોતે જ આ ભેરીઓ ગારુડી. યોગીએ પ્રેમથી ભેરીઆના મસ્તક પર આશીર્વાદનો હાથ ફેરવ્યો અને દરરોજ એને અહીં આવવાની સૂચના કરી.

હવે તો ભેરીઆના આનંદનો પણ પાર રહ્યો નહિ. જે વસ્તુની એને ખાસ જરૂર હતી તે વસ્તુ સ્વયં એની સામે આવી ગઈ હતી. તે દિવસથી ભેરીઓ દરરોજ યોગીની મુલાકાત લેવા લાગ્યો અને થોડા જ સમયમાં તે તમામ ગારુડીવિદ્યાનો જાણકાર બની ગયો - પારંગત થઈ ગયો.

વિદાય વખતે યોગીરાજે એને આશીર્વાદ આપતાં કહ્યું કે 'જ્યાં સુધી તું દરિયો ઓળંગીશ નહિ ત્યાં સુધી તારી વિદ્યા સોળે કળાએ સંપૂર્ણ રહેશે. અને નાગ સાથેની રમતોમાં તને ગમે તેવો ઝેરી નાગ કરડ્યો હશે તોપણ ડંખ પર તારી દૃષ્ટિ પડતાં જ તેનું તમામ ઝેર ઊતરી જશે.'

ગુરુનાં આશીર્વચનો મસ્તક પર ચડાવી ભેરીઓ પોતાની ગારુડી જમાતને લઈને આગળ ચાલવા લાગ્યો. રસ્તે ચાલતાં ભેરીઆને એવી બાતમી મળી કે શેષાપટ્ટણમાં સઘઈ સંઘાર નામે એક મહા કરામાતવાળી સ્વરૂપવાન કુમારિકા રાજ કરે છે. તેની એવી પ્રતિજ્ઞા છે કે મંત્રવિદ્યામાં જે પોતાને હરાવે તેને જ પરણવું.

આ સમાચાર સાંભળી સઘઈ સંઘારની કરામાતની કસોટી કરવાની ભેરીઆની જિજ્ઞાસા જાગી ઊઠી. આ સઘઈ સંઘારની વિદ્યા જોવાના ઈરાદાથી તે પોતાની મંડળી સાથે શેષાપટ્ટણ તરફ ઊપડ્યો.

અહીં શેષાપટ્ટણમાં એક વખતે સંઘાર જાતિનું પ્રાબલ્ય હતું. સમસ્ત શેષાપટ્ટણની હકૂમત એ સમયે સઘઈ સંઘારના હાથમાં હતી. એ પણ એક યુગ હતો. જ્યારે મંત્રજંત્ર, દોરાધાગા, ક્રિયાકાંડ, આત્મસમર્પણ, બલિદાન અને ચમત્કારોની શકતિનું માન હતું. શેષાપટ્ટણની અધિષ્ઠાત્રી સઘઈ સંઘાર મંત્રવિદ્યામાં નિષ્ણાત હતી. એની એ શક્તિ ચારે તરફ પંકાતી.

સઘઈ સંઘારની એક નાની બહેન હતી. તેનું નામ તગઈ હતું. સઘઈ અને તગઈનાં નામ શેષાપટ્ટણની આસપાસના પ્રદેશમાં પ્રખ્યાત હતાં.

ભેરીઓ ગારુડી પોતાના ગારુડીમંડળ સાથે શેષાપટ્ટણ આવી પહોંચ્યો. ગામથી દૂર તંબૂઓ નાખીને એણે એક છાવણી જમાવી દીધી. ભેરીઆએ પોતાના ચાર સાથીઓને સઘઈ સંઘારની બાતમી મેળવવા શેષાપટ્ટણમાં મોકલી દીધા. ચારે સાથીઓ કેસરિયા વાઘા ધારણ કરી, ગારુડીનો સુંદર સ્વાંગ સજી, શેષાપટ્ટણમાં દાખલ થયા. હાથમાં મોરલી, ગળામાં રુદ્રાક્ષની માળા, બગલમાં લટકાવેલ નાગના કરંડિયા, પાઘડી પર ઝૂલતી રાજવંશની કલગીઓ - આવા સ્વાંગમાં આવેલા આ નવા લેબાસના લોકોને ગામના માણસો આશ્ચર્યચકિત દૃષ્ટિએ જોવા લાગ્યા. શેષાપટ્ટણમાં પ્રવેશ કરતાં જ એમણે મોરલીઓનું સંગીત ચાલુ કરી દીધું. આમ ચાલતાં-ચાલતાં આ ગારુડી બિરાદરો સઘઈ સંઘારના મહેલ પાસે આવી પહોંચ્યા. અહીં આવી એમણે પોતાની મોરલીઓનું સંગીત વધુ મધુરતાથી છેડવા માંડ્યું.

મોરલીવાદનનું આ નવા પ્રકારનું સંગીત સઘઈ સંઘારના કાને આવતાં તેણે ગોખમાંથી નજર કરી તો આ ચારે ગારુડીઓ પોતાના ગાનમાં ગુલતાન બનીને ઝૂલી રહ્યા હતા. આ વખતે સઘઈ સંઘારે કોઈ એવો પ્રયોગ કર્યો કે આ ચારે જણની મોરલીઓ એકાએક બંધ પડી ગઈ. મોરલીઓમાં ફૂંકો મારીમારીને થાક્યા પણ એકે મોરલી બોલી નહિ. મોરલીઓ મૂંગી પડી જતાં આ ચારે ગારુડીઓ એકબીજાનાં મોઢાં સામે જોવા લાગ્યા.

એટલામાં ઉપરથી કોઈના ખડખડાટ હાસ્યનો અવાજ એમના કાને આવ્યો. ઊંચે જુએ તો રૂપરૂપના અંબાર જેવી એક નટખટ નારી ગોખમાં બેઠીબેઠી એમની સંગીતકળાની ઠેકડી ઉડાવી રહી હતી. ચારે જણ જાણી ગયા કે શેષાપટ્ટણની ધણિયાણી સઘઈ સંઘાર કહેવાય છે તે આ પોતે જ આપોઆપ!

ગારુડીઓ આમ વિચાર કરે છે એટલામાં સઘઈ સંઘાર પોતે નીચે ઊતરી આવી અને પૂછવા લાગી કે 'તમે ક્યાંથી આવો છો, ક્યાં જાઓ છો અને આ કરંડિયામાં શું લઈ આવ્યા છો?'

એક જણે પોતાની ઓળખાણ આપતાં કહ્યું કે અમે ભટ્ટી રાજકુમાર ભેરીઆ ગારુડીના ચેલા છીએ અને સઘઈ સંઘારનું નામ સાંભળી શેષાપટ્ટણમાં આવ્યા છીએ.

'પણ આ કરંડિયામાં શું ભર્યું છે?'

'કરંડિયામાં તો અમે જંગલમાંથી પકડેલા નાગદેવો છે.'

'તો તમારા નાગદેવોનાં દર્શન કરાવો!'

ચારે જણ કરંડિયા સાથે જમીન પર બેસી ગયા. એક જણે નાગને બહાર કાઢવા માટે કરંડિયો ખોલ્યો. અંદર જુએ છે તો કરંડિયો ખાલીખમ! પોતાનો ખાલી કરંડિયો જોઈને તેણે બીજા સામે જોયું. બીજાએ કરંડિયો ખોલ્યો તો તે પણ ખાલી. ત્રીજો અને ચોથો, ચારે કરંડિયા ખાલી હતા. આ જોઈ ચારે જણ ચમકી

ગયા. બધા નાગ ક્યાં ગયા, કોઈને કંઈ સમજ પડી નહિ. એમની ભોંઠપનો પાર રહ્યો નહિ. પોતાની મંત્રવિદ્યા બતાવવા આવેલા ગારુડીઓ પોતે જ મંત્રવિદ્યાના ભોગ બની ગયા.

સઘઈ સંઘાર ચહેરા પર ગુસ્સો લાવીને બોલી : 'તમે મારી મશ્કરી કરવા આવ્યા છો? કાં તો તમારા નાગ દેખાડો કાં તો મારા કેદી થાઓ!'

આમ કહી સઘઈ સંઘારે એ ચારે ગારુડીઓને શેષાપટ્ટણના કેદખાનામાં ધકેલી દીધા અને ચારેને ઘંટી દળવા બેસાડી દીધા.

હવે ભેરીઆને જોવાની સઘઈ સંઘારને તાલાવેલી લાગી. તેણે પોતાની બહેન તગઈને ભેરીઆ ગારુડીનું પાણી માપવા મોકલાવી.

ભેરીઆને ગામમાં ગયેલા ચારે સાથીઓની હાલતની ખબર પડી ગઈ હતી. હવે કયો રસ્તો લેવો તેનો તે વિચાર કરતો હતો ત્યાં તો સમાચાર મળ્યા કે સઘઈ સંઘારની બહેન તગઈ તેની મુલાકાત માટે આવી રહી છે. આ સાંભળીને ભેરીઆને આનંદ થયો.

એટલામાં તગઈ પણ ભેરીઆની છાવણીમાં આવી પહોંચી અને ભેરીઆની પૂછા કરવા લાગી.

એક ગારુડીએ ભેરીઆનો તંબૂ બતાવી દીધો. આ તંબૂમાંથી પણ મોરલીનો અવાજ આવતો હતો. તગઈએ વિચાર્યું : 'ઠીક થયું! હમણાં જ મોરલી બંધ કરીને ભેરીઆનું અભિમાન ઉતારી નાખું!'

આમ વિચાર કરતી તગઈ તો ધસમસતી તંબૂમાં પેઠી. પણ જુએ છે તો તંબૂ ખાલી હતો. ભેરીઓ પણ ન હતો અને મોરલી પણ ન હતી. તગઈ મૂંઝાઈ પડી. ખાલી તંબૂને ચારે તરફ જોવા લાગી.

ભેરીઆના ગારુડી મિત્રો સઘઈ સંઘારના કેદખાનામાં સપડાઈ ગયા અને સઘઈની બહેન તગઈ ભેરીઆના કેદખાનામાં આવી ગઈ.

હવે ભેરીઆ ગારુડીએ સઘઈ સંઘારને ખબર મોકલાવ્યા કે 'તેં મારા સાથીઓને ઘંટી પર બેસાડ્યા છે તો મેં તારી બહેનને ધાણી પર બેસાડી છે.'

પોતાની બહેન તગઈ ભેરીઆ ગારુડીની જાળમાં ફસાઈ ગઈ એ વાત જાણીને સઘઈ ગભરાઈ ગઈ. તેને ખાવુંપીવું ઝેર જેવું થઈ પડ્યું. ઊંઘ હરામ થઈ ગઈ. ગારુડીના પંજામાંથી પોતાની બહેનને મુક્ત કરવાના વિચારો એના મગજમાં ચક્કર લેવા લાગ્યા. તેને કોઈ રસ્તો સૂઝ્યો ન હતો. હવે નમી પડવા વગર આરો નથી એવી એને ખાતરી થઈ. તેણે ભેરીઆ ગારઉડીના ચારે સાથીઓને છૂટા કર્યા અને પોતાની બહેનને છોડાવવા જાતે જ ભેરીઆ પાસે પહોંચી ગઈ.

ગારુડી રાજકુમારે શેષાપટ્ટણની રાજકુમારીને આવતી જોઈને ઊભા થઈને તેનો સારો સત્કાર કર્યો. બિયામાન જંગલની ગોદમાં આ ગારુડીરાજનો વૈભવ નિહાળીને સઘઈ સંઘાર ચકિત થઈ ગઈ. થોડી વાર તો શું બોલવું તે પણ તેને સૂઝ્યું નહિ. પોતાની બહેનની વાત પણ યાદ આવી નહિ. ભેરીઆની ભવ્ય મૂર્તિથી અને તેના વ્યક્તિત્વની છટાથી સઘઈ કુમારી અંજાઈ ગઈ. ભેરીઆની અપ્રતિમ પ્રતિભા અને તેના પ્રભાવને જોઈ શેષાપટ્ટણની સિંહણ બકરી જેવી બની ગઈ. અંતે તે કંઈ વાત કરવાના વિચારથી બોલી ઊઠી : 'ગારુડીરાજ! તમે તમારા ગૃહસ્થાશ્રમને વેડફી રહ્યા છો એમ તમને નથી લાગતું?'

'રાજકુમારી, ગૃહસ્થાશ્રમને માણવો હોત તો રાજવૈભવને ઠોકર મારીને અહીં સુધી આવ્યો જ ન હોત!'

'પણ ભવિષ્યનો કંઈ વિચાર કર્યો છે ખરો?'

'ભવિષ્યનો વિચાર તો કર્યો નથી અને કરવો પણ નથી.'

'પણ છતે સાધને આમ એકલવાયું જીવન કેમ વીતશે?' સઘઈ સંઘારના અંતરમાં રમી રહેલા વિચારો અચાનક બહાર આવવા લાગ્યા.

'તમારું વીતે છે તેમ!' ભેરીઆએ થોડા શબ્દોમાં ઘણું કહી દીધું.

ભેરીઆના આ ટૂંકા પણ જોરદાર વચનથી સઘઈના ચહેરા પર શરમની લાલી છવાઈ ગઈ. તેનું મુખ લજ્જાથી લાલચોળ બની ગયું. લજ્જાની લાલિમાથી તેનું સૌંદર્ય ઓર દીપી ઊઠ્યું. ભેરીઆ ગારુડીએ આવું અનુપમ સૌંદર્ય જિંદગીમાં આજે પહેલી જ વાર જોયું. કદી ન જાગેલી લાગણીઓ એના અંતરમાં આજે જાગી ઊઠી.

થોડી વાર મૌન રહી સઘઈ ફરી બોલી : 'શું આખું જીવન આમ જ વ્યતીત કરવા માગો છો?'

'એના વિના બીજો ઉપાય જ ક્યાં છે?' ભેરીઓ પણ હવે એનું અંતર ખોલવા લાગ્યો. 'અમને વૈરાગીઓને પોતાનું જીવન વેચવા પણ કોણ તૈયાર થાય?'

'જે વૈભવ રાજાઓ પણ ન માણી શકે એવો વૈભવ તમે વૈરાગીના વેશમાં માણી રહ્યા છો એમ મને લાગે છે. તમારી પાસે પોતાની જિંદગી વેચનાર તો ભાગ્યશાળી ગણાય.'

સઘઈ કુમારીના શબ્દોએ ભેરીઆના અંતરની આશાવલ્લીને લીલીછમ બનાવી દીધી.

ઈન્દ્રની અપ્સરા જેવું સઘઈકુમારીનું સ્વરૂપ જોઈને ભેરીઆનું તેના પ્રત્યેનું આકર્ષણ વધતું ગયું. જેવી સ્થિતિ ભેરીઆની હતી તેવી જ સ્થિતિ સઘઈ સંઘારની હતી. તેણે હવે ભેરીઆકુમાર પાસે પોતાની પ્રતિજ્ઞા વ્યક્ત કરતાં કહ્યું કે 'આબુના પહાડમાં એક જડિયો ભુજંગ રહે છે તેને નાથી આવનારને જ હુ વરું એવી મારી પ્રતિજ્ઞા છે.'

ગારુડીરાજે કહ્યું : 'ત્યારે એ મારું કામ. નાગને નમાવવા જ તો મેં જન્મ લીધો છે. હવે એ જડિયો નાગ ક્યાં જવાનો હતો?'

આ છેલ્લી વાતચીત પછી ભેરીઆકુમાર અને સઘઈકુમારી

વચ્ચે સુલેહની ગાંઠ બંધાઈ ગઈ. સઘઈ સંઘાર પોતાની બહેન તગઈને લઈને વિદાય થઈ.

અને ભેરીઆ ગારુડીનું મેલાણ શેષાપટ્ટણના પાદરેથી હવે ઊપડ્યું. જડિયા નાગની શોધમાં તે નીકળી પડ્યો. આબુના પહાડેપહાડમાં ઘૂમીને આખરે એણે જડિયા ભુજંગનો રાફડો શોધી કાઢ્યો. ભુજંગના રાફડા પાસે આસન જમાવીને ભેરીઆ ગારુડીએ પોતાની મૌવર છેડવા માંડી.

ત્રણ દિવસના તપ પછી આખરે નાગદેવ બહાર આવ્યા. ભેરીઓ અને જડિયો બંને એક જ ગુરુના શિષ્ય હતા. જડિયો પણ ભેરીઆના લખગુરુને જ પોતાનો ગુરુ માનતો હતો.

જડિયાને બહાર નીકળેલો જોઈ ભેરીઆએ તેને કહ્યું : 'નાગદેવતા! હું ભેરીઓ ગારુડી તમને નાથવા આવ્યો છું. કારણ કે મારે સઘઈ રાણીને વરવું છે.'

સઘઈનું નામ સાંભળતાં જ જડિયો ભડક્યો. તેને ધાસ્તી લાગી કે આ ભેરીઓ ગારુડી તેને હવે કોઈ રીતે છોડવાનો નથી. આ વિચારથી તેણે ત્યાંથી પલાયન થઈ જવાનો રસ્તો લીધો. જડિયો પોતાની વિદ્યા વડે ત્યાંથી એકદમ અદશ્ય થઈ ગયો.

લોકકથા કહે છે કે જડિયો પાતાળમાર્ગે ત્યાંથી નાસવા લાગ્યો અને ભેરીઓ આકાશ માર્ગે તેની પાછળ પડ્યો. આખરે જડિયો પોતાનો જીવ બચાવવા લખગુરુ પાસે આવ્યો અને ભેરીઆના પંજામાંથી પોતાને છોડાવવા ગુરુદેવને વીનવવા લાગ્યો.

એક ગુરુના શિષ્યો ગુરુભાઈ કહેવાય. આ ભ્રાતૃધર્મ ભૂલીને ભેરીઆને જડિયા પર એક સ્ત્રીના કારણે જુલમ ગુજારતો જોઈને એ જ યોગીરાજ લખગુરુને ભેરીઆ પર ગુસ્સો ચડ્યો. લખગુરુએ જડિયાને ભેરીઆના હાથમાંથી ઉગારી લેવા તેને એક સચોટ ઈલાજ બતાવતાં કહ્યું કે 'ભેરીઆને મેં બે વરદાન આપ્યાં છે. એક તો એ કે તે જ્યારે દરિયો ઓળંગી જશે ત્યારે તેની શક્તિ જશે. અને બીજું વરદાન એ છે કે કોઈ પણ નાગના ડંખ પર એની દૃષ્ટિ પડતાં જ તેનું ઝેર ઊતરી જશે. આ બે વરદાનોમાં બે છટકબારી મેં ખાસ રાખેલી છે. દરિયો ઓળંગતાં એની વિદ્યા ઝાંખી પડી જાય. અને ગરદન પર જ્યાં એની નજર ન પડે ત્યાં કોઈ નાગ એને દંશ દે તો તેનું ઝેર એનું મૃત્યુ આણે. આ બે બાબતો તું તારા લક્ષમાં રાખીશ તો ભેરીઓ તને જીતી શકશે નહિ. એનું નામ તે ગુરુગમ વિદ્યા.

ગુરુગમની આ વાત કાને આવતાં જડિયાના આનંદનો પાર રહ્યો નહિ. તે ફરીથી નાસતોનાસતો હાલના જામનગરના દરિયાકાંઠે નાગની બંદર કહેવાય છે ત્યાં આવ્યો. ભેરીઓ તો તેની પાછળ જ હતો. જડિયો નાગ જામનગરવાળી નાગમતી નદીના રસ્તે થઈ પાતાળ માર્ગે કચ્છના ભુજપુર ગામની નાગમતીના રસ્તે પસાર થઈ ગયો. અને ત્યાંથી ચાડવા ડુંગર પર થઈને ભુજિયા પર આવી વસ્યો. ભુજિયા પર એ વખતે એની માસીબા નાગમતી રહેતી હતી એને આશરે આવી ગયો.

આ તરફ ભેરીઓ પણ જડિયાની પાછળપાછળ ચાલતો ભુજિયાની તળેટીમાં આવી લાગ્યો. તે સમજી ગયો કે જડિયો ભુજિયામાં છુપાયો છે. હવે ભેરીઓ પણ ભુજિયા પર ચડવા લાગ્યો.

ભેરીઆની કળા હવે ઘટતી જતી હતી એ વાત જડિયો બરાબર સમજી ગયો હતો. એટલે ભેરીઆને ભૂલ થાપ આપવા જડિયો એક લાકડીના રૂપમાં ભેરીઆના રસ્તા વચ્ચે પડી રહ્યો.

વાંકી વળેલી મૂઠવાળી આ સુંદર કાળી લાકડી રસ્તા વચ્ચે પડેલી જોઈને ભેરીઆએ તે ઉઠાવી લીધી અને એની વાંકી મૂઠ પોતાની ગરદન પર મૂકી. લાકડી ભેરીઆની ગરદન પર આવતાં જ તે એક ઝેરી નાગમાં ફેરવાઈ ગઈ અને ભેરીઆની ગરદનના પાછલા ભાગ પર જ્યાં એની દૃષ્ટિ ન પડે ત્યાં એને ઝેરી ડંખ દઈ દીધો. ભેરીઓ ઝેરની અસર નીચે આવી જતાં જમીન પર પટકાઈ પડ્યો.

હવે તેને યાદ આવ્યું કે સઘઈ સંઘારના મોહમાં દરિયો ન ઓળંગવાની ગુરુએ કરેલી મનાઈની વાત તે તદ્દન ભૂલી ગયો હતો. ભેરીઆએ જોયું કે હવે બચવાની આશા વ્યર્થ છે. આમ છતાં તેણે પોતાની રહીસહી શક્તિના આધારે એના ચેલાઓના આગમન લગી પોતાના દેહને ટકાવી રાખ્યો.

ચેલાઓ આવી પહોંચ્યા અને જોયું કે ગુરુદેવ તો છેલ્લા શ્વાસ લઈ રહ્યા છે.

શિષ્યમંડળ આવી પહોંચતાં ભેરીઆના મનને નિરાંત થઈ - આનંદ પણ થયો. મરતી વખતે તેણે પોતાના શિષ્યોને સૂચના આપી કે 'મારા મૃત્યુ બાદ મારા શરીરને સ્નાન કરાવી મારા ચરણોદકનો એકએક ઘૂંટડો તમે પી જશો તો તમે બધા જ મારા જેવા જ શક્તિશાળી બની જશો.

ગુરુની આજ્ઞા પ્રમાણે તેના મૃત્યુ બાદ તેના શિષ્યમંડળે ગુરુના શરીરને સ્નાન કરાવી તેના ચરણોદકનો એક પ્યાલો તૈયાર કર્યો.

આ વાતની જડિયાને ખબર પડતાં તેણે વિચાર્યું કે એક ભેરીઆ ગારુડીએ મને આટલો બધો ત્રાસ આપ્યો ત્યારે આ બધા જો ભેરીઆ બની જશે તો કોણ જાણે શુંયે કરશે? આનો ઉપાય કરવા તેણે એક નવી યુક્તિ કરી.

ભેરીઆના શિષ્યો એના ચરણોદકનો પ્યાલો મોઢે માંડવા જાય છે ત્યાં તો પેલા જડિયા નાગે કાગડાના રૂપે આવીને પ્યાલાને ઝપટ લગાવી આખો ચરણોદકનો પ્યાલો ઢોળી નાખ્યો. ભેરીઆના શિષ્યમિત્રોની આખી બાજી બગડી ગઈ. ભેરીઆ જેવા બનવાની આશા નિરાશામાં ફેરવાઈ ગઈ.

કાળા જુડધાર નાગોને પકડી, કરંડિયામાં પૂરી, ગામેગામ ઘૂમનાર આજના વાદી લોકો ભેરીઆ ગારુડીના વારસદારો કહેવાય છે. પાઘડી પર કલગી લગાવે છે.

ભેરીઆ ગારુડીના સ્વાંગમાં આખરે મૃત્યુને ભેટનાર ભટ્ટી વંશના ભૈરવકુમારના મનની બધી હામ મનમાં જ રહી ગઈ.

અને શેષાપટ્ટણની અધિષ્ઠાત્રી સઘઈ સંઘાર ભૈરવકુમારની રાહ જોતી જ રહી ગઈ. ■

કચ્છી કથા

# અગ્નિદાહ

સ્વામી સચ્ચિદાનંદ

સંયુક્ત કુટુંબનાં ઘણાં જમાપાસાં છે, પણ ઘણાં ઉધાર-પાસાં પણ છે. ઉધાર-પાસામાં સૌથી મોટું ઉધાર-પાસું અમાન્ય, અસ્વીકાર્ય, ધર્મ વિરુદ્ધનો યૌન સંબંધ પણ છે. સાથે અને નજીક રહેનારાં પરિવારનાં માણસોમાં કેટલીક વાર ભાઈ-બહેન, પિતા-પુત્રી, માતા-પુત્ર, દિયર-ભોજાઈ, જેઠ-ભોજાઈ, વગેરેનો પણ યૌન સંબંધ બંધાઈ જતો હોય છે. મોટા ભાગે આ જાણીકરીને કે પ્રયત્નપૂર્વક બંધાયેલો સંબંધ નથી હોતો, પણ કામાવેગમાં ભાન ભૂલીને બંધાયેલો સંબંધ હોય છે. ભાન ભૂલવાનું એકપક્ષીય હોય તો-તો કદાચ જલદી તે અટકી જતો હોય છે, પણ જો ઉભયપક્ષીય હોય તો તે અટકતો નથી. અનિચ્છાએ પણ એક વાર થયેલો સંબંધ એક વારનો ન રહેતાં કાયમી થઈ જતો હોય છે. તેમાં પણ જો એક પક્ષને યૌન સંબંધ માટે બીજો વિકલ્પ જ ન હોય તો-તો મુક્ત થવું કઠિન જ નહીં, અશક્ય થઈ જતું હોય છે. આવા સંબંધો સ્ત્રીની ઇચ્છા વિના સ્થાપિત થઈ શકતા નથી હોતા. કેટલીક વાર લાચાર સ્ત્રી અનિચ્છાએ પણ આવા સંબંધ સ્વીકારી લેતી હોય છે. પણ લાચારી એ હળવું બહાનું પણ હોઈ શકે છે. જેને કોઈ પણ ભોગે આવો સંબંધ બાંધવો જ નથી હોતો તે પ્રાણ આપીને પણ પોતાના શિયળનું રક્ષણ કરી શકતી હોય છે, પણ તેવું કરનારનો ઇતિહાસ રચાઈ જતો હોય છે. પૂરી મક્કમતાનો અભાવ કેટલીક વાર લાચારીનો ઢાલ બની જતો હોય છે.

કચ્છમાં ઘટેલી ઘટનાનાં નામો અહીં ટૂંકા અને કાલ્પનિક આપવામાં આવ્યાં છે. કચ્છમાં ભદ્રાવતી નામની નગરી અને તેમાં એક ઉચ્ચ ખાનદાન પરિવાર સાથે રહે. પરિવારમાં થોડા દૂરના બે ભાઈઓ અને એક બહેન પણ રહે. ત્રણે જુવાનીના ઉંબરે પહોંચી ગયેલાં. જુવાની આવે એટલે સાથે સાથે ઘણી નવી વસ્તુઓ પણ આવે. સૌથી પ્રથમ તો વિજાતીય આકર્ષણ આવે. યુવકને યુવતી પ્રત્યે અને યુવતીને યુવક પ્રત્યે જોતા રહેવાનું મન થયા કરે. આ કુદરતી પ્રક્રિયા છે. જેને આવું થાય જ નહીં તેનામાં કાંઈક કુદરતી ખામી હોવી જોઈએ. એક ભાઈનું નામ લા અને બીજાનું નામ સા. બહેનનું નામ લકીર. જુવાની રૂપાળી ન હોય તો પણ આકર્ષણભરી હોય, પણ જો રૂપાળી હોય તો-તો કહેવું જ શું? લકીર રૂપ-રૂપ નો અંબાર. તે રોજ નજીકની નદીએ પાણી ભરવા જાય. તેનું જેવું રૂપ તેવું જ બોલવું, તેવું જ ચાલવું. તેની ચાલ જોવા માટે તો ગામના જુવાનો રસ્તામાં બેસી રહેતા કે ઊભા રહેતા. કુદરત જ્યારે કોઈના ઉપર ઢળે છે ત્યારે હજાર હાથે ઢળે છે. તે નખશિખ પદમણી હતી. પણ અતિરૂપ સુખ આપવા કરતાં દુઃખ જ વધુ આપતું હોય છે. રૂપને સાચવવું તે સોનાને સાચવવા કરતાં પણ ઘણું અઘરું કામ છે. દુર્બળ બાવડાં રૂપને સાચવી શકતાં નથી. પ્રબળ બાવડાં પણ સ્વચ્છંદે ચઢેલા રૂપને સાચવી શકતાં નથી - બહુ બહુ તો તેને મારી શકે, પણ ઘણો માર મારીને પણ સાચવી ન શકે; તેથી તો કદાચ જનાનખાનું - કેદખાનું બનાવાયું હશે. પશુ-પક્ષીઓને જનાનખાનાં નથી હોતાં. પશુપક્ષીઓને નથી તો બુરખો પહેરવો પડતો કે નથી ઓઝલમાં રહેવું પડતું. પશુપક્ષીઓમાં બળાત્કાર કે સમલૈંગિક સંબંધનો પ્રશ્ન પણ નથી હોતો. મનુષ્યોની તુલનામાં આ ક્ષેત્રમાં તેઓ વધુ સુરક્ષિત છે. દૂબળામાં દૂબળી કૂતરી ઉપર કોઈ ગમે તેવો ડાઘિયો કૂતરો પણ બળાત્કાર કરી શકતો નથી. તેને રાજી કરવા તે લાંબો સમય પાછળ-પાછળ દોડતો ફરે, પછી પ્રસન્ન થાય તો જ કૂતરાને સફળતા મળી શકે.

લકીર આજે બનીઠનીને રોજની માફક નદીએ પાણી ભરવા ગઈ. સ્ત્રીઓને બનીઠનીને નીકળવાનો શોખ હોય છે. બુરખામાં કે ઓઝલમાં રહેનારી સ્ત્રીઓ બનીઠનીને શું કરે? મખમલની રજાઈ ઉપર જાડી ખાદીની ખોળ ચઢાવી દેવામાં આવે તો મખમલની શી કિંમત! બિચારું મખમલ રડવા જ બેસે ને? શૃંગારની બાબતમાં દ્રવિડ સ્ત્રીઓ સૌથી ચઢી જાય. માથું ખુલ્લું રાખવાનું હોવાથી અને કાળાભમ્મર વાળ હોવાથી તેના ઉપર લાંબીલાંબી ફૂલમાળાઓ લગાવે. ફૂલ વિનાની કોઈ સધવા સ્ત્રી જોવા ન મળે. કદાચ કોઈ હોય તો સમજવું કે તે ગાંધીભક્ત હશે! ચહેરો કાળો હોવાથી મેકઅપના થપેડા કરીને પણ સંતોષ ન થાય. અને માત્ર કંકુનો જ ચાંદલો નહીં, સરસ મજાની ભસ્મની આડ પણ લગાવી હોય. ચામડી ભલે કાળી હોય, પણ હીમોગ્લોબિન વધારે હોવાથી તગતગ ચળકતી હોય. પાણીદાર આંખોમાં વગર જરૂરનું કાજળ ભર્યું હોય અને ચૂડીઓ તો હાથ ટૂંકો પડે તેટલી ભરી દીધી હોય. શણગારનો અતિરેક વ્યક્તિની ચાલ અને ભાષા પણ બદલી નાખે. જો આ બધું બદલાય તો મન ન બદલાય? મન તો જરૂર બદલાય. મને કોઈ જુએ, મને કોઈ જુએ - એવું જ મનમાં રમ્યા કરતું હોય અને દરેક ગામમાં થોડાક, સ્ત્રીઓને તાકી-તાકીને જોનારા પણ રહેતા જ હોય છે.

લકીર જ્યારે પાણી ભરતી હતી ત્યારે પેલો સા તેને તાકી-તાકીને જોઈ રહ્યો હતો. લકીરની ઓઢણી વારંવાર માથા ઉપરથી ખસી જાય અને તે વારંવાર પાછી ઓઢી લે. કેટલીક વાર તો ઓઢણી ન ખસતી હોય તો પણ જાણીકરીને માથું આડું અવળું હલાવીને ખસેડી મૂકે, કારણ કે એક જ ઈચ્છા હોય : કોઈ મને જુએ. લકીરને જોતાંજોતાં સા ભાન ભૂલી ગયો. જેમજેમ તે જોતો ગયો તેમતેમ તે વધુ ને વધુ ભાન ભૂલતો ગયો. લકીરે પાણીનું બેડું માથે મૂક્યું અને ઘર તરફ ચાલતી થઈ. સા પણ પાછળ-પાછળ છાલવા લાગ્યો. જ્યારે ઘરનું કંપાઉન્ડ આવ્યું ત્યારે તે ઘરમાં પેસી ગઈ. સા બહાર જ અટકી ગયો. લકીરને આજે બદલાયેલી સાની દૃષ્ટિ દેખાઈ ચૂકી હતી. મૂરખમાં મૂરખ સ્ત્રી પણ પુરુષની દૃષ્ટિને ઓળખી જાય છે. ઘરમાં પેસતાં પહેલાં તેણે એક નજર સા તરફ નાખી, આંખો નીચી કરી અને ઘરમાં પેસી ગઈ.

સા બહાર ઊભો રહ્યો. થોડી જ વારમાં તેને ભાન થયું. તેને આઘાત લાગ્યો : અરે! મેં આ શું કર્યું! મારી બહેન જેવી લકીરની ઉપર કુદૃષ્ટિ કરી અને પાછળ-પાછળ અહીં સુધી ખેંચાઈ આવ્યો! તેને પોતાની જાત ઉપર ધિક્કાર છૂટવા લાગ્યો. જમીન માર્ગ આપે તો સમાઈ જવાનું મન થઈ આવ્યું. ખાનદાન માણસને જ પાપનો ધિક્કાર અને આઘાત લાગતા હોય છે. જે હલકા માણસો હોય છે તેમને પાપનો આઘાત લાગતો નથી, ઊલટાનું તેમને તો તેનું ગૌરવ થતું હોય છે.

સાને એટલો આઘાત લાગ્યો કે તે ચૂપચાપ જંગલ તરફ ચાલવા મંડ્યો. લકીરના ભાઈ 'લા' ને આવી ખબર પડતાં તે પણ પાછળ-પાછળ ચાલવા મંડ્યો. બંને ભાઈઓને આમ આગળ-પાછળ નીકળી જતા જોઈને લકીર પણ પાછળ-પાછળ ચાલી. ત્રણે એકબીજાની પાછળ-પાછળ ચાલે. આગળ જતાં સાએ એક જગ્યાએ લાકડાંનો ઢગલો જોયો. કોઈ વનવાસીએ ઘરે લઈ જવા ભેગો કર્યો હશે. ઝટ દઈને સા તે ઢગલા ઉપર બેસી ગયો અને સાથે લાવેલી દીવાસળી ચાંપી દીધી. જોતજોતાંમાં અગ્નિએ મહાજ્વાળાઓનું રૂપ ધારણ કર્યું અને સા ભડભડ બળવા મંડ્યો. તેને બળતો જોઈને લા પણ દોડીને આગમાં કૂદી પડ્યો. અર્ધબળેલા પોતાના પિતરાઈ ભાઈને તે વળગી પડ્યો.

થોડી જ વારમાં લકીર આવી પહોંચી. બંને ભાઈઓને ભડભડ બળતા જોઈ તે પણ દોડી અને આગમાં કૂદી પડી. ધિક્કાર છે આ રૂપને! શું કરવું છે આવા રૂપને જેણે ત્રણ-ત્રણ જીવનમાં આગ લગાડી દીધી!

થોડી જ વારમાં આજુબાજુથી વનવાસીઓ દોડી આવ્યા. તેમણે બચાવવા ઘણા પ્રયત્નો કર્યા પણ કશું હાથ ન આવ્યું. બધું રાખ થઈ ગયું. માત્ર ત્રણ ભાઈ-બહેનોની કથા જ બાકી બચી હતી. ■


# JETHABHAI DOONGARSHI TRANSPORT CO.

## J. D. LOGISTICS



**H.O.** : 708/18, Bhavani Peth, Near Gurunanak Telephone Exchange, Pune-411 402.
Tel. : (020) 26434611 / 08425818000 ● Fax : (020) 26434525 ● E-mail : jdtcompany@gmail.com

**Admn. O. :** 313/315, Narshi Natha Street, Khajurwala Chamber, Masjid Buunder, Mumbai-400 009.
Tel. : (022) 23426818, 23400597 ● Fax : (022) 23451950 ● E-mail : jdadmnoff@yahoo.co.in

**DAILY PARCEL & FULL TRUCK LOAD SERVICES**
**FROM MUMBAI & GUJARAT TO PUNE & SOLAPUR AND RETURN**

**MUMBAI OFFICE**

| | |
|---|---|
| ANDHERI | 09323963410 |
| BHAT BAZAR | 09323963409 |
| BHIWANDI | 08425818022 |
| VASAI | 09323320952 |
| VASHI | 08425818023 |
| TARAPORE | 09322407169 |
| ULHASNAGAR | 09324495236 |
| BHAYANDER | 09820283922 |

**PUNE & OTHER MAHARASHTRA OFFICE**

| | |
|---|---|
| PUNE (BOOKING) | 08425818009 |
| PUNE (DELIVERY) | 08425818012-16 |
| CHINCHWAD | 08425818011 |
| WAGHOLI | 08425818020 |
| FURSUNGI | 08425818014 |
| TALEGAON | 08425818021 |
| SOLAPUR | 08425818030 |
| KOLHAPUR | 08425818027 |

**GUJARAT OFFICE**

| | |
|---|---|
| AHMEDABAD | 08866858858 |
| SURAT | 09377763408 |
| VAPI | 09377763409 |
| RAJKOT | 09327774777 |

**UTTAR PRADESH OFFICE**

| | |
|---|---|
| VARANASHI | 09336939327 |
| VARANASHI | 0542-2454585 |
| MAUNATH BHANJAN | 09335015165 |

કચ્છી પ્રતિભા વિશેષ

## કાંકરિયા બાલવાટિકા અને વિધાનસભામાં જેમનાં ચિત્રો સ્થાન પામ્યાં છે

# કચ્છના કલાગુરુ : એલ. સી. સોની

ભરત 'કુમાર' પ્રા. ઠાકર

*જન્મ : ૨૩મી જૂન, ૧૯૧૭*

*નિધન : ૩૧મી ઑક્ટોબર, ૧૯૯૨*

ગુજરાતના કલાકારોને યાદ કરતાં 'ગુજરાતના કલાગુરુ' તરીકે પંકાયેલા રવિશંકર રાવળ (૧૮૯૨ - ૧૯૭૭) આપણને પ્રથમ યાદ આવે. તેમ કચ્છ માટે 'કચ્છના કલાગુરુ' કહી શકાય એવા એલ.સી. સોનીનું તરત સ્મરણ થાય! આ વર્ષ એમની ૧૦૦મી જન્મજયંતી (૨૩-૬) અને ૨૫મી પુણ્યતિથિ (૩૧-૧૦) ના બેવડા અવસરનું વર્ષ છે. જૂન મહિનામાં શતાબ્દી નિમિત્તે એમનું આછેરું જીવનકવન પ્રેરક અને પ્રાસંગિક બની રહેશે.

● **કચ્છી શતાબ્દી પ્રતિભાઓ :**

આગામી બે-ત્રણ વર્ષોમાં જેમની 'જન્મ શતાબ્દી' નો અનેરો અવસર આવતો હોય એવા સંદર્ભે કચ્છની બહુરત્ના વસુંધરા પર ત્રણ કલારત્નો એવાં પાક્યાં છે, જેમણે આ ભાતીગળ ભૂમિને ગૌરવ અપાવ્યું હોય. એવા ત્રણ કચ્છી કલા વ્યક્તિ વિશેષોમાં ચિત્રકાર એલ.સી. સોની ઉર્ફે લાલજીભાઈ છગનલાલ સોની (૧૯૧૭ - ૧૯૯૨), તસવીરકાર એલ. એમ. પોમલ ઉર્ફે લાલજીભાઈ માધવજી પોમલ (૧૯૧૯-૨૦૦૦) અને ત્રીજા તે નૃત્યકાર ડી.એમ. શાહ ઉર્ફે ધરમશી મૂળજી શાહ (જન્મ ૧૯૨૦) નો સમાવેશ થાય છે.

તો, ચાલુ વર્ષ ૨૦૧૭ માં વિવિધ ક્ષેત્રની સાત જેટલી કચ્છી પ્રતિભાઓના જન્મ કે પુણ્ય શતાબ્દી મનાવાઈ રહી છે. તેમાં ક્રમશઃ કવિ - લોકસાહિત્યકાર જીવરામ અજરામર ગોર 'જટિલ' (૧૮૬૬-૧૯૧૭), ચિત્રકાર એલ.સી. સોની (૧૯૧૭-૯૨), ની જૂની પેઢીના કેળવણીકાર ગુલાબરાય લક્ષ્મીદાસ મહેતા (૧૯૧૭-૯૫), લોકસંસ્કૃતિના મર્મી - ઈતિહાસકાર રામસિંહજી કાનજીભાઈ રાઠોડ (૧૯૧૭-૯૭), કેળવણીકાર-નાટ્યકાર અબ્દુલ્લાહ સુલેમાન તુરિયા ઉર્ફે ભક્ત કડવાજી (૧૯૧૭-૨૦૦૭) તથા પ્રાકૃતિક ચિકિત્સક ડૉ. ખીમજીભાઈ ઉકાભાઈ નરમ (૧૯૧૭-૨૦૧૦) નો સમાવેશ થાય છે.

વળી, આ વર્ષે કચ્છ ગુજરાત કક્ષાએ બે અલગ તરાહોના ચિત્રકારોની શતાબ્દી પણ આવે છે. તેમાં કચ્છના સિદ્ધહસ્ત ચિત્રકાર (આર્ટિસ્ટ) એલ.સી. સોની (૧૯૧૭-૯૨) અને ગુજરાતના જાણીતા વ્યંગચિત્રકાર (કાર્ટૂનિસ્ટ) બંસી વર્મા 'ચકોર' (૧૯૧૭-૨૦૦૩) નો સમાવેશ થાય છે.

● **ચિત્રકળા કારકિર્દીનું ઘડતર :**

રંગ, પીંછી અને ચિત્રપટના સ્વામી એવા એલ.સી. સોની કચ્છી શ્રીમાળી સોની જ્ઞાતિના અણમોલ ઘરેણા સમાન હતા. મિતભાષી, સરળ અને કંઈક અંશે અલ્પખ્યાત વ્યક્તિત્વ (લો પ્રોફાઈલ) રહેલા એલ.સી. સોનીનો જન્મ આજથી બરાબર એક સદી પહેલાં ૨૩મી જૂન, ૧૯૧૭ ના ભુજ ખાતે થયો હતો. પાસેના ગામ બળદિયાના સ્વામિનારાયણ સંત અબજીબાપા (૧૮૪૪ - ૧૯૨૮) ના આશીર્વાદ પણ પ્રાપ્ત થયેલા.

બાળપણથી જ એમને ચિત્રકામ તરફ રસરૂચિ હતાં. ૧૯૨૯ માં કિશોર વયે કચ્છના રાજવી ખેંગારજી - ત્રીજા (૧૮૬૬ - ૧૯૪૨) નું તૈલચિત્ર દોરીને તેમને પ્રભાવિત કર્યા. આથી મહારાવે તેમને મુંબઈની પ્રસિદ્ધ જે. જે. સ્કૂલ ઑફ આર્ટ્સમાં પ્રવેશ અપાવવા પ્રયત્ન કરેલો. પરંતુ પ્રતિકૂળ સંજોગોને કારણે ભુજની દરબારી કળાશાળામાં દાખલ થઈ ચિત્રકામની પદ્ધતિસરની તાલીમ મેળવી હતી.

ત્યાં દેવજીભાઈ ગુજ્જર પાસે કળાભ્યાસ કરી કુશળ ચિત્રકાર બન્યા. રાજ્ય તરફથી એમને ચિત્રકળા માટેની શિષ્યવૃત્તિ પણ મળેલી. તે સમયે પ્રાગમહેલમાં રાજપરિવારનાં તૈયાર થતાં વ્યક્તિચિત્રો (પોર્ટ્રેટ્સ) નિહાળી કળાશૈલી અને સૂત્રો જાણવા-સમજવા મળ્યાં.

તે પછી ચિત્રકળાનું વિશેષ જ્ઞાન મેળવવા ૧૯૩૩ના અરસામાં મુંબઈ ગયા. ચારેક વર્ષ મુંબઈના વસવાટ દરમ્યાન અનેક પ્રકારનાં કલાસર્જનો કર્યા. ત્યાં કળા કારકિર્દીના આ આરંભકાળે ફિલ્મોનાં કલાત્મક બેનરો-પોસ્ટરો પણ બનાવ્યાં. વી. શાન્તારામ (૧૯૦૧-૯૦) જેવા કલાપારખુ સિનેસર્જકને પણ પોતાની કળાથી પ્રસન્ન કર્યા.

● **પોર્ટ્રેટ પેઈન્ટિંગમાં પ્રાવીણ્ય :**

ભુજ પરત આવ્યા પછી એમની કલા વધુ નિખરી. વ્યક્તિચિત્રો બનાવવામાં તેઓ નિપુણ હતા. ગુજરાતના બલદેવ શેઠ પછી લાલજીભાઈ સોનીનાં વ્યક્તિચિત્રો ખૂબ વખણાયાં. એમનાં બનાવેલાં આ પ્રકારનાં ચિત્રો ઘરની શોભા ગણાવા લાગ્યાં. ઉપરાંત, સ્વામિનારાયણ સંપ્રદાયનાં ચિત્રોનું સર્જન પણ એમણે અત્યંત સૂઝપૂર્વક કર્યું. આજે તે ચિત્રશૈલીમાં જે વાસ્તવિક સ્પર્શ અને કળાત્મક ગુણવત્તા જોવા મળે છે તે તેમને આભારી છે.

આ કલાકારે ચિત્રકારીમાં ક્યારેય ક્યાંય બાંધછોડ કરી નથી. એમને ચિત્રસર્જન કરતા જોવા એક લહાવો હતો. રાજનેતાથી સાધારણ માણસ સુધી એમની કલાકારી એકસરખી રહેતી. એવા પણ કેટલાક પ્રસંગો છે કે જેમાં વ્યક્તિ કે એમની તસવીર ન હોય, છતાં યાદદાસ્ત પરથી લાલજીભાઈ એમનું વ્યક્તિચિત્ર બનાવી આપતા!

લાલજીભાઈનાં વ્યક્તિચિત્રોની વિશેષતા એ હતી કે વ્યક્તિની ચામડીનું રંગ સંયોજન એટલું તો વાસ્તવિક રહેતું કે ભાગ્યે જ કોઈ કલાકાર ચામડીની એટલી પૂર્ણ ઝાંય (પરફેક્ટ ટોન) ની નજીક પહોંચી શક્યો હશે! એવી જ રીતે એમનાં દૃશ્યચિત્રો (લેન્ડસ્કેપ્સ) માં પણ કચ્છ ખૂબ વાસ્તવપૂર્ણ રીતે ઝીલાયું છે. નિરીક્ષણને રિયાઝ જેટલું જ મહત્ત્વ આપતા આ કલાકારનાં ચિત્રો કચ્છ-ગુજરાતનું ગૌરવ બન્યાં છે.

- **પ્રશિષ્ટ કલાસર્જનોની ઝલક :**

એમનાં બનાવેલાં અનેકવિધ સુંદર ચિત્રોમાં કચ્છના સંતો મામઈદેવ (આશરે ૧૧૮૧-૧૩૨૩) અને મેકરણદાદા (૧૬૬૭-૧૭૩૦), જમાદાર ફતેહમામદ (૧૭૫૨-૧૮૧૩) અને સહજાનંદ સ્વામી (૧૭૮૧-૧૮૩૦) નું ઐતિહાસિક મિલન, કચ્છના પ્રજાવત્સલ રાજવી ખેંગારજી-ત્રીજા (૧૮૬૬-૧૯૪૨), પક્ષીવિદ્ ડૉ. સાલીમઅલી (૧૮૯૬-૧૯૮૭), 'કુમાર' ના આદ્ય તંત્રી બચુભાઈ રાવત (૧૮૯૮-૧૯૮૦), પ્રિન્સ સદરુદ્દીન આગાખાન (૧૯૩૩-૨૦૦૩), વિશ્વખ્યાત સુરખાબની કલાકૃતિ, રામસિંહજી રાઠોડ (૧૯૧૭-૯૭) ના ગ્રંથ 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' (૧૯૫૯) માટેનાં ચિત્રો વગેરે મુખ્ય છે.

ઉપરાંત, એમની સુંદર કળાકૃતિઓ ભારતીય સંસ્કૃતિદર્શન સંગ્રહાલય (ભુજ), કચ્છ મ્યુઝિયમ (ભુજ), આયના મહેલ (ભુજ), જૂનું સ્વામિનારાયણ મંદિર (ભુજ), અબજીબાપા છત્રીધામની કળાઅટારી (બળદિયા), રંગભવન (માંડવી), કાંકરિયા બાલવાટિકા (અમદાવાદ), ગુજરાત વિધાનસભા (ગાંધીનગર) જેવાં ઘણાં સંસ્થાકીય સંકુલોમાં સ્થાન પામી છે. તો, દેશવિદેશમાં એમના અનેક પ્રશંસકો અને શ્રેષ્ઠીઓના દીવાનખંડોને એમનાં ચિત્રો શોભાવી રહ્યાં છે.

- **મહાનુભાવો દ્વારા પ્રશસ્ત :**

ગુજરાતના રાજ્યપાલ મહેંદી નવાઝ જંગે (૧૮૯૪-૧૯૬૭) એમને સન્માનિત કરેલા. સંજય ગાંધી (૧૯૪૬-૮૦) નું પૂરા કદનું ચિત્ર બનાવી વડાપ્રધાન ઇન્દિરા ગાંધી (૧૯૧૭-૮૪) ને અર્પણ કર્યું ત્યારે તે જોઈને તેઓ ભાવુક બની ગયેલાં અને એમને બિરદાવ્યાં હતાં. મૂર્ધન્ય ગુજરાતી સાહિત્યકાર ઉમાશંકર જોશી (૧૯૧૧-૮૮) અને બચુભાઈ રાવતે (૧૮૯૮-૧૯૮૦) એમની ચિત્રકલાની ઉચિત કદર કરી છે. શ્રી જોષીએ તો એમનું કલાસર્જન નિહાળી સાચું જ કહેલું કે 'આ કલાકાર જો અમેરિકામાં હોત તો એમના હાથનો કરોડો ડોલરનો વીમો ઊતર્યો હોત!

પરગજુ સ્વભાવના આ કલાકાર ઘણા નવોદિતોને પ્રોત્સાહિત કરી ચિત્રકલા કૌશલ્ય અને તેની કાર્યરીતિઓ-પ્રયુક્તિઓ (ટેકનિક્સ) સરળતાથી શીખવતા. નિર્દોષ હાસ્ય અને રમૂજવૃત્તિથી તેઓ હંમેશાં લોકપ્રિય રહ્યા. જીવનપર્યંત સર્જન કરતા રહેલા આ ઊંચા ગજાના કલાસ્વામીની વાસ્તવદર્શી ચિત્રકારોની નવી પેઢી ઋણી રહી છે. કચ્છ અને ગુજરાતના કલાજગતના ગૌરવ સમાન ચિત્રકાર એલ.સી. સોનીનું પચીસ વર્ષ પહેલાં ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૨ના અવસાન થયું. જન્મશતિએ આપણી કલા-અંજલિ...

*'શિવમ્', ૪૦/બી, વૃંદાવન નગર-૧,*
*ખડિયા તળાવ સામે, વૈશાલી સિનેમા રોડ,*
*અંજાર, કચ્છ - ૩૭૦ ૧૧૦.*
*ફોન : (૦૨૮૩૬) ૨૪૦૧૩૯*
*મો. : ૦૯૪૨૭૨૨૨૩૧૫૦*

## નર્મદાના નીરના વધામણા

**(અનુસંધાન : પાના નં.-૧૩ ઉપરથી ચાલુ)**

આજનો દિવસ કચ્છીઓ માટે એક મહાઉત્સવ તરીકે ઉભરી આવ્યો. નર્મદા નીરને પોંખતા ઉપસ્થિત દરેક કચ્છીના ચહેરા પર આનંદની લાલિમા છવાઈ હતી અને હૃદયમાં ખુશી ભરી હતી. નર્મદાના દર્શનથી દરેક વ્યક્તિ ભાવવિભોર થઇ પવિત્રતા અનુભવતી હતી.

કહે છે કે સરસ્વતીમાં ત્રણ દિવસ, યમુનામાં સાત દિવસ તથા ગંગામાં એક દિવસ સ્નાન કરવાથી પાવન થવાય છે. પરંતુ નર્મદાના તો દર્શન માત્રથી વ્યક્તિ પવિત્ર થઇ જાય છે. આમ, નર્મદા ગુજરાતના નકશા પરની લીટી નથી પણ હસ્તરેખા છે, પ્રજાની ભાગ્ય વિધાતા છે. નર્મદાનું પાણી કચ્છ માટે પારસમણિ છે. તે ધરતીમાં સોનું પકવવાની તાકાત ધરાવે છે. તેની રક્ષા કરવી એ આપણી જવાબદારી છે.

*૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્સ,*
*આંબાવાડી સર્કલ પાસે, આંબાવાડી,*
*અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

**GIRISH © 2567 5418 • MUKESH © 2568 5279**

203, New Anant Bhuvan, 2nd Floor,
257/65, Narshi Natha Street, Mumbai-400 009.
Tel. : (022) 23756332, 23751250 Fax : 91-22-23750452

*Ramji Devshi Shah & Co.*
**CUSTOM HOUSE AGENT**

લોક સાહિત્ય

# લીલી લીલી રાણી રન્ના દેની કૂખ

શિવદાન ગઢવી

આપણા સામાન્ય જન હૃદયમાંથી જે ભાવોર્મિ, સ્પંદનો નૈસર્ગિક રીતે વહેવા લાગે છે અને લોક હૈયામાં વસી જાય છે તેને આપણે આપણી સાદી ભાષામાં 'લોકગીત' કહીશું. એના રચયિતાની ભાળ મળતી નથી. માનવજીવનમાં એ નવી ચેતના, ઉત્સાહ પ્રગટાવે છે. જીવનમાં ખુશ્બો વેરી એને હર્યુંભર્યું બનાવે છે. લોકગીતો સાંભળતાં તો આપણાં ગામડાંનો માનવી ખુશ થઈને એના ભાવોમાં તણાય છે. લગ્નગીતો હોય, લોકઢાળનાં ગીતો હોય, ઉનાળાની ચાંદની નીરખીને ગામડાંનો માનવી એની મસ્તીમાં હડૂલાય ગાવા લાગે, કોઈ વીરપુરુષના રાસડા સંભળાવે. આવાં વિવિધ પ્રકારનાં ગીતોનો આમાં સમાવેશ કરી શકાય. સમાજ જીવનનાં પ્રતિબિંબો પાડતાં લોકગીતો સાંભળતાં કેટલાંકની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી મેં જોઈ છે.

કાકા કાલેલકરે લોકગીત માટે કહ્યું છે કે : લોકગીત એ સાહિત્યનું મૂળ ધન કહેવાય. લોકવાર્તા જેમ ઇતિહાસ, પુરાણ અને નવલકથા ઇત્યાદિ અભિજાત સાહિત્યનો ઉગમ છે તેમ લોકગીતો, ખંડકાવ્યો, મહાકાવ્ય, વીણાકાવ્ય, ચારણકાવ્ય, નાટક દરેક રસાત્મક કૃતિનું મૂળ છે. ચારણી કાવ્યો વીરો માટે હોય છે (જોકે કાલેલકરની એ હકીકત સંપૂર્ણ સત્ય નથી કે ચારણી કાવ્યો વીરો માટે છે ચારણે પ્રકૃતિનાં તમામ તત્ત્વોને લાડ લડાવ્યાં છે. સત્ય વક્તા તરીકે ન્યાય, નીતિના રક્ષક બનતાં ઢગલાબંધ કાવ્યો રચ્યાં છે. રણસંગ્રામે માભોમની રક્ષા માટે એણે વીરોચિત ગીતો વધુ રચ્યાં છે એની ના નથી.) મહાકાવ્યો પંડિત પરિષદ માટે હોય છે પણ લોકગીત ભોળી પ્રજા માટે હોય છે.

લોકગીતોમાં વિવેક હોય છે તે સમાજની રગ રગમાં પેસી ગયો હોય છે. દંભથી બનાવેલ વિવેક તેમાં નથી હોતો. લોકગીતોમાં સંયમ હોય છે પણ તે લોક સ્વભાવ સાથે એકરૂપ થયેલો હોય છે. ઈશ્વરે રચેલી સામાન્ય સૃષ્ટિ જો સુંદર હોય તો લોકગીતો પણ કુશળ અને સુંદર છે. (શારદા માસિક, અંક જુલાઈ ૧૯૨૫, પાન ૩૮૬)

મને લાગે છે કે સૃષ્ટિની રચના થતાં માનવે ધરતી ઉપર પગ મૂકતાં એણે જે જોયું, અનુભવ્યું તેનાથી એની હૃદયતંત્રીના તારો ઝણઝણી ઊઠીને ભાવો, વાણી વગેરેથી અભિવ્યક્ત થઈ પાણીના પ્રવાહની જેમ ખળખળ નાદ કરવા માંડ્યા હશે તે જ લોકગીત. લોકગીત એ માનવ જીવન માટે જીવન જીવવા માટેનું નૈસર્ગિક ઝરણું છે. સહુ પ્રથમ માનવ વસવાટ પ્રકૃતિના ખોળે થયો ત્યારે રમ્ય પ્રકૃતિ વૈભવે એની ઊર્મિઓ ઉભરાતી કરી છે. લોકગીતમાં ક્યારેક રાધાકૃષ્ણ, શિવ-ઉમાનો પણ સમન્વય કરી નાખેલો જોવા મળે છે. કેટલાંક લોકગીતોમાં યુવાનીના ઝબકારા જોવા મળે છે. દા.ત.

*ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, ચાંદો ઊગ્યો ચોકમાં.*
*તારે ને મારે ઠીક છે ઘાયલ, ઠીકને ઠેકામે વેલો આવજે,*
*અરજણિયા ઘાયલ.*

ગુજરાતી ભાષાના ઉદ્‌ગમ અગાઉ રાજસ્થાન-ગુજરાતમાં અપભ્રંશ ભાષા બોલાતી. તે સમયની વાણીમાં લોકગીતો બોલાતાં આવ્યાં છે. એમાં કેટલાક શબ્દોનું અપભ્રંશ થયાનું ય જોવામાં આવ્યું છે.

દા.ત. *'મારે ટોડલે બેઠો મોર કાં બોલે'!*

અહીં 'કાં' કાઠિયાવાડી તળપદ, એક અક્ષરના આ શબ્દનો અર્થ 'કઈ રીતે' થાય છે. તેના બદલે અત્યારે 'ક્યાં' શબ્દ વાપરીને એના મૂળ ભાવને બદલી નાખ્યો છે! લોકગીતમાં એની ધરતીના શબ્દના ઉચ્ચારનું બળ છે.

આપણા લોકજીવનમાં સૂર્ય, ચંદ્રનું મહત્ત્વ છે. ગીરના ચારણ માલધારીઓ ઊગતા સૂરજને આ રીતે બિરદાવે છે.

*ભલે ઊગા ભાણ, ભાણ તિહારાં ભામણાં,*
*મરણ જીઅણ લગ માણ, કરમી કશ્યપરા ઉત.*

'હે સૂર્યદેવ! તમે ભલે ઊગ્યા અમે તમારાં ભામણાં (બે મૂઠી વાળેલા હાથ માથાની બંને બાજુ મૂકી આંગળીઓના ટચાકા કરી સ્વાગત કરવું) લઈએ છીએ. હે કશ્યપના પુત્ર! તું અમારા મરણ-જીવતાં સુધી રક્ષા કર.

ગ્રામમાનવીનું જીવન સૂર્ય ઊગતાંની સાથે ધબકતું થાય છે. સૂર્ય ઉગતાં અગાઉ ઊગમણા આભલામાં જાણે સપ્તરંગી ઘોડા હણહણે છે. વૈજ્ઞાનિક શોધ અગાઉથી ગામડાંનો માણસ ઉગતા ભાનુને નીરખી તારણ ઉપર આવ્યો છે કે, 'બધા રંગોનું મૂળ તો આ સૂર્ય પ્રકાશ છે, સફેદ રંગ છે.' સૂર્ય ઊગતાંની સાથે આખી સૃષ્ટિ સજીવન થાય છે. ક્ષણભરમાં સૂર્યસ્થ અંધકારને ક્યાંય ધકેલી દે છે! વિહંગો મધુરાં ગાનથી પ્રભાતને આવકારે છે. માનવીમાં નવી આશાઓ ઉદ્‌ભવે છે. આ સૂર્યને કેન્દ્રમાં રાખી રાજસ્થાની વાણીના એક લોકગીતનો અમોએ ભાવાનુવાદ

કરેલ છે. જે અહીં આપું છું. વાચક એના રસમાં તરબોળ થશે.

*ધોળો ધોળો શું રે કહો છો, ધોળો તો વનમાં કપાસ રે*
*ધોળો સૂરજજીનો ઘોડલો, ધોળા વહુ રન્નાદેના દાંત,*
*ઊગતો ઉજાસ વર્ણો, આથમતો સિંદુર વર્ણો,*
*ગાયો ચરવા ચાલી, પંખીડા ચાલ્યાં માર્ગે રે*
*નેક ધરમ સાથે સહેલી, બાબુલ ઘેર વાગ્યા ઢોલ રે.*
*સહેલી, સસરાજી ઘર આનંદ ઉત્સવ...૧*

*રાતો રાતો શું રે કહો છો! રાતી ચૂડલાની મજીઠ રે;*
*રાતો સૂરજજીનો ઘોડલો, રાતા વહુ રન્નાદેનાં નેણ*
*ઊગતો ઉજાસ વર્ણો...૨*

*કાળો કાળો શું રે કહો છો! કાળો તો વનનો કાગ;*
*કાળો સૂરજજીનો ગોડલો, કાળા વહુ રન્નાદેના કેશ;*
*ઊગતો ઉજાસ વર્ણો...૩*

*પીળો પીળો શું રે કહો છો! પીળી ચણાની દાળ રે;*
*પીળો સૂરજજીનો ઘોડલો, પીળા વહુ રન્નાદેના ચીર.*
*ઊગતો ઉજાસ વર્ણો...૪*

*લીલો લીલો શું રે કહો છો! લીલો તો વનમાં હિંડોળો,*
*લીલો સૂરજજીનો ઘોડલો, લીલી રાણી રન્નાદેની કૂખ,*
*ઊગતો ઉજાસ વર્ણો...૫*

લોકકવિએ જાણે વેદોની વાણી અહીં લોકગીતમાં વણી લીધી છે. સાત ઘોડાના રથ ઉપર સૂર્ય આવે છે. વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો ભારતના ગામડાંના માનવીને પહેલેથી જ આ સાત રંગોની પરખ છે. આપણા જાણીતા ઐતિહાસિક સ્થળ મોઢેરાના સૂર્યમંદિરમાં આ સાત ઘોડાઓનો રથ ખંડિત હાલતમાં પણ જોવા મળશે. એની મૂળ રચના એવી હતી કે સૂર્યનું પ્રથમ કિરણ ગર્ભગૃહ મંડપ વગેરેમાંથી સીધું સૂર્ય રથ પર પડે. લોકગીતમાં રાણી રન્નાદેનું નામ આવે છે તે સૂર્યનાં પત્ની છે. સૂર્યના ઘોડાની સમકક્ષ રાણી રન્નાદેના દાંત, નેણ, ચીરની સરખામણી કરી છે. લોકકવિએ છેલ્લી પંક્તિઓમાં ભવ્ય ઉપમા આપી છે. લીલા રંગની ક્યાં વાત કરો છો! વનની વનરાયુનો હિંડોળો નીલવર્ણો છે, સૂર્યના ઘોડા ભલે નીલ વર્ણા રહ્યા પરંતુ રાણી રન્નાદેવી કૂખ નીલવર્ણી એટલે કે હરીભરી છે. આપણા લોકજીવનમાં 'રાંદલ' તેડાવો શબ્દ પ્રયોજાય છે. રન્નાદે વાંઝિયામેણું ભાંગે છે એવી માન્યતા છે. પ્રકૃતિના વૈભવ, પ્રકૃતિનાં સંચાલક એવા સૂર્ય, ચંદ્રને લોક રચયિતાએ સંસારી બનાવી દીધા છે! ચંદ્રમાને પણ રોહિણદે નામની પત્ની છે એટલે તે પણ અપરીણિત નથી. વનના નીલવર્ણા હિંડોળે રાણી રન્નાદે ઝૂલી રહ્યાં છે. આ હિંડોળાના દોર પણ જાણે આભમાં જડ્યા છે. આગળ જતાં લોક કવિએ હીંચકો છેક ગગને અડ્યાનું જણાવી તેમાં રાણી રોહણદેને હીંચકા ખાતા દર્શાવ્યા છે. જે તે સમયે લોકકવિએ કહ્યું છે કે ચંદ્ર, સૂરજ, તારા જ્યાં બિરાજ્યાં છે તે ગગન મંડળે કોઈ પહોંચી શક્યું નથી.

આવાં લોકગીતો મૂળ તો જે તે પ્રજાના હૈયાનાં કબાટ ખોલી નાખતું સાહિત્ય છે. જીવનમાં એણે નવો સંચાર કર્યો છે. ગુજરાતનાં ગામડાંમાં રન્નાદેને રાંદલ તરીકે સંબોધે છે. નવવધૂને ગર્ભ રહ્યા પછી ખોળા વિધિ કરવામાં આવે છે તે ટાણે રાંદલ-રન્નાદેને તેડાવે છે. ભાવના એવી છે કે એની કૂખે બાળકનો જન્મ થનાર છે. રન્નાદે વાંઝિયાંમેણુ ભાંગનાર દેવ છે તેથી જ રાજસ્થાની લોકગીતમાં તેની કૂખને લીલા રંગની કહી છે. વર્ષો પછીની આપણી નીલવર્ણી ધરાના રંગને કવિએ અહીં વણી લીધો છે. ગ્રામીણ નારીઓના કંઠે કેવી વાણી સંભળાય છે તે જુઓ :

***લીપ્યું ગૂપ્યું મારું આગણું રન્નાદે, પગલીનો પાડનાર દ્યોને રન્નાદે.***

પણ સમાજજીવનમાં જે અપેક્ષાઓ, આશાઓ સંભળાતી હોય છે એનો લોકકવિએ અહીં પડઘો પાડ્યો છે. દીકરીની માગણી ન કરી, દીકરાની કરી. એનાથી એવો વંશવેલો વધે છે તેને નજર સામે રાખેલ છે.

નવવધૂના કૂખે બાળક નથી તે માટે કેવી વેદના વ્યક્ત કરે છે!

***ધોયો ને ધફોયો મારો સાડલો, વાંઝિયા મેણું ભાંગો રન્ના દે.***

આમ અગાઉ પણ સૂર્યને પ્રચંડ શક્તિનો દેવ માનવામાં આવતો. અત્યારે પણ સૂર્ય શક્તિનો માનવ ઉત્કર્ષમાં ઉપયોગ થાય તે માટે વૈજ્ઞાનિકો મહેનત કરી રહ્યા છે. જે હકીકત મોઢામોઢ કોઈ કહી ન શકતા તે ઘટનાને લોકગીતોમાં બોલતી કરી છે.

લોકગીતમાં સાંપ્રત કથા કે તેની કોઈ ઘટનાને કવિએ સમાજ સમક્ષ મૂકી છે. લોકગીતો સમાજ જીવનનું આભલું છે. સમાજ જીવનના સાસુ વહુના પાત્રો ભિન્ન ભિન્ન સમયે આપણને બદલાતાં હોય તેવું લાગે.

*'વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે'*

આ જાણીતું લોકગીત છે. હકીકતે અગાઉના સમયની એ

॥ ક્ષમા વીરસ્ય ભૂષણમ્ ॥
**રાયચંદ કાનજી ધુલ્લા પરિવાર - સુથરી**
"ધુલ્લા વિલા", બંગલા નં.-૨૦, ડ્રીમલેન્ડ સોસાયટી, જયશાસ્ત્રી નગર, એન.આર. હાઈલેન્ડ પાર્ક, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૨.
ફોન : ૨૫૯૨૪૪૪૬, ૨૫૬૨૪૫૪૪, ૨૫૯૧૪૫૪૪, ૬૬૩૪૩૫૭૭

છબી છે. અત્યારે તો કેટલીય જગ્યાએ સાસુઓની કરુણા ઉપજાવતી પરિસ્થિતિ છે! કહેવાતી ભણેલી વહુ સંસ્કારહીન હોય તો સાસુ સસરાને ઘરમાંથી કાઢી મૂકી રસ્તામાં રઝળતા કર્યાના પ્રસંગો જોવા મળે છે! આવા કારણે તો વયસ્ક વ્યક્તિઓના જીવન રક્ષણ માટે લોકશાહી સરકારમાં ભારત સરકારે કાયદો લાવવો પડ્યો છે. પરિવર્તિત સમયની આ બધી બલિહારી છે.

આમ છતાં સમાજના લોકોની ચાર નજર છે, એ બધું નિરખે છે. જે બાબત કોઈને કહી શકવામાં હિચકિચાટ જણાય ત્યાં ગીત બોલતું થાય છે! મૂળ તો ધરતીનાં માનવીઓમાં નીકળતી સત્યવાણી જ સંભળાય છે.

લોકગીતો કથા સ્વરૂપે પણ સંભળાય છે :

*જસમા માટી થોડી રે ઉપાડ*
*કેડ્યનાં લંક લળી જશે રે.*
*ઘેલા રાજા ઘેલું ન બોલ્ય;*
*અમારી કેડ્યું તો લોઢે જડી રે.*
*આગળ આ કડી સાંભળો...*
*'બાર બાર વરસે વાવ ગળાવી,*
*નવાણે નીર ન આવ્યાં જી રે.'*

આવાં લોકગીતોમાં સમાજની વાસ્તવિકતા બોલતી થાય છે અને તે સાંભળતાં માનવીનાં રુંવાડાં ઊભાં થઈ જાય છે. ધર્મના નામે છૂતાછૂતના ભેદ, અંધશ્રદ્ધાઓથી ભરેલ સમાજજીવન, માનવી-માનવી વચ્ચેના ભેદભાવના લોઢે જડ્યા ગઢને તોડવા લોકકવિએ સાંપ્રત સમયના જીવનનું કેવું કરુણ ચિત્ર ખડું કર્યું છે. હજુયે આપણાં ગામડાં અંધશ્રદ્ધાઓથી ખદબદે છે. લોકગીતો એમાં સૂરજ પ્રકાશ વેરે છે. લોકગીતો લોકકથાની જેમ જ લોકસાહિત્યનું અગત્યનું અંગ છે. મારે મન તે પ્રજા જીવનનું ધબકતું હૃદય છે. ઝવેરચંદ મેઘાણીએ એમના લોકસાહિત્યના ગ્રંથને 'ધરતીનું ધાવણ' નામ આપ્યું છે તે સાર્થક છે.

ગામડાંના માનવીના કોડિયામાંથી શ્રદ્ધાનાં દીવેલ જે દી' ખૂટે છે ત્યારથી એની સહારે આવે છે. આપણો લોક સાહિત્યનો ધનભંડાર-બાર ગાઉએ બોલી બદલાય તેમ લોકગીતોની બોલી, ભાષા ભલે બદલાતાં રહે પણ, 'અંતે તો, 'હેમનુ હેમ હોય.' લોકગીતોમાંથી કોઈ સંદેશ અચૂક મળે છે. લોકગીતનો ભાવ વ્યક્ત કરવા ભારેખમ શબ્દો વપરાયાનું જોવા મળ્યું નથી. બહુ અલંકારોથી એને શણગાર પહેરાવ્યો ન હોય તો પણ એ ઝળહળે છે નિજી વ્યક્તિત્વથી. આવા કારણે જ આપણા સાહિત્યકાર કાકા કાલેલકરે નોંધ્યુ છે કે, 'લોકગીતોનુ માધુર્ય વનલતાની શોભા જેવું છે. હવિષાન્નમાં જેમ મસાલાઓનો કૃત્રિમ સ્વાદ નથી તેમ લોકગીતોમાં શબ્દાલંકાર, અર્થાલંકાર અને રચના ચમત્કૃતિઓની ભાંજગડ હોતી નથી.'

લોકગીતોની અસલિયત જાણવા-માણવા તો નારી હૃદયની ઊર્મિઓને ઊભરાવવા દેવી પડે. માનવી જ્યાં પણ કંઈક અઘટિત જુએ છે, અન્યાયકારી થતું સાંભળે છે ત્યારે એના ભીતરમાં ભડકા ઊઠે છે.

વરસોથી લોકકંઠે છપાયેલી આ વાણીમાં, એના ઉચ્ચારમાં, શબ્દોમાં અપભ્રંશો થયા છે. અસલિયત ઉપર અસર થઈ હોવા છતાં એ ગવાતાં આવ્યાં છે. ગવાતાં જશે.

અર્વાચીન સમયે લોકઢાળનાં ગીતો રચાય છે. એ સચવાય છે, પ્રકાશન થાય છે તેથી રચયિતાનું નામ આવે છે. જેનો હિસાબ જે તે કવિના સાહિત્ય ચોપડામાં લખાય છે. અગાઉના જમાનામાં ગીત રચયિતાએ એની રચના માનવ સમાજમાં ફરતી કરી છે. એની પાસે સાચવણીનાં આવાં સાધનો ન હતાં. ચારણ કવિઓએ ચારણી સાહિત્યને કંઠસ્થ દસ્તાવેજ તરીકે સાચવ્યું છે તેમ લોકગીતોને આપણાં દાદા, દાદી, માતાઓ, બહેનો, લોકકવિઓએ સાચવ્યાં છે. એ આપણા સંસ્કાર વારસાનો પટારો છે એમાં બધા જ રસોની અભિવ્યક્તિ સમયાંતરે થતી આવી છે.

લોકગીતોના અભ્યાસી સાહિત્યકારો એવું માને છે કે એના રચયિતાનો ખ્યાલ નથી. એ વાત ભલે સ્વીકારી લઈએ પણ સાથે સાથે એ સ્વીકારવું જ પડે કે આપણા સંશોધનના સીમાડા ત્યાં થંભી જાય છે. લોકગીતો તો માનવ સંસ્કૃતિના સમયથી કંઠોપકંઠ ચાલતાં આવ્યાં છે. વૈદિક માનવ અગ્નિ, વરુણ, ઈન્દ્ર, સૂર્ય, સંધ્યા, સોમ વગેરે તત્ત્વો એનાથી શક્તિશાળી છે તેથી તેને દેવ માનતો આવ્યો છે. અરે, બાળકને બળિયા નીકળે તો પણ એનું કારણ બળિયાદેવ માની ગીતની રચના કરતો.

કવિ બિહારીએ આપણા ગ્રામ માનવીની અને લોક જીવનની રુચિની ભારે ભર્ત્સના કરી છે. દરબારી હવામાં શ્વાસ લીધેલ કવિ બિહારીને કઈ રીતે ખબર પડે કે ગ્રામ માનવીઓ વગડામાં ખીલેલાં પુષ્પો વચ્ચે રહે છે! ફૂલોની સાચી સુગંધ માણવી હોય તો ત્યાં જવું જોઈએ. અરે! લોકગીતોની અસલિયત સમજવી હોય તો એ પ્રજા વચ્ચે થોડા દિવસ વસવાટ કરો, ચારણી સાહિત્યની અસલિયત સમજવા મેઘાણીજીએ અનુભવ્યું કે, એમનાં ઉર કબાટ ખોલાવો. તે રીતે લોકગીતોને બહાર લાવવા આત્મીયતા કેળવવી જરૂરી છે.

જેને પરણ્યાને ઝાઝો સમય વીત્યો નથી એવી માલધારી ચારણ કન્યાના મુખેથી નીકળતા લોકગીતમાં માતાને કેવો સંદેશો આપે છે તે સાંભળીએ.

*ઊંચા રે ટીંબે માડી મારું સાસરુ,*
*નીચે છે કંઈ ચારણીયાનો નેસ રે*
*વીરને કે'જો આણાં મારાં મોકલે.*

મોટું ઘર જોઈને મને ઊંચા ટીંબે પરણાવી છે પણ ચારણનો નેસ-રહેઠાણ તો નીચે છે. એ કન્યાની પરિસ્થિતિ કેવી દારુણ છે તેને ગીતમાં સાંકળી લીધી છે.

*સાડલો ફાટ્યો લાજુના ઘૂમટે,*
*જાય છે મારા મહિયરિયાની લાજ રે!*
*વીરને કે'જો આણાં મારાં મોકલે.*
*કાપડું રે ફાટ્યું માડી, મારા કૂખથી*
*ચણિયો ફાટ્યો માડી મારા ઢીંચણે.*
*વીરને...*

યુવતી એના પતિ કે સાસરિયાંની કોઈ વાત કર્યા વિના એની માતાને એટલું જ કહે છે કે, 'આ સ્થિતિમાં તો મારા મહિયરની આબરુના ધજાગરા ઊડે છે! તેથી વીરને આણાં મોકલવા માને કહે છે. માનો ખોળો દીકરીનું હૃદય ખોલવાનું ઠેકાણું છે. એણે સાસરિયાંની કોઈ ફરિયાદ કરી નથી!'

કોઈ ગામડામાં એક બાજુ આપણા શિષ્ટ સાહિત્યના ગુજરાતી કવિની કાવ્યવાણીનો મેળાવડો રાખો એ જ ગામમાં બીજી બાજુ લોકગીતોનો ડાયરો રાખો. મેદની ક્યાં ઉમટશે?

લોકગીતોએ લોકજીવન ઉપર કેવી અસર કરી છે? શું આપ્યું છે આપણાં લોકગીતોએ?

'કેટલાય સાહિત્યકારો તેમના લખાણના સમર્થનમાં ડગલેને પગલે પરદેશી સાહિત્યકારોનાં અવતરણો ટાંકે છે. શું આપણી ધરતીમાં એવું કંઈ નથી?

જો કંઈ ન હોત તો સૌથી પ્રાચીનતમ આપણી સંસ્કૃતિ સભ્યતાનું અસ્તિત્વ જ ન હોત! ઊંઘતા બાળકે હાલરડાં સાંભળ્યાં છે તે પછી માતા, ભાઈ, બહેન, પિતાના સંબંધોની પિછાણ એણે કરી છે. વિવિધ સંબંધોએ એના જીવતરનું ઘડતર કર્યું છે. યૌવનમાં પ્રકૃતિને મનભાર માણીને કસુંબીના રંગમાં ન્હાયો છે. યૌવનના ઉંબરે લગ્નગીતો સાંભળ્યાં છે. તે પછી મરશિયા પણ સાંભળ્યા છે. સુખ, દુઃખ, ઉલ્લાસ, પ્રણયભીના સંબંધોમાંથી લોકહૃદયનું સંગીત ઉભરાઈને હજુયે આપણાં ગામડાંમાં સંભળાય છે, સંભળાયા કરશે. ડાયરામાં, મીડિયામાં એના શબ્દોના અપભ્રંશો થયા છે પણ એનું સત્ય હણાયું નથી.

ચારણી લગ્નગીતોનું મારે સંપાદન કરવું હતું. ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રનાં ઊંડાણનાં ગામોમાં મારા પત્ની સાથે ગયાં ત્યાં રોકાઈને ગીતો બોલાવ્યાં. નોંધ્યાં, એનો સંગ્રહ પ્રકાશિત કર્યો. મેઘાણીભાઈએ તેમના સંગ્રહમાં છ જેટલાં જ ચારણી સાહિત્યનાં ગીતો મૂક્યાં છે. અમોએ ૧૪૬ ગીતો એકઠાં કર્યા (જોકે હજુ ઘણું બાકી છે જ.)

સમય અનુસાર લોકવાણીના ઉચ્ચાર, શબ્દો બદલાયા છે. આમ છતાં જે તે વખતના સમાજ જીવનની તે છબી કંડારે છે. પરદેશમાં વસતા આપણા ગુજરાતી ભાઈઓ-બહેનોને લોકસાહિત્ય લોકગીતો સાંભળવાની કેટલી તૃષા છે તે પૂછી જોજો. આઝાદીના ઉદ્‌ગમ કાળે આપણા દેશની ૯૦% વસતિ ગામડામાં રહેતી હતી. ભારત ગામડાંનો બનેલો દેશ છે. ઈ.સ. ૭૦૬માં ભારતના પશ્ચિમ ભાગ એટલે કે સિંધ ઉપર આરબ મુસલમાનોએ આક્રમણ કર્યું. તુર્કીના ખલીફા વલીત-બિન-અબ્દુલ મલિકે મીર કાસમને સિંધનો ગવર્નર મૂક્યો. આ પછી દેશ ઉપર અનેક પરદેશી આક્રમણો થયાં. આમ છતાં આપણી સાંસ્કૃતિક ધરોહર ઉપર અસર ન થઈ. એનાં મૂળિયાં તૂટ્યાં નહિ. એની પાછળ આપણાં ગામડાંનાં માનવીઓનાં પરસ્પરના સંબંધોના તાણાવાણા, ભાઈચારો, સહજીવન, પારિવારિક સંબંધો કારણભૂત હતાં. એ લોકસંસ્કૃતિને કોઈ શાસ્ત્રોએ ટકાવી રાખી હતી એવું નથી. સંસ્કૃતિના એ ક્યારાને સતત પાણી સિંચ્યું છે આપણાં લોકગીતો, લોક તહેવારો અને લોકવાર્તાઓએ. કર્તવ્ય ભાવનાને સતત ગૂંજતી કરી છે. લોકગીતોએ પરિવાર, વ્યક્તિ વગેરેની નૈતિકતા જાળવવા ઉદ્યમ કર્યા છે. આના કારણે સમાજની બુનિયાદ તૂટી નથી.

લોકગીતોમાં માનવીય મૂલ્યો અને ધાર્મિક પરંપરાનાં ગીતો એમ બે પ્રકાર જોવા મળ્યા છે. ધાર્મિકતાનો માણસ-માણસ વચ્ચે વેર ભાવનાનો હેતુ ન હતો. એવે ટાણે યુદ્ધમાં પણ નીતિમત્તાને આગળ કરવામાં આવતી. મહદ્ અંશે બંને પક્ષે રાત્રે યુદ્ધ થતાં નહિ.

લોકગીતોમાં ધર્મ, જાતિ-સંપ્રદાયના કોઈ વાડા જ નથી. પૂ. મોરારિબાપુ જ્યારે રામકથા કહે છે અને તેમાં આવતાં હૃદય દ્રાવક પ્રસંગોમાં ત્યાં શ્રોતા તરીકે આવેલ કેટલાયે મુસ્લિમ ભાઈઓની આંખોમાં શ્રાવણ વરસતો ઘણાંયે જોયો છે.

સમાજના રિવાજો સમયાંતરે બદલાય છે. દ્રૌપદી પાંચ પાંડવોની પત્ની બનીને રહે તે એ સમયની વાત છે. આવા કારણે તો રામને એક પત્નીવ્રત માટે આદર્શ પુરુષ માને છે.

ધર્મના નામ ઉપર શિવ-પાર્વતી દેવી દેવતા કે અવતારી પુરુષોનો મહિમા લોકગીતોમાં ગૂંથ્યો છે. આમ છતાં એ બધાં પાછળ માનવ કલ્યાણની ભાવના ઝબૂકે છે.

લોકગીતો-લોકસાહિત્યે આપણા સમાજ જીવનમાં સદા નવ ચેતનાનો સંચાર કર્યો છે. ડિપ્રેશનમાં આવી ગયેલ વ્યક્તિના જીવનમાં પલટો લાવવો હોય તો આપણાં લોકગીતો-કથાઓ સંભળાવો, દવા લેવી નહિ પડે. ■

JAYANT STEELS
179-A, Kandori Building, Opp. Sarvoday Nagar,
Panjarapole Road, Bhuleshwar, Mumbai-400 004.
Ph. : (022) 2242 2463 • 2242 7263

જયંત સ્ટીલ્સ
૧૭૯/એ, પાંજરાપોળ રોડ, સર્વોદય નગરની સામે,
મુંબઈ-૪૦૦ ૦૦૪. ★ ફોન : ૨૨૪૨૨૪૬૩ / ૭૨૬૩ / ૭૩૯૦
સુંદર - સુઘડ રસોડાના રાચરચીલાનું પ્રાપ્તિનું પ્રેરણા સ્થાન

વાર્તા

# વલુરાટ

કંદર્પ ર. દેસાઈ

મન બહુ અજંપ હોય છે. દિવસો વીત્યા, આ અજંપો જાણે કાયમનો મહેમાન બન્યો હોય એમ - મન દુણાયા કરે છે, સીઝ્યા કરે છે, કેમ? આવું મારી સાથે જ કેમ થાય? નિયતિ, બીજું શું? એવો જવાબ મળે પણ એ જવાબ સ્વીકાર્યા પછીય સહન નથી થતો. મારી નિયતિ જ કેમ આવી? મેં કોઈનું શું બગાડ્યું છે, આ ભવમાં કે પરભવમાં - મેં ક્યાં કોઈનું લઈ ખાધું છે?

બસ આ સવાલ...કે પછી જવાબ? નરેશ હોત તો-ગાલે ટપલી મારી કહેત, 'બસ બહુ થયું. આટલું બધું વિચારાય? હું છું ને!' એ નથી એના જ તો પ્રશ્નો છે, જો એ હોત તો-

પુષ્પાએ સામે નજર ઠેરવી. નર્મદાનો વિશાળ પટ આંખ સામે પથરાયો છે. કાંઠે એવા વિશાળ - જાણે સદીઓથી ઊભાં હોય તેવાં વૃક્ષો વહેલી હવામાં હળુ હળુ મલકી રહ્યાં છે. એવો જ છલકતો પથરાટ નદીમાં આમથી તેમ, તેમથી આમ નાનાં નાનાં મોજાંઓ ઉછાળી વહી રહ્યો છે. થોડાક પગથિયાં ઊતરું તો નદીકાંઠો એટલો નજીક કે પાણીમાં પગ બોળી શકાય. વિચારતા જ જાણે પગ ભીના થયા હોય, એમ હાથપગના પંજા તરફ વળ્યા. હાથ ફેરવ્યો ને પછી ક્યારે ખંજવાળવાનું ચાલુ થઈ ગયું કંઈ સરત ના રહી.

નરેશ ઘણી વાર પુષ્પાને કહેતાં, 'તું એક કામ કરતી વખતે બીજું કામ ક્યારે કરવા માંડે એનીય તને ખબર રહેતી નથી?'

પુષ્પા હસીને જવાબ વાળતી, 'લે, એમાં નવું શું કહ્યું? તમારી સારવાર કરતા કરતા હું ક્યારે તમારા પ્રેમમાં પડી ગઈ એનીય ખબર ક્યાં હતી?'

સાથે નરેશ પણ મલકી લેતા.

એમ મલકતાં-મલકતાં જ આયખું પૂરું કરી દેવાના ઓરતા હતા. એમને સાઠ ને મારે પંચાવનમું ચાલે. નોકરી બાકી એટલે કર્યા કરું એવું નહીં. મારે બે દીકરી. એકને તો પહેલાં જ પરણાવી દીધી. બીજી બાકી. મારી જવાબદારી મારે જ પૂરી કરવાની. એવી સભાનતા. એ સામું જોઈ રહે. તાક્યા કરે. એમના ખભે મારા ખભાથી હલકો ધક્કો લગાવું ને પૂછું 'શું છે?'

જવાબ તો મળે જ નહીં, પણ એકધારું જોવામાં ધાર ઉમેરાય. 'ભલે બાબા, તમારે જેમ કરવું હોય એમ - પણ અંજલિની સાથે મારી મોટી અનિતાનુંય વિચારજો.'

'તને ખબર છે, આ આટલી ઉંમરે મને કોઈએ પપ્પા કહ્યું - ને એમ ખાલી કહેવા ખાતર નહીં અંજલિની આંખમાં જોયું હોય તો - બસ એમ જ જ્યારે અનિતા ફિલ કરે....

હવે આ પુરુષો? શું સમજતા હશે અને શું સમજાવું? અંજલિને તો પપ્પા કેવા હતા ને શું કરતા કંઈ યાદ ન હોય એટલી નાની. ને અનિતા - એને તો એના બાપે કરેલા એક એક લાડ યાદ હશે. ભલે મારી સાથે ઝઘડ્યા હોય, પણ દીકરી માટે એમ એકદમ જ કોઈ કેવી રીતે પોતાના પપ્પાની જગ્યા કોઈ બીજા પુરુષને સોંપી દે?

સમય લાગશે, સમજશે ધીમે ધીમે બધું.

— પણ એ સમય જ ના રહ્યો!

જવાબદારી પૂરી કરી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ દુનિયાની સૈર કરવાની ઇચ્છા અનેક ઇચ્છાઓની જેમ પાતાળમાં ધરબાઈ ગઈ. કાળની જેમ ત્રાટકેલી એ રાત...હોસ્પિટલમાં પહોંચી તો ગયા, પણ સારવાર શરૂ થાય એ પહેલાં તો...

બધું જ બદલાઈ ગયું. હજી તો એમનું શરીર ઠંડુ પડવાનુંય શરૂ નથી થયું અને પુષ્પાને થયું, આમ આટલી ઝડપથી માણસો બદલાય? એકલી તો હું આ પહેલાં પણ હતી. આજે માત્ર એકલી જ નહિ, એ હલકટ પણ છે. ચોર, ખૂની, રૂપિયાની ભૂખી, હવસની પૂજારી, જાળ બિછાવતી, લોકોની મિલકત હડપનારી લૂંટેરી દુલ્હન. કમકમાં આવે છે. જે સાંભળ્યું છે એ ધગધગતા સીસાની જેમ કાનમાં ઉત્પાત મચાવે છે. એ અપમાનિત કરતા શબ્દો જ કદાચ આ શરીર ઉપર ફોડલા, ડાઘા અને ચકામાની જેમ ફેલાઈને ઊપસી આવ્યા છે.

'લાશનું પોસ્ટમૉર્ટમ કરવું પડશે.'

'કેમ?' એટલુંય પૂછી નહોતી શકી, માત્ર આંખ ઊંચી કરીને જોયું તો સામે પોલીસનાં ખાખી કપડાં.

'ફરિયાદ લખાવી છે, મરનારના ભાઈએ. નવી ભાભીએ ઝેર આપ્યું છે!'

મિલકતની ભૂખ કોને છે?

અચાનક એ ઘડીએ મને માલસરનો આશ્રમ યાદ આવ્યો. નર્મદાના નીર આશ્રમના પગ પખાળે છે. જોતાં જ ગમી જાય એવો નિરાંતવો પરિવેશ. પરણ્યાં ને તરત ત્યાં ગયાં. ગુરુજીએ વિગતો જાણી આશીર્વાદ આપ્યા. કહે, 'પાછલી ઉંમરે આમ

એકમેકનો સહારો થવાનો નિર્ણય બધા નથી લઈ શકતા. તમે લીધો એટલે સવાયા અભિનંદનના અધિકારી!' પછી કંઈક વિચારી પૂછ્યું, 'આ આશ્રમમાં જે જગ્યા ભાઈ નરેશ તમારા નામે છે, તેમાં બેનનું નામ ઉમેરી દઉં?'

'ભલે ગુરુજી, જેમ આપને યોગ્ય જણાય.'

ગુરુજી હસ્યા હતા. 'જમાનો બારીક છે ભાઈ, ક્યારે શું બને શી ખબર?'

ગુરુજીને એ વખતે શું એવું કંઈ દેખાયું હશે કે - માલસરના એ આશ્રમમાં એખ કમરો અમારા નામે બંધાયેલો છે. એમની ઈચ્છા દિવસો અહીં વિતાવવાની છે પણ એ ઈચ્છાય અધૂરી રહી.

પડોસી - પાસ પડોશ. પહેલો સગો પાડોશી અને પહેલો દુશ્મન...?

પડોશીનો કોઈ એક ચહેરો નથી હોતો! એ એક આકાર છે, અનેક ચહેરાઓથી બનેલો. એમાં અનેક શેડ્ઝ, અનેક રંગો - અંધારઘેર્યા કાળા મસ્સથી લઈ ઉજાળતા ચમકતા સફેદ ઉજાસની વચ્ચે કંઈ કેટલાય રંગો - જેમ દુનિયાના રંગો ફેલાયા છે એમ પથરાયા છે, તેથી કશું ચોક્કસ નથી થઈ શકાતું. કોણ? શું? ચૂપચાપ જોયા કરવાનું. એક ક્ષણે જે માના ખોળા જેવા હૂંફાળા શબ્દોથી ફરફોલી ગયા, મન ઉપર શીળો લેપ કરે છે, બીજી ક્ષણે ઝેર પાયેલા તીરના ફણાની જેમ ભોંકાય છે અને મનને લીલું કાચ ને કાળી બળતરાથી તરફડતું મૂકી દે છે! ટૂંકમાં, કોઈ એકે નરેશના ભાઈને ખબર કરી કે આવું આવું થયું. ને તમારી નવી ભાભી ઉતાવળે હોસ્પિટલે લઈને દોડી ગઈ! એ જ રીતે કોઈ એકે અંજલિના સસરાને જાણ કરી. તમારા વેવાઈને દાખલ કર્યા છે, બચે એમ નથી લાગતું!

કોણ હશે એ? પુષ્પા હજીયે એ રહસ્ય તાગી નથી શકી. કોઈ એક જ? કે અલગ અલગ?

– પણ જે થયું તે સારું! એક ઝેર હતું, બીજું ઝેરનું મારણ.

એકે પોલીસને કહ્યું, 'આવીને તો છૂટી મુકાય જ નહીં સાહેબ. નાંખો લૉકઅપમાં સાહેબ.'

બીજાએ કહ્યું, 'બાઈ માણસ છે. પાછી સરકારી નોકરી. આ રાંડીરાંડ બાઈને લૉકઅપમાં નાંખી સાવ નોંધારી કરશો?'

એકે કહ્યું, 'ઝેર આપ્યું છે, મારા ભાઈને. એની નજર જ એવી છે.'

બીજાએ કહ્યું, 'આ સૂતો એ મારો ખાસ મિત્ર છે, બાઈએ એમ ઝેર આપ્યું હોત તો આમ અડધી રાતે આવડી મોટી હોસ્પિટલમાં લાવત ખરી? તરત જ મારા દીકરાને – મેડિકલમાં ભણે છે – ફોન કર્યો. તમે સમજો છો ને સાહેબ?'

એકે કહ્યું, 'જુઓ, એના ડોળા કેવા ચકળવકળ થાય છે? રૂપિયા દેખાય છે નર્યા રૂપિયા મારા ભાઈની લાશ ઉપર.'

બીજાએ કહ્યું, 'ભાઈ કેવો ને વાત કેવી? લકવો થયો ત્યારે જનરલ હોસ્પિટલમાં નાંખીને નાસી ગયા હતા. એ તો આ પુષ્પાભાભી હોત નહીં ને - 'ગળે બાઝતો ડૂમો ભીની આંખોમાં તરવર્યો.

દિવસો વીત્યા એ વાતને. ડહોળાયેલાં પાણી આછર્યા ને એ સાથે કંઈ-કેટલુંય તળિયે બેઠેલું નજર સામે તરી આવ્યું. આ નદીકાંઠાની ઠંડી હવા - પુષ્પાએ શાલને ફરીથી કસીને લપેટી. સૂર્ય આથમ્યો એ દિશા ભણી જોઈ રહી. રતાશ અને રાખોડી. બેઉ રંગોને બાથમાં લપેટી પથરાયેલું આકાશ, હવે થોડી વાર પછી એના નવા વેશમાં દેખાવાનું છે! પુષ્પાના ખેંચાયેલા ચહેરા પર હળવા સ્મિતની રેખા અંકાઈ ના અંકાઈ ને ઓસરી. એ સાથે તણાવ પણ સહેજ હળવો થયો. પુષ્પા આશ્રમ તરફ વળી.

સૌથી નજીકનું સૌથી પહેલું કળાય.

અંજલિનાં લગ્નની તૈયારી ચાલે છે. અનિતા પણ આવી છે. દર-દાગીનો જોઈ કહે, 'અંજલિને આટલું બધું? મને તો તમે —?' પછી એકદમ ચૂપ થઈ ગઈ. પુષ્પાને થયું. મારે એને ચોખવટ કરવાની જરૂર ખરી કે આ જે આટલું બધું છે તે નરેશ અંકલનું છે? આગળ વાત ન એણે કાઢી ન પુષ્પાએ. પણ ચોખ્ખું એવું દેખાય કે બે બહેનો વચ્ચે અંતર પડી ગયું છે.

પુષ્પા સ્તબ્ધ છે. હજીયે નજર સામે એ ક્ષણો તરવરે છે જેણે ખાલીપાને ભરચક બનાવ્યો. મેંદી રંગેલા હાથ, ચૂડીઓથી સજેલા બેઉ હાથની ત્રીજી આંગળીએ હીરાજડિત ચમકતી વીંટીઓ – આ બધું તો ભૌતિક છે. જે સભરતા એમણે મારા મનમાં, જીવનમાં વિચારોમાં આપી છે – ! આજે એ સભરતા જ મારી દુશ્મન બની બેઠી છે. પુષ્પાએ વિચાર્યું...રોજ સવારે ઊઠતાંવેંત મળતા જાદુઈ શબ્દો, કાનમાં રણકતા ઝૂમખાની જેમ આજે પણ એના ભણકારા થાય છે ને બાજુનું પડખું ખાલી છે એની સભાનતા કોરી નાંખે છે. ત્રણ વર્ષ. એ ત્રણ વર્ષમાં મારી દુનિયા માત્ર એમનામાં સમેટાઈ ગઈ. આ જાદુ નહીં તો બીજું શું? મારું ઉઠવું-બેસવું-ખાવું-પીવું-સજવું-શરમાવું, અરે! નોકરી કરવી સુધ્ધાં એમનામય. એ અને હું.

કહે, 'નોકરી છોડી દે.'

હું કહેતી, 'એટલા દૂર તો રહેવું, તો જ મળવાની તાલાવેલી વધે.'

એ હસતા અને કહેતા, 'ક્યારેક મને પણ તારા માટે કંઈક કરવાની તક આપ ને! હું પણ એક સાંજે વહેલો ઘરે આવું અને તારા માટે કૉફીની સાથે બટાટાપૌંઆ બનાવું કે...'

'આ મને લેવા-મૂકવા કોણ આવે છે?'

એ હસે છે જાણે કહે છે, એટલું તો કરું જ ને...આજે પણ હું એમ જ ખોવાઈ જઉં છું, જાણે - આ બધી આવી પડેલી પળોજણો. એનો સામનો કરવાથી શક્તિ આખરે આવે છે પણ ત્યાંથી જ ને!

જોઉં છું. બધાંને. કાશ! તમે પણ આ બધાંને આમ ઉઘાડા

પડતાં જોઈ શક્યાં હોત - કોઈ તરત ઉઘાડું થયું તો કોઈ ધીમે ધીમે. કોઈ દિવસો પછી અચાનક, પારકાં તો ઠીક — એમની લાલચ, સમજી શકાય. પોતાના પણ — તો મારા સંસ્કાર ક્યાં ગયા? અને જે સંસ્કાર કહી સગાં શોધ્યાં એમનું શું? પુષ્પાને ધ્યાન નથી રહેતું કે ખંજવાળતાં ખંજવાળતાં લોહીના ટશિયા ફૂટી નીકળે તોય વલુરાટ અટકતો નથી.

આ ચામડી! પુષ્પાએ પોતાની લુખ્ખી ચામડી સામે જોયું. એને હું કેવી રીતે ઉતરડી નાંખું? કાળાં, જાડાં, ગોળ, લંબગોળ ચકામાં પહેલાં ફોલ્લા થાય અને એમાં પાણી ભરાય. એ ફૂટે એટલે ચામડી પહેલાં રાતી ને પછી કાળી પડે ને કાળી પડેલી ચામડી આસપાસમાં પોતાનો ફેલાવો કરે. થર ઉપર થર જામતાં જાય. ખંજવાળ તો પાછી દરેક વખતે. આંખમાં પાણી આવે છે. સમજાતું નથી, એ આ રોગના કારણે કે કોઈ બીજા....

પુષ્પા હથેળી સામે તાકી રહી. એમાં ખેંચાયેલી રેખાઓ સામે જોયું. શું લખ્યું છે એમાં? ભવિષ્ય કદાચ જાણી શકાય પણ માણસનું મન અકળ છે. અકળ મન ક્યારે કઈ રંગછટા દેખાડશે એનો જરાસરખો પણ અણસાર હોય - જોકે એક વાત ચોક્કસ છે, આ સમયે એ શિખવાડ્યું કે ગમે ત્યારે ગમે તે થઈ શકે છે. માટે તૈયાર રહો. કશા પણ માટે.

જ્ઞાતિના આગેવાનો સમાધાન કરાવવાની પહેલ લઈને આગળ આવ્યા. 'ભાઈ તો ખરો ને છેવટે. જોકે કાયદો તમારી પડખે. પણ લડીને શું ફાયદો?'

'બદલામાં શું આપવાનું?'

મોવડી મલક્યાં. બાઈ આખરે છે તો વ્યવહારુ! 'નરેશભાઈની આ ટુકડો જમીન. ગામમાં ખેતતલાવડી કરવા.

એમણે માંગેલી જમીન ગામની મોકાની જગ્યાએ. કાલે પડખેથી હાઈવે પસાર થશે. ને તોય — પુષ્પાએ વિચાર્યું ને કહ્યું, 'વડીલ, એમ ના સમજશો કે મને ગમ નથી પડતી. તમે ખેતતલાવડી બાંધો કે શોપિંગ સેન્ટર. આપી જમીન. જાઓ એમના ભાઈ પાસેથી લખાણ લઈ આવો. બધા કેસ પાછા ખેંચી લે એટલે જમીન તમારી.'

ઝેર નસ નસમાં ફેલાઈ ગયું હશે કે કેમ? કે પછી જે કોળિયો હું ન ખાઈ શકું એ તને પણ નસીબ નહીં થવા દઉં. એથી જુદું તો શું વિચાર્યું હોય —? જોકે પુષ્પાએ એ પણ નહોતું વિચાર્યું કે આમ કરવાથી એ પણ ઉઘાડા પડી જશે જે આજ સુધી ઢંકાયેલા હતા!

દિયર સીધો મળવા આવ્યો. 'ભાભી, તમે આ શું કરો છો?'

'કેમ? તમારે તો બધું જોઈએ છે, જે 'મળે એ લઈ લો.'

'પણ આમ બીજાને આપી દેવાનું?'

'આજ સુધી મને મળ્યું છે જ શું? તમે શું કહેતા હતા? બે દીકરા ને એક ભાગ તમારો ને એક ભાગ મારો — ચાર સરખા ભાગ કરી ફેંસલો કરવો'તો ને!

'અરે! પણ — ચલો અડધું અડધું.'

'ભલે વિચારીશ.'

વેવાઈએ એમનો અસલી રંગ દેખાડતાં કહ્યું, 'એમ કંઈ ભૂખડીબારસને થોડો દીકરો દીધો છે? નરેશ ભઈબંધ ખરો પણ એની મિલકત જોઈને સંબંધ કર્યો છે, બાકી આ છાંડેલીની છોડી લે કોણ? મોટા ધરમની પૂંછડી થવા નીકળી પડ્યા છો?' બસ માત્ર અંજલિને પાછી લઈ જાઓ એવું ન કહ્યું એટલું જ.

'મમ્મી, તમેય શું? મારું ઘર બંધાય એ પહેલાં જ તોડી પાડવું છે?'

'લગન તો થઈ ગયાં. એમ છૂટા પડવું કંઈ સહેલું થોડું છે?'

'એ તમારા જમાનામાં. આજે તો — અનિતાએ તમને કંઈ કહ્યું લાગતું નથી. જીજાજીએ —'

વધુ એક ફોલ્લો ફૂટ્યો. કાળી લ્હાય જેવી બળતરા ફાટી નીકળી. ઓહ! આ પીડા — તો મોટા જમાઈએ દીકરીને તાકીદ કરી છે, નરેશ અંકલની મિલકતમાંથી આપણો પણ ભાગ જોઈશે. નહીં તો —

આ માલમિલકત. બેંક એફ.ડી. અને લોકર્સ, ડીમેટ એકાઉન્ટ ને જમીન, લૉકરમાં રહેલાં ઝવેરાત અને સોનું - બધું પડ્યું છે એમ ને એમ. જ્યાં સુધી ચુકાદો નહીં આવે, ન કોઈ વાપરી શકશે ન ભોગવી શકશે. નાગ થઈ બેસવું તે આનું જ નામ કે બીજું? બસ એક આ ઘર છે - એમણે આ ફ્લેટ હોંશથી ખરીદીને મારે નામે કર્યો હતો. પુષ્પાને હજી યાદ છે. આ તારું ઘર. આપણે સાથે સજાવીએ, આપણી રીતે, આપણા માટે. અહીં જે કંઈ હશે તે આપણું સહિયારું! છે પણ એવું જ...ભૂતકાળની કોઈ ચીજવસ્તુ નથી. પુષ્પા ઘરમાં નજર ફેરવે છે ને યાદ કરે છે. આ તોરણ કચ્છના બજારમાં ફરી ફરીને શોધેલાં. ને આ ચાકળા-ખાસ જામનગરમાં બનાવેલા. ડાઈનિંગ ટેબલ પર પાથરેલી બાંધણી ભાતનો ટેબલ ક્લોથ.

દુકાનદાર કહે, 'એવું તો કંઈ હોતું હશે સાહેબ?'

'શું?'




"ROLEX" Brand

**Rushabh**
**STEEL CENTRE**

G-77, Sarvoday Nagar,
Shri Mahendrakumar T. Shah Marg,
(1st Panjrapole Lane), Mumbai-400 004.
**Tel. : 2242 2072, 3393 7310 ● Fax : (022) 3008 0072**

MFGR. & DEALERS IN : *Rolex* SQUARE DABBA & TIFFIN

'આ બાંધણીમાંથી કંઈ ટેબલ ક્લોથ થાય?'

'તારે વેચવાથી કામ છે કે –'

'ભલે સાહેબ, તમે કહો તેમ.'

બેડરૂમની ચાદરો કે ડ્રોઈંગરૂમના પડદા – કઈ એવી વસ્તુ છે જેમાં અમારી છાપ નથી? દીવાલના રંગોમાં એમને શોધું છું. એ મળે તો પૂછવું છે : 'શા માટે આ દુઃખ, પીડા મારે ભોગવવાનાં! માત્ર તમારી સાથે જોડાઈ એટલે?'

એક દિવાલ આખી ફોટોગ્રાફ્સ લગાવવા માટે અલાયદી રાખી છે? કેટ કેટલા ફોટો...સાથે ઊભેલાં, બેઠેલાં, એકલાં, પહાડોમાં ફરતાં, ઘોડા પર બેઠેલાં, નદીમાં મધ્યે નાવમાં મુસાફરી કરતાં...આ જ નર્મદા! મને મારી મા જેવી લાગે છે! આપણે આપણા છેલ્લા દિવસો અહીં વિતાવીશું. એમની એ ઇચ્છા પણ અધૂરી રહી. આખરે જીવવાની સાચી રીત છે કંઈ?

આ ઘર પણ હવે પોતાનું નથી લાગતું – પુષ્પાને થયું.

વેવાઈ એક નકલી વીલ બનાવીને લાવ્યા છે. વકીલને પણ ફોડ્યો છે. કહે, 'વેવાણ કોર્ટમાં કેસ તો વરસો ચાલશે. આ વીલની એક કોપી તમારા ઘરમાંથી મળશે અને બીજી આ વકીલને ત્યાંથી. એ રજૂ કરશું કે તરત ફેંસલો.' ખબર નહીં કેમ એ દિવસે એમની વાતોમાં આવી ગઈ. અબખે પડેલી સાહ્યબી કે દીકરીઓનું ભવિષ્ય, દિયરની નાગાઈ, પોલીસની ઉધ્ધતાઈ, કોર્ટનાં ચક્કરો ને પાસ-પડોશીઓની દુષ્ટ નજરો. લાલચ-લોભથી ભરેલી આ દુનિયાથી હું અલગ થોડી છું? વિચારી વાત કબૂલી લીધી. વીલમાં નકલી સહી પણ થઈ ગઈ. કવરને સીલ કરવાનાં બાકી છે. એ પણ થઈ જશે 'એ પહેલાં થોડો ચા-નાસ્તો કરીએ.' કહી ચા-નાસ્તો ટેબલ પર મૂક્યાં. એ સાથે જ હાથ પર થયેલો નવો ફોડલો ફૂટ્યો ને કાળી બળતરા ને અસહ્ય ખંજવાળ. એમ જ બધાંની નજર સામે જ ખંજવાળવા લાગી. વકીલ અને વેવાઈની નજરો મળી. પુષ્પાને આંખોમાં પાણી આવી ગયાં. વેવાઈ કહે, કશો વાંધો નથી. તમે તમારી તબિયત સાચવો. એમનો ઈશારો સાવ ઉઘાડો હતો. 'ભૂંડા લાગો છો, ભૂંડાં. સરખો ઈલાજ તો કરો!' કહી ચા-નાસ્તો એમ જ મૂકી બેઉ રવાના થયા.

પુષ્પા ઊભી થઈ. ટ્યૂબ લઈ લગાવવા બેઠી. સ્ટીરોઈડવાળી દવા. ઝેરનું મારણ ઝેર. પણ એ રોગને કાબૂમાં રાખવા મદદ કરે, મૂળમાંથી કાઢે નહીં ને લાંબો સમય લેવાથી બીજા નવા રોગ આવશે એ જુદાં – અરીસાની સામે બેસી જોઉં છું. કેવા કેવા ફોલ્લા ને ચાઠાં ઉપસી આવ્યાં છે! જોવુંય ન ગમે, જાડી કાળી ચામડી, વચ્ચે વચ્ચે માંસના રંગના રાતાં ચકામાં. હવે તો મોં પર પણ એ દેખાય છે. સફેદ લુખ્ખા વાળ ને આંખોની નીચે કાળી કરચલી.

આ કોણ છે?

આ મારી પુષ્પા ન હોય. કોઈ બોલ્યું કે ભણકારા થયા? આંખો બંધ કરી તો મોરપીંછની જેમ એમનો ચહેરો લહેરાયો. ના, હું તમારી જ પુષ્પા છું.

બસ, એ ઘડીએ જ નિર્ણય થઈ ગયો. આ વલુરાટ અને ફોડલાને હું મૂળમાંથી જ કાઢીશ. ટેબલ પર પડેલાં વીલનાં કાગળિયાં સામે પુષ્પા તાકી રહી. ઉઠાવ્યાં અને –

વળતી સવારે કોઈને કશું કહ્યા વિના માલસરના આશ્રમે આવી પહોંચી. ગુરુજીએ માથે હાથ મૂકી હંમેશની જેમ આવકારી. અઠવાડિયું તો એમ જ વીતી ગયું પણ પછી બગીચામાં છોડવાને પાણી પાવાથી લઈ કે આશ્રમની સાફ-સફાઈનાં નાનાં મોટાં કામોમાં ઊલટથી ભાગ લીધો. હજી સુધી તો કોઈએ શોધવાની તસદી લીધી હોય એમ લાગતું નથી કેમ કે ફોનની એક રિંગ રણકી નથી. પુષ્પાએ જોયું કે નવા ફોડલા પડતા બંધ થઈ ગયા છે ને ચામડીની જાડાઈ પણ ઘટી છે. ખંજવાળ તો ઘટી જ છે. ધીમે ધીમે નોર્મલ થઈ જશે એવો વિશ્વાસ બેસે છે. પોતાનો મૂળ રંગ પછી આપોઆપ ઊઘડી આવશે! અને પછી! જાણે કોઈ જવાબ શોધતી હોય એમ પુષ્પા નર્મદાના અંધારઘેર્યા પટને તાકી રહી.■

## શીરો અને શિક્ષિકા!

અમદાવાદમાં આવેલી વિશ્વભારતી શાળાના પ્રાથમિક વિભાગનાં શિક્ષિકા શાંતાબહેને જોયું કે તેમના વર્ગનો ધોરણ-૪ નો એક વિદ્યાર્થી નિયમિત લેસન કરતો નથી. જાણવા મળ્યું કે ગત વેકેશનમાં એ વિદ્યાર્થીના દાદા સ્વર્ગવાસી થયા. દાદા એને બહુ વહાલ કરતા. એમના અવસાન પછી એ વિદ્યાર્થીને થયું : 'દાદાજી ગયા પછી મારું કોઈ નથી.' શાંતાબહેને આ બાળકને સાચવી લેવાનું નક્કી કર્યું. પંદર દિવસમાં બાળકના વર્તનમાં અપેક્ષિત પરિવર્તન આવ્યું. આનું રહસ્ય જણાવતાં તે શાળાના આચાર્ય કહે : 'પછી શાંતાબહેન એ બાળકને દાદાની ખોટ ન લાગે તેવી રીતે લાડ કરવા મંડ્યાં. એમણે જાણી લીધું કે તેને શીરો બહુ ભાવે છે. શાંતાબહેન રોજ એને માટે ઘેરથી શીરો બનાવી લાવે છે અને ખોળામાં બેસાડીને ખવરાવે છે.' આ પ્રેમાળ અને સંનિષ્ઠ શિક્ષિકાનું દોઢેક વર્ષ અગાઉ ગાંધીનગરમાં અવસાન થયું.

***(શ્રી સુરેન્દ્ર શુક્લ લિખિત પ્રસંગનો સંક્ષેપ)***

Prakash®

**PRAKASH METAL CRAFT PVT. LTD.**

E-56/57, Sarvoday Nagar, 1st Panjrapole Lane, Mumbai-4.
Tel. : 2242 7461 Telefax : 2242 6636
E-mail : prakashmetalcraft@rediffmail.com • Website : www.prakashmetalcraft.com

**MFG. ST. STEEL UTENSILS**

વાર્તા

# લાવારિસ

ઇશ્વર અંચેલીકર

બારણે દસ્તક દઈ ઊભેલી સખી સોફિયાને જોતાં જ, મારું ચિત્ત વ્યથિત થઈ ગયું. મેં એને આવકારી અને ઘરમાં આમતેમ નજર કરી. પપ્પાને ખબર પડશે, તો શું થશે? એક વખત એમણે મને અને સોફિયાને એક સુપર માર્કેટમાં ફરતાં જોયાં હતાં. ઘરે પહોંચતાં જ એમણે મારી ખબર લીધી હતી...!

'અનિક્ષા, ખબરદાર આવી પરજ્ઞાતિની છોકરીઓ સાથે ફરવા ગઈ તો! અરે એ માંસભક્ષી લોકો...પ્રાણી કરતાં વધારે ખતરનાક હોય છે. તારી એ સખીનાં ચેનચાળાં તેં જો...યાં...? અડધાં અં...ગ...? અરે અંગ પ્રદર્શન કરવામાં એમને નાનમ ક્યાં હોય છે...? આપણા સમાજનું કોઈ તને આવી છોકરી સાથે ફરતી જુએ, તો શું વિચારે?'

'અનિક્ષા...કોણ આવ્યું છે?' મારા પપ્પા, મને વિચારવિમુખ કરતાં બોલ્યાં.

'અંકલ, હું તમને સૌને અમારા ખ્રિસ્તી નૂતન વર્ષની પાર્ટીમાં આમંત્રણ આપવા આવી છું...' સોફિયાએ જ મારા ડેડીને ઉત્તર દીધો...! હું તો અવાક્ બની ગઈ...

'સોફિયા, મને ગલત સમજતી નહીં...! પરંતુ અમે ક્રિયાકાંડ કરતાં, બ્રાહ્મણ કુટુંબનાં વારસો છીએ...! ન જાણે કેટલીએ પેઢી આવી અને ગઈ, પરંતુ અમારો ધર્મ અમે ભ્રષ્ટ થવા દીધો નથી...! તમે ગોરા ખાનદાનોનાં વારસદાર...! તમે શું સમજો હિંદુત્વ શું કહેવાય...!' મારા પપ્પાનો તોછડો ઉત્તર સાંભળી હું ડઘાઈ ગઈ...

'સોફિયા, તારે અન્ય સૌને આમંત્રણ આપવાનાં હશેને...! ચાલ તું ઊઠ...! મોડું શું કામ કરે છે..., તું...?' મારા સ્પષ્ટવક્તા પિતાનાં વિવાદનાં કારણે, સોફિયાને દુઃખ થાય, એવા ભયથી મેં કહ્યું...પરંતુ સોફિયા મારા શબ્દો તરફ દુર્લક્ષ દર્શાવી બોલી...

'અંકલ...! ખ્રિસ્તી જનસમુદાય માટે, તમારી ભ્રાંતિ કૂપમંડૂક છે.... બધા ખ્રિસ્તી ગોરાઓનાં વારસદાર નથી હોતા... સત્ય એ છે કે, પ્રાચીન હિંદમાં, માત્ર હિંદુ ધર્મનું જ અસ્તિત્વ હતું...પરંતુ મંદિરોમાં પ્રવેશ મેળવવાનો અધિકાર માત્ર બ્રાહ્મણોને હતો... સમાજના પછાત લોકોને, આવો હક્ક હતો નહીં. અંગ્રેજ શાસન દરમિયાન, સમાજના પછાત લોકોને અંગ્રેજોએ, તેમની વેઠ કરવાનાં કામ આપ્યાં...આ લોકો, અંગ્રેજોનાં તહેવારોમાં સામેલ થવા લાગ્યાં...! તેમનાં ચર્ચમાં આ લોકોને પ્રવેશ મળતો હતો...! હિંદુ ધર્મનાં કુરિવાજો, પૂજા પાઠ પાછળ નાણાં નહીં ખર્ચી શકનારાં પછાત લોકોને, ચર્ચની પૂજા સરળ અને સસ્તી લાગી...માત્ર એક મીણબત્તી સળગાવીને જિસસને પ્રસન્ન કરવાનું, આ લોકોને અનુકૂળ લાગ્યું...ગોરાઓની વેઠ કરનારાં પછાત લોકો, પેટનો ખાડો પૂરવા ગોરાઓની વધેલી રસોઈ આરોગવા લાગ્યાં, તેથી તેઓ માંસાહારી બન્યા...!'

પરંતુ સોફિયાનું ભાષણ પસંદ નહીં પડતાં, મારા પપ્પા ત્યાંથી ઊઠી ગયા...! તેથી સોફિયાએ વાતનો દોર બદલી, મારા તરફ નજર કરી ઉમેર્યું... 'અંકલ નારાજ થઈ ગયા...કેમ? ખે...ર...તું સાંજે આવી જ...જે...' અને એ ઊઠી.

સાંજે હું સોફિયાના આવાસે પહોંચી ત્યારે આખું ઘર રંગબેરંગી વિદ્યુત બત્તીનાં તોરણોથી, ઝગમગી રહ્યું હતું. દીવાનખંડમાં ખૂણા ઉપર, વિશાળ ક્રિસમસ ટ્રી શોભી રહ્યું હતું. એ વૃક્ષ ઉપર બેઠેલાં પેલાં પક્ષી, વૃક્ષ પાસે ઊભેલો શાંતાક્લોઝ જાણે અત્યારે જ સંગીત છેડવવાનાં હોય, એવાં લાગતા હતાં...! ઓરડાની મધ્યમાં વિશાળ ટેબલ ઉપર ગોઠવેલી ન્યુઈયર કેક અને તેની સમીપ બંને બાજુ ગોઠવેલાં બે ટેબલો પૈકી, એક ટેબલ ઉપર ગ્રીન બાઉલો, તો બીજા ઉપર રેડ બાઉલોમાં વિવિધ વાનગીઓ ભરી હતી...! દીવાલો ઉપર લટકતાં સ્પીકરોમાંથી, હળવું સંગીત વહી રહ્યું હતું...

સોફિયાએ મને આવકારી... 'સોફિયા, ખૂબ તૈયારી કરી છે, તેં...!

શું આપણી બધી જ ક્લાસમેટ આવશે કે શું...?' પરંતુ સોફિયા નિરુત્તર રહી...હું સોફિયા સાથે એના બેડરૂમમાં ગઈ... સોફિયાનાં આવાસે, આ પહેલાં હું ક્યારેય ગઈ ન હતી, એટલે મેં ઘર જોવાની ઇચ્છા વ્યક્ત કરી... ઘર જોતાં જોતાં મેં એને કહ્યું...

'સોફિયા, ઘરનાં કોઈ ખૂણે તારા પેરેન્ટ્સ નજર નહીં આવ્યાં...! ક્યાં છે, એ લોકો...?'

જવાબમાં એ એટલું જ બોલી, 'ઇન્તેજાર કર સખી...! સમયે બધાં જ આવી જશે...!'

વોલક્લોકમાં સાત વાગ્યાનાં ટકોરા પડ્યાં... 'અનિક્ષા, તું આ કમરામાં જઈ નવાં કપડાં પહેરી લે...! મેં તારા માટે કાઢી રાખ્યાં છે...!' આટલું ઉચ્ચારી, સોફિયા અન્ય એક કમરામાં ચાલી ગઈ...

સોફિયાએ મારા માટે કાઢેલાં કપડાં જોઈને હું

ચમકી...મારાથી સ્વગત બોલાઈ ગયું... 'પાગલ...! એટલું જાણતી નથી...કે હું જીન્સ અને ટીશર્ટ પહેરતી નથી...!' પરંતુ બીજી ક્ષણે મારું મન બદલાયું... 'ના...ના...! પહેરી જ લઉં... મારા પપ્પાને શું ખબર પડવાની છે...! સોફિયાને આનંદ થશે...' અ...ને...મેં....પહેરી લીધાં... આજે, ચહેરા ઉપર મોંઘું ક્રીમ, બદન ઉપર અત્તરનો ઉપયોગ કરવાનું પણ મને ગમ્યું... તૈયાર થઈને હું દીવાન ખંડમાં આવી... સોફિયા એના કમરામાં જ હતી. દશેક મિનિટ પછી એ ધીમા પગલે સીડી ઊતરવા લાગી... સફેદ ફ્રોક અને માથા ઉપર શોભતી આસમાની રંગની ફેધર કેપ...પગમાં હાય હિલ સેન્ડલ અને...હાથમાં લટકતો રૂમાલ...! સોફિયાનું સૌંદર્ય, સોળે કળાએ ખીલી ઊઠ્યું હતું...! ઝાંખા પ્રકાશમાં, ચમકતી ચાંદની જેવી સોફિયા, ખૂબ જ નયનરમ્ય ભાસતી હતી...! એ મારી સમીપ આવી, મને ભેટી પડી અને ચુંબનોથી નવડાવી લીધી...! મારાં બદન સાથે ચોંટી ગયેલાં, એનાં વક્ષસ્થળોનો સ્પર્શ મને ગમ્યો...! મેં પણ એને ભીંસમાં લઈ લીધી... 'અનિક્ષા...! છોડ મ...ને..., પાગલ...! હું તારી બોયફ્રેન્ડ નથી...કે આમ..." અને અમે બંને ખડખડાટ હસી પડ્યાં...! અચાનક કોલબેલ રણક્યો...સોફિયાએ મને ઈશારો કરી, બારણું ખોલવા સૂચના આપી...હું દરવાજા પાસે ગઈ...સામે ઉભેલ યુગલને જોતાં જ હું ડ...રી...ગઈ... 'ત...મે...!' મારાથી બોલાઈ ગયું...

'આ...વો...! આવો...! અંકલ...આન્ટી...!' કહેતી સોફિયાએ યુગલને વંદન કર્યા...

'બે...ટી....સોફિયા...! ખૂબ તૈયારી કરી છે, તેં ....! કહી પેલા વૃદ્ધે મારી તરફ નજર કરી, હળવું હાસ્ય વેર્યું...! અને....ઉમેર્યું... 'સોફિયા, આ તારી સખી કેમ કંઈ બોલતી ન...થી...અમને ઓળખતી નથી કે શું...?'

'પપ્પા,મમ્મી...! તમે...! આઈ મી...ન...હું સ્વપ્ન તો જોતી ન...થી...' મેં મારા પપ્પાને કહ્યું...

'કામિની, તારી દીકરી અનિક્ષા, જિન્સ-ટીશર્ટમાં કેવી શોભી રહી છે!' મારા પપ્પાએ મારા ગાલ ખેંચી, મને....કહ્યું...

'હા...શ્રીરંગ...! સોફિયાએ આગ્રહ કર્યો હશે એટલે પહેર્યા હશે, આવાં વસ્ત્ર...! બાકી, અ...નિક્ષા...સાદીસીધી છે...!' મારી મમ્મીએ કહ્યું... 'અ...રે...! સોફિયા...! તને ક્યાંથી ખબર પડી કે, હું અનિક્ષાને વિદેશ પરણાવવાનો છું...? વિદેશ જશે, તો ત્યાં શું આપણો ગામઠી પહેરવેશ પહેરીને ફરવાની છે, તું અનિક્ષા....!' મારા પપ્પા બોલ્યા...

કોઈ રંગમંચ ઉપર અવનવો ખેલ ભજવાઈ રહ્યો હોય...એમ હું પાગલની જેમ ઘડીક પપ્પાને, ઘડીક મમ્મીને, તો ઘડીક સોફિયાને જોતી રહી... 'અંકલ...આવો, તમને ઘર બતાવું...' કહી સોફિયા મારાં પેરેન્ટસને લઈ, ઘરનાં ખૂણેખૂણે ફરવા લાગી...! એનો પ્રેયર રૂમ આવતા, એ બતાવવાનું સોફિયાએ ટાળ્યું, પરંતુ પપ્પા બોલ્યા...

'બેટી, મારે હાથ જોડી, તારા જિસસની માફી માગવી છે...! મારી સંકુચિત વિચારસરણીનાં કારણે, હું કેમ ભૂલી ગયો, કે બ્રહ્માંડમાં ફરતો શ્રીહરિ એક જ છે...! શ્રીહરિ સમયે સમયે, એક યા બીજા સ્વરૂપે, ધરતી ઉપર અવતરી, માનવીને સત્ય-અહિંસાના પાઠ શીખવે છે...! એનું સ્વરૂપ ક્રિષ્ણ હોય, ગાંધી હોય, જિસસ હોય, પયગંબર હોય..કે અન્ય કોઈ...! ધરતી ઉપર જીવતાં બધા જ જીવો એ વિશ્વાત્માના સંતાન છે...! હું કેમ ભૂલી ગયો...કે અમર આત્મા, અનેક ખોળિયાં ભલે બદલે, પરંતુ એ પોતે ક્યારેય બદલાતો નથી...! જે આત્મા આજે બિંદુ કુટુંબમાં જન્મ્યો છે, તે બીજા જન્મે, અન્ય કોઈ બીજી જ્ઞાતિમાં પણ જન્મે! તો શું જન્મની જ્ઞાતિનાં આધારે, આત્મા અપવિત્ર થઈ જાય? તે આજે મારી આંખો ખોલી છે...' અ...ને...પપ્પાએ સોફિયાનાં મસ્તક ઉપર હાથ મૂક્યો...

'સોફિયા, મારા પપ્પા આવી ગ...યા...! હવે તારા પપ્પા ક્યારે આવવાના છે?' મેં વાતને વળાંક આપી વાતાવરણ હળવું કરતાં કહ્યું... પરંતુ ત્યાં જ ડોરબેલ રણક્યો...સામેથી મેં મારી છ-સાત સાથીઓને, તેમનાં પેરેન્ટસ સાથે પ્રવેશતાં જોયાં...અમે સૌએ તેમનું સ્વાગત કર્યું...મેં અને સોફિયાએ, સૌની પરસ્પર પહેચાન કરાવી...! સૌએ હેન્ડશેઈક કરી, ફોર્માલિટી પતાવી...મેં સોફિયાને દૂર ખેંચી...

'સોફિયા, ક્યાં છે. તારાં પેરેન્ટસ? ફોન કર એમને. સૌ આવી ગયાં, એ લોકો ક્યાં રહી ગ...યાં...?' મેં એને કહ્યું... 'અનિક્ષા...આ બધાં જ મારાં મમ્મી-પપ્પા છે! મને કંઈ જ ખબર નથી, કે હું કોનું સંતાન છું...! મારી મમ્મીએ, મને જન્મતાં જ ચર્ચનાં પગથિયે તરછોડી દીધી હ...તી...! ફાધર વૉલેસે, મને ઉછેરી હ...તી...! અહીં પધારેલાં સૌના ચહેરામાં, હું મારાં મમ્મી-પપ્પા શોધી રહી છું...! એક જ આશા રાખીને જીવું છું...કે એ સૌનો પ્રેમ મને મળતો રહે, અને હું મારી જિંદગી સાર્થક કરું!'

હું સોફિયાની મુખમુદ્રા નિહાળી રહી...! મને લાગ્યું કે શું આ...મધર મેરી તો નહીં હો...ય...!

'ચા...લો...ચા...લો...ક્રિસમસ કેક કાપવી છે કે નહીં...' અ...ને... અમે સૌ સોફિયાને વીંટળાઈ વળ્યાં... ■

**Mfrs. of Aristo Brand Stainless Steel Utensils**

Aristo™ STAINLESS STEEL

**ARISTO PLUS**
177/A, Panjrapole Road, Opp. Sarvoday Nagar, Mumbai-400 004.
Tel. : 2242 6555 / 2242 2666 • Fax : 2242 7324
E-mail : aristo_steel@yahoo.co.in • www.aristosteel.com

વાર્તા

# આશના શું બોલે?

નીલમ દોશી

આશના...આશના બેટા...ક્યાં ગઈ?

ઘરના બારણા અંદરથી બંધ હોવાને બદલે આજે ખુલ્લા હતા એ જોઈને નીરજાને આશ્ચર્ય થયું. આશના આજે અંદરથી બંધ કરતાં ભૂલી ગઈ કે શું?

બારણાને હડસેલો મારી નીરજા ઘરમાં આવી. પોતે આવે ત્યારે આશના સામાન્ય રીતે આગળના ઓરડામાં જ બેઠી હોય. વિચારતી નીરજા ઉપર ચડવા ગઈ. હજુ ઉપર ચડવા જાય ત્યાં...

ધરતીકંપ...

ઉપરથી દોડતી આવીને આશના માને વળગીને ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

દીકરીની હાલત નીરજા ફાટી આંખે જોઈ જ રહી. ફાટેલાં કપડાં...અને...આ શું? આવી હાલત...?

'આશના...આશના...'

આગળ કોઈ શબ્દો નીકળી જ ન શક્યા. આગળ કંઈ પૂછવા જાય એ પહેલાં ઉપરથી પરમ નીચે ઊતર્યો.

આશના...

પરમનો અવાજ સાંભળી ભયભીત બનેલી આશનાની આંગળી પરમ તરફ ચીંધાઈ અને ભયભીત હરણીની જેમ માને વળગી પડી.

નીરજાની આંખો આઘાતથી વધારે પહોળી થઈ. આશનાને એક તરફ મૂકી નીરજા ઘવાયેલી સિંહણની જેમ પરમ તરફ ધસી.

નીરજા...આશના...

પરંતુ પરમ આગળ કશું બોલવા જાય એ પહેલાં નીરજાનો એક જોરદાર તમાચો પરમના ગાલે...

પરમ, ગેટ આઉટ ફ્રોમ માય હોમ...

નીરજા, પ્લીઝ મારી વાત તો સાંભળ...

નીરજાએ ભયભીત આશના સામે જોઈ પરમને ઘરની બહાર હડસેલ્યો....અને બારણું ધડામ દઈને બંધ થયું.

ક્યાંય સુધી આશના મમ્મીને વળગીને રડતી રહી. પૂછવા જેવું કશું હતું નહીં. આશનાની હાલત જોઈ સમજવા જેવું બધું મા સમજી ચૂકી હતી. કશુંક અઘટિત બનતા અટકી ગયું હતું એ એકમાત્ર આશ્વાસન હતું. પોતે સમયસર પહોંચી ગઈ અને દીકરી પીંખાતી બચી ગઈ હતી.

અને આવું પરમે કર્યું? પરમ આવું કરી શકે ખરો? વાત બીજા કોઈએ કરી હોત તો માનવાનો સવાલ જ નહોતો. દીકરીની વાત પર અવિશ્વાસ કરવાનું કોઈ કારણ નહોતું. અને આ સમયે પરમનું ઘરમાં હોવું જ એ વાતની સાબિતી નહોતી?

હજુ બે દિવસ પહેલાં તો આ જ પરમ સાથે કેટકેટલાં સપનાં જોયાં હતાં. પોતાની જિંદગી બદલાવાની હતી. અરે, જેનો ડર હતો એ દીકરીએ પણ સંબંધનો સ્વીકાર કર્યો હતો. ફક્ત માની ખુશી માટે...અને એ પરમ આશના સાથે આવું કરી શકે ખરો? કોઈ રીતે મન નહોતુ માનતું. અને છતાં...માનવું પડે તેમ હતું.

નીરજા મૌન રહીને દીકરીને સાંત્વના આપતી રહી. એ રાત્રે બેમાંથી કોઈ જમ્યું નહીં. એકબીજાને વળગી બંને સૂતાં રહ્યાં. સ્પર્શની એ હૂંફમાં આશના શાંત થતી ગઈ.

પણ નીરજાની આંખમાં ઊંઘનું એકેય કણસલું કેમ ડોકાય?

હજી તો દસેક દિવસ પહેલાંની જ વાત...

એ રાત્રે રોજની આદત મુજબ મા-દીકરી સૂતાં હતાં. વાત કરવી કે નહીં, કઈ રીતે કરવી એવી કોઈ અવઢવ નીરજાના મનમાં ઘોળાતી હતી ત્યાં આશનાએ જ...

'મમ્મા, ડુ યુ વોન્ટ સમથિંગ ટુ ટેલ મી...?'

'નો બેટા...યેસ બેટા...એક્ચ્યુઅલી...'

'મમ્મા, પ્લીઝ...શું વાત છે? કંઈ મૂંઝવણ...કોઈ પ્રોબ્લેમ? મને વાત કરવામાં વળી ખચકાટ શાનો? હવે હું કંઈ એવી નાની કીકલી તો નથી. બોલ મમ્મા...'

'બેટા, મને વિશ્વાસ છે કે તું મને સમજી શકીશ અને કોઈ ગેરસમજ નહીં કરે.'

'મમ્મા, નો નીડ ઑફ એની પ્રસ્તાવના...સીધી વાત કર.'

'ઓકે...'

નીરજાએ બાજુમાં રાખેલી બોટલમાંથી પાણીનો એક ઘૂંટ ભર્યો.

'બેટા, એક વાત પૂછું? મને સાચો જવાબ આપવાનો... દિલથી જવાબ આપવાનો.'

'મમ્મા, તારી સામે કદી ખોટું બોલી છું? એવી જરૂર જ તેં નથી રહેવા દીધી. યુ આર નોટ ઓન્લી માય મમ્મા... યુ આર. માય સ્વીટ ફ્રેન્ડ ટૂ...એટલે તો મને બીજા કોઈ ફ્રેન્ડની પણ એવી જરૂર નથી પડી.'

એકાદ ક્ષણ નીરજા પુત્રીની આંખોમાં જોઈ રહી.

'બેટા, તને પરમ અંકલ ગમે છે?'

'યસ...મમ્મા...એમાં નવું શું છે? તને ખબર જ છે કે આઈ રીયલી લાઈક પરમ અંકલ...એ આપણાં બંનેના બેસ્ટ ફ્રેન્ડ છે.'

'બેસ્ટ ફ્રેન્ડ એટલું જ?'

'એનાથી વિશેષ બીજું શું હોય મમ્મા? હી ઈઝ યોર બેસ્ટ ફ્રેન્ડ સીન્સ યોર ચાઈલ્ડહૂડ...હવે અચાનક વરસો બાદ મળી ગયા...ઈવન આઈ લાઈક હિમ...આઈ રીયલી એન્જોય હિઝ કંપની...હી ઈઝ અ નાઈસ ગાય...ઈઝ નૉટ ધેટ ઈનફ?'

'આશના, એ ફક્ત તારા ફ્રેન્ડ જ નહીં પણ ફાધર ફ્રેન્ડ બને તો?'

'આર યુ જોકિંગ મમ્મા? આઈ ડોન્ટ લાઈક સચ જોક...'

'આઈ એમ નૉટ જોકિંગ...બેટા. એક્ચ્યુઅલી...હવે હું થાકી છું. એક માની સાથે હું એક સ્ત્રી પણ છું. મારી અંદર રહેલી સ્ત્રી ક્યારેક જાગ્રત પણ થતી હોય છે. બેટા, હોપ, કે તું મને સમજી શકીશ. યુ આર ક્વાઈટ મેચ્યોર નાઉ...આટલાં વરસો મેં ફક્ત અને ફક્ત તારો જ વિચાર કર્યો છે. થોડાં વરસોમાં તું સાસરે જઈશ ત્યારે હું સાવ એકાકી...'

બોલતાં બોલતાં નીરજાની આંખો ભરાઈ આવી.

'મમ્મા, આટલાં વરસોમાં તેં મને કદી પપ્પાની ખોટ સાલવા નથી દીધી. અમ્મા, ડોન્ટ વરી...આઈ વિલ નેવર મેરી...હું તને છોડીને ક્યારેય લગ્ન કરવાનો વિચાર પણ નહીં કરું.'

'બેટા, એ યોગ્ય નથી અને હું...કોઈ પણ મા એવું કદી ન ઇચ્છે.'

'મમ્મા, પ્લીઝ...આપણે આપણી જિંદગી આપણી રીતે જીવીશું.'

'બેટા, એથી જ પૂછું છું આટલાં વરસો બાદ હવે મારી જિંદગી હું જીવી શકું? મારી જિંદગીમાં મને કોઈને આવકારવાનો હક્ક ખરો? મને મારી રીતે સુખી થવાનો અધિકાર મારી દીકરી આપી શકશે ખરી?'

થોડી મૌન પળો એમ જ પસાર થઈ ગઈ. નીરજાના શ્વાસ જાણે થંભી ગયા.

'ઓકે...બેટા...આઈ ગોટ યોર આન્સર...અને તને ન ગમે એવું કરવાનું હું કાંઈ વિચારી પણ ન શકું. એ વાત હવે હું પણ ભૂલી જાઉં છું, અને તું પણ મનમાંથી એ વાત કાઢી નાખજે. પરમ અંકલ ફક્ત આપણા બંનેના મિત્ર જ બની રહેશે. નથિંગ, મોર, ઓકે બેટા?'

'નો મમ્મા, મારા મૌનનો એવો કોઈ અર્થ કાઢવાની જરૂર નથી. હું આવડી મોટી વાત માટે બે-પાંચ મિનિટ વિચાર પણ ન કરી શકું?'

'બેચાર મિનિટ નહીં, બે-ચાર દિવસ, બે ચાર મહિના પણ તું વિચાર કરી શકે. બેટા, એવી કોઈ ઉતાવળ નથી. યુ ટેઈક યોર ઓન ટાઈમ...'

'નો મમ્મા...મને લાગે છે ઇટ્સ ઓકે...આઈ હેવ નો પ્રોબ્લેમ...તને તારી રીતે સુખી થવાનો અધિકાર છે જ. તેં આજ સુધી મારા માટે ઘણું કર્યું છે...આજે હું કેમ ના પાડી શકું?'

કહેતાં આશના નીરજાને કેવી ભેટી પડી હતી એ યાદ આવતાં નીરજા અત્યારે પણ ભાવુક થઈ ઊઠી.

પરમને જાણ કરી ત્યારે...

'મારી દીકરી પર મને પૂરો વિશ્વાસ હતો જ. તું નાહકની ડરતી હતી.'

'તેં આશના ઉપર જાદુ ચલાવ્યો છે. તારા આવ્યા પછી આશનામાં કેટલો બદલાવ આવ્યો છે. એ કેવી ખુશ રહે છે. મને જે વાત જલદી નથી કહેતી એ વાત પણ તને કહે છે. કેટલા હક્કથી તારી પાસે લાડ કરે છે. તારી પર રોફ જમાવે છે. મને તો ક્યારેક ઈર્ષા થાય છે. આશના મારા કરતાં પણ તારી વધારે નજીક આવી છે. મારી બેટી, હું કંઈક કહેવા જાઉં તો તુરત જવાબ આપી દે...પરમ અંકલને પૂછી જોઈશું...એ કહે એ બરાબર...ચમચી નહીં તો. તેં એને કેવી પટાવી છે.'

'નીરજા, પટાવી નથી. એ મારી સગી દીકરી જેટલી જ મને વહાલી છે અને દીકરીઓ હંમેશાં બાપની ચમચી હોવાની જ ને? એ તો દુનિયાનો કોઈ પણ બાપ રોફભેર રહેવાનો જ. એમાં નવું શું?' અને પરમ ખડખડાટ હસી પડ્યો.

આમ પણ પરમ અને આશના સાથે હોય ત્યારે નીરજાનું કંઈ ન ચાલતું. એ રસોઈ બનાવવા જાય ત્યારે અંકલ સામે આંખ મીંચકારતી આશના ટહુકતી.

'મમ્મા, પરમ અંકલને તારા હાથની પાઉંભાજી બહુ ભાવે છે હોં.'

'યસ...નીરજા...'

પાઉંભાજી આશનાની ફેવરિટ હતી એ નીરજા અને પરમ બંને જાણતાં. દરેક રવિવારે...

'અંકલ, આજે મુવી સરસ આવ્યું છે. ઔર સમઝદારકો ઈશારા કાફી હૈ.'

મુવી અને રેસ્ટોરંટની પસંદગી આશના જ કરતી. અને

ત્રિપુટી ત્યાં પહોંચી જ હોય.

અંકલ અંકલ કહેતા આશના થાકતી નહીં અને પરમ તેની ફરમાઈશ પૂરી કરતાં કદી કંટાળતો નહીં. ભણવામાં પણ ન આવડતી દરેક વાત માટે પરમ હાજર હોય જ.

નીરજા મનોમન હરખાતી અને કૃત્રિમ ગુસ્સો કરતી રહેતી.

આશના અને પરમના, બાપ-દીકરીનાં આવાં તો અગણિત મીઠાં સંભારણાં નીરજાની ભીતરમાં શોર મચાવી રહ્યાં. આ એક વરસમાં બંને કેટલાં નિકટ આવી ગયાં હતાં. એકાદ દિવસ પણ પરમ ન દેખાય તો આશના કેટલા ફોન કરતી.

'અંકલ, નો બહાના...યુ હેવ ટુ કમ...હું રિસાઈ ગઈ છું.'

અને ગમે તેવો બિઝી હોય તો પણ પરમ થોડી વાર તો દીકરીને મનાવવા આવી જ જતો.

અને આજે...? ન ભૂતો ન ભવિષ્યતિ...જેવી વાત લાગતી હતી અને છતાં...માનવીના મનને શું કદી કળી ન શકાય?

રાતભર નીરજાની આંખો વહેતી રહી.

પાંચ પાંચ વરસનાં વહાણાં વીતી ગયાં છે આ વાતને. આ પાંચ વરસમાં આ વાતનો ફરી કદી અછડતો ઉલ્લેખ સુધ્ધાં મા-દીકરી વચ્ચે નથી થયો.

અને એ પછી પરમે કદી આશના કે નીરજાને મળવાની કોશિશ નથી કરી.

બે દિવસ પછી આશનાની સગાઈ છે. એના મનપસંદ પાત્ર સાથે... નીરજા દોડાદોડીમાં વ્યસ્ત છે. આશના ન જાણે કેમ આજે સવારથી મૌન છે.

'આશના, તારો ડ્રેસ આવી ગયો છે. જરા ફિટિંગ જોઈ લે બેટા, એટલે કોઈ ફેરફાર હોય તો સમયસર થઈ જાય.'

આશનાએ કોઈ જવાબ ન દીધો.

'બેટા, બે દિવસથી હું જોઉં છું, તું કંઈક મૂંઝાય છે. એવરીથિંગ ઓકે? ચૈતન્ય સાથે કોઈ ઝઘડો નથી કર્યો ને?'

અચાનક આશના માને વળગીને ધોધમાર રડી પડી.

નીરજા ગભરાઈ ગઈ.

'બેટા, શું થયું? એની પ્રોબ્લેમ?'

જવાબ આપવાને બદલે આશનાનું આક્રંદ વધ્યું.

'મમ્મા, પ્લીઝ...પ્લીઝ...સ્ટોપ ઑલ ધિસ...મારે સગાઈ નથી કરવી. મને સુખી થવાનો કોઈ હક્ક નથી.'

'બેટા...શું થયું? તારી ખુશીથી વધારે મારા માટે કંઈ જ નથી. તું ઇચ્છીશ એમ જ થશે. ઓકે? પણ શું થયું એ મને કહીશ તો ખબર પડે ને?'

આશના મૌન...

'હું ચૈતન્યને ફોન કરું? એણે મારી લાડલીને કંઈ કહ્યું છે? અત્યારથી મારી દીકરીને રડાવે છે?'

નીરજા ફોન લીધો.

આશનાએ ઝપટ મારી માના હાથમાંથી ફોન ઝૂંટવી લીધો.

'મમ્મા, હું તારા આટલા પ્રેમને લાયક નથી.'

નીરજા ચૂપચાપ આશના સામે જોઈ રહી.

'મમ્મા, તને ખબર નથી હું કેટલી ખરાબ, નાલાયક દીકરી છું. તને જાણ નથી કે મેં કેટલી મોટી ભૂલ કરી છે....મમ્મા, જાણીશ તો તું પણ મને નફરત કરીશ. હું મારી જ નજરમાં નીચે ઊતરી ગઈ છું. કેટલા સમયથી હું મનમાં જ ગિલ્ટી ફીલ કરું છું. પણ તારી દીકરી કાયર છે. કબૂલ કરવા જેટલી હિંમત નથી. પણ આજે...પ્લીઝ...મમ્મા...મારે સગાઈ નથી કરવી. તને એકલી મૂકીને ક્યાંય જવાનો મને હક્ક નથી.'

આશના એકીશ્વાસે બોલી રહી.

'બેટા, દુનિયાભરની દીકરીઓ માને છોડીને જતી જ હોય છે.'

'પણ એ બધી દીકરીઓ મારા જેવી નાલાયક નથી હોતી.'

'બેટા...સ્ટોપ ઑલ ધીસ...'

'મમ્મા, તારે પૂછવું નથી કે મેં શું કર્યું છે?'

'શું પૂછું બેટા? તું જ કહે ને...'

'મમ્મા, ગમે તેવી વાત હોય તો પણ તું મને માફ કરી શકે?'

'એમાં કોઈ શંકા છે બેટા? આટલાં વરસોમાં જો મેં તારો આટલો વિશ્વાસ પણ હું ન મેળવી શકી હોઉં તો એ મારી ખામી છે.'

ફરી બે મિનિટ મૌન પથરાઈ રહ્યું...

આશના નીચું જોઈ ગઈ.

નીરજા ચૂપચાપ દીકરીને નીરખી રહી.

આશનાની નજર વધારે ઝૂકી રહી.

Office No.-7, Lokhandwala Building,
3/5, Garibdas Street, Vadgadi,
Masjid Bunder (W), Mumbai-400 003.
Tel. : (022) 23468106, (RIM) 32422541,
9324308802 Fax : 23468109
Customer Care : 9324945601
E-mail : nishant.vltc@gmail.com ■ www.vltc.in

NAVIN ORIENT

*VIJAY LAXMI TRANSPORT CARRIERS*
**NAVIN ORIENT CARRIER**
**THE TRANSPORT FOR RAJASTHAN ■ THE TRANSPORT FOR MADHYA PRADESH**
**FLEET OWNERS ■ TRANSPORT CONTRACTORS ■ CARGO MOVERS**

'મમ્મા, તને કંઈ ખબર નથી. એ દિવસે...એ દિવસે...હું કેટલું મોટું જૂઠું બોલી હતી! મેં જ પરમ અંકલને ફોન કરીને બોલાવ્યા હતા અને...અને દેવતા જેવા અંકલ પર ખોટો આરોપ...'

આશના ફરી એક વાર ધ્રુસકે ધ્રુસકે રડી પડી.

'બેટા...ફરગેટ...ઈટ...'

'મમ્મા, તારે જાણવું બહુ જરૂરી છે. તારી દીકરી કેવી નાલાયક છે એ કહ્યા સિવાય મને...'

આશનાનાં હીબકાં શમવાનું નામ નહોતાં લેતાં.

નીરજાએ ધીમેથી દીકરીનો હાથ પોતાના હાથમાં લીધો.

'મારી દીકરી નાલાયક નથી. બસ, થોડી નાદાન હતી. એ અસુરક્ષાની ફીલિંગથી પીડાતી હતી. એની સંવેદના ખોટી નહોતી પણ રસ્તો ખોટો હતો. અને વાંક તારા કરતાં તારી ટીન એઈજ, તારી ઉંમરનો હતો. એમાં પણ મારી જ ભૂલ હતી. તારો એટલો વિશ્વાસ હું નહોતી પામી શકી.

આશના પહોળી આંખે માની સામે જોઈ રહી.

'મમ્મા...મમ્મા...અર્થાત....

'હા બેટા, મને બધી જાણ છે. પરમ ઉપર મને એક શ્રદ્ધા છે. એની આંખોમાં તારે માટે જે લાગણી મેં જોઈ છે એ ફક્ત એક પિતાની જ હતી. પરંતુ સાવ અણધારી વાત આવા કોઈ વરવા સ્વરૂપે તમારી સમક્ષ આવે એટલે કોઈ પણ માણસ હેબતાઈ જાય..બસ એ દિવસે, એ ક્ષણ પૂરતી હું પણ હેબતાઈ કે પછી હચમચી ગઈ હતી. એ મારી ખામી ખરી.'

'મમ્મા, આજ દિવસ સુધી તેં મને ખબર સુદ્ધાં ન પડવા દીધી.'

'અમને ખાતરી હતી કે એક દિવસ તું ગિલ્ટી ફીલ કરીશ. અને જાતે અમને કહીશ. અલબત્ત અમારા ધાર્યા કરતા એ દિવસ બહુ મોડો આવ્યો.'

'અમને....અમારા...અર્થાત્?

'હા બેટા...અમારા અર્થાત મારા અને પરમના...'

'મમ્મા...પરમ અંકલ પાસે તો હું માફી માગવાને લાયક પણ નથી. આવડું મોટું કલંક એમની ઉપર મેં...'

આશનાનાં ડૂસકાંનો અવાજ વધતો ગયો. બેટા, તારી નાદાનીને મારી જેમ એણે પણ ક્યારની માફ કરી દીધી છે. મારે કદી તને કાંઈ પૂછવું નહીં એ નિર્ણયમાં પણ એ મારી સાથે જ હતા.

આશના શું બોલે? બસ....માને વળગીને એ વરસતી રહી. ■

## 'સમાજ સેવક' બનવું અને રીસાવું એ બંને વસ્તુ શક્ય નથી કાં સમાજસેવા છોડો, કાં રીસાવાનું છોડો...

મને જાણ ન હતી એટલે ના આવ્યો... મારો ફોટો છાપવામાં નથી આવ્યો એટલે ના આવ્યો... આમંત્રણ પત્રિકામાં મારું નામ નહોતું એટલે ના આવ્યો... ફલાણો મારો વિરોધી છે એટલે ના આવ્યો... મને એમાં કંઈ મળવાનું નથી એટલે ના આવ્યો... મને હોદ્દો ના મળ્યો એટલે નથી આવતો... મને કોઈ સાંભળતું નથી એટલે ના આવ્યો... મને સ્ટેજ / ડાયસ ઉપર ના બેસાડ્યો એટલે નથી આવતો... મારું સન્માન ના કર્યું એટલે નથી આવતો... મને બોલવાની તક ના આપી એટલે નથી આવતો... પ્રમુખ / મંત્રી મારા વિરોધી ગ્રુપના છે એટલે નથી આવતો... મારા વિરોધીને વધારે મહત્ત્વ આપવામાં આવે છે એટલે નથી આવતો... મારી વિરુધ્ધની પાર્ટીના નેતાઓને કાર્યક્રમમાં બોલાવવામાં આવે છે એટલે નથી આવતો... મારા વિચારો - રજૂઆતને બહુમતીથી ઉડાવી દેવામાં આવે છે એટલે નથી આવતો... વારંવાર આર્થિક બોજો મારા ઉપર જ નાખવામાં આવે છે એટલે નથી આવતો... બધું કામ મને જ સોંપવામાં આવે છે એટલે નથી આવતો... હોદ્દેદારો મનમાની કરે છે એટલે નથી આવતો... હિસાબો આપતા નથી કે કોઈ મંતવ્યો લેતા જ નથી એટલે નથી આવતો... સમય નથી મળતો એટલે નથી આવતો... વગેરે વગેરે...

શું છે આ બધું???

આટલા માટે આપણે સમાજસેવક બન્યા છીએ?

સમાજ સેવા એટલે આ તમામ બહાનાઓનો ભોગ આપવો તે. જે ભોગ આપી શકે એ જ સાચો સમાજ સેવક. બાકી સમાજસેવાનો ઢોંગ. ઢોંગ કરનારા શેરીએ... શેરીએ... ગલીએ... ગલીએ મળે છે ભાઈ, પણ સાચું કાર્ય એ જ છે જે સમાજના હિતને સર્વોપરી બનાવી જાણે.

એટલે જ કહ્યું છે કે : "સમાજસેવા એ તલવારની ધાર પર ચાલવાનું કામ છે અને એમાં નહીં કાયરનું કામ."

*પ્રેષક : પ્રદીપ મહેતા - અમદાવાદ*
*મો. ૯૮૨૫૦ ૬૧૧૬૦*

સ્થાપના : ૧૯૮૪
કે.કે. સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
હરખચંદ ગડા (મો. ૯૩૨૮૪ ૪૦૦૪૦) ★ નીલેશ ગડા ★ રીતેશ ગડા
લગ્નપદ, ઘરવપરાશ, લ્હાણી તથા હોટલ કેન્ટીન વાડી ફરાસખાના માટેના મોટા વાસણોના હોલસેલ વેપારી
એલ/૧૦૪૦/૭, વિજય ટ્રાન્સપોર્ટ પાસે, જી.આઈ.ડી.સી., અંકલેશ્વર. ફોન : ૦૨૬૪૬-૩૨૯૩૦૩, ૨૨૦૯૪૨
E-mail : kaykay_industries@yahoo.com

વાર્તા

# મિલન

ડૉ. નવીન વિભાકર

'અરે! હર્ષ, તું જલ્દી કર. ઍરપોર્ટ પહોંચતાં મોડું થશે!'

'અરે દીપા, તૈયાર જ છું.' ખોડંગાતી કાંખઘોડીને સરખી પકડતાં હર્ષ બોલ્યો.

'બહુ અધીરાઈ આવી ગઈ છે?'

'દીપા! ખ્યાલ આવે છે? છવ્વીસ વરસ પછી...'

અને વિમાન 'ઍરબોર્ન' થયું. 'ફાસ્ટન યૉર સીટ બેલ્ટ્સ' નું 'એનાઉન્સમેન્ટ' થયું. થાકને લીધે આંખો મીંચીને મન ભૂતકાળના પરદા પર સરવા લાગ્યું.

★ ★ ★

હર્ષને ઈસ્ટ આફ્રિકાના તાન્ઝાનિયા દેશનું પોતાનું નાનકડું ગામ નજર સમક્ષ આવી ગયું.

નદીકિનારે ઘર હતું. પાછળની વાડીની પછીતે જ નદી ખળખળ કરતી વહેતી હતી. નદીની આ પાર ઈન્ડિયન એશિયનોની વસાહત હતી અને નદીની પેલે પાર આફ્રિકન વસાહત હતી. યુરોપિયનો - બ્રિટીશરો ગામની બહાર વસાહત સ્થાપી રહેતા હતા.

હર્ષને નદીકિનારે બેસી, પગ પાણીમાં બોળી, છબછબિયાં કરવાની ટેવ હતી. પાંચેક વરસની ઉંમર હશે. નાના નાના પથ્થરો તે નદીમાં ફેંકતો. તરતી માછલીઓ આડીઅવળી થઈ જતી. પાણીમાં ઘણાં બધાં વર્તુળો ઊપસી આવતાં. એક પથ્થર મારવા જતાં તે લપસ્યો ને પાણીમાં પડતાં તણાવા લાગ્યો. સામે નદીપારની ઊંચી ભેખડ પરથી કોઈ આફ્રિકન છોકરાને ભૂસકો મારતાં તેણે જોયો. હર્ષને બચાવી, બહાર કાઢ્યો. પોતાની જ ઉંમરનો જ, કાળું ચમકતું મુખ. હર્ષને ઉપાડી તે છોકરો હર્ષના ઘરે લઈ ગયો.

બ્રિટીશરો રંગભેદ કરતાં. ઇન્ડિયનો પણ આફ્રિકન પ્રત્યે રંગભેદ રાખતા. નોકર તરીકે ઘરમાં રાખતા પણ બીજો કોઈ વ્યવહાર નહીં. તેથી એક આફ્રિકન છોકરો હર્ષને બે હાથે ઉંચકીને ઘરે લાવેલો જોઈ હર્ષના પિતાજી તાડૂકી ઊઠ્યા : 'શું થયું હર્ષને?' 'આ કાળો છોકરો કેમ અહીં આવ્યો છે?' કહી હર્ષના પિતા તેને ખિજાવા લાગ્યા. અને છોકરાને કોઈપણ જાતની શાબાશી આપ્યા વગર અંદર જતા રહ્યા.

એટલે હર્ષે પૂછ્યું : 'બેસ. તારું નામ શું?'

બીકનો માર્યો તે બેઠો નહીં, પણ ધીમેથી બોલ્યો, 'ઝેકે!'

'ઝેકે? સરસ નામ છે.'

બીકના માર્યા આમતેમ જોઈ બોલ્યો : 'હું હવે જાઉં?' અને પછી અટકી જઈ બોલ્યો, 'પણ તારું નામ શું?'

'હર્ષ!'

'ઓહ! હશ!' તે હર્ષ ઉચ્ચાર કરી ન શક્યો.

ને એ પછી તો પિતાની મનાઈ હોવા છતાં હર્ષ ઝેકેની વસાહતમાં પહોંચી જતો. ઝેકેને મદદ કરવાની એક પણ તક એ જવા ન દેતો. જાણે ઉપકારનો બદલો વાળવો ન હોય! પહાડોના એક સાથે ટેકરા ચડવા, ભેખડો પરથી નદીમાં ધૂબાકા મારી તરતાં. નવરા હોય ત્યારે ઝેકે ને તેના ભાઈઓ સાથે પત્તાં રમવાં! કેવા મજાના દિવસો હતા એ!

એકવાર તેની વાડીના કૂવામાં પાણી નહોતું. કૂવો સાવ સૂકાઈ ગયો હતો. બંનેના શેતાની-શરારતી મગજમાં વિચાર સૂઝતાં તેમણે કૂવામાં પેટ્રાલ નાખી દીવાસળી ચાંપી અને એકદમ ભડકો થયો, ધમાકો થયો ને ઝેકે અંદર જોવા નમ્યો હતો. ત્યાં અંદરથી પથ્થર ઊછળીને ઝેકેના મોં પર લાગ્યો. પથ્થરના ધક્કાથી તે પાછળ ઊથલી પડ્યો.

ધમાકો સાંભળતાં બધાં દોડી આવ્યા. હર્ષના પિતાજીના ગુસ્સાનો કોઈ પાર ન રહ્યો ને બોલ્યા : 'ના પાડવા છતાં તું આ કાળિયા સાથે રમે છે?'

★ ★ ★

પછી તો તાન્ઝાનિયા સ્વતંત્ર થયું. અંગ્રેજ સ્કૂલ, ઈન્ડિયન સ્કૂલ, આફ્રિકન સ્કૂલ જે જુદી જુદી હતી તે કઢાવી નાંખી એક જ સ્કૂલમાં બધી કોમના બાળકો સાથે જ ભણે તેવો કાયદો સરકારે પસાર કર્યો. એ હુકમના પહેલે જ દિવસે જ્યારે હર્ષ સ્કૂલે ગયો ત્યારે સ્કૂલના દરવાજા પાસે છોકરાઓના એક ટોળાને ઊભેલું જોયું. હર્ષને ધ્રાસકો પડ્યો આજે તો બધી કોમના બાળકો સાથે ભણવા આવવાના હતા. રંગભેદ હજી કોઈના મનમાંથી એકાએક કેવી રીતે નીકળે?

ટોળાની અંદર નજર કરતાં હર્ષે પેલા બાળકોમાં ઝેકેને જોયો! ઝેકેને બધા તતડાવતા હતા. ગરીબડો ઝેકે બીકનો માર્યો

આમતેમ જોતો હતો. વસ્તુ સ્થિતિ પામી જઈ, બધાને ધક્કો મારી, ટેન્શન ઓછું કરવા ઝેકે પાસે જઈ બોલ્યો : 'કોંન્ગ્રેચ્યુલેશન્સ ઑન યૉર ફર્સ્ટ ડે! વેલકમ!' અને તેનો હાથ પકડી સ્કૂલમાં જવા લાગ્યો.

'થેન્ક યુ, હશ્!' ને સ્નેહથી ઝેકે એ જાણે જોખમ ટળી ગયાનો એહસાસ કરતો હોય તેમ હર્ષનો હાથ દબાવ્યો.

હાઈસ્કૂલનું ભણતર પૂરુ થતું હતું. સ્વતંત્રતા મળતાં અંગ્રેજો અને ઈન્ડિયનો દેશ છોડી જવા લાગ્યા. હર્ષના કુટુંબે પણ અમેરિકા સ્થળાંતર કર્યુ.

અમેરિકા પ્રસ્થાન થયું. અને ધીમે ધીમે કૉલેજના વાતાવરણમાં હર્ષનું વયની સાથે મન પણ મોટું થવા લાગ્યું. નવા મિત્રો, નવું વાંચન, ડૉક્ટર બનવાની મહેચ્છા, આ બધામાં ઝેકેનું ચિત્ર ઝાંખું થવા લાગ્યું. હર્ષ મેડિકલ કૉલેજમાં દાખલ થઈ ગયો. સાથે સાથે રીસર્ચનો પણ શોખ હોવાથી એમ.ડી. પી.એચડી. પ્રથમ કક્ષામાં થયો. પ્રથમ આવ્યાનો બહુમાનમાં ઍવોર્ડ મળવાનો હતો. બધા જ પ્રોફેસરોને વિદ્યાર્થીઓ ખુશ હતા. હૉલ હકડેઠઠ ભરાઈ ગયો હતો. બધાને અભિવાદન કરી તેણે ઍવોર્ડવાળા હાથા ઊંચા કરી, પોતાના સાથીઓનાં અભિનંદન સ્વીકાર્યાં! અને અચાનક તેના મનમાં વિચાર સ્ફૂર્યો - 'ઝેકે ક્યાં હશે?'

ઍવોર્ડ સ્વીકારી તેણે પોડિયમ પરથી નીચે ઊતરવા પગ ઊંચક્યો ત્યાં એક દર્દભરી ચીસ નાખી તે જમણો પગ પકડી બેસી ગયો! પ્રોફેસર તુરત બાજુમાં આવ્યા ને પૂછ્યું : 'હર્ષ! શું થયું? શું છે?'

'ખબર નહીં! પહેલી જ વાર જમણા પગમાં આવું અચાનક દર્દ ઊપડી આવ્યું છે.'

મહામહેનતે તે ટેકાથી ઊભો થયો પણ ચાલી જ ન શક્યો. સીધો હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો. દર્દ કોઈ રીતે શમતું ન હતું. પગનો સિટીસ્કેન કરવામાં આવ્યો ને નિદાન થયું કે પગના હાડકામાં કેન્સર છે ને તેને લીધે ફ્રેક્ચર થઈ ગયું છે.

'હર્ષ! આ શું? કેમ આમ થયું? હવે શું થશે?'

પત્ની દીપાની હાલત જોઈ હર્ષમાં ધૈર્ય ઊભરાયું, 'દીપા! ધીરજ ધર. તેં હંમેશાં પ્રભુમાં આસ્થા રાખી છે ને! આટલા નિષ્ણાતો બાજુમાં છે. સાથીઓ બાજુમાં છે. ગભરાવવાનું શું છે?'

પણ જ્યારે ડૉક્ટરોએ કેન્સર આગળ ન ફેલાય તે માટે હર્ષનો જમણો પગ કાપવો પડશે તેવો નિર્ણય લીધો ત્યારે તો હર્ષ ભાંગી પડ્યો. 'એમ્પ્યુટેશન' પછી જ્યારે 'સ્ટમ્પ' નો ઘા રુઝાયો ને 'આર્ટીફીશિયલ' પગ નાંખવામાં આવ્યો ત્યારે ઉદાસીભરી નજરે તે જમણા પગને નીરખી રહ્યો અને જ્યાં સુધી 'આર્ટીફીશિયલ' પગથી ટેવાય નહીં ત્યાં સુધી કાંખઘોડી આપવામાં આવી ત્યારે હર્ષને ઘણો જ આઘાત લાગ્યો. ધીમે ધીમે પોતે ડૉક્ટર હોવા છતાં 'ડિપ્રેશન' (હતાશા) માં સરવા લાગ્યો. તેને થયું : 'હવે મારું કોણ? આમ જ જિંદગી જીવવાની? દીપાને આખી જિંદગી હેરાન કરવાની? કોઈ મિત્ર...

અને એકાએક તેને બચપણ યાદ આવ્યું. પોતાના જન્મ સ્થાનના ગામમાંનું ઘર, આંબાવાડિયું ને કૂવો દેખાયા. ઝેકેનું અચાનક કૂવામાંથી નીકળતી આગમાં જાણે પોતાનાં સપનાંઓને ભસ્મ થતાં તે જોઈ રહ્યો.

★ ★ ★

ત્યાં અચાનક દીપાના અવાજથી દીવા સ્વપ્નમાંથી જાગી ગયો : 'હર્ષ! એ હર્ષ! લંડનથી કોઈને તારે માટે ફોન છે.'

'લંડનથી! મારો ફોન! કોણ હોઈ શકે?' કહી તેણે ફોન લીધો.

'કોણ? કોણ? ઝેકે? ઝેકે તું છે?' હર્ષનો અવાજ આનંદથી છલકાઈ ગયો ને ગળગળો થઈ ગયો.

'હા! હશ!' તે કદી હર્ષ બોલી જ નહોતો શકતો. 'હું જ ઝેકે છું.'

'ઓહ માય ગોડ! છવ્વીસ વર્ષે હું તને યાદ આવ્યો? ક્યાં છે તું? તને કેવી રીતે ખબર પડી કે અમેરિકામાં હું ક્યાં છું?'

'બ્રિટિશ મેડિકલ જર્નલમાં તારો આર્ટીકલ ને સરનામું તથા ફોન નંબર જોયા અને તરત તને ફોન કર્યો!'

'તું પણ લંડન જઈ ડૉક્ટર થયો?'

'ના, હશ! ડોક્ટર નથી થયો. પણ લંડનની હોસ્પિટલમાંથી તને ફોન કરું છું. દુનિયામાંથી વિદાય થાઉં તે પહેલાં તને મળવાની ઈચ્છા છે. બોલ, આવી શકીશ મળવા?' ઝેકેનો સ્વર વેદનાથી તૂટવા લાગ્યો. 'તું આવીશ ત્યારે તને બધી હકીકત જણાવીશ.'

'એમાં પૂછવાનું હોય! કાલે જ નીકળું છું.' શું હશે ઝેકેને? હર્ષ ચિંતામાં પડી ગયો.

★ ★ ★

અને 'હીથ્રો ઍરપોર્ટ એરાઈવીંગ ઈન ટૅન મિનિટ્સ' નું 'એનાઉન્સમેન્ટ' થતાં હર્ષ તંદ્રામાંથી જાગી ગયો.

હોસ્પિટલમાં પહોંચી સીધા જ ઝેકે ને ભેટી પડીશ એવી ઈચ્છાથી તે ઝેકેના રૂમમાં દાખલ થયો. પણ સ્તબ્ધ નજરે ઝેકેના જર્જરિત દેહને પથારીમાં પડેલો જોઈ હેબતાઈ ગયો. એવી જ રીતે હર્ષને કાંખઘોડીથી ચાલતો જોઈ ઝેકેની નજરમાં અનેક પ્રશ્નો ઊભરાઈ ઊઠ્યા.

'બેસ!' હાથ લંબાવી સ્નેહથી ઝેકે બોલ્યો : 'મારી બાજુમાં બેસ! હર્ષ! તારા ગયા પછી મારામાં પણ ભણવાનો ઉમંગ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૧ ઉપર)

લલિત નિબંધ

# સ્વપ્નમાં એકાધિકાર

રતિલાલ 'અનિલ'

*પ્રિયશ્રી,*

તમને શ્રી પ્રિય હોય તો સારું, તમે પ્રિય છો એ મારે માટે શ્રી છે! દર વર્ષે ઇન્કમટેક્ષ ઓફિસર સામે કુલ આવક જાહેર કરવી પડે છે તેમ કોઈને પત્ર લખીએ ત્યારે પ્રિય છો, એવું જાહેર કરવું પડે છે.

તમારા વિશેની જાણકારી મારે તમને પહોંચાડવી પડે છે એ અદ્‌ભુત એવી રમણીય વિચિત્રતા છે! એવી કોઈ જાણકારી તમારે માથે ઘાસનું તરણું છે - થી માંડીને તમારા ભાગ્યમાં બહુ મોટો યશ છે સુધી હોઈ શકે છે. હું તમને મળેલો અને તમારી સાથે મનમાન્યો વર્તાવ કરેલો એવી વધામણી તમને આપું તો તમે મન ગપોડી કહેવાના, તમારું સ્વમાન કહેવાનું કે મારી સાથે કોઈ મનમાન્યો વર્તાવ કરી શકે જ નહીં - એવો પડકાર પણ તમેં ફેંકો. પણ મારી સલાહ એવી છે કે એથી તમે પ્રેમમય જીવનનો નહીં તો ક્ષણોનો ઇન્કાર કરો છો એવું પુરવાર થશે! ઘણાં સહઅસ્તિત્વો એકાધિકાર પર અવલમ્બે છે! કંટાળો ન આવે એટલા માટે એકાધિકાર બદલતા રહેવાનું સારું જ હોય છે, એકાધિકારનો હાથબદલો શાંતિ માટે અનિવાર્ય પણ હોય છે.

એકાધિકાર વિશે ઘણા ખરા અધૂરી માહિતી જ સ્વીકારે છે! આમ પણ એકાધિકાર ભોગવવો ગમે એટલો એનો સ્વીકાર કરવો ગમે નહીં. એટલે તો બેક સીટ ડ્રાઈવિંગની પ્રથા પડી છે! એક સાથે બે જણ સ્ટિયરીંગ વ્હીલ ફેરવી શકે નહીં, પણ એક વ્હીલ ફેરવતો ભલે દેખાય પણ એનું ચાલન બેક સીટ પરથી થાય તો દેખાવમાં એ સારું લાગે છે. એવી સમજૂતી સહઅસ્તિત્વને સંતોષપ્રદ બનાવે છે.

તમારા પર એકાધિકાર ભોગવ્યાની મારે તમને જાણ કરવાની છે. એ બતાવે છે કે મેં ખરેખર જ એકાધિકાર ભોગવ્યો છે! પણ એવી તક સૌને પ્રાપ્ય છે અને એવો કોઈ માણસ નહીં હોય, જેણે સ્વપ્ન ન જોયું હોય! એટલે કે દરેક માણસ એકાધિકાર ભોગવી ચૂક્યો હોય છે! સ્વપ્નું એ એકાધિકાર છે કે એકાધિકાર એ સ્વપ્નું છે? એ બંને છે. સ્વપ્ન જોનારો એકાધિકાર ભોગવે છે, પણ તેના સિવાય બીજા કોઈને એની જાણ હોતી નથી, પણ હિટલરનું જગતે જાણ્યો કારણ કે સ્વપ્નાનો એકાધિકાર એણે વાસ્તવિક બનાવ્યો! ઘણાખરા માણસો બહુ શરમાળ હોય છે. એમને એકાધિકાર ભોગવવો ગમે છે, ભોગવે પણ છે, પણ એની માહિતી વિસ્તરે એનાથી તેમને ક્ષોભ થાય છે. બહુ તો આ હું તમને જાણ કરું છું એમ એકાદ વ્યક્તિ સુધી પોતે ભોગવેલા એકાધિકારની જાણકારી વિસ્તારે છે.

મનોવિજ્ઞાન કહેશે કે સ્વપ્નું જોવું એ મારો અધિકાર છે એમ કહેનારો ઊંડે ઊંડે પ્રબળ એકાધિકારવાદી છે! કોઈની ઇચ્છા હોય, ન હોય, તેને નવરાશ હોય કે ન હોય, અરે તે શહેરમાં હોય કે ન હોય, ગમે ત્યાં હોય તો પણ તેને પોતાના બિછાને પડીને મળવું, તેની સાથે પોતાને ગમે એવો વ્યવહાર કરવો, પોતાને ગમે તે જ કહેવું અને વળી પેલાને તેની જાણ પણ ન થાય એ થયો અહિંસામૂલક એકાધિકાર! એવો અધિકાર મેં ભોગવ્યો તેની જાણ કરતાં મારે કહેવું પડે છે કે મેં તમારા પર જ એ અધિકાર ભોગવ્યો હતો! આવો અદ્‌ભુત અહિંસક એકાધિકાર માણસને મળ્યો છે એટલે સમાજમાં એકંદરે શાંતિ પ્રવર્તે છે.

બીજાની હાજરીમાં આપણે જીવનનાં કેટલાંક સત્યો ઉચ્ચારી શકતાં નથી. પણ કેટલાંક સત્યો તે એવાં હોય છે કે જેને કહેવાં હોય તેની સમક્ષ પણ ઉચ્ચારી શકાતાં નથી! છતાં તે ઉચ્ચાર્યાં વિના ચાલતુંયે નથી! તે કહેવાય નહીં તો ઘણા માનસિક રોગ લાગુ પડે, એના ઉકેલ રૂપે માણસને સ્વપ્નાનો એકાધિકાર મળ્યો! કહેવું હોય તે કહેવાય, વર્તવું હોય તેમ સ્વેચ્છાએ વર્તાય એટલે મનોરથ પૂર્ણ થાય, ચિત્ત શાંત થાય, પણ સામી વ્યક્તિને એની જાણ જ ન થાય એટલે સામાજિક શાંતિ પણ જળવાઈ રહે! સારું છે કે સ્વપ્નાનો એકાધિકાર સામાજિક શાંતિનો ભંગ ન થાય એ માટે જ ભોગવાય છે. દુનિયામાં પ્રેમનો વિસ્તાર સ્વપ્નાથી જ થયો છે! એ અલગ વાત છે. વાસ્તવ જીવનમાં કશું ન કહી શકેલો સ્વપ્નમાં કહેવું હોય તેને, તે જ કહે છે. પણ એ એક મનોરોગ નિવારણની ચિકિત્સાપદ્ધતિ હોય છે અને વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે જ સામાજિક જાળવણી માટે તેનો સારો ઉપયોગ હોવાથી તે નિર્વાહ્ય છે.

તો હું તમને સ્વપ્નમાં મારા એકાધિકારે મળેલો. ના, મેં તમને કોઈ પણ સંદેશ, સંદેશવાહકની દરમ્યાનગીરી વિના તમને મળવા બોલાવેલા. રૂબરૂમાં કહી શકાય એ બધું મેં તમને સ્વપ્નમાં કહી દીધું હતું, સદ્‌ભાવ દર્શાવવો હતો તે દર્શાવી દીધો, સવારે ઉઠ્યો ત્યારે મન ખૂબ જ પ્રસન્ન હતું, જીવનમાં કરવા જેવું, તાકીદનું કામ થઈ ગયું છે એવો આનંદ થતો હતો. ગઈ સાંજે તબિયત નરમ લાગતી હતી પણ સવારે તો હિલસ્ટેશને જઈ આવ્યા જેવી ખુશી હતી. આપણે બધા આવા કાળઝાળ ઉનાળે

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)

નિબંધ

# ઇલેક્ટ્રોનિક માધ્યમોના ચમત્કારો

ફાધર વર્ગીસ પોલ

આ નિબંધ હું મારા માટે લખું છું. કારણ, આ દિવસોમાં મને લાગ્યા કરે છે કે સંદેશા વ્યવહારનાં અદ્યતન માધ્યમો અને દૈનિક જીવનને સ્પર્શતી ટેકનોલોજી વિશે મારે થોડું વધારે જાણવાની જરૂર છે. હું એમાં નિષ્ણાત ન બનું તોય મારે સમય સાથે કદમ મિલાવવા માટે અને નવી પેઢીના સંપર્કમાં રહેવા માટે એની જરૂર છે. એ માટે મારે ઇલેક્ટ્રોનિક માધ્યમો અને ઇન્ફર્મેશન ટેકનોલોજીને કામે લગાડવાં જોઈએ. એટલે એના માટે મને વ્યવહારિક જ્ઞાન અને અનુભવની ખાસ જરૂર છે.

થોડા દિવસ પહેલાં હું એક વહેલી સવારે અમદાવાદ ખાતે મણિનગર સ્ટેશનમાં ટ્રેનમાંથી ઊતરીને સેંટ ઝેવિયર્સ કૉલેજ પહોંચવા માટે બસ નં. ૫૨/૨ પકડવા ઊભો હતો. જોતજોતામાં વીસેક કૉલેજિયનો ૫૨/૨ બસ પકડવા માટે ત્યાં ભેગાં થયાં. બસને આવતાં પંદરેક મિનિટ લાગી.

સામાન્ય રીતે યુવક-યુવતીઓનું ટોળું ભેગું મળે ત્યાં ઘોંઘાટ હોય, શોરબકોર હોય. એ શોરબકોર વચ્ચે તમે બસનો સમય પૂછશો તો સામેવાળાની વાત તમે સાંભળી ન શકો. પણ તે દિવસે મેં જોયું કે કૉલેજમાં કે નોકરીએ જતાં તે યુવક-યુવતીઓ વચ્ચે કોઈ શોરબકોર નહોતો, કોઈ કોલાહલ નહોતો.

બે એક જણ એમના અભ્યાસનાં પુસ્તકો ખોલીને વાંચતાં હતાં. પરંતુ મોટાભાગનાં યુવક-યુવતીઓ પોતપોતાના આઈફોન, આઈપોડ, સ્માર્ટ ફોન કે સાદા મોબાઈલ પર કામ કરતાં હતાં. યુવાનો આંગળીઓના અર્થથી કે મોંના હાવભાવથી સામેવાળા અદૃશ્ય માનવ સાથે વાત કરતાં હતાં. યુવાનોની ભાષામાં તેઓ 'ચેટિંગ' કરતાં હતાં, SMS મોકલતાં હતાં કે વાંચતાં હતાં. વોટ્સ ઍપ સંદેશા જોતાં હતાં, મ્યુઝિક સાંભળતાં હતાં. ટાંકણી પડે તો પણ સાંભળી શકું એવી નિઃશબ્દતા હતી!

બસમાં પણ મેં જોયું કે બધાં યુવક-યુવતીઓ મોબાઈલ, સ્માર્ટ ફોન, આઈપોડ અને લેપટોપ જેવા માધ્યમો સાથે ખૂબ 'બીઝી' હતા. એ દિવસનું છાપું વાંચનાર ત્યાં હું એકલો હતો! મને મારા ખિસ્સામાંથી સ્માર્ટ ફોન કાઢીને 'સોલિટેર' રમવાનું મન થયું. પછી મને લાગ્યું કે મારે હજી નવા ખરીદેલા સ્માર્ટ ફોનના ઘણાબધા ઉપયોગો શીખવાના બાકી છે. આખરે છાપું બંધ કરીને બીજા બધાનું નિરીક્ષણ કરવામાં હું પરોવાયો.

મેં જોયું કે સ્માર્ટ ફોન અને અન્ય માધ્યમોના કલ્પનાતીત ઉપયોગો થાય છે. મારી ધારણાથી પણ એમની વધારે શક્યતા છે. એકાદ દાયકા પહેલાં સિનેમા જેવા માધ્યમોમાં ઝંપલાવવા માટે નિષ્ણાતોની અને અઢળક નાણાંની જરૂર હતી. હવે તો થોડી ઘણી સૂઝબુદ્ધિ અને કૌશલ્યથી ઇન્ફર્મેશન ટેકનોલોજી અને અદ્યતન માધ્યમો દ્વારા ઓડિયો - વિડિયો ફિલ્મ બનાવી શકાય છે. અત્યાર સુધી નિષ્ણાતો અને આર્થિક સધ્ધરતા કે શક્તિની જ પહોંચમાં રહેલાં કામો આજે સામાન્ય માણસ નજીવું રોકાણ કરીને કરી શકે છે. મોબાઈલ, આઈપોડ અને સ્માર્ટફોન જેવાં માધ્યમોનો એ અનોખો ચમત્કાર છે.

દાયકાઓ પહેલાં માર્શલ મકલૂહને કહ્યું હતું કે, માધ્યમો અને ટેકનોલોજી માનવ શરીરના વધારેલા ભાગો છે. દાખલા તરીકે મોટરકારને પગનો વધારેલો ભાગ ગણી શકાય. મોટરકારથી પગની ઝડપને અનેક ગણી વધારી શકાય છે. એ જ રીતે વોટ્સ અપ, સ્માર્ટ ફોન, ફેસબુક અને ઇન્ટરનેટ માનવની વિવિધ ઇન્દ્રિયોને વધારનાર માધ્યમો છે. આ માધ્યમો માનવસંપર્ક અને માનવવ્યવહારને આપણે કદી કલ્પ્યું ન હોય એટલી બધી સવલતો કરી આપે છે. મોબાઈલ, સ્માર્ટ ફોન અને આઈપોડ જેવા માધ્યમો કેવળ વિવિધ વિડિયો ગેઈમ્સનું જ માધ્યમ નથી, પણ એના દ્વારા આખી દુનિયા જોડે સંપર્ક સાધી શકાય, ધંધો વેપાર કરી શકાય. ફેસબુક, ટ્વિટર, વોટ્સ અપ જેવાં માધ્યમો દ્વારા તમારા વિચારો અને તમારી પસંદગીનાં દૃશ્યો તમે દુનિયાના એક છેડાથી બીજા છેડા સુધી પહોંચાડી શકો છો.

ઇન્ટરનેટ કમ્યુનિકેશન અને ઇન્ફર્મેશન ટેકનોલોજીની અનોખી સિદ્ધિઓ અને વિશાળ પહોંચ વિશે બેમત નથી. મોબાઈલ, ટેબ્લેટ, સ્માર્ટ ફોન અને લેપટોપે માનવવ્યવહારમાં ચમત્કારો સર્જી દીધા છે. પરિણામે માણસના સમગ્ર જીવનમાં જડમૂળથી પરિવર્તન આવી ગયું છે. ઇન્ટરનેટ, ફેસબુક, ટ્વિટર અને વોટ્સ એપની લોકપ્રિયતા કૂદકે ને ભૂસકે વધી રહી છે. છતાં ભારતની સમગ્ર વસતિને ધ્યાનમાં લઈએ તો ઇન્ટરનેટ કમ્યુનિકેશન અને ઇન્ફર્મેશન ટેકનોલોજીનાં સાધનો રોજબરોજના કામકાજમાં લેનારની સંખ્યા સમગ્ર વસતિના દસ-પંદર ટકાથી વધારે ન હોય.

પણ જેમની પાસે આ સ્માર્ટ ફોન, આઈપોડ અને લેપટોપ જેવાં અદ્યતન માધ્યમો છે, તેઓ આ માધ્યમોના ઉપયોગમાં એટલા બધા પરોવાયેલા રહે છે, જાણે તેઓ તેના ગુલામ ન

હોય. એક બાજુ, મોટા ભાગે બાળકો અને કિશોર-કિશોરીઓ કમ્પ્યુટર રમત (વિડિયો ગેમ્સ) માં મંડ્યા રહીને ખૂબ કિંમતી સમય વેડફી નાંખે છે.

બીજી બાજુ, યુવાનો પોતાના અભ્યાસને લગતી સામગ્રીનું સંશોધન કરવા, સહાધ્યાયીઓનાં સલાહસૂચન મેળવવા અને મિત્રો સાથે સંપર્કમાં રહેવામાં પોતાનો આખો સમય આ સંચાર વિનિમયનાં માધ્યમો સાથે વ્યતીત કરે છે. અમુક લોકો ખાસ તો કામધંધામાં રોકાયેલા લોકો પોતાના ગ્રાહકો તેમ જ બીજા વ્યાપારીઓના સંપર્કમાં રહેવા માટે દિવસના ચોવીસે ચોવીસ કલાક આમાં પરોવાયેલા હોય છે.

આવા બધા લોકોને પોતાની શારીરિક કસરત કે રમતગમત માટે સમય નથી. પોતાના કુટુંબનાં સ્વજનો તથા મિત્રો સાથે સંવાદ કરવા માટે તેમની પાસે બિલકુલ સમય નથી! અને એમાં સમય ફાળવતા હોય તો એમાં ફોન કોલ, એસ.એમ.એસ. અને ફેસબુક કે વોટ્સ એપ સંદેશા દ્વારા સતત ખલેલ પહોંચાડવામાં આવે છે. તાજેતરમાં હું એક મિત્રની ઓફિસમાં બે વાર ગયો હતો. બંને વખત મિત્રના ઘણાબધા ફોન આવ્યા કે મિત્રને ખૂબ અગત્યનાં કામો કરવા માટે ફોન કરવા પડ્યા કે એમના સહકાર્યકરોનું કામ પડ્યું. હું શાંતિથી એ મિત્ર સાથે સંવાદ કરી શક્યો નહીં. એ દિવસે મેં નક્કી કર્યું કે હવે પછી હું કદી એ મિત્રના કાર્યાલયમાં કોઈ ચોક્કસ કામ માટે મળવા જઈને મારો સમય નહિ વેડફું.

વર્ષો પહેલાં મોબાઈલ ફોન સૌ પ્રથમ ભારતના બજારમાં આવ્યો ત્યારે મારા મામાએ એક મોબાઇલ મને ભેટમાં આપ્યો. વીજળીનો તાર કે સામાન્ય ફોનની જેમ વીજળીના જોડાણ વિનાની એ ચમત્કારિક વસ્તુ ખૂબ કુતૂહલથી જોયા પછી મેં મારા મામાને કહ્યું : “મામા, આ તો કોઈ ‘વીઆઈપી’ ને શોભે એવી વસ્તુ છે. મારા જેવા અનાસક્ત અને અપરિગ્રહવાળા માણસને આ ન શોભે. મેં સાભાર મોબાઈલ ફોન મામાને પરત આપ્યો તો બીજી ક્ષણે પાસે ઊભેલા મારા કોલિજયન ભાણિયાએ ‘મામા, મને આપો’ એમ કહીને મારા હાથમાંથી મોબાઈલ લઈ લીધો અને તેની માર્ગદર્શિકા લઈને વાંચવા માંડી. મેં મારા મામાને કહ્યું હતું કે, મારે મોબાઈલ ફોનની જરૂર નથી. કારણ, મારા રહેઠાણમાં તેમ જ મારા કાર્યાલયમાં સામાન્ય ફોન હાથવેંતમાં સુલભ છે.”

વર્ષો પછી મારી મોટી બહેન અને મારી બે નાની બહેનો મોબાઈલ ફોન ખરીદીને વાપરવા માંડી ત્યાર પછી મેં મારા માટે મોબાઈલ ફોન વસાવ્યો હતો. સામાન્ય મોબાઈલ ફોનના ઉપયોગો હું શીખ્યો ન શીખ્યો ત્યાં સુધીમાં વોટ્સ એપ સંદેશા મોકલવા-સ્વીકારવા અને એન્ડ્રોઈડની સગવડો કામે લગાડવા માટે ઘણા મિત્રો મને પૂછવા માંડ્યાં : “ફાધર વર્ગીસ, તમારી પાસે સ્માર્ટ ફોન છે? હું તમને વોટ્સ ઍપ ઉપર સંદેશો મોકલી શકું?” મારા મિત્રોને સ્માર્ટ ફોન વિશે પૂછતો હતો ત્યારે તેઓ મને કહેતા, “વર્ગીસ, તમે સ્માર્ટ ફોન લાવો અને જોતજોતામાં તમે એને શીખી શકશો.”

હવે “જોતજોતા’ માં ન હોય તો પણ ધીમે ધીમે મારા સ્માર્ટફોનને વિવિધ રીતે કામે લગાડવાનું કામ હું શીખતો રહ્યો છું. સ્માર્ટ ફોન ખરીદ્યાનાં એકાદ મહિનામાં એને ઘણીબધી રીતે કામે લગાડવાનું કામ હું શીખી ગયો છું. છતાં હું જાણું છું કે ઈલેક્ટ્રોનિક માધ્યમો અને ઈન્ફર્મેશન ટેકનોલોજીના આપણા યુગમાં સ્માર્ટફોન અને બીજાં અદ્યતન માધ્યમો વિશે હજી મારે ઘણુબધું શીખવાનું બાકી છે.” ■

## મિલન

(અનુસંધાન : પાના નં.-૩૮ ઉપરથી ચાલુ)

જાગ્યો. સ્કોલરશીપ મળતાં લંડનની ‘મીડલ ટેમ્પલ ઈન’ માંથી બેરિસ્ટર થયો. ત્યાં તરત જ આ જીવલેણ રોગ લાગુ પડ્યો જેનો કોઈ ઈલાજ નથી. શરીરના બધા જ જ્ઞાનતંતુઓ ‘ડીજનરેટ’ થવા લાગ્યા છે. કોઈ ઉપચાર નથી. જાણે મૃત્યુદંડની સજા થઈ છે. પણ નર્સ બ્રિટિશ મેડિકલ જર્નલ લઈ આવી હતી, તારો આર્ટીકલ વાંચ્યો ને તને ફોન કર્યો. બોલતાં બોલતાં ઝેકેની આંખોમાંથી આંસુ સરી રહ્યાં.’

આટલી વાત કરતાં ઝેકે હાંફી ગયો. પછી થોડો થાક ખાઈ હર્ષની કાંખઘોડી તરફ જોઈ, જમણા પગને વાંકો ન વળેલો જોઈ બોલ્યો : ‘હશૂ! આ શું?’

હર્ષે બધી હકીકત છલકાતી આંખે કહી, સ્નેહથી ઝેકેનો હાથ હાથમાં લીધો : ‘આ જ હાથ! જેણે તેને નદીમાં ભૂસકો મારી તરતાં શીખવ્યું, એ જ હાથ આજે કેવા ક્ષીણ થઈ ગયા છે.?’

એ સ્નેહનો સ્પર્શ થતાં જાણે હર્ષના આવવાની જ રાહ જોઈ રહ્યો હોય તેમ ઝેકેમાં ચેતન ઉભરાયું. જાણે બળતી શિખાની છેલ્લી જ્યોત! હશ! ન સંભળાય તેવા ક્ષીણ અવાજે સ્નેહસભર ઝેકે બોલ્યો : ‘હશ! બાજુમાં આવ.’ અને હર્ષા કાનમાં તેણે કહ્યું : ‘તને ખબર છે હશૂ? તારા જેવો પત્તાંની રમતમાં ઠોઠ રમનાર મેં હજી સુધી નથી જોયો.’

હર્ષના મુખ પર એક સ્મિત આવ્યું ને તે ઝેકેના ફીક્કા સ્મિતને જોઈ બોલ્યો : ‘તું ચિંતા ન કર, સાજો થઈ જા. તારે મારી સાથે અમેરિકા આવવાનું છે. ત્યાં તારો ઈલાજ કરાવીશ. તું, તારી પત્ની, હું ને મારી પત્ની આ દીપા રોજ પત્તાં રમીશું. મને ખબર છે હું ખરાબ રમત રમતો, સમજ્યો?’ અને આ અનુપમ મિલનથી ઝેકેના મુખ પર એક સંતોષનું સ્મિત લહેરાઈ રહ્યું અને હર્ષના હાથમાં હાથ રાખી ઝેકે શાંતિથી આ દુનિયામાંથી ચિર વિદાય લઈ ગયો. જાણે હર્ષની રાહ જોતો ન હોય! ■

નિબંધ

# અંતે નિર્ણય ચોક્કસ લેજો!

મિતેષ સોલંકી

આજે તો નિર્ણય કર્યો કે 'નિર્ણય' પર જ લખવું. નિર્ણય બહાદુર શબ્દ છે અને મને ખૂબ ગમે છે. કદાચ કોઈ નિર્ણય મારી પસંદગી પ્રમાણે ના હોય પણ તેમ છતાં મને નિર્ણય શબ્દ ગમ્યો છે. કારણ શું? કારણ માત્ર એટલું જ કે નિર્ણય આપણા વિચારોને સ્થિરતા આપતું બિંદુ છે. અનિર્ણિત અવસ્થા આપણને હંમેશાં હેરાન પરેશાન કરી મુકે છે જ્યારે નિર્ણય તમને એક ચોક્કસ દિશા આપે છે. જ્યારે આપણે ફંટાતા બે રસ્તા પાસે આવીને ઉભા રહી જઈએ છીએ ત્યારે ડાબે જવું કે જમણી બાજુ તે નક્કી કરવું જ પડતું હોય છે. જે લોકો નિર્ણય નથી લઈ શકતા તે મારે મન દુનિયાના સૌથી નબળા વ્યક્તિઓ છે - ખાસ કરીને જ્યારે નિર્ણય તમારા પોતાના ભવિષ્યનો હોય તમારી પોતાની કારકિર્દીનો હોય, તમારી પોતાની પસંદ - નાપસંદનો હોય. નિર્ણય ઘણા પરિબળો પર આધારિત હોઈ શકે જેમકે પરિસ્થિતિને આધીન, જવાબદારીને આધીન વગેરે. નિર્ણય આપણા હાથમાં હોઈ પણ શકે અને ના પણ હોઈ શકે પરંતુ તેમ છતાં એક વાત નક્કર હકીકત છે કે નિર્ણય લેવો તો પડે જ છે. તર્કની દૃષ્ટીએ જોઈએ તો જ્યારે આપણે જાણીએ કે નિર્ણય આપણે લઈ શકીએ તેવી પરિસ્થિતિ નથી માટે ચૂપચાપ બેઠા રહેવામાં જ ફાયદો છે તેને પણ હું એક નિર્ણય જ ગણું છું.

નિર્ણય શબ્દ માણસને માપવાનો એકમ છે. નિર્ણય માણસની સમજણશક્તિ, બુદ્ધિઆંક, હિંમત, અડગતા, બહાદુરી, સ્થિરતા, વૈચારિક ધોરણ દર્શાવતો એકમ છે. આપણી ઓળખ આપણે લીધેલા નિર્ણયોથી ઊભી થતી હોય છે. નિર્ણય સાચો છે કે ખોટો તેનો જવાબ તો ભાવિના ગર્ભમાં જ છુપાયેલો હોય છે અને એટલે જ મને નિર્ણય ગમે છે. નિર્ણય એક જોખમી જુગાર છે એક બ્લાઈન્ડ ગેમ છે. તમે માત્ર તમારી સમજણને આધારે, શક્ય હોય તેટલી શક્યતાને વિચારીને એક નિર્ણય પર આવો છો અને ત્યારબાદ પરિણામ માટે હકદાર બનો છો. પરિણામ ક્યારેક તમારા પક્ષમાં આવે છે તો ક્યારેક તમારી વિરુદ્ધ અને આ પરિણામ માટે માત્ર અને માત્ર તમે પોતે જ જવાબદાર રહો છો કારણ કે નિર્ણય તમારો જ હતો. કેટલીક મુશ્કેલ પરિસ્થિતિમાં આપણે વડીલો, મિત્રો, સગા-સંબંધીની સલાહ અથવા માર્ગદર્શન લેતા હોઈએ છીએ અને તે દરેક પોતાની સમજણ પ્રણાણે આપણને મદદ પણ કરે છે પરંતુ દરેક વ્યક્તિ અંતે એક વાત કહે છે કે "આ મારો અંગત અભિપ્રાય બાકી તું તારી સમજણ પ્રમાણે નિર્ણય લેજે." તેનો સીધો અર્થ એ થયો કે આ જોખમી જુગાર માટે કોઈ અગાઉ જવાબદારી લેવા તૈયાર નથી.

મહાભારતના યુદ્ધની પહેલા શું થયું હતું? અર્જુને ગાંડીવ નીચે મૂકી દીધું હતું. લડાઈ નહિ કરું તેવો નિર્ણય લઈ લીધો હતો. સામે પક્ષે પોતાના જ સ્વજનો અને ગુરુજનોને જોઈને વ્યથિત થઈ ગયો હતો. તેણે પોતાની સમજણ પ્રમાણે નિર્ણય લઈ લીધો. જે અર્જુનને આપણે માનવ સમુદાયનો પ્રતિનિધિ સ્વીકાર્યો છે શું તે ખોટો નિર્ણય લઈ શકે? હા લઈ શકે અને તે માટે જ શ્રીકૃષ્ણએ ગીતાજી કહ્યાં અને અર્જુનને સાચી સમજણ આપી, જરૂર પડી ત્યાં સમજાવ્યો અને ઠપકો પણ આપ્યો. શ્રીકૃષ્ણ ઇચ્છતા હોત તો અર્જુનને સીધું જ કહી શક્યા હોત કે ઉભો થા અને લડાઈ કર. પરંતુ તેમણે કહ્યું "યથેચ્છસી તથા कुरु" મતલબ "તું તારી બુદ્ધિ પ્રમાણે નિર્ણય કર."

મિત્રો, જેમ આપણા શ્વાસ આપણે જ લેવા પડે છે, જેમ આપણું અન્ન આપણે જ પચાવવું પડે છે તેવી જ રીતે આપણા નિર્ણયો આપણે જ લેવા પડે છે.

નિર્ણય આપણું આત્મબળ છે. આપણી હિંમત છે - "અરે! જે પણ થશે હું જવાબદાર રહીશ" તે કહેવાની તાકાત નિર્ણય આપે છે. ખોટો નિર્ણય ભૂલ છે તો સાચો નિર્ણય સફળતા. ભૂલને સ્વીકારવાની બહાદુરી દરેકમાં નથી હોતી પણ નિર્ણય લેતો વ્યક્તિ તે પણ કરી બતાવે છે. ભૂલની સ્વીકૃતિ અને બદલાવને અપનાવવાની સમજણ આપણને નિર્ણય ક્ષમતા આપે છે.

જે વ્યક્તિ પોતાના નિર્ણય પોતે નથી લઈ શકતો તે મારે મન જીવતી લાશ છે. જો તમારા વિશે લોકો એવો અભિપ્રાય બેધડક આપી દે કે "તેને શું પૂછવાનું?, એ તો એમ જ કરશે જેમ હું કરીશ" તો ચેતજો કારણ કે તમારું અસ્તિત્વ જોખમાઈ રહ્યું છે. તમારો વ્યક્તિગત મત, અભિપ્રાય, નિર્ણય એટલે જ તમારું અસ્તિત્વ છે. ગાડરિયા પ્રવાહમાં જે ઘેટું નેતા હોય તેનું જ ખરેખર અસ્તિત્વ હોય છે બાકી બધાં તો નિર્ણયશક્તિ વગરના અનુયાયી જ છે.

જો આપણે આપણી બાબત માટે નિર્ણય ન લઈ શકતા હોઈએ તો આપણે જીવતી લાશથી વિશેષ કશું જ નથી તેમ કહેવું અયોગ્ય નથી.

***મિનીકટ :*** નિર્ણય તમારી પોતાની પ્રાણપ્રતિષ્ઠા છે.

***મો. ૯૭૧૨૯૨૪૨૦૧***

દૃષ્ટાંત કથા

# મનોરથ

રણધીરસિંહ ડી. ચૌહાણ

સલોની એમ.બી.એ.ની ફાઈનલ પરીક્ષાના છેલ્લા દિવસે ઊંડા ગહન વિચારોમાં સરી પડી. મમ્મી-પપ્પાએ પેટે પાટા બાંધીને ટ્યુશન ફી, ટર્મ ફી, હોસ્ટેલ ફીની વ્યવસ્થા કરી આપી. જિંદગીની કારકિર્દી માટે તેઓ ઘણી બધી અપેક્ષાઓ રાખે છે. દીકરીનું જીવન સુખમય બને તે માટે દીકરીના ઘડતર માટે પોતાની સુખ સગવડ જતી કરી છે. પોતાના સ્વપ્નો, ઝંખના, ઈચ્છાઓ કોરાણે મૂકીને દીકરીના ઘડતરને અગ્ર ક્રમે મહત્ત્વ આપતા રહ્યા છે. વધારાની આવક મેળવવા સલોનીના પપ્પા પાર્ટ ટાઈમ જોબ, ઓવરટાઈમ કરીને તેના સુખી સંસારના સ્વપ્નો નિહાળે છે. વર્ષભરના પરિશ્રમ માટે તેઓ સજાગ રહીને સલોનીને જિંદગીની દિશા બતાવતા રહ્યા છે. કયા સાચા માર્ગે જવાથી લક્ષ્યાંક પાર કરી શકાય તે માટે દૂરના અંતરે આવેલી હોસ્ટેલ ઉપર સલોનીને વિશ્વાસથી સૂચન કરે છે.

સલોની મમ્મી-પપ્પાનો બોજ હળવા કરવા ટ્યુશન ક્લાસ શરૂ કરે છે. નવરાશના સમયે ટોળટપ્પા મારવામાં સમય વેડફવાને બદલે ક્લાસમેટ પરિમલનો સાથ લે છે. તેના જિંદગીના વિચારોમાં વિશ્વાસ અને પરિશ્રમથી સાથે ચાલવા રહેવાનું બળ જણાય છે. જે સલોનીના વિચાર સાથે સામંજસ્યતા સાધે છે. અક્ષયા તેમની બંનેની પાછળથી ટીકા કરે છે. તેમની જીવનશૈલીની ઠેકડી ઉડાડે છે. તે અક્ષયા ઈન્ડસ્ટ્રીયાલિસ્ટની એકની એક દીકરી છે. અક્ષયા તો માત્ર કારનો કલર બદલાવવામાં ક્રેડિટ માને છે. નાઈટ ક્લબના મેમ્બર થવામાં કે ફાઈવ સ્ટાર હોટેલ્સમાં કિટી પાર્ટી એરેન્જ કરવામાં, તેના ગ્રુપમાં મોજમસ્તી કરતી રહે છે. વારસામાં મળનારી કરોડોની સંપત્તિ માટેનો તે કોઈ જ હિસાબ આપતી નથી. તેના પપ્પા બ્લેન્ક ચેક આપીને અક્ષયા ક્યાં, કયા માર્ગે રૂપિયા ખર્ચે છે તેની કોઈ જ દરકાર કરતા નથી. ધનવર્ષા સતત થતી રહેશે કે કેમ તેની કોઈ જ ચિંતા એકની એક દીકરી અક્ષયાને જણાતી નથી. પિતાએ રાખેલ આકાંક્ષાનું વળતર ચૂકવવા માટે કોઈ જ રેખાંકન કરતી નથી. તે સતત કારમાં, ટ્રાવેલ્સ ટૂરમાં ઘુમતા રહીને સમયના ચક્રને સમજવા માંગતી નથી. બિંદાસ્ત જિંદગીની નાફીકરાઈમાં મસ્ત રહે છે. અક્ષયા પોતાની સંપત્તિને અક્ષય તૃતિયાનું વરદાન સમજે છે.

પાણિયારે તરસ છીપાવવા માટેનું માટલું વીછળીને તેના ઉપર ભીનું કપડું વીંટળાય છે. માટીના માટલામાં ભરેલું જળ વધુ ઠંડક આપીને તરસ છીપાવે છે. કરેલા કર્મો કે સમયનો સદુપયોગ, એ પણ માટીના માટલામાંથી ઝમતા પાણી જેવી ગરજ સારે છે. સંગ્રહેલા પાણીની દરેક ટીપાની સંચય વૃત્તિ એ તરસ્યા કંઠની તરસ છીપાવવાનું અમૂલ્ય નજરાણું છે. જે કુદરતના આશિર્વાદ સમાન ગણવા જોઈએ. ધરતીમાં ધરબાયેલા શીતળ પાણીનો તાગ મેળવવામાં જ તમે કેટલા પાણીમાં છો તેના પારખા પણ થાય છે! માટલામાં ભરેલું શીતળ જળ ઝમતું જાય છે તે રીતે વહેતી જિંદગીની પળ સરકતી જાય છે. તેવી રીતે માટલાનું પાણી વરાળ બનીને ઉડી જાય છે. સાંજ પડ્યે માટલું ખાલી થઈ જાય છે. પરબ ચાલુ રાખવા માટે તેમાં પાણી ભરેલું રાખવું જોઈએ. સુખદ જિંદગીની શીતળતા પામવા કર્મો કરતા રહેવા પડે છે. નહિંતર વેરાન રણ જેવી જિંદગી તાપની પીડા આપે છે.

ડિસ્ટીંક્શન માર્ક મેળવવા માટે સલોની ખૂબ જ ગંભીર છે. તેની એક્ઝામનું સેન્ટર હોસ્ટેલથી ઘણા દૂરના અંતરે છે. તેથી તેને રિક્ષાથી જ જવાનું શક્ય બને છે. સીટી બસની સેવા પરીક્ષાને અનુકૂળ જણાતી નથી. નાછુટકે તે માટે સમાધાન કરવું પડે છે. કાંટાળી કેડીનું અંતર કાપ્યા પછી સુખદ કિનારે ફરવાની મોજ માણી શકાશે તેવી સંવેદના જણાવીને મનને આનંદમાં, ખુશીમાં રાખવાનો સલોની પ્રયત્ન કરે છે. સફળતા પ્રાપ્ત કરવા માટે સમાધાનકારી પ્રયત્ન જરૂરી લાગ્યા. રિક્ષાભાડાના જરૂરી ખર્ચની નોંધ પોતાની ડાયરીમાં ટપકાવતી રહે છે. રોજબરોજના ખર્ચની નોંધની જાણકારીને કારણે જ બિનજરૂરી ખર્ચ કરવા અંગે સજાગતાનો સંચાર થતો રહે છે. જે બચતનો ગ્રાફ ઊંચે લઈ જવા માટે પ્રેરણા પણ આપે છે. આવેગ કે આવેશમાં આવીને બિનજરૂરી ખર્ચ કરવા ઉપર અનાયાસે સંયમની આદત પણ કેળવાય છે.

માટલામાંથી ઝમતું પાણી બિનજરૂરી રીતે કે બેકાળજી રાખવાથી ગટરમાં વહી ન જાય તે માટે સલોની સજાગતા કેળવે છે. ઝમેલું વહી નીકળતું પાણી વાટિકામાં લહેરાતા છોડ સુધી મૂળિયામાં જાય તે માટે સલોનીએ ખાસ રસ દાખવ્યો છે. નાળી ખોદીને છોડના મૂળ સુધી ટપક્યા કરે તેવી ટપક સિંચાઈના આયોજનમાં મમ્મી - પપ્પાનો પણ જરૂરી સાથ લીધો છે. તેવા સદ્કાર્ય માટે સલોનીના મમ્મીએ પણ રસ લીધેલો. તેથી દીકરી તરીકે ખૂબ જ ઉત્સાહિત રહેલી. આવા જ સંસ્કાર બચત કરવામાં આપેલા છે. પપ્પાએ

(અનુસંધાન : જુઓ પાના નં.-૪૬ ઉપર)

પ્રેરણા

# રામજીની સાખે...

લીલાધર માણેક ગડા

ઈલાબેન પાઠક, સોનલબેન શુકલા જેવાં સમાજશાસ્ત્રીઓનું સતત ચિંતન નારીઓની સમસ્યાઓ અંગે થતું રહે છે. નારીનું શોષણ વિવિધ પ્રકારે અને તમામ સ્તરે થતું હોય છે. સવર્ણ કે દલિત સમાજ, શ્રીમંત કે ગરીબ વર્ગ, ભણેલા કે અભણ સમુદાયો, કોઈપણ ધર્મ પાળતો સમાજ... દરેકમાં શોષણનાં પ્રકારો શારીરિક અને જાતીય શોષણ, આર્થિક શોષણ, સામાજિક શોષણ અને સૌથી વિશેષ લાગણીઓ અને લાગણીઓ વડે (Emotional Exploitation) નિરંતર છે. આ શાશ્વતતા સદીઓથી સ્ત્રી માટે એક નિયતિ છે.

સ્ત્રીની વ્યક્તિગત સમસ્યાઓ પ્રત્યે દુર્લક્ષ સેવાય છે. આ સમસ્યાઓ એની અન્ય સમસ્યાઓ સાથે સંકળાયેલી હોય છે. થોડીક સહાનુભૂતિ દાખવી એની એકાદ સમસ્યાનું નિરાકરણ લગભગ અપૂર્ણ હોય છે. સ્ત્રીનાં આરોગ્ય, સામાજિક અને આર્થિક પ્રશ્નોનાં તાણાવાણા એટલી હદે પરસ્પર ગુંથાયેલા હોય છે કે એની એક સમસ્યાનાં ઉકેલથી એને સંપૂર્ણ છૂટકારો નથી મળતો. સ્ત્રીનાં આરોગ્યની સમસ્યાને આર્થિક મૂંઝવણ સાથે જોડીએ છીએ પરંતુ એની સાથે જોડાયેલ સામાજિક કે પારિવારિક પ્રશ્ન પ્રત્યે આપણું ધ્યાન નથી જતું અને તેથી આપણે કરેલું નિરાકરણ ફળદાયી નથી નીવડતું.

ભોજાય સર્વોદય ટ્રસ્ટની સ્ત્રીરોગ શિબિર આમ તો પ્રજનન અવયવોનાં રોગોનાં ઈલાજ અને ઑપરેશન માટે યોજાતી શિબિર છે. પરંતુ સમાજશાસ્ત્રીની હેસિયતથી એમાં કાર્યરત થઈએ તો અર્થ, આરોગ્ય, સમાજ અને પરિવારનાં ચોતરફા તાપથી પીડાતી સ્ત્રીઓની સમસ્યાઓનો ખ્યાલ આવે. ૭૦ ટકાથી વધારે બહેનો માત્ર આર્થિક સંકડામણને કારણે આરોગ્યનાં પ્રશ્ન પરત્વે દુર્લક્ષ સેવે છે કારણ કે પરિવારનાં બજેટની ફાળવણીમાં એનો નંબર છેલ્લે આવે. પ્રાયોરીટી ક્રમાંક છેલ્લો. આરોગ્ય બગાડતાં દારૂ પીવા માટે પતિને પૈસા મળે પરંતુ આરોગ્યની જાળવણી માટે પત્નીને દવા માટે પૈસા બજેટમાં ન હોય.

ભોજાયની સ્ત્રીરોગ શિબિરની લાભાર્થી બહેનો પૈકી ત્રીસેક ટકા બહેનોની વાતો પીડાજનક હોય છે. પરસ્પર જોડાયેલા પ્રશ્નોને સમજવા જાગૃત અને સંવેદનશીલ વોલન્ટિયરો જોઈએ જેમનું લક્ષ્ય માત્ર સ્ત્રીની શારીરિક પીડા સાથે માનસિક પીડા સમજવાનું હોય એટલે પૂર્ણ તલ્લીનતાથી આ કાર્યમાં જોડાય. ઉદાહરણ આજથી ત્રણ મહિના અગાઉ સપ્ટેમ્બર ૨૦૧૨ ની શિબિરમાં આવેલી યુવાન દર્દી રાજીબેનની ઘટનાનો ઉલ્લેખ કરીશ જે વાચકોને આરોગ્ય, સમાજ અને પરિવાર ત્રણે દૃષ્ટિકોણ લક્ષ્યમાં લઈ કરેલી કાર્યવાહી અંગે સમજ આપશે.

નખત્રાણા તપાસ કેન્દ્રમાં વંગ ગામની ૨૨ વર્ષની રબારી યુવતી રાજીબેન એના શારીરિક પ્રશ્નનાં તપાસ અર્થે આવી હતી અને એની સાથે એની સાસુ માનબાઈ અને પતિ લખમણ હતા. અગાઉનાં જુના રીપોર્ટ સાથે આવેલી રાજીબેનને લોહીનાં સ્ત્રાવની તકલીફ હતી. રાજીબેન નિઃસંતાન હતી અને અગાઉ બે વખત ગર્ભધારણ કર્યો હતો. પરંતુ ત્રણ-ચાર મહિને ગર્ભ પડી જતો હતો. અમારી સ્વયંસેવિકા સોનલબેન પાસડે તમામ વિગતો તપાસ ફોર્મમાં ભરી ગાયનેકોલોજિસ્ટ ડૉ. વિવેક પાસે લઈ ગયા. રાજીબેનની ઉંમર અને અન્ય વિગતો ભરતી વખતે સોનલ ઉચાટ અનુભવતી હતી અને ડૉ. વિવેકે દર્દીને તપાસી નિદાન લખાવ્યું ત્યારે પલભર માટે સોનલની કલમ પણ અટકી ગઈ. ડૉ. વિવેકે સોનલને જણાવ્યું કે "Patient has big fibroid and she needs surgery but we have to do councelling before admission, which we will do after we finish OPD so let family wait." દર્દી રાજીબેનનાં ગર્ભાશયમાં મોટી ગાંઠ છે અને એનું ઑપરેશન કરવું પડશે પરંતુ તે પહેલાં એના પરિવારને સમજાવવા પડશે. એટલે બધા દરદીઓની તપાસ પતી જાય પછી આપણે એમની સાથે વાત કરીશું. ત્યાં સુધી તેઓ રાહ જુઓ."

સોનલે રાજીબેન અને એના સાસુને બહાર બેસાડ્યા અને જણાવ્યું કે બધા દર્દીઓને તપાસી લીધા પછી રાજીબેનની ફરી તપાસ થશે. દર્દીના ગયા પછી ડૉ. વિવેકે સોનલને જણાવ્યું કે રાજીને ગર્ભાશયમાં મોટી ગાંઠ છે અને છેલ્લા ત્રણ મહિના દરમિયાનનાં એનાં સોનોગ્રાફી રિપોર્ટ દર્શાવે છે કે ગાંઠ ઝડપથી વધી રહી છે એટલે ઑપરેશન પણ તાત્કાલિક કરવું પડશે. દર્દી નિઃસંતાન છે અને ઉંમર નાની છે એટલે ગર્ભાશયને અકબંધ રાખી, ગાંઠ કાઢી લેવાનું ઑપરેશન Mymectomy કરવું જોઈશે. પરંતુ એક ભય છે કે ગાંઠ મોટી છે અને કદાચ ગર્ભાશયથી છૂટી ન પાડી શકાય એટલી હદે ચોંટી ગઈ હોય તો ગર્ભાશય પણ કાઢી નાખવું પડે અને Hysterectomy કરવી પડે. એટલે દર્દીના પરિવારને સમજાવવું જરૂરી છે કે ઑપરેશન ટેબર પર કદાચ નછૂટકે ગર્ભાશય કાઢી નાખવાનો નિર્ણય લેવો પડે તો તે

માટે પરિવારે ખાસ કરીને એના પતિની સંમતિ જરૂરી છે.

ડૉ. વિવેકની વાતો સાંભળી સોનલ મૂંઝાઈ ગઈ. એની નજર સામે ભોળીભલી રાજીનો નિર્દોષ ચહેરો તરવરી ઊઠ્યો. હજી પચીસી પણ નથી વટાવી એવી રાજીનું ગર્ભાશય કદાચ કાઢી નાખવું પડે એવા શબ્દો ઉચ્ચારવા સોનલની જીભ ઉપડતી ન હતી. સોનલ પણ વિહવળ બની ગઈ એટલે ડૉ. વિવેકે સોનલને કહ્યું કે આ કેસ આપણે અધાને સોંપીએ અને દર્દી અને એનાં પરિવારને ભોજાય બોલાવીએ. વળતા દિવસે રાજી, સાસુ માનબાઈ, પતિ લખમણ ભોજાય આવ્યા. દરમિયાન ડૉ. વિવેક અને સોનલે મને રાજીનાં કેસની સંપૂર્ણ વિગતો જણાવી. સોનલે પણ મને વિગતો આપી. મેં રાજીબેનનાં ઓપરેશન કેસની આરપાર અને આસપાસ અન્ય શું પ્રશ્નો સંભવી શકે એનો પણ વિચાર કર્યો.

મને સૌ પ્રથમ રાજીને વિશ્વાસમાં લેવી હતી એટલે એને એકલી બોલાવી. ગૌરવર્ણી, સૌષ્ઠ શરીર બાંધો ધરાવતી રબારી કન્યાનું જીવન એક વળાંકે આવી ઊભું હતું. પોતાના આરોગ્યનાં પ્રશ્નથી એ પૂરેપૂરી વાકેફ હતી. એની વધતી બીમારી અટકાવવા ઑપરેશન જરૂરી હતું અને ઑપરેશનને કારણે એ ક્યારે પણ માતૃત્વ નહી પામે એની પણ પૂરેપૂરી સંભાવના હતી. સ્ત્રીનું પૂર્ણત્વ એનાં માતૃત્વ પામવામાં હોય છે અને જો એ માતા ન બની શકે તો? એ સામાજિક અને પારિવારિક ભય પણ જોઈ શકતી હતી અને એની આંખોમાં છલકાતા આ ભયને હું કળી શક્યો. રાજીને આશ્વાસન આપતાં મેં કહ્યું "રાજી, તું અમારી દીકરી સમાન છો. અમે જે કંઈ પણ તારા ભલા માટે થઈ શકે તેટલું જરૂરથી કરશું. સૌ સારાવાનાં થશે. તું ભગવાન પર ભરોસો રાખ. તું હમણાં બહાર બેસ. હું તારા વર અને સાસુ સાથે વાતો કરીશ." રાજીએ આંસુ લુછ્યાં અને બહાર બેઠી.

માનબાઈ અને લખમણને બોલાવી મેં વાતચીતનો દોર શરૂ કર્યો, "માજી આપને રાજીનાં દર્દની ખબર છે?"

માનબાઈએ જવાબ આપ્યો "હોવે, અધા ભા, અમારા કરમ ફૂટ્યાં ને વહુને કાચી ઉંમરે આ ધરધ થયું?"

"દર્દ શું છે તે ખબર છે?"

"હોવે, આ ધરધ સાટું ભુજ બે ફેરા જઈ આયા જે બધા રીપોટ, સોનિયાગ્રાફી કરાવ્યા છે" માનબાઈએ મારા હાથમાં બધા મેડિકલ રીપોર્ટ ફાઈલ આપતાં કહ્યું.

"દર્દનો ઈલાજ ઑપરેશન છે અને ઑપરેશન કરી ગાંઠ કાઢવી પડશે."

"તમુને, ડાગધરને ઠીક લાગે તેમ કરો."

"માનબાઈ, ઑપરેશનમાં એક ધોખો છે. ડૉક્ટર ગર્ભાશયને ઈજા ન આવે એ રીતે ગાંઠ કાઢવાની કોશિશ કરશે પરંતુ આપણા સૌના કમનસીબે ગાંઠ ગર્ભાશયથી છૂટી ન પડી શકે તો ગર્ભાશય કાઢી નાખવું પડશે." મેં વિગતે વાત માનબાઈ અને લખમણને કરી. મારી વાત પ્રત્યે લખમણ બેધ્યાન હતો. એનું મન કદાચ ક્યાંક ભટકી ગયું હોય એટલે લખમણને ઉદ્દેશી વાત ફરી વાર કહી.

"ઈ તો અમને ખબર હે, ભુજનાં ડાગધર પણ ઈમની સલાહ આપી છે પણ ઈ કહે છે કે શરીરને એમને એમ મેલી ઑપરેશન કરશે." માનબાઈએ જવાબ આપ્યો. મેં માનબાઈને પ્રશ્ન કર્યો "ભુજનાં ડોક્ટર ખાતરી આપે છે કે ગર્ભાશય કાઢવાની જરૂરત બિલકુલ નહીં પડે?"

માનબાઈએ મારા મૂળ પ્રશ્નનો જવાબ ટાળતાં જણાવ્યું કે ભુજનાં ડૉક્ટર ઑપરેશન માટે રૂ. ત્રીસ હજાર માગે છે. મેં મારો મૂળ પ્રશ્ન ફરી દોહરાવ્યો ત્યારે માનબાઈઓ જણાવ્યું કે એમની પાસે એટલા પૈસા નથી.

મેં વાત આગળ ચાલાવતાં કહ્યું કે કોઈ ડૉક્ટર એવી ખાતરી આપતા હોય તો ઑપરેશન ત્યાં કરાવો અને અમે તમને યથાશક્તિ પૈસાની મદદ કરશું.

મા અને દીકરાએ કશો જવાબ આપ્યા નહી. મને અણસાર આવ્યો કે પ્રાઈવેટ ડૉક્ટર પણ ખાતરી આપવા તૈયાર નથી.

મેં માનબાઈ અને લખમણને ધરપત આપતાં જણાવ્યું કે કોઈ પણ ડૉક્ટર આટલી નાની ઉંમરની દીકરીનું ગર્ભાશય કાઢી નાખવાની હામી ન ભરે અને ત્યાર પછી કાગળ પેન્સિલ લઈ ગર્ભાશય અને ગાંઠનું ચિત્ર દોરી સમજાવ્યું "ગાંઠ શરીરની દિવાલ સાથે આ રીતે ચોંટેલી છે. ડૉક્ટર ગાંઠ આખે આખી કાઢવાની કોશિશ કરશે પરંતુ તેમ કરતાં ગાંઠ ફૂટી જાય અથવા શરીર ગર્ભાશયથી છૂટી ન પડી શકે તો ગર્ભાશય કાઢી નાખવું પડશે અને તે માટે મા દીકરાએ સંમતિ આપવી પડશે અને અમારા હોસ્પિટલનાં કાગળીયાં સાથેની સંમતિપત્રમાં વિગતે સહી સિક્કા કરવા પડશે. તમને લાગે તો મા દીકરો પા અડધો કલાક મસલત કરી પછી જવાબ આપશો."

પંદર મિનિટ પછી માનબાઈ અને લખમણ આવ્યા. મેં રાજીને પણ સાથે બોલાવી લીધી. માનબાઈએ સંમત્તિ દર્શાવતાં જણાવ્યું "અધાભા, અમુ બન્ને ઓપરેશન માટે હકાર ભણીએ છીએ. ડાગધર અને તુમને જે સારું થાય તેમ કરશો. જો કદાચ રાજીનું શરીર કાઢી નાખવું પડે તો ડાગધર કે અસ્પતાલનો કોઈ ગુનો નહીં. અમે માનશું કે અમારા અને વહુનાં ભાયગ માઠાં. લખમણ સહી કરશે અને હું અંગૂઠો મેલીશ." મેં રાજીને ઉદ્દેશી પૂછ્યું "રાજી, તું ઑપરેશન માટે તૈયાર છે ને? તને સોનલે બધી વાતનો ફોડ પાડ્યો છે ને?"

રાજીએ મૌનમાં જ ડોકું હલાવી હા કરી. સોનલે રાજીને પ્રશ્ન કર્યો ત્યારે એણે માત્ર એટલો જવાબ આપ્યો "તમે સૌ મારા ભલા સારું કરો છો, મારી હા છે."

મેં માનબાઈ અને લખમણનો આભાર માન્યો અને રાજીને માથે હાથ મૂકી મા દીકરાને જણાવ્યું "માનબાઈ મારે હજી એક વાત કહેવી છે. તમારે મા દીકરાએ રામજીની સાખે બીજી સંમતિ આપવી પડશે." મારી વાતને આગળ વધારી "માનબાઈ, રાજી

હવે અમારી દીકરી છે. એનાં સુખદુ:ખ એ અમારા સુખદુ:ખ છે. એનાં સુખની સારું રામજીની સાખે આપની પાસે વચન માગીએ છીએ કે ન કરે નારાયણ અને ઑપરેશન વખતે ડૉક્ટરને... "મારી વાતની અધવચ્ચે મેં માનબાઈનાં બેઉ હાથ ઝાલી વિનંતી કરી "ગર્ભાશય કાઢી નાખવું પડે તો તમારા દીકરાને બીજી નહીં પરણાવો અને કુટુંબનાં કોઈ દીકરા-દીકરીને રાજી લખમણને ખોળે બેસાડશો.

બે ઘડી માનબાઈ મારી સામે જોઈ રહ્યા. મારા ગળે ડુમો ભરાઈ આવ્યો હતો. ખોંખરો લઈ મેં વિગતવાર વિનંતી કરી "માજી, આ વેણ હું રામજીની સાખે માગું છું. કોઈ સહી અંગૂઠા નથી કરવાના. રાજી અમારી દીકરી છે. એનું શરીર કાઢી નાખીએ એટલે છોકરાં નહીં થાય. કુળદીપક માટે તમે રાજીને ફારગતી આપી લખમણને બીજી પરણાવો અને અમારી દીકરી દુ:ખી થાય એ ડર મને સતાવે છે અને તે સારું હું આપને વિનંતી કરું છું. આ બોલાયેલા બોલ છે. આવતીકાલે આપ એનાથી જુદું કંઈ કરો તો કોઈ કશું નહીં કરી શકે એટલે રામજીની સાખ આપું છું. આપણા સૌનાં હૃદયમાં રાજી માટે ભારોભાર લાગણી હોય તો રામજી સૌનું ભલું કરશે માનબાઈ."

મારી વાત સાંભળી રાજી રડી પડી અને માનબાઈની આંખે આંસુ આવ્યાં. સજળ નેત્રે માનબાઈ બોલ્યાં "અધાભા, અમારી વહુનું આટલું ભલું કરનાર અને ભલું ઇચ્છનારનું વેણ અમે નહી ઉથાપીએ. રામજીને સાખે અમે મા દીકરો કહીએ છીએ કોઈપણ સંજોગોમાં તમારી દીકરી રાજીને માથે બીજી નહી લાવીએ. ઈશ્વર સૌનું ભલું કરે." સોનલ રાજીને વળગી પડી. રાજી મને પગે લાગવા આવી ત્યારે મેં કહ્યું, "રાજી, અમારા સમાજમાં નિયાણી અમને પગે ન લાગે. ઊલટાનું અમે એને પગે પડીયે. ઈશ્વર તારું ભલું કરે."

માનબાઈને કૃતજ્ઞતાપૂર્વક મેં નમન કર્યા. "માજી, તમે મા દીકરાએ જે સમજદારી બતાવી છે તે માટે આપનો આભાર. આપણા સૌના રાજીને આશીર્વાદ છે એટલે રામજીની કૃપા પણ એના પર ઉતરશે."

★

બીજા દિવસે સવારનું પ્રથમ ઑપરેશન રાજીનું હતું. સાંજ સુધીમાં સ્વયંસેવક અને સ્ટાફ સુધી રાજીનો કેસ પહોંચી ગયો હતો. સૌ સમસ્યાથી વાકેફ હતા. રાજી ઑપરેશન થિયેટરમાં જતી હતી ત્યારે સોનલ નવકાર મંત્ર ગણગણતી હતી અને સ્ટાફ પોતપોતાના ઈષ્ટદેવનું સ્મરણ કરતો હતો. માનબાઈ વહેલી સવારે હનુમાનજીનાં મંદિરે નાળિયેર વધેરી આવી.

રાજીનું ઑપરેશન દોઢ કલાક ચાલ્યું. અમે સૌ ઑપરેશન થિયેટર બહાર ઉત્સાહપૂર્વક ઑપરેશન શરૂ થવાની રાહ જોતા હતા. ઑપરેશન પૂરું કરી, આસિ. ડૉક્ટરને ટાંકા લેવાનું સૂચન કરી ડૉ. વિવેક બહાર આવ્યા અને અને જણાવ્યું કે "I have done most complicated and most required MYMECTOMY SURGERY in my life. Thank God, We could save uterns" (મેં મારા જીવનનું સૌથી જટીલ અને સૌથી જરૂરી એવું ઑપરેશન કર્યું છે. ઈશ્વરનો પાડ માનીએ કે રાજીનું ગર્ભાશય સલામત રાખી શક્યાં છીએ.)

રાજી ઑપરેશન થિયેટરની બહાર આવે તે પહેલાં O.T. સ્ટાફ ટ્રેમાં રાજીનાં ગર્ભાશયમાંથી બહાર કાઢેલી ગાંઠ લઈ આવ્યો. લગભગ દેશી નાળિયેરનાં સાઈઝની ગાંઠ હતી.

માનબાઈ લખમણને શુભ સમાચાર આપવામાં આવ્યા ત્યારે માનબાઈ માત્ર એટલું બોલ્યાં, "આ બધું રામજીની સાખે થયું છે." ■

## મનોરથ

**(અનુસંધાન : પાના નં.-૪૩ ઉપરથી ચાલુ)**

મોકલેલી બચત વેડફાઈ જાય નહીં તે માટે સલોની ખૂબ જ સજાગતા કેળવતી. નોટબંધીના સમયમાં નાના બાળકોના ગલ્લામાં એકઠી થયેલી બચત ઘરસંસાર ચલાવવામાં મોટેરાને ખૂબ જ ઉપયોગી નીવડે છે. છેડા ભેગા કરવામાં નાનકડા બાળકોનો સાથ ઉપકારક લાગે છે. સલોનીના સખીવૃંદમાં "ટીપે ટીપે સરોવર ભરાય"નું સૂત્ર ખૂબ જ હૃદયસ્પર્શી નીવડેલું છે. સમયમાં પણ તે પ્રકારની આદત સલોનીના સંસારમાં ઉપકારક નીવડશે તેમ માને છે.

અક્ષયાના માતા-પિતા ખૂબ જ ચિંતિત જણાય છે. તેમની ફેક્ટરી ફડચામાં જતાં તેમની પ્રોપર્ટીના ઑક્શન માટે, હરાજી કરવા માટે બેંકોની નોટિસ બંગલા ઉપર ચીપકવા લાગી. આબરૂની લીલામી અટકાવવામાં અક્ષયા નિષ્ફળ ગઈ. તે લાચારીથી શહેર છોડી ક્યાંક અજાણ્યા સ્થળે પલાયન થઈ ગઈ. આકાશમાં ઊંચે ઉડવાના ખ્વાબ પટકાઈ ગયા. સલોની સરળ અને વાસ્તવિક જિંદગીથી ખુશ છે અને આનંદમાં રહીને તેના મમ્મી-પપ્પાના મનોરથ પૂરા કરવામાં સફળ થાય છે.

અક્ષયા અજાણ્યા સ્થળે જળ પ્રલયમાં ઘેરાઈ જાય છે ત્યારે તે અમૃત મોરારજીની જેમ ગડમથલમાં ડૂબકી લગાવે છે અને સલોની ઈશ્વરના આધિપત્યનો સ્વીકાર કરે છે.

**(૧) જળપ્રલય**
માછલીને ન ચિંતા
ડૂબી જવાની.

**(૨) જળપ્રલય**
નદી, કૂવા, તળાવ
ન જોવા મળે.

**(૩) જળપ્રલય**
પાણી જ પાણી, ટીપું
પાણી ન પીવા.

*૧૪-સી, પાર્થ સોસાયટી-૧, વી.આર. નગર,*
*સૃષ્ટિ પાર્ક પાછળ, ભુજ, કચ્છ.*
*મો. ૯૪૦૬૨ ૪૨૯૮૪*

પ્રેરણા

# રિક્ષાચાલક

ડૉ. સુધીર ચી. મોદી

અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં વિજય ચાર રસ્તા પાસે મ્યુનિસિપલ કોર્પોરેશનનું ફાયર સ્ટેશન છે. તેના કમ્પાઉન્ડના ક્વાર્ટર્સમાં ઘણા બધા ફાયર સેફ્ટી વિભાગના કર્મચારીઓ કુટુંબ સાથે રહે છે. તેઓ બધા માંદગીમાં મારા દવાખાને સારવાર માટે આવે.

આવું એક કુટુંબ કનુભાઈ ગઢવીનું. તેમનો દીકરો અશ્વિન. તે પણ સ્કૂલમાં ભણતો ત્યારનો મારે ત્યાં દવા માટે અવારનવાર આવતો. તે કૉલેજમાં જતો થયો તે દરમિયાનમાં તેના પિતાજી કનુભાઈ સર્વિસમાંથી રિટાયર્ડ થયા. તેઓ ક્વાર્ટર્સ ખાલી કરી ઘાટલોડિયા બાજુ રહેવા ગયા, છતાં પણ સારવાર માટે મારે ત્યાં આવે. મને પણ ઘણી વખત આશ્ચર્ય થાય કે આટલે દૂરથી અહીં સારવાર માટે આવે છે. આવા પેશન્ટો કહે પણ ખરા કે સાહેબ, વર્ષોથી તમારી સારવાર અમને બધાને માફક આવી ગઈ છે. એટલે બીજે જવાનું મન થતું નથી. ત્યારે મને પણ પૂરેપૂરું ધ્યાન દઈને પ્રામાણિકતાથી પેશન્ટોને સારવાર આપવાનો ઉત્સાહ અને ફરજ પ્રત્યે વધારે જાગૃત રહેવાનું જોમ મળે છે.

હમણાં બે મહિના પર અશ્વિન અને તેના બાપુજી કનુભાઈ દવા લેવા આવ્યા. પહેલાં કનુભાઈને તપાસીને દવા આપી. બાદમાં અશ્વિનને તપાસ્યો. ત્યારબાદ અશ્વિનને પૂછ્યું, 'અશ્વિન, હાલમાં શું કરે છે?'

સાહેબ, રિક્ષા ચલાવું છું.

તું તો કૉલેજમાં ભણતો હતો ને!

હા, સાહેબ, મેં એમ.એ. વીથ ઇકોનોમિક્સ કર્યું છે.

તો પછી?

સાહેબ, ત્યારબાદ એક ટ્રસ્ટમાં નોકરી મળી હતી. પાંચ વર્ષ ત્યાં સર્વિસ કરી. ટ્રસ્ટને સરકારી ગ્રાન્ટ મળતી બંધ થતાં છૂટો થઈ ગયો.

ઘણા સ્થળે નોકરી માટે પ્રયત્ન કર્યા, પરંતુ ગજ ના વાગ્યો. એટલે મનમાં જ નક્કી કરી લીધું કે આવી બાંધ્યા પગારની નોકરી શોધવામાં સમય બગાડવા કરતાં મારું પોતાનું જ કંઈક કરવું. અને રીક્ષા ચલાવવાનું શરૂ કર્યું. સારી રીતે કામ કરતાં પગાર કરતાં રીક્ષામાં ઘણું સારું મળે છે.

રિક્ષા ભાડે લીધી કે પોતાની?

મારી પોતાની જ! બાપુજીએ મદદ કરી. મને પણ સંતોષ છે કે મારો પોતાનો હું જ માલિક! આપણી રીતે કામ કરવાનું મળે, કોઈની સાહેબગીરી નહીં સાંભળવાની. તેમજ મને કોઈ વ્યસન પણ નથી. આનંદથી મારી રિક્ષા ચલાવું છું.

સરસ! તારા સ્વમાનથી તારી રીતે જીવે છે તે ઘણું સારું કહેવાય. તારા આ રિક્ષા ચલાવવામાં ઘણા અનુભવો થતા હશે, એવો કોઈ ખાસ યાદગાર અનુભવ થયો ખરો?

હા સાહેબ, એક પ્રસંગની વાત કરું. છ મહિના પહેલાં છાપામાં પણ તે પ્રસંગ આવ્યો હતો.

કયો પ્રસંગ?

સાહેબ, એક વાર મારી રિક્ષામાં એક ભાઈ બેઠા હતા. તેમનું સ્થળ આવતાં તે મને ભાડું આપી ચાલતા થયા. થોડે ગયા બાદ મારું ધ્યાન પડ્યું કે સીટમાં એક મોટું પાઉચ પડ્યું છે. મેં રિક્ષા ઊભી રાખીને પાઉચ તપાસ્યું તો તેમાં ડોલર્સ અને બીજા પેપર્સ. મને તુરત જ ખ્યાલ આવી ગયો કે હમણાં છેલ્લા ઊતરેલા પ્રવાસીનું રહી ગયું છે. પાછો તે સ્થળે ગયો પણ તે ભાઈનો પત્તો ન લાગ્યો. એટલે નજીકના પોલીસ સ્ટેશને જમા કરાવવા ગયો અને જમા કરાવ્યું. તેટલામાં જ તે ભાઈ પોલીસમાં ફરિયાદ લખાવવા આવ્યા. પછી તો પોલીસની હાજરીમાં તેમણે પાઉચની ઓળખ આપી અને પોલીસે તેમને સોંપી દીધું. પોલીસે પૂછ્યું પણ ખરું કે પાઉચમાં બધું બરોબર છે ને? તે ભાઈએ તપાસીને કહ્યું બધું બરોબર છે કાંઈ પણ ગયું નથી. એટલા બધા ગળગળા થઈ ગયા અને મને ૨૦૦૦ રૂા. બક્ષિસમાં આપવા લાગ્યા. તે ભાઈ પરદેશથી આવેલા. પાઉચમાં તેમના ૧ હજાર ડોલર્સ તથા તેમના અને કુટુંબના સભ્યોના પાસપોર્ટ હતા. તેઓ બોલ્યા, ડોલર્સ જતા રહ્યા હોત તો વાંધો ન હતો, પણ પાસપોર્ટ ન મળ્યા હોત તો ઉપાધિનો પાર નહીં. કેટલી બધી મુશ્કેલી અને હાડમારી! પરદેશ પાછું સમયસર જવાત નહીં, જોબમાં પ્રોબ્લેમ થાય અને નવા પાસપોર્ટ મંગાવવાની વિધિમાંથી ઊંચો ના આવું. વગેરે વગેરે! મેં પણ બક્ષિસ લીધી નહીં અને જણાવ્યું કે આ તો મારી ફરજ છે અને તે મેં નિભાવી છે.

હું પણ એટલો ખુશ થઈ ગયો કે તેના બરડે ધબ્બો મારીને શાબાશી આપી બેઠો.

સમાજમાં નાના માણસો પણ ઘણા પ્રામાણિક અને સારા હોય છે.

*ભગવતીકુમાર શર્માની પંક્તિઓ યાદ આવે છે.*

***"અમે આંધી વચ્ચે તણખલાના માણસ,***
***પીળા શ્વાસની તુચ્છ ઘટનાના માણસ"***

તેમાં બીજી મારી પંક્તિ ઉમેરવાનું મન થાય છે.

***"છતાં પ્રામાણિકતાથી જીવતાં સ્વમાની માણસ."***

સમાજ ચિંતન

## સંબંધોના સથવારે

# બાંધી મુટ્ઠી લાખની

ઈલા. કે. શાહ

બાપુજીએ આ દુનિયામાંથી પોતાની જીવનલીલા સંકેલી લીધી તેને આજે બે વર્ષ વીતી ચૂક્યાં છે. અને હવે આજે બા મરણ પથારીએ પોઢેલાં છે. પાંચ દીકરા અને પાંચ દીકરીઓનો ભર્યો પરિવાર તેમની આસપાસ બેઠેલો છે.

સંપના સહારે ટકી રહેલો આ કુટુંબકબીલો મૃત્યુની ભયમિશ્રિત લાગણીથી ગમગીન બન્યો હતો. હવે બા પણ નહીં હોય, શું થશે? બે આંખોનીય શરમ કોઈનેય નહીં પડે. હજુ સુધી આ પરિવારની ઈમારતને ભાગલા પાડી અલગ કરવાનો કે વિખૂટા પડવાનો કદી કોઈનેય વિચાર આવ્યો નહોતો.

બાની અંતિમ ક્ષણોમાં પણ નજીકનાં સગાંસંબંધી ભેગાં થયેલાં હતા. બા આમ થોડાં સભાન હતા. વાતો કરતાં હતા. ત્યાં કોઈકે પૂછ્યું : બા, તમે હવે હંમેશ માટે સર્વને છોડી ચાલ્યાં જશો, પણ પાછળ મૂકીને જતાં પરિવાર વિશે કાંઈ વિચાર્યું જ નથી? ઘર અને મિલ્કતનાં સરખા ભાગ હયાતીમાં કર્યા હોય તો ક્લેશ થતો અટકે, ને કુટુંબનો સંપ યથાવત રહે.'' પૂછનાર ખૂબ નિકટનાં સંબંધી હતા ને હિતેચ્છુ હતા.

''અરે, આ શું બોલ્યા? મારું કુટુંબ તો સંપના પાયા પર ખડું રહ્યું છે. કોઈ કદી મારું-તારું કરીને કોઈનીયે લાગણી દૂભવશે નહીં. હળીમળીને જ રહેશે. રહેશોને ભાઈ! કદી વિખૂટા ન પડશો...બોલતાં બા અટક્યાં. મોટી વહુએ માથે હાથ ફેરવી પાણી પાયું. થોડીવાર પછી બા ફરીથી બોલ્યાં. ''કદાચ એવો સમય આવે કારણ આ કળીકાળ છે તો સમજીને, પ્રેમપૂર્વક અલગ થજો, હૃદયની લાગણીના સંબંધોને આંચ ન આવે તે જોજો. અંતરના હેતની ગાંસડી બાંધેલી રાખજો. સંપીલા કુટુંબમાં કદી ભાગલા પાડવાનો કે વહેંચણી કરવાનો વિચાર આવે ખરો? મોટા દીકરા-વહુને મા-બાપ સમાં સમજીને વર્તજો.''

''બા, તમે જરાપણ ચિંતા ન કરશો, સમાજમાં, જ્ઞાતિમાં પ્રત્યેક સ્થળે આપણા કુટુંબપ્રેમનો દાખલો અપાય છે. કોઈનામાં સ્વાર્થભાવના નથી. સૌ હળીમળી, એકતા રાખીને રહીશું.'' મોટા દીકરાએ કહ્યું.

દીકરાઓએ પણ બાને નિશ્ચિંત રહેવા જણાવ્યું. બાના મુખ પર સંતોષના ભાવ સ્થગિત થયાં. સૌ પ્રભુસ્મરણ કરાવવા લાગ્યા. અને બાએ બે દિવસ પછી અંતિમ શ્વાસ લીધા ને સૌને છોડી પરલોક સિધાવ્યાં.

★

પાંચ વર્ષ પછી...

થોડા સમયથી અંદરોઅંદર ઘરમાં કાંઈક ચર્ચાએ વેગ પકડ્યો હતો. થોડી હુંસાતુંસીને કારણે સૌનાં મન ઊંચા થયા હતા. મા-બાપ નહીં હોય પછી શું થશે? મોટાભાઈની નીતિ તો થોડા સમય બાદ બદલાઈ ગઈ. આટલાં વર્ષોથી દરેક વ્યવહાર સાચવનાર હોવાથી સૌને માન હતું. કોઈ તેમને કશું કહી ન શકે, અને તેમના કહ્યાં વગર ડગલું પણ ન ભરે. પણ પૈસો ક્યારે અનીતિ આચરે ને ક્યારે સ્નેહાળ સંબંધોમાં તિરાડ પાડે તે કહી શકાય નહીં. સંબંધોની મુટ્ઠી બાંધી રહે તો સારું તેમ માની બીજા ભાઈઓએ ભેગા મળી વહેંચણીની વાત છેડી. તો મોટાભાઈએ નર્યો સ્વાર્થભર્યો જવાબ આપ્યો.

''જુઓ ભાઈ, ઘરમાં વર્ષોથી મેં ઘણો ભોગ આપ્યો છે. મેં મારું કદી વિચાર્યું નથી. તો મારી ગોઠવણ કરું ને? તમે શાંતિ રાખો, તમારું સુખ પણ જોઈશ.''

આ જવાબથી બાજી બગડી, દરેકને વિશ્વાસમાં શંકા દેખાઈ. ભાઈ બધું પચાવી જ પાડશે. બાને આપેલ વચન નહિ નિભાવે. અને સામસામી વાક્યુદ્ધ ખેલાયું. વાત વણસી ગઈ. કોર્ટે મામલો જશે તેવી પરિસ્થિતિ સર્જાઈ.

પેટની ભૂખ માણસને લાચાર બનાવે છે, જ્યારે પૈસાની ભૂખ માણસને ક્રૂર, અનીતિમાન ને છેવટે હિંસક બનાવે છે. ધરતીકંપની હોનારત સર્જાય તેના જેવી પણ વધુ ભયંકર ધિક્કાર કંપની તારાજી સર્જાઈ. સંપ, પ્રેમ, સ્નેહ, લાગણી બધું ક્યાં તણાઈ ગયું. હવે બધાને શાંત કોણ પાડે? દેરાણી-જેઠાણી, ભાઈ-ભાઈ, ભાઈ-બહેન, દરેક વચ્ચે લાગણીની પાતળી ભેદરેખા દોરાઈ ગઈ. આ વાક્યુદ્ધ ચાલતું હતું ત્યાં અચાનક ડોરબેલ રણકી. બારણું ખોલાયું, જોયું તો વડીલ મામા હતા. બાપુજીનાં નિકટના સ્નેહી ને બાનાં ભાઈ જેવા. તેથી કુટુંબ પ્રત્યે ઘણી લાગણી હતી. પહેલેથી તેઓનાં સલાહ-સૂચન સૌ સાંભળતા. સૌને હૈયે હાશ થઈ કે કદાચ કાંઈક રસ્તો નીકળશે. સૌએ આવકાર્યા. 'મામા' ના હુલામણાં નામથી સૌમાં પ્યારા બનેલા હતા. તેઓએ ઘરમાં પ્રવેશ કર્યો ને વાતાવરણમાં એકાએક શાંતિ પ્રસરી ગઈ. તેઓ સમજી ગયા. કાંઈ વાત બની હોવી જોઈએ. પૂછીને વિષય સાંભળ્યો ને વિચાર્યો. તેઓ બોલ્યા : જો ભાઈ, સિકંદરની વાત તો સૌમાં જાણીતી છે, ઇતિહાસના પાને ચમકી

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૫ ઉપર)

સમાજ ચિંતન

# પ્રાચીનકાળથી નારીને સતીની વ્યાખ્યામાં બાંધી છે

ચંદ્રકાંત પટેલ 'સરલ'

નારી ગૌરવ અને નારી ઉન્નતિની વાતો કરનાર આપણા પુરુષપ્રધાન સમાજે છેક પ્રાચીનકાળથી નારીને પરાધીન અવસ્થામાં જકડી રાખી છે. આજે વીસમી સદીમાં પણ નારી મનથી મુક્ત થઈ શકી નથી.

નારીને સ્વતંત્રતાને નામે માત્રને માત્ર મૂર્ખ જ બનાવાઈ રહી છે. સ્ત્રી અનામતના ઢોલ પીટ્યા પછીયે તેને જે જગ્યાએ પ્રસ્થાપિત કરાઈ છે એ સત્તા, હોદ્દો, ખુરશી અને ટેબલ વહીવટ આજે મોટા ભાગના પુરુષો પરદા પાછળ રહીને ચલાવી રહ્યા છે. સરપંચ ભલે નારી હોય પરંતુ ગ્રામપંચાયત કે નગર પંચાયતનો વહીવટ એનો પતિ કે સંબંધિત ઘરનો કોઈ પુરુષ કે પુત્ર ચલાવતો હોય છે. શું આમાં નારીની સ્વતંત્રતા દેખાય છે? સત્તા ગ્રહણ કર્યા પછી આજની નારી (મોટાભાગની), પુરુષ જેટલું કહે કે કહેવડાવે અને કરાવે તેનાથી તસુભાર વધારે સ્વતંત્ર નિર્ણય લઈ શકતી નથી.

આવી પરાધીન દશામાં જીવતી નારી કન્યા-કેળવણી પામ્યા પછી પણ સ્વતંત્ર નિર્ણયો લેવા જેટલી કાબેલ કે હિંમતવાન થઈ શકી નથી. આવી દશા કાંઈ આજકાલની નથી. છેક પ્રાચીનકાળથી જ આ સિલસિલો સતત ચાલી આવે છે.

આજના સમયમાં દહેજ, પ્રતિષ્ઠા, અહમ અને રીત-રિવાજોના વળગણની હેઠળ દબાવી રાખી નારીને પુરુષની સામે નમતી-ઝુકેલી રાખવામાં આવી છે. સ્ત્રીઓ જો જરાકેય ચૂં કે ચાં કરે તો રીત-રિવાજોને આગળ કરીને તેનું અપમાન, માનભંગ કે અંતે હકાલપટ્ટી જેવા વ્યવહારો તેની સાથે કરવામાં આવે છે. અને જો પુરુષનો અહમ વધારે ઘવાયો હોય તો તે સ્ત્રીને બાળી મૂકી, સઘળો દોષ બળનાર સ્ત્રીના માથા ઉપર ઢોળી દેવાય છે.

જ્યાં પુરુષનો અહમ ઘવાય કે પુરુષથી આગળ વધી સ્વતંત્રતા તરફ આગળ વધવા માગતી નારીને રોકવા જ આજે તેના પર દમનકારી વલણ અપનાવાઈ રહ્યું છે. સળગી કે બળી મરવાના કેટલાક કિસ્સાઓમાં પુરુષપ્રધાન સમાજનું અહમભર્યું વલણ કારણભૂત રહ્યું છે. આમાં વહુ પ્રથમ શિકાર બનતી દેખાઈ છે.

પ્રાચીનકાળથી જ નારીને સતીની વ્યાખ્યામાં બાંધી દેવાઈ છે. આજે સ્ત્રીને સંરક્ષતા ઘણા કાયદાઓ અમલમાં આવ્યા છે પણ એ કાયદાઓ હેઠળ કેટલા ગુનાઓ નોંધાયા છે અને કેટલા ગુનેગારોને સજા થઈ છે? ધન અને વગને જોરે કાયદાનું શસ્ત્ર બુઠ્ઠું કરી નિર્દોષ જાહેર થતા ગુનેગારો આજે બજારમાં છૂટથી ફરી રહ્યાં છે.

વર્તમાન સમયમાં સ્ત્રીને સમજવાનો, જોવાનો દૃષ્ટિકોણ સામાજિક દૃષ્ટિકોણથી જુદો જ છે. એટલે સ્ત્રીએ જુદા જ એંગલથી પોતે જ પોતાની સ્વતંત્રતા, સમાનતા અને પોતાના અધિકારોની સીમારેખા બાંધીને સમાજમાં ગૌરવભર્યું સ્થાન સ્ત્રીએ ખુદે જ મેળવવું પડે છે. એમાં પણ મોટાભાગની સ્ત્રીઓ સફળતા મેળવી શકતી નથી.

ઋગ્વેદકાળ સુધી નારી સન્માનનીય હતી, સ્વતંત્ર હતી. ઋગ્વેદમાં કન્યાઓ કે વહુ-દીકરી પ્રત્યે ક્યાંય ધૃણાનો ઉલ્લેખ જોવા મળતો નથી. બાળકીને ત્યારે ખૂબ જ શુકનવંતી અને શુભ માનવામાં આવતી. અપરિણીત કન્યા માટે ઋગ્વેદમાં 'પિતૃપદ' – પિતાને ઘેર રહેનાર અને વિવાહિત થયેલી કન્યાને ઘરની સ્વામિની કહેવાતી.

ઋગ્વેદકાળમાં પરદાપ્રથા ન હતી. એ પ્રથા મુગલકાળમાં દાખલ થઈ હતી. આ કાળથી જ નારીની હાલત રમવાનાં રમકડાં જેવી બની ગઈ હતી. મુગલ (મોગલ) કાળમાં જ સતીપ્રથા, કન્યા વિક્રય, વેશ્યાવૃત્તિ અને પરદાપ્રથા વગેરેએ જોર પકડ્યું હતું. આ કાળમાં સ્ત્રી માત્ર બાદશાહો માટે એક નજરાણું અને બાદશાહી દરબાર શોભાવવાની એક મૂલ્યવાન ચીજ બની ઉભી રહી ગઈ હતી. બસ એ કાળથી જ એનું જીવન અંધકારમય બની ગયું હતું.

- **સતીપ્રથા :**

મુગલકાળથી અસ્તિત્વમાં આવેલ સતીપ્રથા કાયદા વિરુદ્ધ હોવા છતાં આજે પણ ચાલી રહી છે. સ્ત્રીને ચિતા પર ચડાવી તેને પરાણે, અનિચ્છા હોવા છતાં બાળી મુકવાના કિસ્સા કેટલાંક રાજ્યોમાં છાશવારે બનતા રહે કે બની રહ્યા છે. આવી પરાણે સતીપ્રથા રોકવા કે ડામવા માટે આજે કોઈ કાયદો (સ્વતંત્ર કાયદો) જાણે કે નથી જ. ધર્મ અને રીત-રિવાજો તથા અંધશ્રદ્ધાના ખપ્પર નીચે આવી પ્રવૃત્તિ ઘણાં રાજ્યોમાં થઈ રહી છે. કાયદાને ઠોકરે ચડાવાઈ રહ્યો છે.

રાજસ્થાનના સિકર જિલ્લાના દેવરાલા નામના ગામમાં ૪ સપ્ટેમ્બર ૧૯૮૭ ની સવારે અઢાર વર્ષની રૂપકુંવર નામની રાજપૂત સ્ત્રી તેના પતિ માલસિંહ સાથે ચિતામાં બળી મરી સતી

થઈ હતી. તેનો પતિ માલસિંહ ઝાડા-ઉલટીની બીમારીથી કુદરતી રીતે મૃત્યુ પામ્યો હતો. રૂપકુંવર હજારેક લોકોની હાજરીમાં 'સતી માતાનો જય' એવા પ્રચંડ નારાઓ તથા ઢોલ-નગારાના ઘોંઘાટ વચ્ચે નવોઢાનો શણગાર સજી હાથમાં નાળિયેર લઈ મૃત પતિનાં શબ જોડે ચિતામાં બેસી બળી મરી હતી. આ બનાવના પડઘા જોરદાર રીતે ઊઠ્યા હતા. પણ નવાઈની વાત એ હતી કે 'સતી ઘટના' પછી ૧૩ દિવસે ચૂંદડી મહોત્સવ થયો. બે લાખ લોકોની હાજરીમાં ૧૬ સપ્ટેમ્બર, ૧૯૮૭ ના દિવસે રૂપકુંવરના પિતાએ સતી સ્થળે રોપેલ ત્રિશૂળ પર ચૂંદડી ઓઢાડી, ચુંદડી મહોત્સવ ઉજવી, ન્યાયાલયનો પણ એ પરિવારોએ અનાદર કર્યો હતો.

''સ્ટ્રોબોસ ઈન્ડિયા'' નામના એક અંગ્રેજી પુસ્તકમાં લખ્યું છે કે સિકંદરે ભારત ઉપર ચડાઈ કરી ત્યારે પંજાબમાં એક કોમમાં સ્ત્રી અને પુરુષનાં લગ્ન થતાં ત્યારે એવો કરાર થતો કે બે માંથી કોઈ એક જ્યારે મૃત્યુ પામે ત્યારે તેની જોડે બીજા એક જીવિતે પણ બળી મરવું.

મોગલ શાસકો સામેના યુદ્ધમાં પરાજિત થતા હિંદુ રાજાઓની રાણીઓને મુસલમાનો બળાત્કાર કરી, અપહરણ કરી ધર્મભ્રષ્ટ બનાવી છોડી દેતાં જેથી હિન્દુ સ્ત્રીઓ પોતાનું શિયળ બચાવવા પતિની સાથે જ પ્રાણનો ત્યાગ કરતી. રાજસ્થાનમાં રાજપૂતોમાં ''જૌહરપ્રથા'' હતી.

જયપુરના રાજા માનસિંહ ૧૬૬૪માં મર્યા ત્યારે તેમની ૩૧ (એકત્રીસ) રાણીઓમાંથી ચાર રાણીઓ સતી થયેલી. છત્રપતિ શિવાજી સને ૧૬૮૦માં મર્યા ત્યારે તેમની આઠ રાણીઓમાંથી પૂતળીબાઈ અઢી મહિના બાદ સતી થઈ હતી. બુંદીના રાજા બુદુસિહના મૃત્યુની સાથે તેમની ૮૪ (ચોરાસી) રાણીઓ પણ ચિતા ઉપર ચડી સળગી મરી હતી. તેમ જ જોધપુરના રાજા અજિતસિંહની ૬૪ રાણીઓ પણ તે કાળમાં સતીત્વ પહેરી અજિતસિંહની સાથે બળી મરી હતી. સને ૧૮૧૯માં જયપુર નરેશ જગતસિંહના મૃત્યુ પછી તેમની ૨૨ રાણીઓ પણ પતિની સાથે ચિતામાં જીવતાં સળગી મરી હતી.

મધ્યયુગમાં સતીપ્રથા મર્યાદિત પ્રમાણમાં હતી. અઢારમી અને ઓગણીસમી સદીમાં તેનો ગ્રાફ ઘણો જ ઊંચે જઈ વિકૃત સ્વરૂપમાં ફેરવાયો હતો. આ કાળમાં નારીમાં થોડીક સમજણ આવી હતી. રાજીખુશીથી સતી થવા કોઈ સ્ત્રી જ્યારે આગળ આવતી નહિ ત્યારે એ વિધવાઓને બળજબરીથી સતી બનાવવામાં આવતી. વિધવા બનેલી સ્ત્રીને અફીણ ખવડાવી પતિની લાશ સાથે જીવતાં બાંધી દઈ તેને ચિતા પર ચડાવી બાળી મુકવામાં આવતી.

સતી થવા ઈન્કાર કરનાર સ્ત્રીને પતિના શબની સાથે પરાણે સુવડાવી ચિતાના ભારેખમ લાકડાં તેની ઉપર ઠાંસી-ઠાંસીને ખડકવામાં આવતાં જેથી તે ભાગી ન શકે. ચિતાની ચારે તરફ હથિયારધારી માણસો ઊભા રાખવામાં આવતા. જો વિધવા સ્ત્રી ભાગવાનો પ્રયત્ન કરે તો તેને બળજબરીથી ચિતામાં પાછી ધકેલી દેવામાં આવતી. ઢોલ-ત્રાંસા-નગારા વગાડી એટલો બધો ઘોંઘાટ કરવામાં આવતો કે જેથી સતી થનાર સ્ત્રીની વ્યથાભરી ચીસો સંભળાય જ નહિ અને નિર્દોષ અબળા સતીને નામે શહીદ થઈ જતી. મર્યા પછી એ સતીની પૂજા કરવામાં આવતી. એની માનતાઓ ચાલતી અને ''સતીમાતા'' નામથી એની ખાંભી ઊભી કરી ભાવિ પેઢીઓને સતીની વીરગાથા સંભળાવવામાં આવતી.

સને ૧૯૮૦માં જ્યારે દેશના પ્રધાનમંત્રી ઈન્દિરા ગાંધી હતાં ત્યારે દિલ્હીમાં ''સર્વ સતી સંઘ'' નામની સંસ્થા સ્થપાયેલી. વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ જાહેર કર્યું કે સતીને નામે હવે કોઈ ''સતી મંદિર'' ભારતમાં બનવા નહિ દે.

ભારતીય દંડ સંહિતાની ખૂન અંગેની કલમ-૩૦૨ અને કોઈને આપઘાત કરવામાં મદદરૂપ થનાર માટે કલમ-૩૦૬ હેઠળ અને જો કોઈ સ્ત્રી સતી થવા પ્રયત્ન કરે તો આપઘાતનો ગુનો નોંધી કલમ-૩૦૯ હેઠળ તેની સામે કામ લેવામાં આવશે એમ ઈન્દિરાએ ભલે કહેલું પરંતુ આજે પાટનગર દિલ્હીમાં ચાર-ચાર સતીમંદિરો ઊભા થઈ ગયા છે. સતીને નામે આવા અસંખ્ય મંદિર-દેરીઓ ગામડે ગામડે ખાંભી-પાળિયાને સ્વરૂપે પથરાયેલી જોવા મળે છે. સવાલ સતી મંદિરનો નહિ પણ સવાલ નારી સુરક્ષાનો છે.

સ્ત્રીઓને સ્વતંત્રતા બક્ષવાના દાવાઓ યુગોથી ચાલ્યા આવે છે પરંતુ નથી સ્ત્રી સ્વતંત્ર થઈ શકી કે નથી સરકારી કાયદો તેને સફળ બનાવી શક્યો. આજે પણ ગામડાં કે અમુક શહેરોમાં સ્ત્રીની દશા એ જ દશા છે. જે ૧૩મી અને ૧૪મી સદીમાં હતી. ફરક માત્ર શિક્ષણનો થયો છે. સતીપ્રથા બંધ થઈ છે પણ સ્ત્રી ઉપર અત્યાચાર હજુ અટક્યો નથી. અગાઉનાં સમયમાં પતિનું મૃત્યુ થાય ત્યારે સ્ત્રીને ચિતા ઉપર ચડાવી દેવામાં આવતી, આજે પતિની હયાતીમાં જ સ્ત્રીને વાવ-કૂવો, વિષપાન કે સળગાવી તેને પરાણે સતી બનાવવામાં (મારી નાખવામાં) આવે છે. જોકે દરેક ઘરમાં આવું નથી બનતું. પણ આવું બની રહ્યું છે એ પણ એક હકીકત જ છે.

સ્ત્રીને આજે ઢીંગલી બનાવી સજાવવામાં આવી રહી છે. અને ફેશનને નામે સ્ત્રી પણ સ્વયં સજી રહી છે. પરંતુ અંતિમ નિર્ણય તો આદિકાળથી જ પુરુષોનો જ ચાલ્યો છે. સ્ત્રી આજે પણ સ્વયં સ્વતંત્ર નિર્ણયો લઈ શકતી નથી. એ ભલે આકાશમાં સફર કરે કે ઊંચાં આસને બેઠી હોય, એને હંમેશાં પુરુષને તાબે જ રહેવું પડે છે. એ અબળા જ રહી છે. સબળા બનતા એને યુગો લાગશે.

*"સંસ્કૃતિ દર્શન'*
*આસોપાલવ શેરી-૦૨, રેલવે સ્ટેશન પ્લોટ,*
*માણાવદર-૩૬૨ ૬૩૦ (જિ. જૂનાગઢ)*
*મો. ૯૭૩૫૯ ૦૨૪૨૪*

ચિંતન

# આજનો વિદ્યાર્થી

કાકા કાલેલકર

આજના વિદ્યાર્થીને મૂંઝવણનો પાર નથી. જીવનની શરૂઆતમાં જ તેની આગળ આકરા સવાલો ઊભા થયા છે. અને એનો જમાનો પણ કેવો! કશું જ સ્થિર કે નિશ્ચિત ન મળે. ધાર્મિક, સામાજિક, લૈંગિક, આર્થિક, રાજદ્વારી બધા આદર્શો આજે નિર્દયપણે કસાય છે. જીવન દહાડે દહાડે જટિલ થતું જાય છે. ઘેર એક જાતની દુનિયા, ચોપડીઓમાં બીજી જાતની, શિક્ષણસંસ્થામાં ત્રીજી, સમાજમાં ચોથી અને મનોરાજ્યમાં વળી પાંચમી. આવી પંચવિધ દુનિયાના રહીશ થવું એ અઘરું છે.

આવી મૂંઝવણમાં માબાપની અથવા ગુરુજનની સલાહ લેવી એ સ્વાભાવિક રસ્તો છે. પણ મા-બાપોએ અને ગુરુજનોએ પોતાના અસ્વાભાવિક જીવનથી એ માર્ગ લગભગ અશક્ય કરી મૂક્યો છે. માબાપો ઉપદેશ કરે છે એક જાતનો, કેળવણી આપે છે બીજી જાતની અને બાળકો પાસે અપેક્ષા રાખે છે ત્રીજા જ પ્રકારના જીવનની. આવી સ્થિતિમાં ઉઘાડી આંખવાળો વિદ્યાર્થી કરે શું?

અને જો લોકો એના તરફ તટસ્થ ભાવે ઉદાસીન રહે તોયે એ પોતાનું ફોડી લેત. પણ એને, 'ભવિષ્યની આશા' ને, લોકો સુખે કેમ બેસવા દે? ગામડાંમાંથી આવેલ મુસાફરને સ્ટેશન પરના ટાંગાવાળા જેમ ચોમેરથી ખેંચ્યા કરે છે, તેમ ભવિષ્યકાળની ચિંતા રાખનાર બધા એને ખેંચે છે. એને જોઈએ છે કોઈ દોરનારઃ પણ એના જીવનમાં રસ લેનારાઓ કાં તો એની ટીકા કરે છે, કાં તો ખુશામત કરે છે. ખુશામત બધાને પ્રિય હોય છે, તો વિદ્યાર્થી એમાં તણાય તેમાં શું આશ્ચર્ય, પણ આખરે એ તેથી યે કંટાળી જાય છે.

મૂંઝાયેલો વિદ્યાર્થી આખરે નિરાશ થઈને કહે છે, "હવે તો મારો રસ્તો હું જ શોધી કાઢીશ, અને તેમ કરતાં જે જોખમ વહોરવું પડે તે વહોરી લઈશું."

વિદ્યાર્થીને ગુલામી સાલે છે. એ કહે છે, "હું દેશની સ્વતંત્રતા ચાહું છું. એને અર્થે મારી તમામ મિલકત મારા વિચારો, મારો ઉત્સાહ દેશને હું અર્પણ કરી દઉં."

આવા ઉત્સાહમાં જ્યારે એ કંઈ પણ પગલું ભરવા માંડે છે ત્યારે પ્રથમ એને ભાન થાય છે કે જ્યાં ત્યાં એને રોકનારા તત્ત્વો સજ્જ છે. તેની સાથે સમભાવ રાખનાર કોઈ જ નહીં. ન્યાતવાળાઓ તેને જરાજરામાં ન્યાતની શક્તિની બીક બતાવે છે. મા એને કહે છે, "આમ કરીશ તો તને કન્યા નહીં મળે." પિતા એની આગળ 'કરીઅર' ની વાતો કરે છે અને પિતાના મિત્રો તો 'પિતાને નિરાશ કરવાને માટે 'એ કપૂત' ની ઝાટકણી કાઢે છે. ઉચ્ચ જીવનનો કાંઈ પણ અંકુર વિદ્યાર્થીમાં સ્ફુર્યો હોય તો તે કચરી નાખવા માટે તેને ઝટઝટ પરણાવી દેવામાં આવે છે અથવા તેને કહેવામાં આવે છે, "તારે માથે કુટુંબનું દેવું છે તે પહેલાં પતાવી દે. તારી બહેનને પરણાવવી છે તે માટે રૂપિયા લાવ. પછી તારે જે દેશસેવા કરવી હોય તે ભલે કરજે."

યુવાનોનું હીર ચૂસનાર ઝેરીમાં ઝેરી કોઈ વસ્તુ હોય તો તે આર્થિક પરાવલંબન છે. એને જ કેટલાક લોકો યુવાનોને ઠેકાણે લાવવાના સાધન તરીકે વાપરે છે. યુવાનો જો પરણેલા ન હોય, તેમને માથે દેવું ન હોય, અને ખડતલ જીવન ગાળવાની એમને ટેવ હોય, તો દુનિયામાં કઈ એવી વસ્તુ છે જે એમન મહત્વાકાંક્ષાને દબાવી શકે વ્યવહારુ દૂરંદેશી ધરાવનાર કેટલાક વાલીઓ એટલે સુધી વિચાર કરે છે કે જુવાનોને ખરચાળ ટેવો પડે તો તે ઈષ્ટ જ છે. ગમે તેમ ખરચ કરવાની ટેવ એક વાર પડી, એટલે જુવાનને કમાવાની ચાનક રહે છે. એક વાર કમાણીની જરૂર જણાઈ એટલે, ગમે તેવા ઉચ્ચ આદર્શોને તે મનમાં સેવતો હોય તોયે, તે જીવન કેવું ગાળશે એ વિશે નિશ્ચિત રહી જાય. પછી તેનો આદર્શ ઉતારી પાડવા બીજો ખાસ પ્રયત્ન કરવાની જરૂર નહીં રહે.

આજે વિદ્યાર્થીને કાંઈ પણ ખાસ વસ્તુ જોઈતી હોય તો તેની પોતાની સ્વતંત્રતા જાળવવા જેટલો સ્વાશ્રય, ખડતલપણું અને સમભાવપૂર્વક દોરનાર કોઈ સજ્જન. ■

Corporate Office :
D 6-2, Road No. 34,
Wagle Estate, Thane 400 604. India.
T (General) : +91 22 21582600 F: +91 22 21582602
T (Direct): +91 22 21582603 M: +91 9322663991
E: narendra@hdfire.com ● www.hdfire.com

સ્વ. પૂ. માતુશ્રી રતનબાઈ નરશી દેવણાંધ ધરમશી (સુથરી)ના સ્મરણાર્થે....

HD FIRE PROTECT PVT. LTD.
Protecting What Matters Most to You

ચિંતન

# સંસ્કાર વારસો આપતી શિક્ષણ વ્યવસ્થા

મનુભાઈ પંચોળી

ગાંધી પાસેથી અમે સમજ્યા કે કેળવણીનું યુગાનુકૂળ સ્વરૂપ દેશના અજ્ઞબહુજન સમાજ માટે એમનામાંથી જ સુજ્ઞ નેતાગીરી પૂરું પાડનાર હોવું જોઈએ. ગાંધીને પ્રતાપે અમને એવી સમજણ હતી કે વિદ્યાર્થીઓ ગામડાંમાં રહેવા, ગામડાંને સુધારવા અને ગામડાંની વકીલાત કરવા પ્રેરાય તે ગામડાંની કેળવણીનું લક્ષ્ય હોવું જોઈએ.

આ માટે અમારે અમારા શિક્ષણમાં નવો અભ્યાસક્રમ, નવી પદ્ધતિઓ, નવાં સાધનો, નવા શિક્ષકો તો ઊભાં કરવાનાં હતાં જ. એનાં કરતાંય વધારે મહત્ત્વનું કામ આ વિદ્યાર્થીઓમાં ગામડાં માટે પ્રેમ-ગૌરવ અને ગામડાંને ધોવાતાં અટકાવવા માટે જરૂરી યુયુત્સુવૃત્તિ કેળવવાનું હતું.

ગામડાંના વિદ્યાર્થીઓ બધા અતિ સામાન્ય કુટુંબોનાં બાળકો હતાં. પણ જે આવતા તે અમને વહાલસોયા લાગતા. તેમને અમે જાતે જ પીરસતા. તેમને કપડાં ધોતાં, વાળ ઓળતાં શીખવતા. તેમની જોડે વરસતા વરસાદમાં દોટ મૂકીને અમે ડુંગરામાં જતા. સાથે ધૂબાકા મારતાં ટેકરા વળોટતા, ગાયો ચારતા, ગાયો દોહતા, હૂતૂતૂ-લંગડી તો રમતા જ, પછડાતા, પછાડતા.

વિદ્યાર્થીઓ વેકેશનમાં ઘેર જાય ત્યારે અમે વિલાઈ જતા; દહાડા ન જતા. આવે ત્યારે ઝાંપે લેવા જતા. જરૂરીથી વધારેની જરૂર નહોતી અમને કોઈને. હું લગ્ન કરવા ગયો ત્યારે રેલભાડાના પૈસા ઉછીના લઈને ગયેલો. એવા મસ્તીના દિવસો હતા — 'તે હિ નો દિવસા ગતાઃ!'

કોઈવાર બાળકોના વાલીઓ પૂછતાઃ "મારા છોકરાને નોકરી મળશે?"

હું કહેતો : "મળે પણ ખરી અને ન પણ મળે; પણ અમે નોકરી માટે ભણાવતા નથી."

"તો પછી એ શું કામ ભણે? ખેતી તો અમારે ઘેર રહીનેય જોતાં જોતાં શીખી જાય."

"ના બાપા. નવી ખેતીની તમનેય ખબર નથી. એ નવી ખેતી શીખશે. એ તમારે માથે નહીં પડે. પોતાનો રસ્તો કરી લેશે."

"પણ તમે બીજું શું શીખવો છો? ખેતીનું તો ઠીક, મારા ભાઈ; અહીં ઢેફાં ભાંગ્યા કે ઘેર, બધુંય સરખું જ છે."

"જુઓ, બાપા, અમે શું શીખવીએ છીએ તે કહું? પછી તેવાની સામે આંખ નોંધી હું કહેતોઃ "શીંગડાં માંડતા શીખવીએ છીએ!"

અને પછી પેલા બકરાના બચ્ચાની વાત કહેતો કે એ બ્રહ્મા પાસે જઈને કૂતરાં, નાર, માતાજી બધા ખાઈ જાય છે તેમાંથી બચવું કેમ, તે અંગે કાકલૂદી કરવા લાગ્યું. અને પછી બ્રહ્માએ આપેલા જવાબથી તેના કાન ભરાઈ જાય તેમ કહેતો : "બાપા, બ્રહ્માએ એ બચ્ચાને કહ્યું, "હું તારો દાદો છું ને? એ છતાંય તારું આ કૂણું રાંકડું મોઢું જોઈને મનેય મન થાય છે તને એ બટકું ભરી લેવાનું! તો જરા શીંગડાં માંડતાં શીખ્યા. તને મેં શીંગડાં શા માટે આપ્યાં છે? બાપા અમે આ શીંગડાં માંડતાં શીખવવાના છીએ."

મને પરમ સંતોષ છે કે આ શીંગડાં માંડવાનું શીખવતા શિક્ષણને પ્રતાપે અમે ગામડાંના કેટલાય વગર પૈસાના વકીલો કેળવી શક્યા.

આ બધામાં શિરટોચ નિવડ્યા ભાઈ દુલેરામ માટલિયા. અમારું કામ તેમને અપૂરતું લાગ્યું — અને એમ હતું જ — એટલે ઉપડ્યા માલપરા. ત્યાં જઈને ધૂણી ધખાવી. શાળા-બાલમંદિર હાથમાં લીધાં. ખાદીકામ કર્યું. રાત્રી-પ્રાર્થનામાં ગામની કેળવણી શરૂ કરી. આખા ગામને કેળવવાનો આવો પ્રયોગ કદાચ બબલભાઈ સિવાય કોઈએ નહીં કર્યો હોય. માલપરાને તેમણે સ્વચ્છતાના, નિર્ભયતાના, પ્રભુશ્રદ્ધાના પાઠ શીખવ્યા. બહેનોને બધાં કામમાં બહાર કાઢી. સભામાં માલપરા જેટલી બહેનોની સંખ્યા ભાગ્યે જ મળે. માલપરા જેવી ચોખ્ખી શેરીઓ ભાગ્યે જ કોઈ ગામમાં જોઈ છે.

એવો પ્રશ્ન થાય કે એ માલપરા હવે તેવું જ છે ખરું? અને જો ન હોય તો આ બધી ઝંઝટ, દોડધામ, ઊથલપાથલનું મૂલ્ય શું? એ જ દલીલને આગળ લંબાવીએ તો પૂછી શકાય કે ગાંધીથી શું થયું? ભાગલા પડ્યા, નિર્દયીઓએ લાખો નિર્દોષોની હત્યા કરી...અને આજેય દેશની આ દશા? ત્યાં માટલિયા કે અમારા જેવાં તરણાંનો શો હિસાબ? તો શું લોક સંગ્રહનાં, લોક કેળવણીનાં કામો છોડી દેવાં? મનુષ્ય શું ઉખર ભોંય જેવો છે? તેમાં કોઈ બી ઊગતાં જ નથી? મને એવું લાગે છે કે સંસ્કારિતા એ બહુધા પ્રાપ્ત સંસ્કાર છે. તે આપોઆપ વારસામાં આવતો નથી. તે માટે સંસ્કાર-વારસો આપવાની શિક્ષણવ્યવસ્થા, પરંપરા ઊભી કરવી પડે છે. એ ન થાય તો બીજી પેઢીએ જ પહેલાં હતી તેવી અસંસ્કારિતા પાછી પ્રવર્તે છે. બહુ બહુ મહેનત-મંથનને અંતે સંસ્કારિતા હાથ આવે છે, અને તે બહુ જતનથી આપીએ તો જ રહે છે.

*('અરધી સદીની વાંચનયાત્રા' પુસ્તકમાંથી સાભાર)*

ચિંતન

# સાંપ્રત સમાજમાં શિક્ષણ અને સંસ્કાર

**દિનેશચંદ્ર જગજીવન શાહ**

વિદ્યાર્થીઓની પરીક્ષાઓની મોસમ પૂરી થઈ અને પરિણામોની રાહ જોવાય છે. દરેક પરીક્ષાર્થીઓને સારી સ્કૂલ-કૉલેજમાં એડમિશન મેળવવા માટે સખત મહેનત કરવી પડે છે. વડીલો પણ બાળકો તરફથી મોટી અપેક્ષા રાખતા થઈ ગયા છે. જ્યારે ધારેલ પરિણામ ન આવતાં બાળકોમાં ડિપ્રેશન આવે છે. તેમજ ક્યારેક તેમની પસંદગીના વિષયો કરતાં મા-બાપની અપેક્ષા પ્રમાણે ભણવાનું થાય છે ત્યારે પણ બાળક મનમાં ધૂંધવાયા કરે છે અને ત્યારે જોઈતું પરિણામ ન મેળવી શકવાથી બાળક લઘુતાગ્રંથિથી પીડાય છે. આવી પરિસ્થિતિમાં બાળકો અજુગતા પગલા ભરી બેસે છે. આવા કિસ્સાઓ આજના સમાજમાં ઘણા જોવા મળે છે, જે સમજવા જેવી વાત છે.

આજની શિક્ષણની વ્યવસ્થા જોતાં એવું લાગે છે શિક્ષણ જાણે ફક્ત ધન કમાવવાનું માધ્યમ બની ગયું છે. જેમાં સંસ્કારની, દેશપ્રેમની, સહકારની ભાવના-ગાથા વિસરાઈ ગઈ હોય તેવું લાગે છે. એક સમય એવો હતો કે શિક્ષણની સાથે-સાથે સંસ્કાર, દેશપ્રેમ, સભ્યતા, સમાજ પ્રત્યેની ફરજ, વડીલો પ્રત્યે આદર સત્કારની ભાવના વગેરે ગુણોના સંસ્કાર બાળકોમાં સિંચવામાં આવતા હતા. પરંતુ આજની શિક્ષણ વ્યવસ્થા જોતાં બાળક ચોપડીઓ, નોટબુકો, કોમ્પ્યુટર્સ વગેરેના ભાર નીચે દબાયેલ રહે છે. બાળક પોતાનું બાળપણ ખોઈ બેઠો છે. સવાર પડતાની સાથે તેનો કાર્યક્રમ ઘડિયાળના કાંટે ગોઠવાઈ જાય છે. વહેલી સવારના સ્કૂલ-કૉલેજ, બપોર-સાંજે ટ્યુશન ક્લાસ, રાત્રે હોમવર્ક — આમ તેનો દિવસ પૂરો થઈ જાય છે. આમ બાળકને પોતાની મનગમતી પ્રવૃત્તિ માટે સમય પણ નથી રહેતો.

નાનપણમાં શીખવાની માનસિક, શારીરિક, બૌદ્ધિક વિકાસની રમતો જેવી કે હુ...તૂ...તૂ, ગીલ્લી-દંડા, પકડા-પકડી, દાવપેચ, આઈસ-પાઈસ કે જે બાળકના દરેક જાતના વિકાસમાં ભાગ ભજવતી, તે અદશ્ય થઈ ગઈ છે. જ્યારે બીજી તરફ કોમ્પ્યુટર ગેમે તેનું સ્થાન લઈ લીધું છે. જેના કારણે બાળકનો શારીરિક, માનસિક, બૌદ્ધિક વિકાસ અટકી ગયો છે, નિર્ણય શક્તિ પણ કુંઠિત થઈ ગઈ છે. પરિણામે જીવન ધ્યેય વિશે દિશાહીન અને પુસ્તકિયા જ્ઞાનવાળા હજારો બાળકો સમાજમાં ઠલવાય છે. જેના કારણે બેરોજગારી અને ગુનાહિત પ્રવૃત્તિઓ વધે છે.

આજે સંયુક્ત કુટુંબની ભાવના લુપ્ત થવાથી 'અમે બે અમારા બે' ના સમીકરણમાં રાચતા માતા-પિતા બાળકોને યોગ્ય સમય ન આપી શકવાથી સંબંધમાં પણ સ્નેહ-લાગણીની મોકળાશની ઉણપ રહે છે. આમ આર્થિક ઉપાર્જન તથા સમયની દોડધામમાં બાળકને પૂરતો સમય ન આપી શકવાથી બાળ ઉછેરમાં કશુંક ખૂટતુ હોય તેવું અનુભવ થાય છે. ઊર્મિઓની, આલિંગનની ઝંખના વગર બાળક એકલતામાં હિજરાય છે. એકલતાથી જ્યારે બાળક કંટાળે છે ત્યારે તે ટી.વી. ના શરણે જાય છે અને એકલતાથી આવતા જુગુપ્સા પ્રેરક દશ્યો, હિંસા, મારફાડ, કામૂક દશ્યો-ચેષ્ટા વગેરે બાળ માનસ ઉપર અસર કરે છે, અને બાળક તેની નકલ કરવા પ્રેરાય છે. આજે સ્કૂલો-કૉલેજોમાં અસભ્યતા, હિંસાચારનું આચરણ, સેક્સનું જાહેર પ્રદર્શન, ટીનએજર દ્વારા થતાં ખૂન, અપહરણ, ચોરી વગેરે બાબતોના સમાચાર અખબારો તથા ટી.વી.માં અવાર-નવાર ચમકતા રહે છે. ત્યારે પ્રશ્ન થાય છે કે આ બધું ક્યારે અટકશે? આ બધું અટકાવવા માટે સમજદારીપૂર્વક બાળ ઉછેરની જવાબદારી સુસંકૃત રીતે, પ્રેમાચાર દ્વારા થાય તો જ આ સમસ્યા હળવી બને અને મહાત્મા ગાંધીજી, અબ્દુલ કલામ આઝાદ, સી. વી. રામન, બિલગેટ્સ, રતન ટાટા જેવા સંતાનો સમાજને મળી શકે.

ભારતીય સંસ્કૃતિનાં મૂળભૂત મૂલ્યો જેવાં કે મા-બાપ, વડીલો, શિક્ષકો, વૃદ્ધો અને સમાજ પ્રત્યેનો આદરભર્યો સદ્ભાવ વિસરાતો જાય છે. માનવની ઓળખ સમા આ સંસ્કારોનું સિંચન જ બાળકને નીડર, દઢ મનોબળવાળો, શારીરિક ક્ષમતા ધરાવતો બનાવશે તેમજ જીવનમાં સાચો રસ્તો બતાવશે.

આ બધું ધ્યાનમાં આવતાં સરકારને પણ ખ્યાલ આવ્યો કે શિક્ષણ જગતમાં પરિવર્તનની જરૂર છે. 'ભાર વગરનું ભણતર' બાળકના સર્વાંગી વિકાસમાં યોગ્ય ફાળો નોંધાવી શકે છે. આજે તેનો અમલ ભારતભરમાં ધીરે-ધીરે થઈ રહ્યો છે. આશા રાખીએ કે ભવિષ્યમાં સંસ્કારી અને સુંદર ભારતનું નવસર્જન થાય.

*૨૦૧, સુંદર ગોપાલ કોમ્પ્લેક્સ,*
*અમદાવાદ સેન્ટ્રલ મોલ સામે, આંબાવાડી સર્કલ પાસે,*
*આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*
*મો. ૯૪૨૬૫ ૭૭૬૭૮*

સંસ્મરણ

# ડાંગે માર્યાં પાણી

રસિક મહેતા (પારેખ)

આ વાત છે સને ૧૯૮૦ ની સાલની. તે સમયના ગાળામાં મકાનના ધાબાના સ્લેબ ભરવા માટે અત્યારનાં જેવાં આધુનિક ઉપકરણો જેવાં કે મિક્સર મશીન, લિફ્ટ, વાઈબ્રેટર – કાંઈ જ નહોતું. બધું કામ મજૂરો મારફત જ લેવામાં આવતું. અમારું કામ દરબાર જ રાખે એ નક્કી, કારણ કે અમારી સાથે તેને મનમેળ આવી ગયો હતો. પાંચ ફૂટ દસ ઈંચની ઊંચાઈ, ઘઉંવર્ણો વાન, માંસલ છતાં કસાયેલ એકવડું શરીર, કાતરાવાળી અણિયાળી મૂછો, કાળાભમ્મર વાંકળિયા વાળ, ટાચકા જેવી લીંબુની ફાડ જેવી મારકણી આંખો, સામાન્ય સ્થિતિ હોવા છતાં દરબારી ખાનદાની નખશિખ નીતરે. પેન્ટ-શર્ટનો લિબાસ, ત્રીસ-પાંત્રીસ વર્ષની ઉંમર અને સદાય હસતો ચહેરો. આ મહાશય એટલે અમારા મકાનોના સ્લેબ ભરવાવાળો સમશેરસિંહ જાડેજા દરબાર. તેની સાથે તેમનો ભાગીદાર એટલે તેમનો જ સગો સાળો મૂળુભા દરબાર. બંને સાળો બનેવી ભાગીદારીમાં મારે ત્યાં મકાનના સ્લેબ ભરવાનું મજૂરીકામ કરે. સ્લેબ ભરતી વખતે જરૂર પ્રમાણે ત્રીસ-પાંત્રીસ માણસો લઈને આવે, મેળાનો માંચડો બાંધે અને સ્લેબ ભરે. બંને ભાગીદારો સાથે જ હોય.

મારે આ બંને સાથે ક્યારેય ભાવની માથાકૂટ થતી નહીં. હંમેશા ભાવ વાજબી જ હોય. ક્યારેય માપ કરવાની જરૂર નહીં. હંમેશાં માપ સાચું જ હોય. બંનેનો વ્યવહાર કારીગર જેવો હરગિજ નહીં. હંમેશાં વ્યાપારી રીતનો જ વ્યવહાર.

દરબાર સ્વભાવે રમૂજી અને રંગીલા. મારી સાથે સારું બને. રંગમાં હોય ત્યારે મારી ઓફિસે આવે ત્યારે પોતાની દરબારી ખાનદાનીની વાતો કરીને પોરસાય. મૂળ રાજકોટના પડધરી જિલ્લાના ગામડાના વતની. કુટુંબ ગામડે રહે. ગામમાં ખેતી ખરી, પણ ખેતી કસ વગરની એટલે પોતે કામ-ધંધા માટે રાજકોટ આવેલા. સ્લેબ ભરતી વખતે માણસો ઉપર સુપરવિઝન કરે, જરૂર પડ્યે કામ પણ કરે. હું ત્યાં હોઉં તો મારી સાથે વાતો પણ કરે. માણસો માટે ચા-પાણી મંગાવે તો મને પણ આગ્રહ કરે, પણ હું ચા ન પીતો હોવાથી ના કહું એટલે મારે માટે પાન મંગાવે અને આગ્રહપૂર્વક ખવડાવે પણ ખરો.

આવા સીધા-સાદા, સરળ, છતાં, ખુરાંટ સામે ખુરાંટ થઈ શકતા આ દરબાર માથે ઓચિંતી આફત આવી પડી. વાત એમ બની કે ગામડે બાલબચ્ચાં સાથે રહેલી તેમની પત્નીનું ચા-પાણી કરતી વખતે પ્રાઈમસની ઝાળ લાગતાં દાઝી જવાથી તાત્કાલિક મોત થયું. દરબારની જાત. ઘરમાં સામાન્ય ચડભડ તો થતી જ હોય. ઘર હોય ત્યાં ભાણાં તો ખખડતાં જ હોય. દરબારના સાસરી પક્ષનાઓએ દરબાર ઉપર તેમની ઘરવાળીને આપઘાત કરવા મજબૂર કર્યાનો આક્ષેપ કરી ફોજદારી કેસ કર્યો.

આપણા દેશના કાયદા અને એમાં આ આપઘાત-ખૂનનો કેસ; જાડેજા દરબારની સામાજિક છાપ સામાન્ય અને આર્થિક રીતે પણ સામાન્ય માણસ એવા આ દરબારનું શું ગજું? ક્યાં પહોંચે?

પોલીસખાતાએ પૂરી દીધા જેલમાં, લઈ ગયા રિમાન્ડ પર અને ચાલ્યો ફોજદારી કેસ. સામાન્ય માણસ, જામીન કોણ પડે? મેં પેપરમાં વાંચ્યું, બહારથી પણ સાંભળ્યું અને દુઃખ થયું. દુઃખ એટલે થયું કે આ માણસ તેવો હતો જ નહીં, પણ તેમ છતાં અજાણતાં જ કોઈક એવાં કર્મ થઈ ગયાં હશે કે આ રીતે ભોગવવાનો વારો આવ્યો!

*'સમય અને સંજોગોના સૌ ખેલ અહીં ખેલાઈ રહ્યા,*
*ફાવી જતા જીતી જનારા, હારનારા વીસરાઈ જતા,*
*સંજોગના પ્યાદા બનીને સમય પર અસવાર થઈ,*
*નિહાળી રહ્યો છે માનવી બસ ખેલને લાચાર થઈને.'*

થોડા સમય બાદ ફરી અમારા કામ પર સ્લેબ ભરવાનો વારો આવ્યો. દરબારના સાળા મૂળુભા સ્લેબ ભરવા માટે આવેલ હતા. સ્લેબ ભરાઈ ગયા બાદ નિયમ પ્રમાણે ચાર-છ રોજ બાદ મજૂરીનાં નાણાં લેવા આવ્યો અને ત્યારે પોતાની બહેનના મૃત્યુ બાબતે પણ ઘણી વાત કરી. અને છેલ્લે કહ્યું : 'સાહેબ, આ વખતથી હું સ્વતંત્ર થઈ ગયો છું. સમશેરસિંહ સાથે હવેથી મારે કાંઈ નહાવા-નિચોવવાનો પણ સંબંધ નથી.'

મેં કહ્યું : 'ભાગીદારીના નિયમ પ્રમાણે આ વાત સારી, સાચી અને વાજબી પણ નથી, કેમ કે તમારા બનેવીનો ગુનો હજુ સાબિત થયો નથી. અને ત્યાં સુધી તેને ગુનેગાર ગણી શકાય કે માની લેવાય નહીં. ઉપરાંત, અત્યારે તમારાં બહેન ગુજરી ગયાં હોઈ, બનેવી જેલમાં હોય ત્યારે તમારાં બે માસૂમ ભાણેજનું કોણ? તેમનો શો દોષ? તેઓ ખાવા ક્યાં જશે? તમારે તે માસૂમોનાં મોઢાં નજર સામે રાખીને પણ આ ભાગીદારી ચાલુ રાખવી જોઈએ, જેથી તેમની સાર-સંભાળ રાખનાર તેમનાં વૃદ્ધ દાદા-દાદીને થોડી આર્થિક રાહત રહે. ભલે તમે તમારી મહેનતનો ભાગ વધારે રાખો, પણ કાંઈક તો તમારે ભાગીદાર તરીકે તેને આપવું જોઈએ; એ માનવતા છે

અને ફરજ પણ છે. ભલે દુશ્મનાવટ હોય, પણ મામા તરીકેની આ પણ ફરજ છે, જે તમારે નિભાવવી જોઈએ. આમેય ડાંગે માર્યા પાણી ક્યાં કોઈ દિવસ જુદાં થઈ શક્યાં છે? મારી આ વાત તેમના ગળે બરાબર ઊતરી ગઈ.

સંકટનો એ સમય પસાર થઈ ગયો. ચાર-છ માસે દરબારને જામીન મળ્યા અને તે જેલમુક્ત થયો. પછી કેસ ચાલ્યો. એ બધી બાબત નિયમ મુજબની અને સામાન્ય હતી. પણ આ છ માસના જેલવાસ દરમિયાન આ દરબારની એક ટપાલ, જે તેણે જેલર પાસેથી કોરો કાગળ મંગાવીને લખેલ, એ તેમના ફોજદારી વકીલને મને આપવા આપેલ. આ ટપાલ વકીલનો ક્લાર્ક મને આપી ગયો. ટપાલ વાંચી મારી આંખમાંથી આંસુ સરી પડ્યાં. એક અભણ પરાધીન, નિર્દોષ છતાં કાયદાકીય રીતે ગુનેગાર એવા માણસની એમાં મનોવ્યથા સીધા-સાદા પણ હૃદયદ્રાવક શબ્દોમાં અને સાચા હૃદયના ભાવ સાથે ઠલવાતી હોય એવું લાગ્યું. મૂળુભાને અણીના સમયે મારી સમજાવટના ફળસ્વરૂપે સમશેરસિંહના કુટુંબને મળેલ આર્થિક સહાય માટે તેણે પોતાની ભાવના વ્યક્ત કરી હતી.

કોઈ પણ વ્યક્તિથી થતાં અજાણતાં સહજ સારાં કાર્ય, સારી-સાચી શિખામણ, સાચી સમજણ, સારો વ્યવહાર સામી વ્યક્તિને કેટલી શાતા આપે છે, કેટલાં અભિભૂત કરે છે એનો ખ્યાલ મને આવ્યો અને સાથોસાથ આવા થયેલ કાર્યની, સદ્‌વ્યવહારની કદર કરનાર એ નેકદિલ દરબારને પણ સલામ કરવાનું મન થઈ આવે એ સ્વાભાવિક જ છે. ■

## સ્વપ્નમાં એકાધિકાર

**(અનુસંધાન : પાના નં.-૩૯ ઉપરથી ચાલુ)**

હિલસ્ટેશને ન જઈ શકીએ તો ભલે પણ સ્વપ્નપ્રદેશમાં તો જઈ શકીએ છીએ, અને મારે માટે તો એ હિલસ્ટેશન બહુ રમણીય પુરવાર થયું છે. તમને હું હિલસ્ટેશને મળેલો એમ કહું તો તમને ખરેખર જ આનંદ થશે!

એકાધિકારની ઘણી નિંદા થાય છે. સભ્ય સમાજમાં રહેવા માટે નિંદાનો ગુણ પણ કેળવવો પડે છે, છતાં નિંદા કરતા હોઈએ તેનો ભોગવટો પણ મનની શાંતિ માટે કરવાનો રહે છે. વ્યક્તિસ્વાતંત્ર્ય સાથે જ સામાજિક શાંતિ પણ જળવાય એવો એકાધિકાર સ્વપ્નમાં જ ભોગવાય છે. એકાધિકાર એ માણસનો સ્વભાવ છે, તે ન હોત તો માણસ સ્વપ્નો જોતો ન હોત! આપણે સ્વપ્નદૃષ્ટાની કદર કરીએ છીએ, કારણ કે તે અહિંસક એકાધિકાર ભોગવે છે. આપણે સ્વીકારીએ છીએ. એકાધિકારનો અપ્રિય અર્થ બદલવા માટે પણ સ્વપ્નાની જરૂર છે. આ જગતમાં પ્રેમનો વિસ્તાર સ્વપ્નાથી થયો નથી એમ કોણ કહેશે?

સ્વપ્નામાં મેં તમને શું કહ્યું હતું તે હું પત્રમાં લખતો નથી, કારણ કે તમે એ જાણવા માટે ખરેખર મને મળવા આવો તે મને વધારે ગમશે, એ જ. ■

## બાંધી મુઠ્ઠી લાખની

**(અનુસંધાન : પાના નં.-૪૮ ઉપરથી ચાલુ)**

ગયો છે તે તેને દરેક પાસેથી લડી ઝઘડી ભેગું કર્યું. આસપાસનાં રાજ્યો કબજે કર્યા મરવાનો અંતિમ સમય આવ્યો ત્યારે તેને થયું કે આ કશું જોડે આવવાનું નથી. નાહક બધાંના દિલ દુઃખાવી મેં ભેગું કર્યું. આખરે તો કરેલાં કર્મો જ આવે છે. પોતે મૃત્યુ પછી બંને હાથ ખુલ્લા રાખી કાળાં કરાવી (પહેલેથી નક્કી કર્યા મુજબ) સ્મશાનયાત્રા કઢાવી. જેથી લોકોને જાણ થાય કે કુકર્મો જ સાથે આવે છે, સારાં ખોટાં કર્મો સિવાય બધું અહીં છોડવું પડે છે તો પછી આવો મોહ શાને કરવો?

તમે વસ્તુ માટે લડી મરશો, પણ વસ્તુ ત્યાં જ પડી રહેશે.

"મામા, તમે ખરેખર સાચી વાત કરી. નસીબનું પોતાના ભાગનું જે હોય છે તે જ મળે છે, બાકી ગમે તેટલા ધમપછાડા કરો પણ કાંઈ વળે નહિ. સૌએ હસીખુશીથી મેળવવું જોઈએ, અને આપવું જોઈએ." એક ભાઈ બોલ્યો.

દુનિયાનું સૌથી દુઃખદ ને ભયાનક વેર તો ભાઈ-ભાઈ વચ્ચેનું છે. પરસ્પર આવેલું ને વ્યાપી મળેલું સંબંધનું ઝેર આખા કુટુંબને ભસ્મીભૂત કરી નાંખે છે. પૈસો તો હાથનો મેલ છે, તે કાયમ ટકતો નથી. પૈસાને પાંખ હોય છે તે ખબર છે? આવીને વેર પ્રસરાવે ને પ્રેમ પણ રખાવે. પણ જાય ત્યારે 'આવજો' કહેવા પણ ઊભો નથી રહેતો. તો શા માટે આટલું વળગણ? પરસ્પર પ્રેમ, સંપથી ટકી રહેલું, સંબંધોને જાળવતું કુટુંબ શા માટે વેરની આગથી ઝલાવી દો છો. બાંધી મુઠ્ઠી લાખની ભાઈ, શાનમાં સમજી ઘરમાં જ વાતનો નિવેડો લાવી દો! બહારની દુનિયાને ગંધ પણ ન આવે ને તેમાં જ શાણપણ છે. કેટકેટલાં વર્ષોથી હું તમારાં કુટુંબની રહેણીકરણી, પ્રેમભાવના, બલિદાનની ત્યાગભાવના, સંપ, સહનશીલતા બધું જ જોતો આવ્યો છું. બહાર તો તમારા પરિવારના દાખલા આપવામાં આવે છે. તો શું આ શોભા આપે છે? સ્વર્ગે સિધાવેલાં મા-બાપ સુખી થશે ખરાં? તેમના આત્માને સંતોષ મળશે ખરો? થોડું જતું કરી સમજી વિચારી વહેંચણી કરી લો.' મામા નિકટની વ્યક્તિ હતા તેથી બોલ્યે જ જતા હતા.

ત્યાં સૌથી નાનો ભાઈ બોલ્યો, "ભાઈ તમારે જોઈએ તે મારે ના જોઈએ. પણ કોઈનું અણહક્કનું ન છીનવી લેશો. હું જતું કરીશ. પ્રભુ મને મેળવી આપશે. પણ તમે સાનમાં સમજી દરેક ભાઈનું વિચારી યોજના કરો. આ કુટુંબપ્રેમને વેરવિખેર ન કરશો. બાળકો, ભાઈ-ભાભી જો આટલા વર્ષે વિખૂટા પડશે તો તેનું કારણ માત્ર મિલ્કત? માત્ર પૈસો? મારે કાંઈ ન જોઈએ. મારે તો સંબંધોના સથવારે ચાલતાં ભાઈનો પ્રેમ જોઈએ. વડીલ ભાઈ-ભાભીની ને સમગ્ર પરિવારની હૂંફાળી હૂંફ જ જોઈએ.

નાના ભાઈના રડતા હૃદયને નિહાળ્યું. મામાની વાતોએ હૈયે પ્રેમ દર્શાવ્યો, તેમની આંખમાં પણ આંસુ આવી ગયાં. સૌને સરખું જ મળશે તે નક્કી કરાયું અને સંબંધોની સ્નેહગાંઠ તૂટતાં અટકી ગઈ. ■

સંસ્મરણ

# મને ય કોઈ મળવા આવ્યું છે

પૂર્વી મલકાણ મોદી (યુ.એસ.એ.)

શું સંવેદનાઓમાં કોઈ ફર્ક હોય છે? કદાચ નહીં...પણ જેનું સમાજમાં કોઈ માન ન હોય, જેની તરફ કોઈ સારી દૃષ્ટિ તરીકે પણ ન જોતું હોય તેવી વ્યક્તિની સંવેદનાઓની વાત આવે ત્યારે આપણે શું કરીશું? કદાચ તેની તરફ તિરસ્કાર ભરી નજર કરીશું કે, દયા કરીશું પણ આપણી સંવેદનાઓ તેની સાથે શેર નહીં કરી. આપણે પ્રાણીઓ તરફ સંવેદનાઓ રાખીશું પણ એ સ્ત્રીઓ કે જેનું સમાજમાં કોઈ સ્થાન હોતું નથી તેની સંવેદનાઓની આપણે પરવા કરતાં નથી. પરંતુ બેબેટાની વાત અલગ છે. બેબેટા...લંડનથી નેધરલેન્ડ જતી યુરોસ્ટારમાં અમને એ મળેલી. વિવિધ સ્ટેશને ચડતાં ઉતરતા એ યાત્રીઓની વચ્ચે અચાનક એ અમારી સામેની સીટમાં આવીને બેસેલી. જેમ જેમ અમારી બેબેટા સાથેની ઓળખાણ વધતી ગઈ તેમ તેમ અમારી વાતોમાં વેધર, સંસ્કૃતિ, દેશ, ફૂડ, પ્રવાસ, સિટી વગેરે વણાવવા લાગ્યાં. વાતચીત કરતાં કરતાં મેં બેબેટાને પૂછ્યું કે, 'શું તું નેધરલેન્ડમાં કામ કરે છે?'

તે કહે; 'હા કામ કરું છું...પણ એવું કામ...' કહી તે ચૂપ થઈ ગઈ અને બીજી દિશામાં મોં ફેરવી...ધીરા શબ્દોમાં કશુંક બબડી ગઈ. બેબેટાનાં તે અધૂરા, ન સમજાયેલા વાક્યને સમજવા હું પ્રયત્ન કરવા લાગી...પણ સમજણ ન પડતાં ચૂપ રહી. સામેની બાજુએ બેબેટા પણ થોડીવાર ચૂપ રહ્યા પછી કહે;

'તમે એમ્સર્ડમ ફરવા જાવ છો ને...તો હું જ્યાં કામ કરું છું ત્યાં તમે આવશો?'

તેની આ વાતથી અમને આશ્ચર્ય થયું તેથી પૂછ્યું, 'તારા વર્ક કરવાની જગ્યાએ અમે કેવી રીતે આવીએ?'

તે કહે, 'ખાસ આવવાની જરૂર નથી, પણ જો અમારી સ્ટ્રીટમાંથી નીકળવાનું થાય તો તમે ચોક્કસ આવજો મને ખુશી થશે.'

બેબેટાની એ વાત સાંભળી અમને આશ્ચર્ય થયું પણ આછા હાસ્ય સાથે શ્યોર કહી અમે ચૂપ થઈ ગયાં. એમ્સર્ડમ આવતાં જ તેણે અમને પોતાની સ્ટ્રીટનું એડ્રેસ આપ્યું ને અમે છૂટા પડ્યાં. હોટલમાં પહોંચીને અમે બેબેટાએ આપેલા એડ્રેસ ઉપર સર્ચ કર્યું ત્યારે જાણ થઈ કે એ એડ્રેસ 'રેડલાઈટ' એરિયાનું હતું. આ એડ્રેસ જોતાં જ બેબેટાનું કામ શું હતું તેનો અમને પાછો અણસાર આવી ગયો હતો. અમે વિચાર કર્યો કે એ એરિયા તરફ ન જવું. આપણે બસ અહીં તહી ફરીએ. અમે ત્રણ દિવસ તો એ નક્કી કર્યા પ્રમાણે ફરતાં રહ્યાં...પણ ચોથે દિવસે સાંજના સમયે વેન-ગોહ આર્ટ મ્યુઝિયમ જોઈ પાછા ફરતાં અમે માર્ગ ભૂલી ગયાં, જેથી કરીને એમ્સર્ડમની ગલીઓમાં અમે અટવાઈ ગયાં.

તે દિવસે રાઈટ-લેફ્ટ કરતાં કરતાં અમે રસ્તો શોધવા માટે સતત ચાલતાં રહ્યાં. આ સમયે અમે એ ન ચાહેલી દિશામાં જઈ પડ્યાં જ્યાં જવું ન હતું. તેથી આમતેમ જોતાં જોતાં અમે આગળ વધતાં હતાં ત્યાં જ એક ઈરોટીક શો-કેસમાંથી એક હાથ ખુશી સાથે હલવા લાગ્યો.

એ હલતા હાથ તરફ અમારી નજર પડી....પહેલા લાગ્યું કે એમ જ કોઈ તરફ ફરી રહ્યો છે પણ ધ્યાનથી જોતાં ખ્યાલ આવ્યો કે તે બેબેટા હતી....તેણે અમને જોઈ દરવાજા તરફ ઈશારો કર્યો ને પોતે પણ તે તરફ ચાલી નીકળી...તે શો-રૂમ તરફથી અમારી તરફ આગળ વધેલી બેબેટાને જોતાં હું અને મિ. મલકાણ પરસ્પરને જોઈ વિચારવા લાગ્યાં કે...લે આણે તો આપણને જોઈ લીધા હવે આને જવાબ શું આપીશું? કેવી રીતે અહીંથી ભાગી જવું? ચાલ એ દરવાજાની બહાર નીકળે તે જ પહેલાં આપણે આગળ નીકળી જઈએ...આમ વિચારી અમે અમારા પગ ઉપાડ્યાં જ હતાં ત્યાં જ એ દરવાજામાંથી બહાર આવી મને ભેટી પડી પછી કહે...થેન્ક યુ...થેન્ક યુ...મિસીસ માલખાન...હું બહુ જ ખુશ છું કે તમે મને મળવા માટે આવ્યાં છો. પછી આજુબાજુ જોઈને કહે; 'આ સ્થળ બહુ બદનામ છે ને અમે પણ...તેથી અહીં કોઈ અમને મળવા માટે નથી આવતું. હા અમને ખરીદવા ચોક્કસ આવે છે પણ કોઈપણ પ્રકારનાં સ્વાર્થ વગર તમે મને મળવા આવ્યાં તે મારે માટે આશ્ચર્ય છે.' આટલું બોલી તે બે પગલાં પાછળ ખસી ને આજુબાજુનાં શો રૂમમાં ઊભેલી તેની સખીઓને બોલાવી કહે, 'આ... મિ. એન્ડ મિસીસ માલખાન... મારી સાથે ટ્રેઈનમાં હતાં, આજે તેઓ અહીં આવ્યાં છે આપણને મળવા...' કહેતાં તેનું મુખ મોટું થઈ ગયું ને અમને જોયા-મળ્યાંનો આનંદ તેનાં મુખમાં કેકનો ટુકડો બની સમાઈ ગયો.

થોડીવાર વાત કર્યા પછી તેની સખીઓ પોતાનાં શો-રૂમમાં જતી રહી પછી બેબેટા કહે; 'તમે અંદર આવોને...હું તમને અમારી જગ્યા બતાવું.' તેનો ઉત્સાહ અમારી નર્વસનેસને બરાબર સમજી રહ્યો હતો તેથી તે કહે; 'તમે અંદર આવશો તો કોઈને ય અસર નહીં પડે...કારણ કે બધાં જ લોકો આજ બધુ જોવા માટે આવે છે અને અત્યારે તેમની નજરમાં તમે એના જેવા જ છો, માટે અંદર આવો...' 'થોડીવાર રહેજો મારી સાથે, પછી

તમારા રસ્તે ચાલી નીકળજો કારણ કે આપણાં માર્ગ આમેય જુદા છે...આ તો બસ મારી પાસે એક યાદ રહેશે કે 'કોઈ મને ય મળવા માટે આવેલું...' કહેતાં તેની આંખોમાં પાણી ઝળહળી ઉઠ્યું. તેની આંખો અને તેનાં એ વાક્ય સાથે અમારા મનની સંવેદનાઓ બોલવા લાગી...ઘણું ખરાબ લાગવા છતાં યે અમે તેને કહ્યું...આ કામ સારું નથી તું એને કેમ છોડી દેતી નથી? તે કહે; 'મારું નાનપણ અને મારી યુવાની આજ એરિયામાં ગઈ છે. એક સમય હતો કે હું પણ આ જ યુવતીઓ જેવું કાર્ય કરતી હતી. પણ આજે સમય જુદો છે. એક તમારા જેવી વ્યક્તિ થકી જ એક સંસ્થાનો પરિચય થયો. આ સંસ્થા આવીને મને ભણાવી તો ગઈ પણ મને આ સંસારમાંથી બહાર ન લાવી શકી...' આજુબાજુ જોતાં તે બોલી, 'આજે આ જ સંસ્થા સાથે મળીને હું અહીં કામ કરતી બીજી યુવતીઓને એઈડ્સ અને બીજા રોગો સામે જાગૃત કરવાનું કામ કરું છું. એટલું જ નહીં આ અમારી આ જાગૃતિ તરફ બીજા લોકોનું ધ્યાન દોરવા માટે અમે અહીં મ્યુઝિયમ પણ બનાવ્યું છે. જેમાં અમારા કાર્યનાં પૂર્ણ ઈતિહાસ સાથે અમને ભોગવવા પડતાં રોગોની અને અમારી પરેશાનીઓને, અમારી મુશ્કેલીઓને, મજબૂરીઓને, અમારી ભૂલોને, અમારી સ્થિતિઓને અને અમારા સંજોગોને અમે પ્રસ્તુત કર્યા છે.'

થોડીવાર બેબેટા સાથે વાતચીત કર્યા પછી અને તેનું મ્યુઝિયમ જોયા પછી અમે તેનાં ગૃહ કમ આફિસમાંથી બહાર નીકળ્યાં ત્યારે બેબેટા કહે, 'અમે બદનામ સ્ત્રીઓ છીએ પણ તેમ છતાં યે અમારા હૃદયમાં યે એક ઈશ્વર વસે છે તે વાત લોકો ભૂલી જાય છે. આજે તમે મને બદનામ સ્ત્રી ને નહીં પણ ઈશ્વર ગણીને મને મળવા આવ્યાં તે બદલ ખૂબ ખૂબ આભાર.' બેબેટાનાં એ શબ્દો સાંભળી હું સ્તબ્ધ થઈ વિચારવા લાગી કે આને કેમ કરીને કહું કે 'બીજા લોકોની જેમ અમે પણ તારી સંવેદનાઓ સમજી ન હતી... કારણ કે અમારે માટે...ય...' પણ મારું વિચારવાનું પૂરું થાય તે પહેલા જ બેબેટાનો સ્વર ફરી સંભળાયો... 'મે ગોડ બ્લેસ યુ... મિ. એન્ડ મિસીસ માલખાન' આપણે અહીંથી હંમેશાંને માટે છૂટા પડીએ છીએ. તે શબ્દ સાથે તે અંદર ચાલી ગઈ અને તે જગ્યાનો દરવાજો બંધ થઈ ગયો. બંધ થયેલા તે દરવાજાની પાછળ રહેલી સંવેદનાઓ વિષે વિચારતાં અમે ધીરા કદમે પગથિયાં ઉતરી. બેબેટા, તેની એ બદનામ છાપ અને તે બદનામ સ્ટ્રીટ છોડી ફરી અમારા ખરા માર્ગને શોધવા ચાલી નીકળ્યાં ત્યારે બેબેટાની બે પાણીવાળી આંખો ઈરોટીક શો-રૂમનાં કાચમાંથી અમને જોઈ રહી હતી.

આ લેખ અંગે મારે એટલું કહેવાનું કે જીવનમાં થતાં કેટલાક અનુભવો પાઠ શીખવાડી જાય છે અને આ પ્રસંગ પણ મારે માટે એક શિક્ષા સમાન અને ખૂબ જ સંવેદનશીલ રહ્યો. આ બનાવ પછી પણ બીજા દિવસે અમે બેબેટાને મળેલા. અમે પ્રાગ જઈ રહેલા ત્યારે તે અમને રેલવે સ્ટેશન પર મળવા આવેલી. તે દિવસે રેલવે સ્ટેશન પર અમે કૉફી સાથે પીધેલી. તેનો ફોટો લેવા માટે મે કોશિશ કરેલી. ત્યારે તેણે 'ના' કહેતાં કહેલું કે 'મિસીસ માલખાન મારી યાદને હાર્ટમાં રાખજો.' પહેલા દિવસે અમે ટ્રેઈનમાં જે બેબેટાને મળેલા તે અમારી જેમ ટુરિસ્ટ હતી, તે સાંજે અમે જ્યારે મળેલા ત્યારે તે રેડલાઈટ એરિયાની સોશિયલ વર્કર હતી અને ત્રીજીવાર જે બેબેટાને મળ્યાં એક સહેલી હતી. આ ત્રીજી મુલાકાતનાં સમયે તેણે અમને ફરીથી એ જ કહ્યું જે તેણે અમને આગલી સાંજે કહેલું, 'મિ. એન્ડ મિસીસ માલખાન' આપણે અહીંથી હંમેશાંને માટે છૂટા પડીએ છીએ. આજ પછી હું આપને ક્યારેય નહીં મળું, ને કદાચ મળીશ તો આપને ઓળખીશ નહીં. કારણ કે તમારો અને મારો રોડ અલગ છે. અમને લાગે છે કદાચ આ પ્રસંગ ન બન્યો હોત તો અમારા જીવનનો એક ખૂણો ચોક્કસ ખાલી રહી જાત. ■

## પર્યાવરણની સાચવણી – ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ

**(અનુસંધાન : પાના નં.-૬૨ ઉપરથી ચાલુ)**

મહિમા પારખી શકીએ છીએ ત્યારે પર્યાવરણના સંત તરીકે જાણીતા સંત ફ્રાન્સિસ અસિસીની જેમ આપણે સમગ્ર પર્યાવરણની સાચવણીમાં મંડ્યા રહેવા સાથે ઈશ્વરનું સ્તુતિગાન કરી શકીશું.

છેલ્લે ખ્રિસ્તી ધર્મના પરિપ્રેક્ષ્યમાં પર્યાવરણને સમજવા અને સાચવવા માટે પોપ ફ્રાન્સિસનું એક પ્રવચન આપણને મદદરૂપ છે. એમણે યુનોની સામાન્ય સભામાં પ્રતિનિધિઓને ૨૦૧૫ સપ્ટેમ્બર ૨૫મીએ સંબોધતા કહ્યું હતું કે, "એક વાત ખાસ નોંધવી જોઈએ કે, પર્યાવરણ પણ સાચો હક્ક ધરાવે છે. એ હક્ક માટે બે કારણો છે : એક, આપણે માનવજીવો પર્યાવરણનો ભાગ છે. પર્યાવરણ સાથેના સંબંધમાં આપણી હયાતી છે. ખુદ પર્યાવરણની પોતાની નીતિની મર્યાદા છે. માનવના બધાં કામકાજો પર્યાવરણની નીતિને માન્ય રાખવા સાથે એ મુજબ વર્તવા જોઈએ. પર્યાવરણને કરેલું નુકસાન આખરે માનવતાને કરેલો વિનાશ છે. બે, દરેક સર્જન વિશેષ તો જીવનું સર્જન ખુદ પોતાની હયાતીનું અંતર્ગત સ્વાભાવિક મૂલ્ય છે. એનું જીવન, એનું સૌંદર્ય અને બીજાં બધાં સર્જનો સાથે અરસપરસનાં સંબંધોથી સંકળાયેલું છે... પ્રદૂષણની સમસ્યાઓ, વિશાળ પ્રમાણમાં જીવજંતુઓનો વિનાશ માનવ જીવના અસ્તિત્વને ભયમાં મૂકી શકે છે... બધા ધર્મોમાં પર્યાવરણને મુળભૂત રીતે ભલું ગણવામાં આવે છે... કોઈ માણસને આર્થિક અને સામાજિક રીતે બહાર રાખવામાં માનવબંધુત્વ ને ભાઈચારાનો નકાર છે. એમ કરવામાં પર્યાવરણ અને માનવહક્ક સામેનો ભારે અપરાધ હોય છે. આવા અપરાધોમાં ગરીબ લોકોને જ સૌથી વધારે દુઃખ વેઠવાં પડે છે. એનાં ત્રણ કારણો છે : એક, સમાજ એમનો બહિષ્કાર કરે છે; બે, બીજાઓએ કાઢી નાખેલી બાબતોથી તેમને જીવવું પડે છે; અને ત્રણ, પર્યાવરણને કરેલા વિનાશથી તેમને જ વધું વેઠવું પડતે છે. એટલે આજે ગરીબો જ ફેંકી દીધેલી સંસ્કૃતિનો ભોગ બને છે. ફેંકી દેવાની વ્યાપક સંસ્કૃતિમાં ગરીબોની સંખ્યા સતત વધતી રહે છે." (શબ્દો ૮૦૪) ■

વિભૂતિ વંદના

### અવાજમાં રણકો, વાતમાં બુલંદી, ભગવાં વસ્ત્રોમાં પારદર્શક ચિંતન

# રિવોલ્યુશનરી સંત સ્વામી સચ્ચિદાનંદજી

ભદ્રાયુ વચ્છરાજાની

એક ધર્મ સંમેલન ભરાયું. તેમાં શંકરાચાર્ય અને અનેક ધર્માચાર્યો મંચ પર ઉપસ્થિત. આ મંચ પર એક જુવાન ભગવાંધારી. સંમેલનમાં વક્તવ્યો થયાં. ખૂબ ખૂબ ડાહી ડાહી વાતો થઈ. અસ્પૃશ્યતા નિવારણની હાકલ થઈ. સૌ આ વિષય પર ઠાવકું ઠાવકું બોલ્યા. પેલો જુવાન સાધુ હિંમતભેર બોલ્યો કે, 'આપણે બધા દંભી છીએ. વાતો અસ્પૃશ્યતા નિવારણની કરીએ છીએ, ને આપણે આપણું પાણી તો સાથે લઈને આવ્યા છીએ! હમણાં કોઈ હરિજનના હાથે આપણને પાણી આપે તો તમે બધા અહીંથી ભાગી છૂટો.' સંમેલનમાં સન્નાટો છવાયો અને એક બહુ મોટા ધર્માચાર્ય સાથે બોલવાનું થયું, ટસલ થઈ.

વિશ્વ હિન્દુ પરિષદનું સંમેલન સિદ્ધપુરમાં. ધર્મધુરંધરો ત્યાં હાજર. આવી રહેલા હરિદ્વારના કુંભમેળાના આયોજનની વાતો થઈ. સૌ બોલ્યા ને કુંભમેળો ભવ્યાતિભવ્ય રીતે સંપન્ન કરવાની અપીલ કરી. એ જ ભગવાં ધારણ કરેલ સાધુએ જુદો મત વ્યક્ત કર્યો. તેમણે કહ્યું : આપણે આઠ અબજ રૂપિયા ખર્ચીશું આ કુંભમેળામાં! અહીં બનાસકાંઠામાં દુકાળ છે, લોકો જીવનમરણ વચ્ચે ઝઝૂમે છે. ભૂખના કારણે ધર્માંતરણનો ભય છે. આપણે કુંભમેળો બંધ રાખી, એ નાણું બનાસકાંઠાના દુકાળમાં પીડાતાં લોકો માટે ન વાપરી શકીએ? એ ધર્મકાર્ય ન ગણાય?' જુવાન સાધુના આ 'હલ્લા બોલ' થી આખો માહોલ ઉગ્ર થઈ ગયો. સામો પડકાર ફેંકાયો : 'કુંભમેળો અમે કરીશું, જોઈએ તો ખરા કે તમે કેવાંક રાહત કાર્યો કરો છો?'.... અને એ સાધુએ ચેલેન્જ ઉપાડી. સાંતલપુર, વારાહી, સુઈ ગામ ફરી સર્વે કર્યો. સુઈ ખાતે કેમ્પ બનાવ્યો. ભાદરણના ચુનીભાઈ પટેલ સૌ પહેલાં પચ્ચીસ હજાર રૂપિયા આપી ગયા અને પછી તો નાણું આવતું ગયું. ક્યાંથી આવ્યું ભગવાનને ખબર! ચાલીસ હજાર કિલો અનાજ વેચ્યું. મફત નહીં, એક પૈસે એક કિલો. ટીબી ફેલાયેલો. ડૉક્ટરોની ટીમ ખડે પગે. ખૂબ કામ થયું અને છેલ્લા ગામ લોકોને ભેગાં કરી સાધુ બોલ્યા : 'બધું કામ કરવા છતાં મારી પાસે બત્રીસ હજાર બચ્યા છે. જો ગામ બીજા એટલા જ રૂપિયા ભેગા કરે તો અહીં જ તે વાપરી નાખીએ.' ગામમાંથી તો ત્રણસો માંડ ભેગા થાય એવી સ્થિતિ હતી. સાધુએ સંકલ્પ કરાવ્યો ગામલોકો પાસે કે એક હજાર મણ બાજરી ભેગી કરવી. ત્રીસ રૂપિયા મણ લેખે તેના ત્રીસ હજાર ફાળામાં લઈશું...અને ભગવાનની કૃપાથી એવો સારો વરસાદ થયો કે પાક લણ્યાના પાંચમા દિવસે હજાર મણ બાજરી હાજર! અગાઉ બચેલાં નાણાં અને આ બાજરી વેચાણના રૂપિયામાંથી ગામમાં જેની જરૂર હતી તે હાઈસ્કૂલ શરૂ થઈ. છાત્રાલય થયું. આજે આ છાત્રાલયમાં જમવાનું ફ્રી છે. સાધુ મહારાજે પડકાર ઉપાડ્યો એટલું જ નહીં, સેવાકાર્યનો પડાવ પણ નક્કર ઊભો કર્યો.

પછી તો દંતાલીમાં રસોડું કર્યું. એમાંથી માનવતાની બધી પ્રવૃત્તિઓ શરૂ થઈ. દંતાલી-કોબા-ઊંઝામાં...વૃદ્ધાશ્રમ, અનાથાશ્રમ, સદાવ્રત...ઊંઝાના સ્મશાનમાં આજે ય અંત્યેષ્ટિ માટે એક રૂપિયામાં લાકડાં અપાય છે. દીક્ષા લઈને ગુજરાત આવ્યા ત્યારે સ્વામી સચ્ચિદાનંદ નામધારી દેહ દંતાલી આવ્યો અને પોતાની પાસેના બચતના રૂપિયા તેર હજાર ગામને આપી દીધા એક રૂમ બાંધવા. ઢોરો ચરતાં'તાં તે જમીન તેના માલિકે આપી. ફંડફાળા વગર બે રૂમ બનાવ્યા ને આશ્રમ શરૂ! પ્રચાર નહીં, માંગવાનું નહીં, જે સહજતાથી આવે તે વહેંચી દેવાનું. પ્રશ્ન થયો : વગર માંગે આવ્યા જ કરે છે તેનું શું કરવું? ગામ લોકો કહે કે મહારાજ આ બધું આપનું છે, આનું ટ્રસ્ટ ન બનાવાય. સ્વામીજીને આ વાત મનમાં ન બેઠી. ગામને અંધારામાં રાખી પેટલાદ જઈ ટ્રસ્ટ બનાવ્યું ને એ ટ્રસ્ટ બધી જ પ્રવૃત્તિ કરે છે, આજે પણ.

પૂજા-પાઠ-ભજન-કીર્તન-સત્સંગ માટે મંદિર હોય તો સારું રહે એવી ભક્તોની માંગ હતી. સ્વામીજીએ કહ્યું : 'મંદિર બાંધીએ પણ આપણે ચોઘડિયું જોયા વગર પ્રાણપ્રતિષ્ઠા કરીશું અને હરિજનને પૂજારી બનાવીશું, બોલો છે કબૂલ?' અને ગામવાસીઓ માનવીય ક્રાંતિમાં હોંશે હોંશે સંમત થયાં!

આવા રિવોલ્યુશનરી સંત તે આપણા સ્વામી સચ્ચિદાનંદજી. આ વિદ્રોહભરી સચ્ચાઈ કાંઈ અમસ્તી જ નથી પ્રવેશી આ કાયામાં! જન્મથી જ સંગ્રહ થયો છે સંઘર્ષનો, પોતે અસ્પૃશ્યતા અનુભવી છે કુમળી વયે. પિતા મોતીલાલ માવજી ત્રિવેદી શ્રીમાળી બ્રાહ્મણ અને માતા વાલીબહેન ઔદિચ્ય બ્રાહ્મણ. બન્ને બ્રાહ્મણ ખરાં પણ અલગ અલગ!! એટલે પિતાને જ્ઞાતિ બહાર મૂકેલા. એક કાકા મણિલાલ. તેને પણ નાતે કહ્યું કે મોટાભાઈને છોડો તો જ્ઞાતિમાં, નહીં તો બહાર. કાકા મોટાભાઈની હારે રહ્યા. પિતા શિક્ષક. પાછલી જિંદગીમાં ટીબી થયેલો. દીકરો ત્રણેક વર્ષનો હતો ત્યારે દૂર ઊંચી ટેકરી પરથી પિતાની સ્મશાનયાત્રા જોયાનું સ્મરણ છે માત્ર! બાર-તેર વર્ષની ઉંમરે માતા અને કાકા પણ ગુમાવ્યાં. છઠ્ઠું કે સાતમું ધોરણ ભણ્યા પછી બંધ. કોઈ સહારો નહીં. પેટની ચિંતા. રાંધવાનું-ખાવાનું-

કૂવેથી પાણી ભરી લાવવાનું- ઘરનું કામ કરવાનું એટલે ભણવામાં કંઈ મહેનત ન કરી. તોફાનો ય કર્યા. વાઘરીભાઈઓની વાડીએથી ચીભડાં ચોર્યા. બીડી પણ ફૂંકી. સાતમા ધોરણમાં નવ વિદ્યાર્થી. એક ભાવસારનો દીકરો. એના બાપને બીડીની દુકાન. થોડી સાથે લાવે એ રિસેસમાં બીડી સળગાવે. પહેલો વારો બ્રાહ્મણનો ને છેલ્લો મુસલમાનનો! યાદ છે કે હરિજનના છોકરાને વર્ગની બહાર બેસાડતા ત્યારે તેનું લેશન મુસલમાન ચેક કરે. તેને મારવો પડે તો સોટીથી મુસલમાન મારે, સાહેબો એને ન અડે. જો કે, પછીથી એ હરિજનનો છોકરો ધારાસભ્ય થયો. સ્વામીજીએ તો હરિજનને મંદિરના પૂજારી તરીકે સર્વસ્વીકૃત બનાવ્યો!

આજે ૮૧ વર્ષે સ્વામી સચ્ચિદાનંદજીના અવાજમાં રણકો છે, બુલંદી છે. એમની વાતોમાં ભારોભાર સચ્ચાઈ છે. એમનાં ભગવાં વેશમાં પારદર્શકતાની ઊંચાઈ છે. પૂર્વાશ્રમની વાતો નિઃસંકોચ વર્ણવે છે. મોટી આંખોમાં ઝીણાં સ્મૃતિ બિંદુ ભરી વાત માંડે છે : 'કેટલીક વાતો એવી છે કે મને કહેતાં રડવું આવી જાય છે. હું દસ વર્ષનો હતો ત્યારે મારી માને ચિંતા રહેતી કે આનાં લગ્ન ક્યાં થશે? જ્ઞાતિમાં આને આપશે કોણ? સાત ધોરણ પછી નોકરી કરી વેપારીને ત્યાં. પાનની દુકાન કરી. પંદરમાં વર્ષે પોલીસમાં જૂઠું બોલી રાઈટર તરીકે નોકરી કરી. કોઈનો સાથ નહીં. બીજું કંઈ સૂઝે નહીં. પાટણ જિલ્લાના સમી તાલુકાનું ભૂજપુર ગામ મારું. ત્યાંથી રાધનપુર લગભગ ત્રીસ કિ.મી. ચાલીને ગયેલો. નીચેના સ્ટાફે શીખવેલું કે પોલીસ અધિકારીને કહેજે : 'સત્તર પૂરાં થયાં છે ને અઢારમું ચાલે છે' તો નોકરી મળશે! તરત ઓર્ડર મળ્યો અઢી વર્ષ નોકરી કરી પોલીસ ખાતામાં! નવાબી સ્ટેટનો કાયદો કડક. ચોરીચકારીનું નામ નહીં. સોળ રૂપિયા પગારમાંથી બધું ચલાવવાનું. ગરીબી ખરી પણ હતાશાનો કોઈ વિચાર નહીં. પ્રવાહ જ્યાં લઈ જાય ત્યાં જવાનું. પ્રવાહ સાથે ધકેલાવાનું. બિલીમોરાની કાપડ મિલમાં નોકરી કરી. ગાંસડી પર નામ લખવાનાં. ગાંસડીઓ ઊંચકી હેરાફેરી કરવાની. ત્યાં મને ટીબી થયો. શરીર ફીક્કું પડી ગયું. ગામની બહાર ચોખ્ખી હવામાં રહેવાની ડૉક્ટરે સલાહ આપી. ગામથી દૂર પારસીનો બંગલો. પારસીએ એમાં આત્મહત્યા કરેલી એટલે એમાં ડરના માર્યા કોઈ રહેવા ન જાય. મેં એ ભૂતબંગલામાં રહેવાનું શરૂ કર્યું. પિક્ચર જોવાનો, નવલકથા વાંચવાનો, સિગારેટ પીવાનો એ સમયે ભારે શોખ. રોજ નોકરીએ જતાં-આવતાં એક ટેકરો ચઢ ઊતર કરું. ત્યાં એક ભિખારી ગાયા કરે : "ફૂલા ફૂલા ફિરે જગત મેં, કૈસા તેરા નાતા રે?" આ સાંભળીને લાઈબ્રેરીમાંથી 'કબીરવાણી' પુસ્તક લાવી વાંચ્યું ને મારું ધાર્મિક જીવન શરૂ થયું.'

એક આર્યસમાજી મિત્રને ત્યાં હવન થાય તેમાં હાજરી હોય. નાતજાતના વાડામાં આર્યસમાજ માને નહીં. તે મિત્રના ઘર પાસે યુ.પી.નો એક પરિવાર. તેની એક જુવાન દીકરી. તેની સાથે પરિચય થયો અને પ્રેમ પણ થયો. એક વાર તો બન્નેએ ભાગી જવાનું નક્કી કર્યું. છ મહિનાના પ્રેમ સંબંધમાં એક વાર સ્પર્શ! અચાનક એ લોકો યુ.પી. જતા રહ્યા ને આઘાત-વિરહ વેદના અપાર શરૂ થઈ. હતાશામાં ઝેર પી લીધું. ગીતો-દુહા રચે, ફિલ્મ ન જોઈ શકે, રડવા લાગે. સ્વામીજી કહે છે : 'આ ન થયું હોત તો હું આજના માર્ગે ફેંકાયો ન હોત! અમે બન્ને ભાગી જવાનાં હતાં ત્યારે શ્રીરામ શુક્લ નામના ચોકીદારે મને પાંચ દિવસ સમજાવ્યો ન હોત તો? એમ લાગે કે, આપણને કોઈ ચલાવી રહ્યું છે, 'આમ જા...આમ જા.' માથું મૂંડાવી નાખ્યું, ચાંખડી પહેરવા લાગ્યો. પાન-સિગારેટ ફિલ્મ છોડ્યું. પૈસાનો હિસાબ કરી બધું છોડી સવા રૂપિયો હાથમાં લઈ સંસાર છોડી નીકળી પડ્યો. એક જ દિવસમાં બધું છોડ્યું. ખૂબ ભટક્યો, ખૂબ અનુભવ લીધા. ૬૦ વર્ષથી અંદર રહીને બધું જોઉં છું! પંજાબી ગુરુ સ્વામી મુક્તાનંદજી પાસે ફિરોઝપુરમાં દીક્ષા લીધી. ગુરુદક્ષિણામાં આચાર્ય સુધી કાશી વિદ્યાપીઠમાંથી ભણ્યો. એ વખતે મને પાંચ સ્કોલરશિપ મળતી. ગૉલ્ડમૅડલ મળેલો પણ લેવા જ ન ગયો. વિનોબાજી પાસેથી શીખેલો : 'મુક્ત કા ખાવે, સો ચોર કહાવે.' મારા ગુરુએ કહ્યું : પૈસાનો ત્યાગ નહીં કરવાનો, પણ સહજતાથી જે આવે તેનો સદ્ઉપયોગ કરવાનો.'

આ તો થઈ સ્વામી સચ્ચિદાનંદજીની જીવનયાત્રા. સ્વામીજીના જીવનનું વૈચારિક રૂપાંતરણ એક બહુ મોટો અધ્યાય છે. વિદેશી ગુણોને બિન્દાસ્ત થઈ વખાણતા સ્વામીજી ભારત માટે 'વીરતા પરમો ધર્મઃ' ની નીતિના જબરા સમર્થક છે. જેમના શરીરે ભગવાં વધું ઊજળાં લાગે છે તે સ્વામીજી નોખી માટીના અને અનોખી ઘાટીના સંત સહજતાથી દીસે છે. ■

## માતા

- ★ માતાના બે ચરણ છે : સમતા અને મમતા.
- ★ માતાના બે હાથ છે : અભય અને વરદાન.
- ★ માતાની બે આંખ છે : ક્ષમા અને કરુણા.
- ★ માનું હૃદય એ પ્રેમમંદિર છે.
- ★ દૂધ દેનારીને ઘડપણમાં હૂંફ દેવાનું ચૂકતો નહીં.
- ★ મરતી "મા" જીવતા દીકરાની ચિંતા કરે છે પણ જીવતા દીકરાને મરતી "મા"ની પડી નથી.
- ★ ગમે તેવા હોય ગુણીજન, તોય "મા"ના સૌ ઋણીજન.
- ★ માનવતાનો પહેલો પાઠ માતાનું વાત્સલ્ય છે.
- ★ માતા એ શબ્દ નથી, શબ્દતીર્થ છે.
- ★ માતા સમાન કોઈ ગુરુ નથી.
- ★ પેટમાં પાંચ દીકરા જેને ભારે નહોતા પડ્યા, એ "મા" પાંચ ફ્લેટમાં ભારે પડે છે.
- ★ ક્ષમા, કરુણા અને ધૈર્યની ત્રિમૂર્તિ એટલે માતા.

*ચંદ્રકાંત દામજી શાહ (કે.ડી. શાહ) - અમદાવાદ*

લઘુ કથા

# કાવડ

આરતીબા ગોહીલ "શ્રી"

સાંજની વેળ્યુ વળી ગઈ. ઓંશરીની પગથારે એણે ફાનસની વાટ ચડાવી. ડેલી સુધી ગઈ, શેરીમાં ડોકિયું કર્યું. ઘરની પછીતે વળાંક લેતા રસ્તા સુધી નજર દોડાવી. નીરવતા ઘેરીવળી.

ભાંગેલા પગે એ રસોડામાં ગઈ. ચૂલામાં છાણું નાખી દેવતા સંકોર્યો. તાવડી માથેથી રોટલો ઉતાર્યો. લસણ-મરચાની ચટણી સાથે થાળીમાં ગોઠવ્યો. કોઈ દેવતાને જમાડતી હોય તેમ તાકી રહી. બેસી પડી. બે દિવસથી આમ જ થતું. એ રાહ જોતી રણછોડની.

લીલી પરિક્રમાં શરૂ થઈ હતી. અશક્ત, અપંગ જાત્રાળુઓને કાવડમાં બેસાડી દત્તાત્રેયની ટૂક સુધી લઈ જવાનું ને હેમખેમ પાછા લાવવાનું કામ રહેતું. હાથ ખરચીનું થઈ રહેતું, લાણી વખતે ખેતમાં કામ કરી વરસનું અનાજ ભેગું કરી લેતાં, આમ રેવતી અને રણછોડનો સંસાર ગબડ્યે જતો.

બે દિવસ થયા, રણછોડ હજી પાછો ફર્યો ન હતો. બેઠા બેઠા ઝોકે ચડેલી રેવતી ધીમા પરિચિત પગલે જાગી. ખાલી કાવડ મૂકતાં એણે જોયો.

રણછોડે ફળિયા વચ્ચે પડેલા ખાટલા માથે શરીર પડતું મૂક્યું. આંખનાં પોપચાં ઢળી પડ્યાં. સમયનું ચક્ર વીસ વરસ પાછું ધકેલાયું. એ ભૂતકાળમાં સરી પડ્યો.

રણછોડની બાળહઠ સામે બાપુ ઢીલા પડ્યા હતા. કાવડના જાત્રાળુના નાનામોટા કામ કરશે, ટેકો રહેશે. એમ વિચારી પરિક્રમામાં સાથે લીધો.

ગિરનારના જંગલમાં અંતરિયાળ ભાગે, તે દિવસે રાત વહેલી વળી ગઈ હતી. ધર્મશાળાએ પહોંચવા બાપુના પગ ઉતાવળા પડતા હતા. નાનકો રણછોડ પાછળ ઢસડાયે જતો હતો.

ને...અચાનક, ગાત્રો ધ્રુજાવતી ત્રાડ...શરીરમાં ભયની ધ્રુજારી, પગથી માથા સુધી પરસેવો છૂટી પડ્યો. ચીસ ગળામાં અટવાઈ, ને પગ થાંભલો થઈ ચોંટી ગયા. બાપુ જાત્રાળુને બચાવવા કાવડ આડા ભીંત થઈ ઊભા હતા.

આગના ગોળા જેવી બે આંખ, ભાલાની અણી જેવા નખ અને પંજા બાપુ સાથે ઝળુંબતા એણે જોયા. હતી એટલી હામ ભેગી કરી એ દોડ્યો. છોકરડા જેવો રણછોડ બાપુની આડે ઢાલ બની ઊભો.

ડાલામથ્થો છંછેડાયો. પંજાના એક વારથી રણછોડ દૂર ફંગોળાયો. સાવજ સામે ઝઝૂમતા બાપુ પંજા અને જડબાના તીખા તીક્ષ્ણ વારથી ઢળી પડ્યા...! લોહી નીંગળતી હાલતમાં પણ જાત્રાળુને બચાવ્યાનો સંતોષ અને કાવડનો ધરમ નિભાવ્યાનો પરમ આનંદ એમના મોં પર હતો...? "બેટા, કાવડનો...ધરમ સંભાળજે...!" બોલી લાંબી જાત્રાએ નીકળી પડ્યા.

રણછોડ વિચારયાત્રાએથી પાછો ફર્યો. આંખ ખોલી, જોયું તો રેવતી પાણી લઈ બાજુમાં ઊભી હતી. રણછોડના મોં, હાથ ને પગની પીંડીમાંથી લોહીની ધાર ને કપડાં 'ઠેક ઠેકાણેથી ફાટેલાં જોયાં.'

'અર...ર માડી, આ શું ભાળું...?'

સાડલાના છેડાથી ઘાવ લુછતાં લુછતાં હિબકે ચડી.

'કેમ કરતા જનાવર ભેટી ગયું હૈ...?"

એણે હેતાવળા હાથે રેવતીને નજીક ખેંચી "ગાંડી, કંઈ નથી થયું. આજ કાવડની રખેવાળીનો ધરમ નિભાવ્યો. ને, આ તો બધી સાવજની પ્રસાદી કેવાય. સાચા આશીર્વાદ તો બાપુના, તે તારું મોં ભાળ્યું. જો...બાપુ ઉપર બેઠા-બેઠા આશીર્વાદ આપે...!"

*૯૫-એ, રૂપાલી સોસાયટી, તળાજા રોડ,*
*ભાવનગર-૨,*
*મો. ૯૪૨૭૭૫૪૨૦૭*

## આપણો વ્હેવાર જૂઠો

આપણો વ્હેવાર જૂઠો, આપણી સમજણ ગલત,
લાગણીમય તોય છે તારી રમત, મારી રમત.

સાત સપનાં, એક સૂડો, પાંદડાનું આ જગત,
થાય છે લીલો-સૂકો તારો વખત, મારો વખત.

પથ્થરોના પેટનું પાણી લઈને હાથમાં,
ઊંઘના ઘરમાં જશું, તારી શરત, મારી શરત.

વાંઝિયા આ શબ્દના વસ્તારના ભારે ઋણી,
ઠીક સચવાઈ ગયું તારું અસત, મારું અસત.

શોધમાં 'ઈર્શાદ' છે, ચહેરા વગરનો આદમી,
જે નથી હોતો કદી તારો ફક્ત, મારો ફક્ત.

*– ચિનુ મોદી*

પર્યાવરણ

# મહારાવ ખેંગારજી ત્રીજાનો વનસ્પતિ પ્રેમ

હરેશ ધોળકિયા

કચ્છમાં જાડેજા વંશના કુલ અઢાર રાજાઓ થયા. ખેંગારજી પહેલાથી મહારાવ મદનસિંહજી (૧૯૪૮) સુધી આ વંશ ચાલ્યો. બધા રાજાઓ મોટાભાગે શાંત હતા, પ્રજા પ્રેમી હતા. તેમણે ખાસ ખટપટ કરી હોય તેવું નથી દેખાતું. એક જ રાયધણજી બીજાને મુસ્લિમ ધર્મને પ્રોત્સાહન આપવા જતાં પ્રજાનો વિરોધ સહન કરવો પડ્યો અને કેદ પણ ભોગવવી પડી. બાકીના સ્વસ્થ જ રહ્યા. રાવ લખપતજી તેમની સાહિત્ય પ્રીતિ, કળા પ્રીતિ અને ઉદ્યોગોને પ્રોત્સાહન આપનાર તરીકે પ્રસિધ્ધ થયા. પણ બધાએ તેમનાથી થાય તે રીતે પ્રજાને સુખી કરવા કે પ્રોત્સાહિત કરવા પ્રયાસ કર્યો.

આ બધા રાજાઓમાં રાવ ખેંગારજી ત્રીજાએ સૌથી વધારે લાંબું રાજ્ય કર્યું. તેમનો મોટાભાગનો સમય આમ તો અંગ્રેજો અને ભાયાતો સામે લડવામાં જ પસાર થઈ ગયો. છતાં તે દરમિયાન, તક મળી ત્યારે, તેમણે અન્ય પ્રવૃત્તિઓમાં રસ લેવાનો પ્રયાસ કર્યો. તેમાં બે બાબતો તેમના પ્રોત્સાહનથી પ્રકાશમાં આવી.

એક બાબત હતી કચ્છનાં પક્ષીઓ. તેમના સમયમાં ભારતના જાણીતા પક્ષીવિદ્ શ્રી સાલીમઅલી કચ્છમાં આવેલા. તેમને ખેંગારજીએ પ્રોત્સાહિત કર્યા અને પરિણામે આપણને અંગ્રેજીમાં "ધ બર્ડઝ ઓફ કચ્છ" પુસ્તક મળ્યું. આજે પણ આ પુસ્તક પ્રમાણભૂત મનાય છે.

બીજી ઘટના એ બની કે કચ્છના જ એક વતની એવા શ્રી જયકૃષ્ણ ઇન્દ્રજી સમય જતાં એક બહુ મોટા વનસ્પતિશાસ્ત્રી થયા. તેમણે પોરબંદર રાજ્યમાં 'જંગલ અને બાગાયતી ખાતા'ના 'ક્યુરેટર' તરીકે સેવાઓ આપી. તેના આધારે તેમણે 'વનસ્પતિશાસ્ત્ર' જેવો ઉત્તમ ગ્રંથ આપ્યો.

જયકૃષ્ણજી પોરબંદર હતા તે દરમિયાન મહારાવ ખેંગારજી જામનગરના રાવ જામસાહેબ સાથે બરડા ડુંગરમાં દીપડાના શિકારાર્થે આવ્યા. તે સમયે જયકૃષ્ણજી તેમને સલામ ભરવા ત્યાં આવેલ સકરંચા મુકામે ગયા હતા. ત્યારે સાથે તે બરડાની કેટલીક સુગંધિત ફૂલોવાળી વનસ્પતિ પણ લઇ ગયા હતા અને તેમને ભેટ આપી. તે જોઈ ખેંગારજી ખુશ થઈ ગયા અને જયકૃષ્ણજીને તેમણે તેનાં કચ્છી અને ગુજરાતી નામો પણ કહ્યા. જયકૃષ્ણ તો ઉત્તેજિત થઈ ગયા. એટલે, તેનો લાભ લઈ, તેમણે મહારાવને પોતે કચ્છની જડીબુટ્ટીઓ વિશે લખવા માંગે છે તેવું કહ્યું.

આ સાંભળી તરત મહારાવે તેમને સ્નેહપૂર્વક કહ્યું કે, "જ્યારે જ્યારે કચ્છમાં આવવાનું થાય ત્યારે ભુજ આવવું અને ત્યાંથી વનસ્પતિના નમૂના ભેળા કરશો તેનાં કચ્છી નામો તમને કહેવામાં આવશે અને કચ્છમાં કઈ કઈ જગ્યાઓએ વિશેષ વનસ્પતિ થાય છે તે પણ જણાવવામાં આવશે."

પરિણામે, જયકૃષ્ણજી લખે છે, "જ્યારે જ્યારે કચ્છ જતો, ત્યારે નામદાર હજુર શ્રી સાહેબની સલામે જતો અને ત્યાંની વનસ્પતિઓ જોવા સંબંધી અરજ કરી તેનો લાભ પણ લેતો."

પહેલીવાર (૧૯૧૩) તે ભુજ ગયા ત્યારે ખેંગારજીને મળવા ગયા ત્યારે મહારાવે તેમને ભુજ પાસે આવેલ ભુજિયો ડુંગર જોઈ તેમાંની વનસ્પતિઓની નોંધ કરવાનું ફરમાન કર્યું. જવા માટે બધી સગવડ પણ કરી આપી. તે ભુજિયા પર ગયા અને ત્યાંની વનસ્પતિઓ એકઠી કરી. પછી તેનાં ગુજરાતી નામો અને નમૂના લઈ મહારાવ પાસે ગયા. તરત મહારાવે તેમને તેનાં કચ્છી નામો પણ લખાવ્યાં.

આ પળે બંને કેવા ભાવમાં હતા તે જયકૃષ્ણ ઇન્દ્રજીએ ખૂબ સરસ રીતે વ્યક્ત કર્યું છે. તે લખે છે, "જેમ એક પરમ પૂજ્ય પિતા કે પરમ પૂજ્ય ગુરુ પોતાના પુત્ર કે શિષ્યને સ્નેહથી ભણાવે - શીખવે - સમજાવે, તેવી રીતે લખનારને (પોતાને) સમજાવી પરમ કૃપાળુ નામદાર શ્રી બાવાસાહેબ (ખેંગારજી) કચ્છી નામો ગુણદોષ સાથે લખાવતા હતા. આ પ્રસંગે હું કોની સાનિધ્યમાં ક્યાં બેઠો છું તેમને તેમના આ ઉત્કૃષ્ટ ગુણ અને જ્ઞાનના લીધે બિલકુલ વિસ્મૃત થઈ ગયું હતું. હું તો કેવળ શ્રી હજૂર સાહેબના વચનામૃતમાં જ લીન થઈ ગયો હતો. ઓહો! નામદાર હજૂરશ્રીની આવી વાત્સલ્યતાની મારા હૃદય પર એટલી બધી અસર થઈ હતી કે તે લખી દેખાડવા કોઈ શબ્દ નથી. એ મન જ જાણે છે."

બીજી વાર જ્યારે જયકૃષ્ણજી કચ્છ ગયા (૧૯૧૭), ત્યારે ફરી તે મહારાવને મળ્યા. ત્યારે તેમણે તેને દરબારી મહેમાન તરીકે આગતાસ્વાગતા કરી અને દરબારી ઉતારામાં રાખ્યા હતા. મહારાવે આ વખતે તેમને ચાડવા ડુંગરની વનસ્પતિઓનો અભ્યાસ કરવા કહ્યું. તે માટે તેમણે તેમને આવવા જવાની સગવડ પણ કરી આપી. એટલું જ નહીં, પણ કચ્છના શરદબાગના સુપ્રિન્ટેન્ડન્ટ તથા ઘાસ અધિકારીને ચાડવામાં આવેલ ઝરા, નદીઓ, વનરાઈ વગેરે પણ બતાવવાની આજ્ઞા કરેલ. ત્યારે પણ મહારાવે એ બધી વનસ્પતિઓનાં કચ્છી નામો તેમને લખાવેલ.

(અનુસંધાન : જુઓ પાના નં.-૬૫ ઉપર)

પર્યાવરણ

## વિશ્વ પર્યાવરણ દિને

# પર્યાવરણની સાચવણી – ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ

ફાધર વર્ગીસ પોલ, એસ.જે.

ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ પર્યાવરણને સમજવા અને સમજાવવા માટે મારી પાસે એક અનોખો ગ્રંથ છે. વિશ્વભરમાં અનેક ભાષાઓમાં અનુવાદિત થયેલો પ્રસ્તુત ગ્રંથ એટલે વડાધર્મગુરુ પોપ ફ્રાન્સિસના પર્યાવરણ અંગેનો વૈશ્વિક પરિપત્ર 'લાઉડાતો સી' અર્થાત્ 'તમારી સ્તુતિ હો.' એનું ઉપશિર્ષક છે : "આપણા સહિયારા ઘરની સંભાળ વિશે."

પોપ ફ્રાન્સિસ કહે છે કે, લોકો ખુદ માણસ હોવાને નાતે પર્યાવરણની સંભાળ રાખવા બંધાયેલા છે. ખ્રિસ્તી લોકો એમની શ્રદ્ધાના અવિભાજ્ય ભાગ રૂપે સમગ્ર સર્જનમાં પોતાની જવાબદારી તથા પ્રકૃતિ અને સર્જક પ્રત્યેની પોતાની ફરજો સમજવાની હોય છે.

બાઇબલના પ્રથમ ગ્રંથ 'ઉત્પત્તિ'માં સર્જનની વાત છે. સર્જન કથાના અંતે બાઈબેલ નોંધ્યું છે કે, "અને ઇશ્વરને પોતે બનાવેલું બધું ખૂબ જ સારું લાગ્યું" (ઉત્પત્તિ ૧:૩૧). ઇશ્વરના સમગ્ર સર્જનમાં માણસનું વિશેષ સ્થાન છે. બાઈબલ કહે છે તેમ, ઇશ્વરે સ્ત્રી અને પુરુષને ખાસ પ્રેમથી સર્જ્યા છે. પોતાની પ્રતિમૂર્તિરૂપ અને પોતાને મળવા આવતા હોય એવા માણસને સર્જ્યા છે. (જુઓ ઉત્પત્તિ ૧:૨૬). એટલે ઇશ્વર દરેક માણસને કહી શકે છે કે, "તને ગર્ભમાં ઘડ્યો તે પહેલાં મેં તને પસંદ કર્યો હતો" (ઇર્મિયા ૧:૫).

બાઈબલની આ સર્જન કથા સમજાવતાં પોપ ફ્રાન્સિસ જણાવે છે કે, માનવજીવન ત્રણ મૂળભૂત પ્રકારના સંબંધો સાથે નિકટપણે બંધાયેલું છે : ઇશ્વર સાથેનો સંબંધ, આપણા પડોશી સાથેનો સંબંધ અને ખુદ ધરતી સાથેનો સંબંધ. આ ત્રિવિધ સંબંધની સંવાદિતાને સાચવવાને બદલે ધરતી પર - સમગ્ર સર્જન પર - હકૂમત ભોગવવાના માણસના પ્રયત્નથી સંવાદિતતાને બદલે પૃથ્વી પર સંઘર્ષ થયો.

પોપ ફ્રાન્સિસ 'લાઉડાતો સી'માં કહે છે તેમ, માણસને ખૂબ જવાબદારીપૂર્વક પૃથ્વીની સાધનસામગ્રીને વાપરવાની હોય છે. દરેક જીવને ઇશ્વરની દૃષ્ટિમાં આગવું સ્થાન છે. દરેક જીવ પોતાના અસ્તિત્વ માત્રથી ઇશ્વરની સ્તુતિ ગાય છે. બાઈબલ કહે છે કે, "સદાસર્વદા પ્રભુજી કેરો મહિમા વ્યાપી રહેજો, નિજ સૃષ્ટિમાં પ્રભુજી વિલસી રહેજો." (સ્તોત્રસંહિતા ૧૦૪:૩૧)

ખ્રિસ્તી ધર્મના ધર્મશિક્ષણના ગ્રંથમાંથી પોપ ફ્રાન્સિસે ટાંકેલું અવતરણ અહીં ખાસ નોંધનીય છે. "દરેક પ્રાણીમાં ખુદ પોતાની આગવી ભલાઈ અને સંપૂર્ણતા સમાયેલી છે... જીવોની વૈવિધ્યસભર દુનિયામાં દરેક પ્રાણી પોતપોતાની રીતે ઇશ્વરની ભલાઈ તથા અસીમ જ્ઞાનના કિરણને પ્રતિબિંબિત કરે છે. એટલે માણસે દરેક જીવની આગવી ભલાઇનું આદરમાન કરવું જોઈએ અને એના દુરુપયોગમાંથી દૂર રહેવું જોઈએ."

ખ્રિસ્તી ધર્મની દૃષ્ટિએ પર્યાવરણની સાચવણીમાં ઇશ્વરસર્જિત દરેક જીવ અને અચલ વસ્તુઓ પ્રત્યે આદરમાન અને યોગ્ય એટલે જરૂર પૂરતો ઉપયોગ મહત્ત્વનો છે. એ જ રીતે આપણા પડોશી એટલે સીધી કે આડકતરી રીતે આપણને સ્પર્શતા દરેક માણસ સાથે સારો સંબંધ રાખવા અને બધા સાથે સંપ સુમેળભર્યું જીવન જીવવા આપણે હંમેશાં પ્રયત્નશીલ રહેવું જોઈએ. પોપ ફ્રાન્સિસ 'લાઉડાતો સી'માં કહે છે કે, "દરેક બાબત, દરેક ચીજવસ્તુ અરસપરસ સંબંધિત છે અને આપણી જાત પ્રત્યે પ્રામાણિક સારસંભાળ તથા પ્રકૃતિ સાથેનાં આપણા સંબંધો બીજાઓ પ્રત્યેની વફાદારી, નીતિન્યાય અને બંધુતા - ભાઈચારાથી અભેદ્ય છે."

સર્જનની કથામાં ઇશ્વરે છ-છ દિવસ સર્જન કર્યા પછી સાતમે દિવસે કામ બંધ કર્યાની વાત છે. ઉત્પત્તિનો ગ્રંથ કહે છે, "ઇશ્વરે સાતમા દિવસને આશીર્વાદ આપ્યા અને તેને પવિત્ર ઠરાવ્યો. કારણ, એ દિવસે એણે સર્જનકાર્ય પતાવી કામ બંધ કર્યું હતું." ઈશ્વર સાથેના સંબંધમાં ખ્રિસ્તી લોકો દુનિયાભરમાં સાતમા દિવસે રવિવારને કે મુસ્લિમ દેશોમાં શુક્રવારને પવિત્ર માની રજા રાખે છે. પર્યાવરણની સાચવણીમાં આ રજા ફક્ત માણસો માટે જ નહીં પણ જાનવરો તથા સમગ્ર સર્જનને મળવા જોઈએ.

માણસના ઇશ્વર સાથેના સંબંધમાં બાઈબલ ઘણીવાર ઇશ્વરની સ્તુતિ અને આરાધનાની વાત કરે છે. સ્તોત્રસંહિતાનું પ્રકરણ ૧૩૬ વારંવાર ગાય છે, "પ્રભુનો માની લો આભાર, એ છે ભલાઇનો ભંડાર, એની કરુણા શાશ્વત અપરંપાર" (સ્તોત્રસંહિતા ૧૩૬:૧). સ્તોત્રસંહિતાનું પ્રકરણ ૧૪૮માં વિશ્વંભર પ્રભુની આરતી છે. "જયજયકાર પ્રભુનો હોજો, પ્રભુનો જયજયકાર." બાઈબલની આવી બધી વાતો આપણને સભાન બનાવે છે કે, ઇશ્વરે પ્રભુના સમગ્ર સર્જનમાં પ્રભુની હાજરી છે. પ્રભુ સમગ્ર સર્જનમાં કાર્યરત છે. પ્રભુનું સમગ્ર સર્જન આપણને પ્રભુના પ્રેમની વાત કરે છે. વિશાળ આકાશ, પાણી, પર્વતો બધું જ ઇશ્વર પ્રભુની ઘોષણા કરે છે. જ્યારે આપણે સમગ્ર પર્યાવરણને ઇશ્વરની હાજરી, પ્રેમ અને

(અનુસંધાન : જુઓ પાના નં.-૫૭ ઉપર)

આરોગ્ય

# વૈશ્વિક ચિત્તભ્રમ દિન : ૨૪ મે

## World Schizophrenia Day : 24th May

ડૉ. મણિલાલ ગડા
ડૉ. દિપ્તી શાહ (ગડા)

વિશ્વભરમાં ૨૪ મે વૈશ્વિક ચિત્તભ્રમ દિન (World Schizophrenia Day) તરીકે મનાય છે. આ દિવસે આરોગ્યને લગતા જાહેર કાર્યક્રમો યોજાય છે. જેમાં ચિત્તભ્રમની બીમારી વિશે વૈજ્ઞાનિક જાણકારી આપવામાં આવે છે અને ચિત્તભ્રમ બીમારી વિશેની ગેરસમજ તથા ભૂલભરેલી માન્યતાઓને દૂર કરવા વૈજ્ઞાનિક પ્રયત્ન કરાય છે. આને લીધે ચિત્તભ્રમ બીમારીથી પીડાતી વ્યક્તિનું યોગ્ય અને ત્વરિત નિદાન થઈ શકે, યોગ્ય આધુનિક સારવાર થઈ શકે. જેના લીધે વ્યક્તિ ગુણવત્તાભર્યું જીવન (Quality Life) જીવી શકે.

આ લેખમાં ચિત્તભ્રમ બીમારી વિશે વૈજ્ઞાનિક જાણકારી મેળવીએ.

- **વ્યાપ અને વિસ્તાર :**

પૌરાણિક ગ્રંથોમાં ચિત્તભ્રમ બીમારી વિશે ઉંડાણમાં વર્ણન કરેલું છે.

વિશ્વની વસતિના ૧% લોકો ચિત્તભ્રમ બીમારીથી પીડાય છે.

ભારતમાં ૧.૨૫ કરોડથી વધુ લોકો (કોઈપણ સમયે) ચિત્તભ્રમ બીમારીના શિકાર બનેલા છે. જેમને યોગ્ય સારવારની જરૂર છે. જો યોગ્ય નિદાન તથા યોગ્ય સારવાર કરવામાં ન આવે તો દર્દીમાં બીમારીનું પ્રમાણ વધતું જાય છે તથા દર્દી પશુથી પણ બદતર જીવન જીવે છે.

- **ચિત્તભ્રમ બીમારીમાં મગજના જ્ઞાનતંતુઓમાં થતા શારીરિક ફેરફારો (Pathological Changes in brain neurones) :**

ચિત્તભ્રમની બીમારીમાં (સ્કિઝોફેનિયામાં) મગજ (Brain માં આવેલા મન (Mind) અવયવોમાં પ્રિફ્રન્ટલ કોરટેક્ષ, હિપ્પોકેમ્પસ, એમિગડેલા, ટેમ્પોરલ લોબ, બેઝલ ગેન્ગલિયા, લિમ્બિક સિસ્ટમ વગેરેમાં બંધારણીય (કદ તથા રચના) તથા ન્યુરોટ્રાન્સમિટર્સની માત્રામાં ફેરફારો થાય છે. આ ફેરફારોને લીધે મનના કાર્યો જેવા કે : (૧) વિચારો, (૨) વર્તન, (૩) વાણી, (૪) લાગણી, (૫) કાર્યશક્તિ, (૬) સ્મરણ શક્તિ, (૭) એકાગ્રતા તથા (૮) ગ્રહણ શક્તિ પર વિપરીત અસર થાય છે.

મનના અવયવોમાં તથા નકારાત્મક શારીરિક તથા રાસાયણિક ફેરફારોને લીધે મનના કાર્યોમાં ખલેલ પહોંચે છે. ચિત્તભ્રમ બીમારીના લક્ષણો માનસિક હોવાથી આપણે આ બીમારીને માનસિક બીમારીનું સ્વરૂપ આપીએ છીએ. હકીકતમાં મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ ચિત્તભ્રમની બીમારી શારીરિક બીમારી છે. જેથી સારવારમાં દવાઓને પ્રાધાન્ય આપવામાં આવે છે.

- **ચિત્તભ્રમ બીમારીના લક્ષણો :**

**વિચારો :** દર્દીને સતત વિચારો આવે છે. દર્દી પોતાના વિચારો પરનો કાબૂ ગુમાવી બેસે છે. વિચારો દર્દીનો કાબૂ મેળવી લે છે. અમુક દર્દીઓમાં વિચારો આવતા જ નથી, શૂન્યાવકાશ સર્જાય છે.

વિચારો વિશેની નીચે પ્રમાણેની અન્ય માહિતી મેળવવી જરૂરી છે. વિચારો વાતચીત, પ્રશ્નોત્તરી અને / અથવા દર્દીના લખાણ પરથી જાણી - સમજી શકાય છે.

(અ) વિચારોની હારમાળા (flow of thoughts)

(બ) વિચારોનો વિષય (control of thoughts)

(ક) વિચારો પ્રત્યે દર્દીનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા.

(ડ) વિચારો પ્રત્યે કુટુંબીજનોનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા.

**(અ) વિચારોની હારમાળા :** દર્દી વિચારમાં ખોવાઈ જાય છે. દર્દી એમાંથી બહાર આવી શકતો નથી. ઘણી વખત આજુબાજુનું ભાન રહેતું નથી. આજુબાજુ શું થઈ રહ્યું છે એના તરફ ધ્યાન રહેતું નથી.

વિચારો ઘણી વખત ત્રુટક ત્રુટક આવે છે. બે વિચારો વચ્ચે થોડો શૂન્યાવકાશ આવી જાય છે (thought block). ઘણી વખત બે વિચારો વચ્ચે કોઈ મેળ નથી હોતો (derailment of thoughts)

**(બ) વિચારોનો વિષય — ભ્રમ** (delusion) : ખોટી માન્યતા જેવા ભ્રમ આવે. ગમે તેટલું સમજાવ્યા છતાં દર્દી સમજે નહીં. પોતાના ભ્રમ બદલે નહીં. ગમે તેટલી સત્યની સાબિતી આપીએ છતાં દર્દી પોતાના વિચારો / ભ્રમ બદલે નહીં. એ વિચારો / ભ્રમને સત્ય સમજે તથા એ વિચારો / ભ્રમ પ્રમાણે વર્તણૂંક કરે.

૧. ***દર્દીને શંકાઓ આવે :*** બધા મારી વાતો કરે છે, લોકો મારી વિરુધ્ધ છે, મારા દુશ્મન છે. હું જ્યાં જાઉં છું ત્યાં

મારી પાછળ પાછળ આવે છે. સી.આઈ.ડી., પોલીસ મારી પાછળ છે. વિજાણુંયંત્રો દ્વારા મારા પર દેખરેખ રખાય છે, મને ખાવામાં ઝેર આપશે, હું ઘરની બહાર નીકળીશ તો મને શારીરિક નુકસાન પહોંચાડશે વગેરે.

૨. લોકો મારા પર નજર રાખે છે, મારો પીછો કરે છે. ઘરના બારીબારણાં, બારીના પડદા દિવસના પણ બંધ રાખે જેથી લોકો મને જોઈ ન શકે.

૩. જીવનસાથી પર શંકાઓ કરે. જીવનસાથી બીજાને પ્રેમ કરે છે, લફરું કરે છે.

૪. મારા વિચારો બીજા લોકો જાણી જાય છે. મારી વાતો, મારા વિચારો, ટી.વી. વર્તમાનપત્રોમાં આવે છે. મારા વિચારો ફેસબુક, ટ્વિટર પર આવે છે (thought broadcasting).

૫. મારા વિચારો મારા નથી પરંતુ બીજી વ્યક્તિએ મારા મનમાં એના વિચારો મૂકી દીધા છે. મારી મરજી વિરુધ્ધ ઘુસાડી દીધા છે. હકીકતમાં હું નથી બોલતો / વિચારતો. એ લોકો બોલે છે / વિચારે છે (thought insertion).

૬. સંવાદ / વાતચીતમાં શાબ્દિક અર્થ જ સમજાય છે (concreteness). એની સાથે રહેલો ગૂઢાર્થ સમજાતો નથી. અંદરનો ભાવાર્થ સમજાતો નથી.

આ લક્ષણની મનોવૈજ્ઞાનિક તપાસમાં દર્દીને કહેવતનો ભાવાર્થ પૂછવામાં આવે છે. દા.ત. "નાચવું નહીં તો આંગણ વાંકું." ચિત્તભ્રમનો દર્દી કહેશે કે આંગણ / જમીન વાંકીચૂંકી હોય એટલે વ્યક્તિ નાચી ન શકે. આ કહેવતનો ગૂઢાર્થ કે ભાવાર્થ સમજાતો નથી.

**(ક) પ્રતિભાવ તથા પ્રતિક્રિયા :** શંકાઓને / વિચારોને દર્દી સાચું માને છે. એટલે દર્દી ભયભીત રહ્યા કરે. ઘરની બહાર ન નીકળે. ઘરમાં બારીબારણાં બંધ રાખે. પડદા બંધ રાખે. જેથી બહારના લોકો એને જોઈ ન શકે. ઘરમાં ન જમે, બધા લોકો જમતા હોય એવી જગ્યાએ (હોટેલમાં) જમે. (કારણકે હોટેલ કે જાહેરમાં જમવામાં ઝેર ન આપી શકાય.)

**(ડ) વિચારો વિશે કુટુંબીજનોનો પ્રતિભાવ તથા પ્રતિક્રિયા :** કુટુંબીજનો દર્દીને સમજાવવાનો પ્રયત્ન કરે. દર્દીને એના વિચારો છોડી હકારાત્મક વિચારો લાવવાની સલાહ આપે. ઘણી વખત દર્દી કુટુંબીજનોની આ સમજાવવાની વર્તણૂંકને નકારાત્મક અર્થમાં લે. દર્દીને લાગે છે કે "કુટુંબીજનો બહારના લોકો સાથે ભળી ગયા છે અને મારી વિરુધ્ધ છે."

**ભણકારા / ભાસ :**

આસપાસમાં કે આજુબાજુમાં કોઈપણ ન હોય છતાં એનો આભાસ થાય. અન્ય વ્યક્તિઓ કે કુટુંબીજનોને આ આભાસ થતો નથી. પાંચેય ઇન્દ્રિયોમાંથી કોઈ પણ એક અથવા વધારે ઇન્દ્રિયોમાં ખલેલ પહોંચે છે.

*૧. કાન :* સ્પષ્ટ અવાજો આવવાનું, સાંભળવાનું લક્ષણ સૌથી સામાન્ય છે. અવાજ કોઈનો પણ હોય જાણીતી કે અજાણી વ્યક્તિનો અવાજ હોય.

*૨. આંખ :* પરીચિત કે અપરીચિત વ્યક્તિઓ દેખાય. આખું શરીર કે ઘણી વખત શરીરનો એક ભાગ દેખાય.

*૩. નાક :* દુર્ગંધ આવે.

*૪. ત્વચા :* ત્વચા પર જીવજંતુઓ ચાલે છે, માથાના વાળમાં જીવજંતુઓ છે એવું સતત લાગ્યા કરે.

*૫. જીભ :* જીભ પર અલગ પ્રકારનો સ્વાદ આવે – મોઢામાં ખોરાક ન હોય છતાં.

- **વાણી (Speech) :**

૧. અસંબધ્ધ વાતો કરે (irrelevant talk).

૨. મનમાં ને મનમાં બોલ્યા કરે. હોઠ ફફડાવ્યા કરે. શું બોલે છે એ કોઈને સંભળાય નહીં.

૩. અસંબધ્ધ જવાબો આપે.

૪. પોતે જ બોલ્યા કરે, બીજાને બોલવા જ ન દે.

૫. સામેની વ્યક્તિનું અપમાન થાય એવા શબ્દો બોલે. દર્દીને એમાં અજુગતું ન લાગે.

- **વર્તણૂંક (Behaviour) :**

૧. ચિત્રવિચિત્ર હાવભાવ કરે, હાથના ચેનચાળા કરે.

૨. કારણ વગર ઉત્તેજિત થઈ જાય, ઉગ્ર થઈ જાય.

૩. હિંસક વર્તન કરે, મારપીટ કરે, વસ્તુઓ તોડી નાખે. ટી.વી., મોબાઈલ, ફોન, કોમ્પ્યુટર, મોંઘી વસ્તુઓ તોડી નાખે.

૪. દિવસો સુધી બહાર ભટક્યા કરે.

તીર્થ પટ
હરીભાઈ ભીખાભાઈ પેઈન્ટર
જૈન ધર્મના કેન્વાસ પેઈન્ટીંગ, તીર્થપટ, માર્બલ કાર્વિંગ તીર્થપટ - તીર્થ રચના બનાવનાર
★ તળાવ એરીયા, પ્રાઈમરી સ્કુલ સામે, પાલીતાણા-૩૬૪ ૨૭૦. ★ ૧૩, બાલમંદિર શોપીંગ સેન્ટર, તળેટી રોડ, પાલીતાણા.
Tel. : (02848) 252454 • Mo. 94262 46176, 99240 36761

૫. ગુમસુમ થઈ જાય. ઘરમાં એકાંતમાં રહે. બધાથી અલિપ્ત રહે. પોતાની દુનિયામાં ખોવાઈ જાય.
૬. દિવસો સુધી ઘરની બહાર ન નીકળે.
૭. જમવાનું, નાહવાનું, સૂવાનું વગેરે નિત્યક્રમ પોતાના સમયે (કસમયે) કરે અથવા દિવસો સુધી ન કરે.
૮. કારણ વગર હસ્યા કરે.
૯. અરીસામાં જોઈ ચિત્રવિચિત્ર હાવભાવ કરે.

- **લાગણી (Feelings, Emotions) :**

૧. લાગણીશૂન્યતા અનુભવે, કુટુંબીજનનના મરણ પ્રસંગે પણ દુઃખ ન અનુભવે.
૨. બીજી વ્યક્તિની લાગણીની પરવા ન કરે.
૩. પરસ્પરના સંબંધો ન જાળવે.

- **કાર્યશક્તિ :**

૧. કામમાં એકાગ્રતા ન રહે, બેધ્યાનપણું આવે.
૨. ધંધા કે ઓફિસના કામમાં ભૂલો થાય.
૩. સમજાવવા છતાં પોતાની ભૂલ ન સમજાય. પોતાની ભૂલ દર્દી સ્વીકારે નહીં.
૪. કામ પર અનિયમિત જાય. કારણ વગર ગેરહાજર રહે.
૫. કારણ વગર વારંવાર નોકરીઓ બદલે.
૬. રસોઈમાં ભૂલો થાય, ગેસ ચાલુ રહી જાય, ગેસ બંધ કરવાનું યાદ ન રહે, દૂધ ઉભરાઈ જાય, રોટલી - શાક બળી જાય, રસોઈમાં મીઠું નાખવાનું ભૂલી જવાય કે બમણું મીઠું નાંખી દે વગેરે.

- **ભણતર પર અસર :**

૧. વિદ્યાર્થી વારંવાર નાપાસ થાય, ક્ષમતા કરતાં ઓછા ગુણાંક મળે.
૨. એકાગ્રતા ઓછી રહે.
૩. સ્મરણશક્તિ ઘટી જાય.
૪. અભ્યાસ કરે પણ યાદ ન રહે.
૫. વિદ્યાર્થી ભણતર ચાલુ ન રાખે.
૬. સ્કૂલ / કૉલેજમાં અનિયમિત હાજરી આપે.

***ચિત્તભ્રમ બીમારી વિશેની ગેરસમજ તથા સારવાર વિશે આવનારા લેખમાં ચર્ચા કરીશું.***

*(ક્રમશઃ)*

---

## મહારાવજી ખેંગારજી ત્રીજાનો વનસ્પતિ પ્રેમ

**(અનુસંધાન : પાના નં.-૬૧ ઉપરથી ચાલુ)**

ત્રીજી વાર તે કચ્છમાં ગયા ત્યારે (૧૯૧૮) મુંદ્રાથી ખાસ ભુજ આવ્યા અને મહારાવને મળ્યા હતા. ત્યારે પણ તેમને દરબારી મહેમાન તરીકે જ સ્વાગત કરેલ અને રાખેલ. તે વખતે ચોમાસું દરમિયાન ત્યાં રહી વનસ્પતિઓ શોધવાનું કહેલ. તે વખતે વરસાદ મોડો પડ્યો તેથી જયકૃષ્ણજીને લાગ્યું કે તેમની આ મુલાકાત નિષ્ફળ જશે, પણ શ્રાવણ માસના ઉત્તરાર્ધમાં વરસાદ પડતાં ભુજ આસપાસના ડુંગરોની વનસ્પતિઓનો અભ્યાસ કરી શક્યા. આ સાથે બીજા દરબારી બાગો, ખારી નદીમાં આવેલ વનસ્પતિઓ પણ નોંધી. સાથે તે ચીરખડો, ચિત્રીધાર, જંઘરિયો, મોટો અને નાનો ધોળો ડુંગર, કીરગરિયો ડુંગર, સુરા ડુંગર વગેરે સ્થળોએ પ્રવાસ કર્યો અને ત્યાંની વનસ્પતિઓ એકઠી કરી. આ સિવાય પણ તેમણે માંડવી, મુંદ્રા, બિદડા, ગુંદિયાળી વગેરે ગામોની સીમ અને વાડીઓમાં રહેલ વનસ્પતિઓની નોંધ કરી. આ બધામાં પણ મહારાવે તેમને વાહનોની સગવડ તો કરી જ આપી, પણ તેમની સાથે અધિકારીઓને પણ મોકલ્યા હતા.

આ બધા પ્રવાસો અને સંશોધનના પરિણામે જયકૃષ્ણ ઇન્દ્રજી પાસે વનસ્પતિઓ વિશે એક વિશાળ નોંધ તૈયાર થઈ ગઈ. તે તેની મદદથી તેમણે એક નાનું અને એક મોટું પુસ્તક તૈયાર કરવાનું નક્કી કર્યું. આ માટે તેમણે બે પત્રક તૈયાર કર્યા. મહારાવ ખેંગારજીએ આ પત્રકો જોયા અને તેના આધારે પુસ્તક લખવા માટે મંજૂરી આપી. જયકૃષ્ણ આ પુસ્તક લખવા ફરી પોરબંદર ગયા અને ત્રણ વર્ષ સુધી પુસ્તક લખ્યું.

પુસ્તક તૈયાર કરી તે ફરી કચ્છમાં આવ્યા અને મહારાવને બતાવ્યું. મહારાવે તેમને એક હજાર નકલ છપાવવાની મંજૂરી આપી.

આ સમગ્ર ઘટનાને જોઈએ છીએ ત્યારે એક બાબત સ્પષ્ટ થઈ જાય છે કે મહારાવ ખેંગારજી ત્રીજા એક જિજ્ઞાસુ રાજા હતા. તેમને અનેક વિષયોમાં રસ હતો. એટલે જે વિષયના નિષ્ણાતને તે મળતા, ત્યારે જોતાં કે આ વ્યક્તિ અભ્યાસુ છે કે નહીં. જો તે વ્યક્તિ અભ્યાસુ દેખાય, તો તરત તેને તે વિષયમાં કચ્છની માહિતી એકઠી કરવા કહેતા અને તે માટે જરૂરી બધી જ મદદ કરતા. પણ તેના પરિણામે કચ્છ બાબતે ઉત્તમ ગ્રંથો તૈયાર થતા. સાલીમ અલી કે જયકૃષ્ણ ઇન્દ્રજીના ગ્રંથો તો જાણીતા છે, પણ સંભવ છે, મહારાવે બીજા વિષયોના ગ્રંથો પણ તૈયાર કરાવ્યા હશે.

રાજ્યના વહીવટ અને આસપાસની ખટપટોની જંજાળ વચ્ચે પણ આવા વિષયોમાં રસ લેવો અને તે માટે પ્રોત્સાહન આપવું એ તે રાજવીની કળા પ્રીતિ અને સંસ્કૃતિ વિકાસની ઝંખના અને રસવૃત્તિ બતાવે છે. ખેંગારજીનો લગભગ સમય ખટપટો સામે લડવામાં ગયો, નહીં તો તે કદાચ કચ્છમાં સાંસ્કૃતિક જગતને વધારે સમૃદ્ધ કરી શક્યા હોત.

*ન્યુ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે,*
*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.*

આરોગ્ય

# સાઠ પછીનું સ્વાસ્થ્ય : (૫)
# વધતી ઉંમર અને ઇન્દ્રિયો – કાન

હરેશ ધોળકિયા

આંખ પછી બીજી ઇન્દ્રિય છે કાન જેની પણ સંભાળ રાખવાની છે. પચાસ અથવા તો સાઠ પછી સંભવ છે કે વ્યક્તિની સાંભળવાની શક્તિ ધીમે ધીમે ઘટતી જવાની. પાર્ટીમાં, ઘોંઘાટિયાં રેસ્ટોરામાં સાંભળવાનું મુશ્કેલ બનશે. જો વ્યક્તિ શરૂઆતથી જ કાનનું ધ્યાન રાખશે તો આમાં બહુ તકલીફ નહીં પડે.

પુખ્ત લોકો કરતાં બાળકોની સાંભળવાની શક્તિ ખૂબ સારી હોય છે. એટલે જ જ્યારે મોટી ઉંમરના લોકો બહુ ઉંચો અવાજ નહીં પકડી શકે ત્યારે બાળકો કે યુવાનો સરળતાથી પકડી શકશે. પણ હવે આપણો સમાજ એવો તો ઘોંઘાટિયો થતો જાય છે કે ધીમે ધીમે યુવાનો પણ આ ઘોંઘાટની અસરોથી પ્રભાવિત થતા જાય છે. તેઓ પણ 'ઘોઘાંટ આધારિત સાંભળવાની ઘટતી જતી શક્તિ' થી હેરાન થવા લાગ્યા છે. વધારે પડતો ઘોંઘાટ કાનમાં રહેલા સૂક્ષ્મ શ્રવણ કોષોને નુકસાન કરે છે. આ ઉપરાંત કાનમાંનો મેલ વગેરે પણ સાંભળવામાં તકલીફ ઊભી કરે છે.

પણ જેમ જેમ ઉંમર વધતી જાય છે, તેમ તેમ કાનનો પડદો ઘટ્ટ થતો જાય છે અને મધ્ય કાનનાં જે નાનાં હાડકાં હોય છે તે પણ કડક બનતાં જાય છે. આંતરિક કાનમાં થતું નુકસાન, જ્ઞાનતંતુઓમાં અને મગજના કામમાં થતી ઢીલાશ પણ એને અસર કરે છે. ઉંમરને કારણે તો સાંભળવામાં ઘટાડો મોટા ભાગે "એજિંગ પ્રોસેસ" માં સામાન્ય કહી શકાય. તે ૬૫ ઉપરના લોકોમાં ત્રીજા ભાગના લોકોને અને ૭૫થી મોટા લોકોમાંના અડધાને પ્રભાવિત કરે છે.

આ ઉપરાંત, સતત ઘોંઘાટ વચ્ચે રહેવું, જીનેટિક પરિબળો, કોઈ રોગ કે અંગત કોઈ રોગ જેવાં પરિબળો પણ સાંભળવાની શક્તિને અસર કરે છે. હૃદય રોગ, ડાયાબિટીસ, હાઈપરટેન્શન આ બધાં સાઠ પછી સામાન્ય હોય છે જે પણ આ મુશ્કેલીમાં વધારો કરે છે. આ ઉપરાંત એથેરોક્લેરોસીસ પણ નુકસાન કરે છે. પણ પહેલેથી સચેત થઈ જવું એ આ બધાથી દૂર રહેવા માટે સજ્જ રહેવા બરાબર છે.

- **ઘોંઘાટ ઓછો કરવો :**

૧૯૬૦માં કાનના નિષ્ણાત ડૉ. સેમ્યુઅલ રોઝેને માબાન લોકોની સાંભળવાની શક્તિ પર પ્રયોગો કર્યા. તેમના મતે તેઓ સુદાનના ખૂબ આંતરિક ભાગમાં પથ્થર યુગમાં જીવતા હતા. ત્યાં સિત્તેર ઉપરના પણ પશ્ચિમના વીસ-ત્રીસના યુવાનો કરતાં પણ ખૂબ સરસ રીતે સાંભળતા હતા. એમ કેમ હતું? તેનો જવાબ એ હતો કે આ લોકો હકીકતે ખૂબ જ શાંત જીવન જીવતા હતા. તેમની આસપાસ પ્રાણીઓના અવાજ સિવાય બીજો કોઈ જ અવાજ ન હતો. પછીના અભ્યાસોએ કહ્યું કે આ માબાન લોકો જ્યારે શહેરોમાં ગયા, તો તેમનામાં પણ હૃદયરોગ અને લોહીના દબાણ સાથે સાંભળવાની શક્તિની તકલીફ સામાન્ય બનવા લાગી.

- **બિનજરૂરી અવાજ આ રીતે ઓછો કરી શકાય :**

★ ઘરમાં કે કારમાં રહેલ રેડિયો, ટેલિવિઝન કે સાઉન્ડ સિસ્ટમના અવાજનાં વોલ્યુમને ઓછું કરી શકાય છે.

★ જ્યારે ઘોંઘાટને ટાળી જ ન શકાય, ત્યારે ઇયર પ્લગ પહેરી લેવા જોઈએ. સિનેમા, મોટરબાઈક પર સવારી કરવી, પાવર ટુલ્સનો ઉપયોગ કરતી વેળા આમ કરી શકાય છે.

★ જ્યાં પણ એમ્પ્લીફાઈડ અવાજ હોય એવા સ્થળે શક્ય તેટલા સ્પીકર્સથી દૂર રહેવું.

આંખ બંધ કરી કલ્પના કરવી કે ઓછું સાંભળવું એટલે શું તે સરળ છે, પણ હકીકતે તેનો અનુભવ કરવો ખૂબ અઘરો છે. આમ તો તે ધીમે ધીમે પ્રવેશ કરે છે, ભાગ્યે જ તેના તરફ ધ્યાન જાય છે અને તેનાં કોઈ ખાસ લક્ષણો પણ નથી હોતાં. એટલે લોકો બીજા કરતાં આ અનુભવને છેલ્લે અનુભવે છે. વળી, તેને કબૂલ કરવું પણ સરળ નથી. જો એમ ખ્યાલ આવે કે સાંભળવાની તકલીફ શરૂ થઈ છે, તો તરત વૃદ્ધ થઈ ગયા હોવાનો ભાસ થાય છે. છતાં નિષ્ણાતો તેના મહત્ત્વને ઓછું આંકતા નથી.

★ આની શરૂઆત ઉંચા અવાજો - ટેલિફોનનો અવાજ, સ્ત્રીઓના અવાજો, પક્ષીઓના અવાજો - વગેરે સાંભળવાની તકલીફમાંથી થાય છે.

★ હળવાં વ્યંજનો સાભળવામાં પણ તકલીફ શરૂ થાય છે.

★ આસપાસ જો ઘોંઘાટ હોય કે કોઈ બહુ ઝડપથી બોલે કે કોઈ અઘરો શબ્દ સંભળાય, તો કોઈ સાથે વાત કરતી વખતે બરાબર સંભળાતું નથી.

★ અવાજ ક્યાંથી આવે છે તે પણ બરાબર પકડી શકાતું નથી.

જો એમ લાગે કે સાંભળવાની શક્તિ ઘટી રહી છે, કે

બીજા તે બાબતે ટીકા કરે, તો પછી તેના તરફ ધ્યાન આપવાની જરૂરત ઊભી થાય છે. તેને અવગણી શકાય નહીં. તરત ડૉક્ટર પાસે જઈ તેનો અંદાજ મેળવવો જોઈએ. કારણ એ છે કે આ સાંભળવાની ઓછી શક્તિ દૈનિક જીવનને અનેક રીતે અસર કરી શકે છે, જેમ કે, મહત્ત્વની વાતચીત ન સાંભળી શકાય. અને સતત તાણપૂર્વક સાંભળવું પણ ત્રાસદાયક બને છે જે પોતાના સાથે વાતચીતમાં નડતરરૂપ બને છે. તેને પરિણામે બધાથી દૂર જવાની વૃત્તિ જન્મે છે. અળગાપણાથી ક્યારેક ડિપ્રેશન પણ આવે છે. એક અભ્યાસ તો એમ પણ કહે છે કે જે વૃદ્ધ લોકો આ તકલીફથી હેરાન હતા તેઓ "ડિમેન્શિયા" થી પીડાતા હતા. અને આમાંથી માત્ર પાંચમા ભાગના લોકો જ હિયરીંગ એઈડનો ઉપયોગ કરતા હતા. બીજો એક અભ્યાસ એમ કહે છે કે આ તકલીફ વધે છે તેમ બોલવાની તકલીફ પણ શરૂ થાય છે. મગજ નબળું પડે છે.

● **મદદ મેળવવી :**

જો કોઈ આ તકલીફથી હેરાન હોય, તો તેણે ખૂબ ઝડપથી પોતાના ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. તેનાં કારણે જાણવાં જોઈએ. જો કાનમાં મેલ કે મીણ, ઠંડી કે ચેપ હશે તો તો દવાથી જ ઝડપથી ઉપાય કરી શકાશે. અથવા કાનના ડૉક્ટરની સલાહ લેવાનું સૂચવાશે. ત્યાં વિવિધ ટેસ્ટો લઈ શકાશે અને જાણી શકાશે કે આ તકલીફ થોડા સમય પૂરતી છે કે કાયમી છે. તો તેની યોગ્ય સારવાર સૂચવાશે.

ત્યારે, સંભવ છે, નિષ્ણાત એ પણ સૂચવશે કે તે વ્યક્તિએ હિયરીંગ એઈડ પહેરવાની શરૂ કરવી જોઈએ. આ સાધનના અનેક પ્રકારો છે, પણ તેમાં આધુનિક ડિજીટલનો ઉપયોગ કરવાની ભલામણ કરાશે. તીવ્ર કિસ્સામાં કોચલીયર ઈમ્પ્લાન્ટ કે હિયરીંગ ડોગની ભલામણ કરાશે.

આ ઉપરાંત એ સલાહ અપાશે કે જ્યારે કોઈ સાથે વાતો કરાય, ત્યારે એ રીતે ઊભા રહેવું કે બોલનારના ચહેરા પર પ્રકાશ પડે. તો તેના હોઠ હાલતા હશે તેના પરથી પણ વાતને પકડી શકાશે.

વાત કરનાર વ્યક્તિની નજીક ઊભા રહેવું.

વાત કરતા હોય ત્યારે ઘોંઘાટ કરતાં સાધનો-રેડિયો કે ટી.વી. ના અવાજને ધીમો કરી નાખવો. બંધ પણ કરી શકાય.

આ બધામાં હિયરીંગ એઈડ સૌથી વધારે ઉપયોગી છે. આધુનિક સાધનો તો વ્યક્તિની સાંભળવાની ક્ષમતા આધારિત જ અપાય છે. તેને પ્રોગ્રામ કરી શકાય છે. તેમાં આવતા સીસોટીના અવાજને પણ નિયંત્રિત કરી શકાય છે. ક્યારેક તે સ્વયં સંચાલિત હોય છે અને પોતાની જાતે જ અનુકૂલન કરી શકે છે. તેને કાનમાં એવી રીતે ગોઠવી શકાય છે જેથી તે બહાર ન દેખાય. અલબત, તે કંઈ પૂર્ણ સરસ રીતે કામ નથી કરતું, પણ દૈનિક બાબતોમાં ઉપયોગી છે. અલબત્ત મગજને બદલાયેલા અવાજને અનુકૂળ થતાં બે ત્રણ મહિના લાગે છે. આ બાબતે હમેશ વધારાની બેટરી પણ સાથે જ રાખવી જેથી કોઈ સમસ્યા ન થાય.

● **સાદા ઉપાયો :**

★ ઉંમર વધતી જાય છે તેમ કાનમાં મેલ વધે છે. જો તે વધારે વધી જાય તો અવાજને ધૂંધળો કરી શકે છે. આવું થતું હોય તો કાનમાં તેને દૂર કરવાનાં બે ત્રણ ટીપાં નાંખવાં. તો સાફ રહેશે.

★ જો તમે કે તમારા સાથી ઊંઘમાં જોરથી ઘોરતા હોય, તો ત્યારે ઈયર પ્લગ પહેરી રાખવા.

★ ચરબીના ઉપયોગમાં ઘટાડો કરવો. તેનાથી કોલેસ્ટેરોલનું સ્તર વધે છે. તે આંતરિક કાનમાં લોહીના પ્રવાહમાં ઘટાડો કરે છે જેથી પણ સાંભળવામાં તકલીફ વધી શકે છે.

★ પૂરતી કસરત કરવી. વ્યક્તિ જો નિયમિત કસરત કરે તો આ તકલીફમાં ઘટાડો થઈ શકે છે. અલબત્ત, ઘોંઘાટ હોય ત્યારે કસરત ન કરવી. તો તો કાનમાં નુકસાન જ થશે.

★ યોગ્ય અને સમતોલ આહાર લેવો. આહારમાં વિટામિન-સી, વિટામિન-ઈ, રીબોફ્લેવીન, મેગ્નેશિયમ વગેરે પૂરતા પ્રમાણમાં લેવાં જેથી સાંભળવાની શક્તિ જળવાઈ રહે.

★ કેટલીક એવી દવાઓ છે જે પણ કાનને નુકસાન કરે છે. તેના કારણે સમતુલાના પણ સવાલો ઊભા થાય છે. તેમાં ક્વીનાઈન, એસ્પીરીન કે કેટલીક એન્ટી બાયોટિક દવાઓનો સમાવેશ થાય છે. વૃદ્ધ લોકો માટે તો તે ખાસ જોખમી છે. તે ક્યારેક ટીટનસમાં પરિણમે છે. હા, ત્યારે જો આ દવા લેવી અટકાવી દેવાય તો થોડા જ સમયમાં તેની અસર નાબૂદ થઈ જાય છે. આવા વખતે પણ ડૉક્ટરની સલાહ લેવી કે શું દવાઓ તો આ સમસ્યાના મૂળમાં નથી ને!

પણ ગ્રીક તત્ત્વજ્ઞાની ડાયોજિનસનું આ વાક્ય યાદ રાખવું : "આપણને બે કાન છે અને એક મો છે. તે એટલા માટે કે આપણે સાંભળીએ વધારે અને બોલીએ ઓછું." ■

DEEP JYOT
DEEP JYOT
STATIONERY MART
MFG. OF : EXERCISE & ACCOUNT BOOKS & ALL TYPES OF OFFICE FILES
JAYESH S. PAREKH
M. : 98241 06623
FACTORY : Plot No. 4601, G.I.D.C., Ankleshwar-393 002.
Ph. : 253137

હાસ્ય કથા

# ભોપલો બકાવી ગ્યો, બાકી....

કનુ આચાર્ય

જોરૂભાને મોતિયો આવ્યો ને જોરૂભા લાય...લાય થઈ ગયા. એમનું ચાલે તો મોતિયાને ભડાકે દે. બંદૂક ને કાટ ખાધેલી તલવારું હજુ ભીંતની શોભા વધારતી હતી. પણ એમનાં અર્ધાંગિની દેવુબાએ કહ્યું, 'ઠાકોર, આ તો દેહના ધરમ છે. આમાં ગરમ થ્યે ના હાલે. આને તો વાઢીને ફેંકી દેવાય.'

'હેં?' વાઢીને શબ્દ સાંભળતાં જ જોરૂભાના દેહમાં ભયનું લખલખું ફરી વળ્યું. ને રઘવાયા બનીને ભોપા સામે જોયું. ભોપે જોરૂભાની મૂંઝવણ પારખી. તે બોલી ઊઠ્યો, 'બાપુ, એમાં થોડી કષ્ટી ખરી.' ત્યાં બાપુની આંખ ફરી ને ભોપે ઉથલો માર્યો. 'પણ, બાપુ, મોતિયો બેટો ફેરેય શું પાડી લેવાનો છે?'

દેવુઆ અકળાયાં-ખિજાયાં. બાળી નાખતી નજરે ભોપલા સામે જોયું. પણ ઠાકોરની હાજરીમાં તો ગુસ્સાનીય કિલ્લેબંધી. તોય તણખ્યાં - 'ભોપાભૈ, આંખ જતી રે'; આમાં બીજો કોઈ ફેર ના પડે.'

પછી મોતિયો ઉતરાવવા માટે બધું સત્તાવાર કર્યું. પણ જોરૂભાએ બે-બે વખત પીછેહઠ કરી. દેવુબા છણક્યાં... ભણક્યાં... કરગર્યાં... વલવલ્યાં; પણ જોરૂભા ખરે ટાણે છટકી જાય. દેવુબાએ વટ સાવિત્રીના વ્રતની બાધા લીધી. ઠાકોરનો મોતિયો ઊતરે પછી દૂધ પીવું. સાવિત્રીની જેમ દેવુબા મોતિયા સામે જંગે ચડ્યાં. ઠાકોરને કોણ મનાવી શકે? તે પાડોશમાં રહેતા ઈશરદાન ગઢવી યાદ આવ્યા. એ લજવાતાં, શરમાતાં, વળખાતાં ઈશરદાનને ઘેર આવ્યાં. ઈશરદાન ડાયરામાં બોલવાનાં કવિત મોઢે ગોખતા હતા. પણ દેવુબાને જોતાં વધારે ઊંડાણથી ડાયરીમાં મોઢું ઘાલ્યું અને મંડ્યા પંચમ સૂરમાં ગાવા.

દેવુબા તો પવનની પેઠે રસોડામાં સરક્યાં. બે ભમરિયું જાણે દરમાં મંડાણી! ગુણ - ગુણ થાય પણ કાંઈ સમજાય નહીં. ઈશરદાને બેય કાન વાંકા વળ્યા ને ખેંચીને માંડ્યા રસોડાની દીવાલ માથે. પણ દીવાલનેય કાન હોય છે, એ વાત દીવાલ જ ભૂલી ગઈ! માળો, શબ્દ પકડાય નહીં. ઈશરદાન ડાયરામાં શબ્દને રમાડે...ઘુમાવે...સાપની જેમ ડોલાવે. પણ આજ શબ્દ જાણે એમને રમાડી રહ્યો હતો. એમનું ચાલે તો કાનનો ઉખેડીને ઘા કરે રસોડાની દીવાલ ઉપર તે ઘોની જેમ ચોંટી જાય, પછી રસિક વાતું સાંભળીને કાન વયા આવે. ઈશરદાન ઊંચા-નીચા થાય, આડા-અવળા થાય, એક વાર ઊભા થઈને રસોડા લગોલગ જવાનું વિચાર્યું ત્યાં તો એ બન્નેનાં પગલાં બહાર આવતાં સંભળાયાં. આગળ ઈશરદાનનાં પત્ની માનબાઈ અને પાછળ દેવુબા. માનબાએ વધામણી ખાધી, 'જોરૂભા બાપુને આંખે મોતિયો પધાર્યો છે.'

'વાહ...વાહ...રંગ છે મોતિયાને! પણ, સારું ખેંચ્યું બાપુએ, હોં...! બાકી, આજકાલ તો પાંત્રીસ-ચાલીસ વર્ષના જવાનિયાનેય મોતિયો આવી જાય એવો બારીક જમાનો છે. જોરૂભા બાપુને સાઈઠ તો થઈ ગ્યાં હશે, કાં બા?' દેવુબા નજર નીચે ત્રોફીને બેઠેલાં. તે ડોકી હલાવી. "ત્રેસઠમું ચાલે છે.'

'તો હવે મોતિયો ઉતરાવી ઘો?' ઈશરદાને કહ્યું.

'એની તો રામાયણ છે આ.' માનબાઈએ કહ્યું.

'અરે, એમાં શું રામાયણ?' ઈશરદાનને નવાઈ લાગી.

ને દેવુબાએ મોતિયા નિકાલ અંગે કરવામાં આવેલ ઉદ્યમની કથા કહી. જોરૂભાને વારેઘડીએ આંખ લાલ થઈ જાય. તે દેવુબાને વહેમ પડ્યો કે ઠાકોરને કોઈ સાથે વેર બંધાણાં છે કે શું? પણ પછી આંખમાંથી પાણી વછૂટવા માંડ્યાં. ઝાબાં-ઝાબાં દેખાવવા માંડ્યાં. દેવુબા તેમને આંખના ડોક્ટર પાસે લઈ ગયાં. મોતિયાનું નિદાન થયું. ઓપરેશનની વાત થતાં જ જોરૂભા ભડક્યા. દેવુબા સમજાવે. મોતિયો ન કઢાવીએ તો આંખ ઠામૂકી જતી રહે. ઠાકોર કહે 'એક જ આંખ જાશે ને? બીજી તો સાબદી રહેશે ને?' 'પણ, દુનિયા શું કહેશે?' કહીને દેવુબાએ પોતાની એક આંખ બંધ કરીને બતાવ્યું. જોરૂભા દેવુબાની અધૂરી આંખ જોઈ ના શક્યા. તે ડગ્યા...ને હા...ના...હા...ના કરતાં ઓપરેશન કરાવવા તૈયાર થયા. પણ એમનો કચવાટ ઝાલ્યો ના રહે. ડાયાબિટીસ, બ્લડપ્રેશર બધું નેગેટિવ આવ્યું. અરે, લોહીમાં હિમોગ્લોબિન ધાગધાગા ૧૪ ટકા. પણ ઓપરેટશન થિયેટરમાં જાતાં-જાતાં કહે...આવડો ઢીંચણ જેવડો ડૉક્ટર મારું ઓપરેશન કરે? એ તો આજેય નહીં, ને કાલેય નહીં.'

ને જોરૂભા હડી કાઢીને પાછા ઘરે આવતા રહ્યા. બીજી વાર દેવુબા એમને સમજાવીને નેત્રયજ્ઞમાં લઈ ગયાં. એમાં સેંકડો દર્દીઓ હતાં. ડોસાં-ડગરાં, કેટલાંક તો સાવ ફૂંક મારે ને ઊડી જાય એવાં. દેવુબા એમને બતાવે - 'જુઓ, આમ સાવ માયકંગલાંય ઓપરેશન કરાવે છે.'

જેમ ફાનસ ભપકે એમ જોરૂભા ભપક્યા - 'ના...ના...તે

હું માયકાંગલો છું?'

ને આંગળીઓ ધડાધડ મૂછ માથે ફેરવવા માંડ્યા.

'એવું હું ક્યાં કહું છું? દરબાર, આ મરવાને કાંઠે ઊભેલાંય ઓપરેશન કરાવે છે. એમને હજુ દુનિયા જોવી છે.'

જોરૂભાને કોઈ દરબાર કહે એટલે પાતળા પડી જાય. દરબાર નેત્રયજ્ઞમાં મોતિયો ઉતરાવવા તૈયાર થયા. ભોપલો સખાયાની જેમ હારે ને હારે. બાપુને લોહી નીકળે તો લૂછવા રૂમાલેય હારે લીધેલો. છેક ઓપરેશન ટેબલ પાસે પહોંચ્યા ને તેઓ અછૂબાના ઊભા રહી ગયા. બહાર આવ્યા. 'વળી શું થ્યું?'

'ઠકરાણાં, આપણે દરબાર તો ખરાં ને?'

'ખરાં જ ને વળી?' દેવુબાને પાછો મનમાં ધ્રાસકો પડ્યો.

'તો પછી આપણે દાન-ધરમાદામાં મોતિયો ઉતરાવીએ?'

દેવુબા તપી ગ્યાં. 'આપણે ક્યાં મફતમાં મોતિયો ઉતરાવવો છે? ધરમાદા-પેટીમાં પૈસા મૂકી દેશું.'

જોરૂભા માથું ધુણાવવા માંડ્યા, 'ભલે, કરોડો રૂપિયા આપણે મૂકીએ. પણ દુનિયા ક્યાં જાણવાની છે?' દુનિયા તો કહેશે કે દરબાર થઈને દાન-ધરમાદામાં મોતિયો ઉતરાવ્યો. પછી આપણી ઓલી? ભોપા, ઓલી શું કે'વાય?'

'વેલ્યું.' ભોપલો ભાર દઈને બોલ્યો.

'હાં, ઈવડી ઈ આપણી એલીયુંનું શું? મરી જાઉં. હક વાત! પણ મફતમાં તો મોતિયો ના જ ઉતરાવું.' કહીને જોરૂભા ભાગ્યા સીધા ઘરે, ભોપલો ભેળો ને ભેળો.

દેવુબાએ ઈશરદાનને માંડીને આ બધી વાત કરી. ઈશરદાનેય વિચારમાં પડી ગયા. પછી બોલ્યા - 'બા, આમાં બે છેડા ભેળા થઈ ગયા છે. એને નોખા પાડવા પડશે.'

'કયા બે છેડા?' માનબાએ જિજ્ઞાસાસભર સ્વરે પૂછ્યું.

'કહું?' ઈશરદાને દેવુબા સામે જોયું. દેવુબાની આંખ નીચે ઝૂકી ગઈ. ચહેરો પલળેલા કાગળ જેવો થઈ ગયો.

'ભો (ભય) ને ગો (અભિમાન) બેય ગૂંસવઈ ગ્યાં છે.' ઈશરદાને કવિની ભાષામાં કહ્યું. ઈશરદાને જોરૂભાને સમજાવવા માટે બીડું ઝડપ્યું. ઓલી પા જોરૂભાને આંખની કષ્ટી વધી. ઈશરદાન જોરૂભાને ત્યાં આવ્યા.

'કાં ઠાકોર, હમણાં ચોરામાં આપનાં દર્શન ઓછાં થાય છે?'

જોરૂભા કહે, 'ગામ હવે બાતલ થઈ ગયું છે. કોઈને મારા વાલાને ટેમ જ ક્યાં છે? બધાં ભાગંભાગ કરે છે.'

ઠાકોરની વાતને કપાય તો નહીં. એટલે ઈશરદાને કહ્યું, 'ઈ વાત સાચી, હોં...! જવાનિયાને ટેમ નથી; ને ગંઢાય હવે માંડ-માંડ આવે છે. ચોરો મોરો પડતો જાય છે. ઘણાને તો કે'છે કે ભળાતું જ નથી.'

જોરૂભા ચમક્યા. ચહેરો થોડો ખસિયાણો પડ્યો. પણ ઉતાવળા સાદે બોલ્યા, 'ના રે ના, એવું તો સાવ કાંઈ નથી. પણ આજકાલની વહુઓ મારી બેટી ગંઢીયાઓને છોકરાં હીંચોળવા બેસાડી દે છે.'

ઈશરદાનને દોરનો છેડો મળ્યો. 'હા, ઈય ખરું, પણ ગંઢીયાને બીજીય બે વાત્યુંનું દઃખ છે.'

'કઈ બે વાતનું?' જોરૂભાએ આંખ ઝીણકી કરીને પૂછ્યું.

'એક તો ગુડા ભાગે ને બીજું આંખે ઝાંખપ...' ઈશરદાને કહ્યું.

'ઇ સાવ સાચું હોં દેવીપુત્ર.' ભોપે ઈશરદાનની વાતમાં ટાપશી પુરાવી. જોરૂભાની ભ્રમર તંગ થઈને ભોપા સામે એમણે બાળી નાખતી આંખ માંડી.

ઈશરદાને જોરૂભાની નજરને પકડી, 'બાપુ, તમારી આંખ ઝીણકી કેમ થઈ ગઈ છે?'

'હેં? ના...ના...' કહીને જોરૂભાએ આંખ મસળી. 'તમને એવું લાગે. બાકી...' કહીને જાણે પોતાની આંખ સાબદી છે એનાં પારખાં કરાવવા આંખ ઉઘાડ-બંધ કરવા લાગ્યા.

'દરબાર, તમને ખબર છે? હમણાં મોતીભાને મોતિયો આવ્યો. રામા પટેલને ય એવું થયેલું. ગગજી મને મળ્યા તો કહે કે, એમણે નેત્રયજ્ઞમાં મોતિયો ઉતરાવ્યો.'

જોરૂભાએ દાંત ભીંસ્યા. 'આ ગધાડીનો મોતિયો આપણા ગામમાં ક્યાંથી ઘૂસ્યો? જેને હોય એને બાઝી પડ્યો છે રાંડનો?' ને પછી તો જોરૂભા જો ઊકળ્યા છે. તે મોતિયાને મણ મણની ચોપડાવવા માંડ્યા. જોરૂભા બોલી બોલીને હાંફી ગયા પછી ટાઢા પડતાં જ ઈશરદાને ભેટ બાંધીને વાત શરૂ કરી. 'એય ને બ્રહ્માજી જે દિ' સૃષ્ટિ બનાવવા બેઠા. એવે ટાણે તેમણે આખો દેહ ઘડ્યો, પણ પછી મૂંઝાણા કે આત્મા ચાં મૂકવો? તે તેમણે તો જગત જનની મા જગદંબાને આરાધી. મા જગદંબા તો સાખસાતાં પરગટ થ્યાં. 'બોલ...બોલ...બાલુડા, શું વખો પડ્યો?' એવે ટાણે ભરમાજીએ કહ્યું, માતાજી, દેહ તો ઘડ્યો પણ એની માંયલી પા આતમો ચાં મૂકવો? તે મા જગદંબા કે' કે આંખના ગોખલામાં મૂકો. આંખ જ આખા દેહનો ઓધાર છે. ઈ પછી તો ભરમાજીએ જીવમાતરનો આતમા આંખમાં મૂક્યો. તમે બાપુ, ઓલ્યો દોહો સાંભળ્યો છે?'

જોરૂભા તો ચીભડાની જેમ વહેંકાતા જતા હતા. માંડ માંડ બોલ્યા, 'કયો દોહો?'

'કાઠિયાવાડમાં દુકાળ પડ્યો. ઢોર-ઢાંખર મરવા માંડ્યાં. માલધારીઓ માલને બચાવવા માટે લીલા મલકમાં ઊતરી પડ્યા. પતિના વિરહમાં ઝૂરતી માલધારીની એક નારીની કાયા ભૂખથી સાવ ઓગળી થઈ. ઢોલિયામાંથી ઊભી ના થઈ શકે. આજે તો કાગવાસ માટે કાગડા દેખવા નથી મળતા. પણ એવે ટાણે

તો કાગડા ઘરના મોભ માથે બેસીને ડાયરા ભરે, હોં...! ને કાગડાનો સભાવ એવો કે જો માંદું કે ખોડું ઢોર મળે તો-તો વાહ વાહ.

હવે આ નારીય માંદલા ઢોર જેવી. ને કાગડા ઊતર્યા નીચે ને બાઈને ઠોલવા માંડ્યા. બાઈથી હાથ ઊંચો ના થાય. કાગડા ઉડાડી શકે નહીં. પણ જીભ સાબદી. તે બાઈ કાગડાને કે છે કે,

*'કાગા સબ તન ખાઈયો, ચુન ચુન ખાઈયો માંસ;*
*દો નયના મત ખાઈયો, મોહે પિયુ મિલન કી આશ.'*

'બાપુ, ભલે આખાં અંગ રામ રામ કરી જાય, પણ આંખ્યું સાબદી રે'વી જોઈએ. આંખનો તો મહિમાં જ અનોખો છે.'

તાં જોરૂભા ખખડ્યા, 'વાહ...વાહ, ઈશરદાનજી; રંગ છે તમને. માગો-માગો! માગો તે આપું!'

ને ઈશરદાને જોરૂભાને ઝાલ્યા, 'બાપુ, તમે સો વરસના થાઓ. ને છેલ્લી ઘડી સુધી આપની આંખ્યુંના દીવા અમર રે...'

જોરૂભાનો ભાવનો ઊભરો ધબ્બ લઈને બેસી ગયો. 'ભારે કરી ઈશરદાનજી.'

'બાપુ, આ દેવીપુત્રના આશીર્વાદ છે. મોતિયાનાં કાંઈ લાલન-પાલન ન હોય. સાપ જેમ કાંચળી ઉતારી દે તેમ મોતિયાને ઉતારીને સાવ હળવાફૂલ થઈ જાઓ.'

ઈશરદાનને વચન અપાઈ ગયું. હવે શું? જોરૂભાએ ઈશરદાનને બાંધ્યા કે મોતિયાના ઓપરેશનમાં છેક સુધી હારે ને હારે રહેવું. ઈશરદાન શહેરના એક ડૉક્ટર પાસે તેમને લઈ આવ્યા. ડૉક્ટરેય સાહિત્યના વ્યાસંગી. તે તેમણે બધી તપાસ કર્યા પછી કહ્યું, 'આંખમાં મોતીભાઈ પધાર્યા છે.'

ઈશરદાન રંગમાં આવી ગયા. 'આ મોતીભાઈને ઝટ કાઢો!'

'આંખમાં કેવાં મણિબહેનને પધરાવવાં છે?' ડૉક્ટરે પૂછ્યું ને જોરૂભાના કાન સવળા થયા. મોઢા ઉપર જરા...જરા હરખની પીંછી ફરી ગઈ. 'મારી આંખમાં મણિબેન? ઈશરદાન, તમે મને પગથી માથા સુધી જોયો છે?'

'હા, કેમ? વળી શું થ્યું?' ઈશરદાન ભડક્યા.

'હું પગથી માથા સુધી આખો મરદ છું. ના...ના...મારા જેવાની આંખમાં બાઈને મૂકવાની? તો મારી મરદાઈનું શું? તું શું કે'છે, ભોપા?'

ભોપો હરખભેર બોલ્યો, 'બાપુ, આપ મરદ ખરા. પણ આમાં?' એ આગળ કહેવા જતો હતો ત્યાં દેવુબાનો ક્રોધ ફાટ્યો - 'તું ચૂપ મર ભોપલા!'

દેવુબાના ચહેરાનો રંગ ફરી ગયો. આખું દવાખાનું એમની રાડથી ધ્રૂજી ઊઠ્યું. ભોપલો મુઠ્ઠી વાળીને ભાગ્યો. જોરૂભાય ફફડી ઊઠ્યા. ઈશરદાન જોરૂભાની નજીક જઈને કહેવા લાગ્યા - 'બાપુ, મણિ તો કાચનો કઈટકો છે. ઈમાં અસ્તરી શું ને પુરુષ શું? ડૉક્ટર તો મજાક કરતા હતા.'

જોરૂભા ઢીલા પડ્યા. પણ એકદમ વાત તો છોડાય નહીં, એટલે ધાંહો કર્યો. 'ઈ ડાયરાની ભાષાયું અમને તો આવડે. પણ ડૉક્ટર કે ઈ સાચું કે તમે...?'

જોરૂભા પાણીમાં બેસવા જતા હતા પણ એક પા દેવુબા તલવાર તાણીને ઊભાં હતાં. બીજી બાજુ ઈશરદાને એમના અહંને ઝાલ્યો. જોરૂભા, તમે તો રઘુવંશી છો. તમે મને વચન આપ્યું છે.

*"રઘુકુળ રીતિ સદા ચલ આઈ,*
*પ્રાણ જાય અરુ વચન ન જાઈ."*

'વાત તો સાચી, હોં...! પણ હું મરદ થઈને? જોરૂભા પાછા ગપચાણાં...

'જુઓ, તમે ગૌબ્રાહ્મણ પ્રતિપાળ. તમારી એક આંખમાં મર્દાનગી હોય ને બીજી આંખમાં કોમળતા. તમે જો મણિને નારી સમજતા હો તો ઈ નારીને તમારી આંખમાં શમાવો.

*એક નેણે મરદાનગી બીજે નારી વસે*
*રઘુકુળની ઈ રીત, સાચવી લ્યો જોરૂભા;*
*પટાધર ચડો પાટે, મોતિયો થર થર ધ્રૂજે*
*તણખલે મેરુ ડગે, જીવવું ધિક્કાર જોરૂભા.*

'જોરૂભા, મોતિયો તો તણખલા જેવો. કાંઈ તણખલાથી મેરુ ડગ્યા હાંભર્યા છે?

'ના...' જોરૂભાએ જબરો હુંકારો દીધો.

'તો હોઉં તારે. ઊઠો, ઊભા થાઓ. મણિબેનને આંખમાં વસાવી નારીધર્મનું પાલન કરો.' ને આ સાંભળતાં જ જોરૂભા ઠેક મારીને ઑપરેશન ટેબલ ઉપર ચડી ગયા.

ઑપરેશન શરૂ થયું. વચ્ચે-વચ્ચે ડૉક્ટર પૂછે, 'શું થાય છે?'

'ગલી ગલી થાય છે. બીજું કાંઈ હજુ સુધી થતું નથી.' જોરૂભા મરક-મરક મરક્યા કરે.

'જરાય દુઃખે તો કહેવાનું, હોં...!' ડૉક્ટર આશ્વાસન આપે છે.

જોરૂભા પડ્યા-પડ્યા જોઈ રહેલા. ઉંદર જેમ કટ...કટ કાતરે એવું કટ...કટ થયા કરે.

ડૉક્ટર કહે - 'લ્યો જોરૂભા, ઓપરેશન પૂરું.'

'હેં?! પણ, ઑપરેશન શરૂ ક્યારે થયું? ઓલ્યું ચીરવા-ફાડવાવાળું તો આયું જ નહીં?'

ઈશરદાન કહે, 'દરબાર, આ નવા ફેંકો ઑપરેશનમાં ઈ માયલું કાંય ન હોય. તમને સમજાવી-સમજાવીને થાક્યા. પણ તમે?'

હો...હો...કરતા જોરૂભા હસી પડ્યા. 'ગધનો ભોપલો બકાવી ગ્યો, હોં! બાકી, મું કાંય ગધાડી બકાલ મોતિયાથી ડરું? હેં?!' ■

હાસ્ય

# મેરે ઘર આયી એક નન્હી પરી

ડૉ. નલિની ગણાત્રા

કંઈ કેટલાંયે વર્ષોથી મને કોઈ નવલકથાનાં શીર્ષક જેવી 'અતૃપ્ત ઝંખના' હતી કે, "મેરે ઘર આયી એક નન્હીં પરી..." આ ગીત હું મોટા અવાજે ગાઉં; પરંતુ મને ડર એ લાગતો કે આ ગીત સાંભળીને ક્યાંક પોલીસ ડંડો લઈને આવી જાય અને મારી જડતી લઈ નાંખે કે, ક્યાં છે તારા ઘરમાં નન્હીં પરી, બતાવ?!...તો હું ભોંઠીયે પડું અને મને ડંડોયે પડે!! આમ ડંડાના ડરથી હું આજ સુધી આ ગીત દબાતા અવાજે જ ગાતી. કિંતુ આજે મારા દીકરાને ત્યાં દીકરી આવી એટલે આ ગીત ગાવાનો મને કાયદેસર પરવાનો મળી ગયો છે. અને બીજું કે અત્યાર સુધી તો હું બિચ્ચારી માત્ર સ્વભાવે જ દાદી હતી, પણ હવે મને દાદીનો સત્તાવાર દરજ્જો પણ મળી ગયો. આમ એક નવજાત દીકરીએ મને એક જ ધડાકે બે ભેટ આપી દીધી. એક ઈમોશન અને બીજું પ્રમોશન!! એટલે સ્વાભાવિક છે કે આજે હું ખુશીના શિખર પર જ હોઉં! પણ આ શિખર પરથી મેં શું જોયું?

મેં જોયું કે, સમાજ તો સદીઓથી હતો ત્યાંનો ત્યાં જ ઊભો છે. અને એ પણ એક જ પગે. (મૂઓ એ થાકી નહીં જતો હોય?!) મતલબ સમાજને 'આજ તક' સમાચારમાં 'દીકરો આવ્યો' એવું જ સાંભળવું છે. 'દીકરી આવી' ના સમાચાર સાંભળીને ખુશ થતાં એ હજુ અચકાય છે. આદત નહીં ને? હા, કોઈને દસમી દીકરી આવે તો, વાઉં....કહીને આપણે આનંદથી ઊછળી પડીએ તો સારા ન લાગીએ. પણ કોઈકની 'પહેલા નંબર' ની દીકરીમાં રાજી થતાં શેનું રડવું આવે છે? "હં હં લક્ષ્મીજી આવ્યાને...ભલે પધાર્યા...!" એમ વીલે મોઢે અભિનંદન આપવાના??!

સુશ્રી જમનાબહેનને 'દાનવનેય દુર્લભ' એવા ત્રણ દીકરા છે. એમાં એક જેલમાં છે, બીજો જુગારિયો છે અને ત્રીજો જુદો રહે છે. એટલે મને એમ કે જમનાબહેન તો 'દીકરી તરસ્યા' હશે. અને અમારા શુભ સમાચાર સાંભળીને 'પાણી પાણી' થઈ જશે. પણ હું એ ભૂલી ગયેલી કે એ જમ (રાજા) નાં બહેન છે અને એમની બાણું ટકા જિંદગી એમની ફોઈએ પાડેલું નામ સાર્થક કરવામાં જ ગઈ છે. એટલે ભૂલમાં ને ભૂલમાં મેં એમને હરખાતા-હરખાતા સમાચાર આપ્યા. તો મેં જાણે એમને પેપર સોલ્વ કરવા આપ્યું હોય એમ કહે કે, "કશો વાંધો નહીં, બીજે ખોળે રાંદલ દીકરો દેશે." હવે એમને કેમ કહેવું કે તારા દીકરાવને જોઈને રાંદલ ગોખમાં બેઠા-બેઠા આજેય રડે છે બિચ્ચારા!!

જોકે જમનાબહેનને દીકરી નથી એટલે એમને ક્યાંથી ખ્યાલ હોય કે દીકરી એ તો ઘર અને કુટુંબને ગુંજતું રાખતું એક મીઠું મધુરું ગીત છે! ગીતના (સંગીતના) આદ્ય અક્ષરો છે "સા...રે...ગ...મ..." મતલબ સારે ગમ ભૂલાવી દે એનું નામ ગીત! ગમગીન અવસ્થામાં કોઈ ગમ ગીત સાંભળો તોય ગમને ગુમ કરી નાખે એટલી તાકાત છે ગીતમાં અને એવી જ તાકાત હોય છે દીકરીમાં પણ!! હા, દીકરી પણ 'સબ દર્દકી એક દવા' જેવી છે. તમારે કોઈ સમસ્યા હશે તો સમાજ તમને સલાહ આપી-આપીને સમજાવવા પ્રયત્ન કરશે. મતલબ દુનિયા તમને સમજાવે જ્યારે દીકરી તમને સમજે!! અને જગતમાં કોઈ એક આપણને સમજે છે એ આશ્વાસન જીવનદોરીનું કામ કરે છે.

આમ દીકરી એ ગીત છે, દવા છે, આશ્વાસન છે, જીવનદોરી છે. એમાંય નાનકડી દીકરી એટલે લાઈવ પરી! મેરે ઘર આયી એક નન્હીં પરી... હું તો ઢીંગલ... ઢીંગલ... ઢીંગલ... કે પછી નન્હી પરી સોને ચલી... હવા ધીરે આના...! આવાં ગીતો સાંભળીને આપણા 'કાન' કેવા ગોકુળ-ગોકુળ થઈ જાય છે? અને એની જગ્યાએ મેરે ઘર આયો એક નન્હો પરો, કે હું તો ઢીંગલો...ઢીંગલો... ગાવામાં આવે તો? હસતાંય ન ફાવે!

એક જમાનામાં દીકરાની ડિમાન્ડ હતી. એમાં સ્વાર્થ એવો હતો કે દીકરો મોટો થઈને કમાઈને દેશે અને સેવા કરશે. પણ આજે મોટાભાગના 'હોમ થિયેટરમાં ચિત્ર કંઈક જુદું જ દેખાઈ રહ્યું છે. દીકરા ભેગા જ નથી રહેતા ને? જોકે દીકરાઓની ભાવના કદાચ એવીયે હોય કે ભેગા રહીશું તો માબાપને આપણી ઉપર માયા વધતી જશે અને એ માયા એમની 'મુક્તિ' માં અવરોધ બનશે. તેથી માબાપને જીવતે જીવ મુક્તિનો અહેસાસ કરાવવા તેઓ જુદા રહેવા જાય છે અને માબાપને પૈસા એ બીકે નથી આપતાં કે ડોસો-ડોસી દાળ-ભાત, ખીચડી ખાવામાં બધા પૈસા ઉડાડી મારશે! માબાપને પૈસા ન આપે તોય વાંધો નહીં, ચલો. પણ એક બાવન વરસનો બેટો બ્યાંસી વરસના બાપાને તતડાવતો'તો કે લોકોના બાપા તો દીકરાવ માટે કેટલી મિલકત મૂકતા જાય છે અને તમે ફૂટી કોડીયે અમારા માટે બચાવી

(અનુસંધાન : જુઓ પાના નં.-૭૩ ઉપર)

હાસ્ય કથા

# યોગા

ભારતી ર. સોની

હે પ્રભુજી, રાત પછીની સવાર અને સ્ત્રીની રચના કરીને તેં હદ કરી નાંખી છે. વહેલી સવારમાં ઘડિયાળનો કકળાટ ને મારી કોમળ (ભારેખમ પત્ની) નો કકળાટ બંને સાથે ચાલુ થઈ જાય. ઘડિયાળને ઝાપટ મારીને બંધ કરી દઉં. પણ...કોમળનો વિચાર જ ન કરાય. ને ત્યાં...

'ઊઠો હવે, પાંચ વાગ્યે યોગા કરવા જવાનું છે. હમણાંથી જતા નથી તે ગોદડું ઓઢી ઘોર્યા કરો છો. ને વજન વધારી દીધું છે.'

આમ કહી મારી ઉપરનું ગોદડું એક ઝાટકે ખેંચી લીધું. બીજે ઝાટકે મને ઊભો કર્યો. તેને પરણ્યા પછી હું નિરાંતે ઊંઘી શક્યો નથી. તેથી તે તેની માને ઘેર જતી ત્યારે મારે નિરાંતે ઉંઘી શકાતું હતું. આઠ વર્ષથી મારું વજન એંસીની જગ્યાએ અઠ્ઠાવન થઈ ગયું છે ને આજે હું પાતળી પરમાર જેવો લાગું છું. તે પોતે કોમલાંગી હતી. તેમાંથી ભારેખમ ભાર્યા થઈ ગઈ! મારું વજન તેને ભેટ ધરી દઉં છું. લગ્નની પ્રત્યેક વર્ષગાંઠે તે મારાથી ઘણી સુખી છે ને મારા જેવું કોઈ દુઃખી નથી.

છેલ્લાં બે ત્રણ વરસથી તે મને યોગા કરાવે છે. વહેલી સવારે મને બહાર ધકેલી, તે પોતે ઘોરે છે. ટમેટા, કાકડી, ગાજર, બીટની સ્લાઈસ ખવરાવે છે. તેથી હું સ્લાઈસ જેવો થતો જાઉં છું ને પોતે સુમો પહેલવાન જેવી! મને તેની બીક લાગે છે ક્યાંક તેનો હાથ કે પગ મારા પર પડી જશે તો કાકડીનું કચુંબર થઈ જશે. આ રોડરોલરથી દૂર રહેવું જ સારું! અઠવાડિયે તે વજન કાંટા પર ઊભી રહે છે, પણ હરામ બરાબર કાંટો નેવુંથી પાછળ જતો હોય તો! કાંટા સામે દાંતિયા કાઢે છે. પછી મને ઊભો રાખે છે. કાંટો કદી અઠ્ઠાવનથી આગળ જતો નથી!

ઑફિસથી ઘેર આવી હું બરાડી ઊઠ્યો : 'કોમલી, મારું વજન વધવા દે. મને ચરબી ચડવા દે. મારું બી.પી. ઘટી જાય છે.'

'એય બરાડા ન પાડો. સાંજે ખીચડી નહીં મળે. મમરા મળશે. આટલા પાતળા રહો છો તે મારો પ્રતાપ છે. તમે હજુ શાહરૂખ, સલમાન, આમીર જેવડા છે તે બધા કેવા હેન્ડસમ છે! તમે તો મંકોડી પહેલવાન લાગો છે. મહેનત કરી સલાડ બનાવું. કઠોળ બનાવું. વજન ભલે ઘટે.' કોમલે ભયંકર ચેતવણી આપી દીધી.

એક દિવસ અરીસા સામે ઊભી રહી પોતાને જોતી હતી ને બોલી : મારું વજન વધતું લાગે છે.

'ખૂબ વધી ગયું છે કોમલાંગી. અરીસો ટૂંકો પડે છે.'

'આ સાંભળી ચીસ પાડી બોલી, સાચે જ હવે હું વજન ઘટાડીશ. ઉપવાસ કરીશ ને પછી જ હું વજન ઘટાડવાના ઉપાયો વિષે મહિલા મંડળમાં બોલીશ.'

'પણ તારું વજન ઘટે તો ને. રામદેવ બાબા પણ તારું વજન નહીં ઘટાડી શકે, એટલો મોટો ઘેરાવો છે, જો અરીસામાં...'

મારી સામે દાંતિયા કાઢી બોલી, 'પણ, તમારું વધવા નહીં દઉં.'

આજે તે સવારથી માને ત્યાં ગઈ છે. ને મને ખૂબ જ ભૂખ લાગી હતી. બહારથી બ્રેડ, બટર, પીઝા, પાસ્તા લાવી ખૂબ ખાધા હાશ! પણ દીકરા છોટુએ મમ્મીને કહી દીધું ને...

બીજે દિવસ વહેલી સવારે મને હાથ ખેંચી ઊભો કર્યો ને હું નીચે...

'તું કયા જનમનું વેર લેવા બેઠી છે. છતી પત્નીએ હું ભૂખમરો વેઠી રહ્યો છું. નથી ખાવા દેતી, નથી સૂવા દેતી. તું તારું વજન ઘટાડ, કોમલાંગી.'

ને મને કહે : 'ઉઠો, બ્રેડ બટરનું વજન વધી ગયું છે, જાવ કસરત કરવા. ને તેણે મને બહાર ધકેલી બારણું બંધ કરી દીધું. આ યોગાની શોધ કોણે કરી હશે? આજના બાબાઓ જ આ ડિંડવાણું લઈ આવ્યા છે. વજન વધવાની કસરતની શોધ નથી કરતા ને...'

હું બાજુના બગીચામાં ગયો. ને મને જોઈ કૂતરા ભસ્યા. હું દોડ્યો. દોડવાની કસરત થઈ ગઈ. બેસીને બે ચાર ઝોકાં ખાઈ લીધાં. પાછો ચાલવા માંડ્યો. હાંફ ચડી ગઈ. શરીરમાં લોહી જ નથી ચડવા દેતી. પોતાની ચરબી ઉતારતી નથી. માંડ માંડ ચાલુ. જેમ તેમ કરી સવાર પાડી. દૂધની કોથળી પી ને ઘેર..

ઘરે જઈને જોયું તો કોમલાંગી શીરો ઝાપટતાં હતાં. બોલ્યા : 'હું ઉપવાસ કરવાની છું તે મનગમતું ખાઈ લઉં.'

'લાવો ત્યારે મને આપો.'

'એ ય, શરમાવ જરા, તમારા માટે નથી. મારા ને છોટુ માટે છે. તમારા માટે પૌષ્ટિક મગ, ચણા, ખાખરા, મમરા કરી રાખ્યા છે. લો.'

મોટું છાલિયું ભરી મને સૂકો નાસ્તો આપ્યો. આમને આમ મને વધારે સૂકવી નાખશે! કંઈક કરવું પડશે.

'અલી, મને ક્યાં સુધી આવું કાચું ખવરાવીશ? મને પેટમાં દુઃખે છે. મારે રોજ સોડા પીવા પડે છે. સમજી?'

હું બરાડ્યો.

આજે ઑફિસમાં સૂકા નાસ્તાનો ડબો પટ્ટાવાળાને આપી બહાર ભજીયા ગાંઠિયા ખાધા. સાંજે સેન્ડવીચ અડધો ડઝન ખાધી. ઘેર જઈ કહ્યું : 'આજે મને પેટમાં દુઃખે છે. ખાવું નથી.'

કોમલાંગીએ ખીસા તપાસ્યાંને બીલ બોલ્યાં. હું બી ગયો. તેણે બરાડો પાડ્યો : 'કેટલી દાબેલી દાબી છે! કેટલા ભજીયાં ભર્યા છે?' ભાર્યા ભોંકતા રહ્યાં.

ચાર દિવસ પછી મને વજન કાંટા પર ઊભો રાખ્યો. કાંટો ધડામ કરતો સાંઈઠ ઉપર! આ શું?

'હે પ્રિયે, તારા કાચા કઠોળ અને તારા જેવી રોટલીનો પ્રતાપ છે.'

'મને ખબર છે, તમે બહાર ઝાપટો છો. પણ ખબરદાર જો વજન વધાર્યું છે તો. તમેય જો મારા જેવા...તો ઘર ભાર નહીં ઝીલે. છોટીયો જાડિયો થતો જાય છે.'

મને રોજ કડકડતી ટાઢમાં બહાર ધકેલે છે. હું કંટાળ્યો છું. લાગે છે કે હવે ઉપાય કરવો પડશે.

'હે મલેશ્વરી, મને ધરાઈને ખાવા દે.' સાંજે અકળાઈને બોલ્યો.

'તમને હું સૂકો નાસ્તો અને કોરું જમવાનું આપીશ. તમારું વજન નહીં વધવા દઉં. બહારનું ખાવાનું બંધ અને પગાર પૂરેપૂરો મને આપવાનો છે.' ભયંકર ચેતવણી આપી.

'મલેશ્વરી, મને તેલ-ઘીવાળું જમવા દે. મને ઓફિસમાં ચક્કર આવે છે. મારે યોગા નથી કરવા. મને ઘાસ જેવું ખાવું નથી ગમતું. તું મને સરખું ચરબીવાળું નહીં જમવા દે તો હું આ ચાલ્યો.'

મેં કેસરી થેલો, કેસરી ઝભ્ભો લેંઘો પહેરી, હાથમાં માળા લીધી (આ બધું મેં પહેલેથી જ લઈ રાખ્યું હતું) ને બારણું ખોલી ચાલવા માંડ્યો. શ્રીમતીને થયું કે આ તો સાચે જ...ને હું આંગણામાં આવી બોલ્યો : 'હું હવે પાછો નહીં આવું.'

શ્રીમતી બોલ્યા : 'તમે તો સાચે જ...'

'હા, સાચે જ ઘર છોડું છું.'

કોમલાંગી નરમાશથી બોલ્યા : 'સવાર સવારમાં સારા નથી લાગતા ચાલો અંદર, મારા સમ છે.'

'મારી શરત મંજૂર કર તો હું અંદર આવું...નહીંતર...હું આ ચાલ્યો...' ને હું ચાલવા માંડ્યો. તે બોલી : 'મંજૂર છે.' કોમલાંગી ઢીલીઠફ. હું કરડાકીથી બોલ્યો : 'તારે તારું વજન ઘટાડવું પડશે. કોરું ખાઈને, વહેલી સવારે યોગા કરીને ને મને ભરપેટ ગાંઠિયા, ભજિયા, પીઝા ખાવા દેવા પડશે. બોલ છે મંજૂર? નહીંતર મારી બેલેન્સબૂક લઈને...'

'હા, હા, મારું વજન ઘટાડીશ. તે તમને ગબ્બરસિંહ જેવા કરીશ. ચાલો અંદર...' ને હું અંદર...

ભગવાએ કમાલ કરી. એમ થોડા સાધુ થવાય? પહેલા ફાફડા, જલેબી, ગોટા ખવાય. જિંદગી મણાય...પછી જ વિચાર કરાય. તે પણ સાધુ થવાનો તો નહીં જ. યોગા કરવાનો વિચાર તો પછી જ...

*૧૦૧, આકાર ફ્લેટ, જનતાનગર રોડ,*
*પાવાપુરી, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧.*

## મેરે ઘર આયી એક નન્હી પરી

**(અનુસંધાન : પાના નં.-૭૧ ઉપરથી ચાલુ)**

નહીં. એટલે અમારે તો અમારા પેન્શન ઉપર જ આખી જિંદગી કાઢવાની ને?!! લો, બોલો! જ્યારે એની સામે એક ડૉક્ટર મિત્રએ એની વહાલી દીકરીની વાત કરતાં મને કહ્યું કે, હું મારી દીકરી માટે એને ગમતા કલરની એક લિપસ્ટિક લઈ આવ્યો એમાં તો એ એટલી બધી રાજી થઈ ગઈ કે જાણે મેં એને કરોડો રૂપિયા આપી દીધા હોય?! આ વાત કરતાં-કરતાં મિત્રની આંખો સાથે મારું હૈયું પણ ભરાઈ આવ્યું. ટૂંકમાં, દીકરો વસિયત માંગે, જ્યારે દીકરી વહાલ માંગે! એટલે સ્તો દીકરીને વહાલનો દરિયો કીધો છે, પણ જેને તરતા નથી આવડતું એને જ આ દરિયામાં ડૂબકી મારતાં ડર લાગે છે અને દૂર ભાગે છે. આમાં વાંક કોનો? દરિયાનો કે ડૂબૈયાનો?

મિત્રો, હું દીકરાની વિરોધી નથી. પણ દીકરીનો વિરોધ કરનારની વિરોધી છું. અરે, જેને સંતાન નથી એની વેદનાનો એક્સ-રે એકવાર જોઈ આવજો. એ પથ્થર એટલા દેવ અને દેવ એટલી બાધા કરે છે. એક તંદુરસ્ત બાળક આપણા જીવનબાગમાં ટહુકા કરતું હોય એનાથી ઉત્કૃષ્ટ સૌભાગ્ય બીજું કયું હોઈ શકે?

અને ઈશ્વરે બરાબર ચીપીને જ બધાને બાજી આપી છે, એમાં ફેરફારને અવકાશ નથી. પણ હા, રમવાની આવડત અને હોશિયારી આપણામાં હોય તો આપણી બાજુમાં આવેલી 'દૂરી' 'તીરી' થી પણ 'એક્કા' વાળાનાં છક્કા છોડાવી શકીએ અને અત્યારે તો બધાં ક્ષેત્રોમાં કન્યાઓ પોતાનાં કુમકુમ પગલાં પાડી રહી છે, એટલું જ નહીં, લગ્નસંબંધી ઈન્ટરવ્યૂમાં પણ છોકરીઓ છોકરાનો ઈન્ટરવ્યૂ લઈ નાખતી થઈ છે. અને રિજેક્ટ કરતી પણ થઈ ગઈ છે. બસ, હવે દીકરીવાળા દહેજ માંગે એટલી જ વાર છે. દેખતે રહીયે તબતક...! આમ અત્યારે દીકરી માત્ર તીરી નહીં, પણ 'હુકમની તીરી' થઈ ગઈ છે. એ હુકમ કરે એટલે જમાઈ રાજા હાજી હા કરે છે. એટલે હે દીકરીનાં માબાપો! તમે ચિંતા કર્યા વગર સૂઈ જાવ. હવે સાસુ અને જમાઈ જાગશે.

એની વે, મારે એક દીકરી હોય, એ મારી અંતિમ ઈચ્છા હતી. અંતિમ ઈચ્છા પૂરી થઈ ગઈ. હવે મરે એ બીજા!!

***છમ્મવડું :*** ભગવાન શ્રીરામ અને શ્રીકૃષ્ણને દીકરી નહોતી. આથી સાબિત થાય છે કે દીકરી દેવનેય દુર્લભ હોય છે!!

# અન્ય સંસ્થાના સમાચાર

## શ્રી કચ્છી સમાજ - અમદાવાદ

### સરસ્વતી સન્માન : ૨૦૧૬-૨૦૧૭

દર વર્ષની માફક ચાલુ વર્ષે પણ શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા સમાજમાં ઉચ્ચ ગુણ સાથે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવનાર છે. અત્યાર સુધી દર વર્ષે ધોરણ-૧૦, ધોરણ-૧૨, કન્યા પારિતોષિક (ધોરણ-૧૦ તથા ધોરણ-૧૨માં સમાજમાં પ્રથમ આવનાર કન્યા), ઉચ્ચ શિક્ષણ તથા વિશિષ્ટ પ્રતિભાઓને પારિતોષિક આપવામાં આવતા હતા. પરંતુ ચાલુ વર્ષથી આ યોજનામાં ધોરણ-૧થી ધોરણ-૯ના વિદ્યાર્થીઓને પણ પારિતોષિક આપવામાં આવશે. તદુપરાંત ડિપ્લોમા કોર્સના વિદ્યાર્થીઓની પણ અમુક નિયમોને આધીન ગણના કરવામાં આવનાર છે.

દરેક ધોરણના પારિતોષિકો નીચે મુજબ આપવામાં આવશે.

| | | |
|---|---|---|
| *૧.* | *ધોરણ-૧૦* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૨.* | *ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૩.* | *ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)* | *૭૦ ટકાથી વધુ ગુણ પ્રાપ્ત કરનાર, સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૪.* | *કન્યા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ધોરણ-૧૦, ધોરણ-૧૨ (સામાન્ય પ્રવાહ) તથા ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)માં સમાજમાં પ્રથમ ક્રમાંકે આવનાર વિદ્યાર્થિનીને.* |
| *૫.* | *ઉચ્ચ શિક્ષણ પારિતોષિક* | *કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૬.* | *વિશિષ્ટ પ્રતિભા પારિતોષિક* | *કોઈ પણ યુનિવર્સિટીમાં ગોલ્ડ મેડલ અથવા સ્પોર્ટ્સ, કલા, વિજ્ઞાન, આઈ.ટી. તથા અન્ય વિભાગો વગેરે ક્ષેત્રે નોંધપાત્ર સિધ્ધિ મેળવનાર પ્રતિભાને.* |
| *૭.* | *ડિપ્લોમા શ્રેષ્ઠતા પારિતોષિક* | *ડિપ્લોમા કોર્સની કોઈ પણ ફેકલ્ટીમાં ૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને સમાજમાં દરેક ફેકલ્ટીમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીને.* |
| *૮.* | *ધોરણ ૧ થી ૪* | *૭૦ ટકાથી વધુ ગુણ મેળવનાર દરેક વિદ્યાર્થીને ઈનામ આપવામાં આવશે.* |
| *૯.* | *ધોરણ ૫ થી ૯* | *૮૦ ટકાથી વધુ ગુણ મેળવનાર અને દરેક ધોરણમાં પ્રથમ ત્રણ ક્રમાંકે આવનાર વિદ્યાર્થીનું યોગ્ય બહુમાન કરવામાં આવશે.* |

આ રીતે ચાલુ વર્ષથી સરસ્વતી સન્માનને ખૂબ જ વિસ્તૃત સ્વરૂપ આપેલ છે કે જેથી સમાજમાં અભ્યાસ કરતા કોઈ પણ ધોરણના વિદ્યાર્થી તેમજ ઉચ્ચ અભ્યાસ અને ડિગ્રી તથા ડિપ્લોમાની પદવી મેળવનાર કોઈ પણ વિદ્યાર્થી આ યોજનામાં સામેલ થઈ શકે છે. વિદ્યાર્થીઓને ભરવાના ફોર્મ કચ્છશ્રુતિના એપ્રિલ-૨૦૧૭ તથા મે-૨૦૧૭ના અંકમાંથી મેળવી, વહેલી તકે ભરીને મોકલી આપવા અનુરોધ કરવામાં આવે છે. શ્રી કચ્છી સમાજ - અમદાવાદની ઓફિસેથી પણ આ ફોર્મ પ્રાપ્ત થઈ શકશે.

### વ્યવસાયિક લોન

અમદાવાદ - ગાંધીનગર સ્થિત કચ્છી પરિવારોમાંથી જેઓ પોતાનો વ્યવસાય નાના પ્રમાણમાં કરતા હોય તેમને તેમની જરૂરિયાત અનુસાર રૂ. ૫૦,૦૦૦/- સુધીની વગર વ્યાજની લોન શ્રી કચ્છી સમાજ - અમદાવાદ તરફથી આપવામાં આવશે, કે જે નક્કી કર્યા મુજબના હપ્તેથી પરત ચૂકવવાના રહેશે. જરૂરિયાતવાળા વ્યવસાયકારોએ પોતાની વિગત અને જરૂરિયાતને લગતી વિગતો જણાવી નીચેના સરનામે પત્ર લખી, મોકલી આપવા જણાવવામાં આવે છે.

*વ્યવસાયિક લોન સમિતિ,*
*શ્રી કચ્છી સમાજ - અમદાવાદ*
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, પાલડી, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.

## સમાઘોઘા ગ્રામ પંચાયત ફરી રાષ્ટ્રીય ઍવોર્ડથી સન્માનિત

મુંદ્રા તાલુકાની સમાઘોઘા ગ્રામ પંચાયતને બીજી વખત રાષ્ટ્રીય ઍવોર્ડથી સન્માનિત કરવામાં આવી છે. ગામના સરપંચ વિજયસિંહ અજિતસિંહ જાડેજાને યુ.પી. ના મુખ્ય મથક લખનૌ ખાતે ગત ૨૪ એપ્રિલના રાષ્ટ્રીય પંચાયતી રાજ દિવસની ઉજવણી પ્રસંગે બેસ્ટ ગ્રામ પંચાયતનો ઍવોર્ડ ઉ.પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના હસ્તે અપાયો ત્યારે ભારત સરકારના પંચાયત મંત્રાલયના કેબિનેટ મંત્રી નરેન્દ્રસિંહ તોમર રાજયમંત્રી પુરુષોત્તમ રૂપાલા સહિત રાષ્ટ્રીય કક્ષાના આગેવાનોની ઉપસ્થિતિ રહી હતી.

આ પ્રસંગે બેસ્ટ જિલ્લા પંચાયત તાપી, બેસ્ટ તાલુકા પંચાયત વિસનગર અને ગુજરાતની બેસ્ટ પાંચ ગ્રામ પંચાયતને રાષ્ટ્રીય ઍવોર્ડ આપવામાં આવ્યો હતો.

ગુજરાત સરકાર દ્વારા સરપંચોને લખનૌ ખાતે લઈ જવામાં આવ્યા હતા. રાષ્ટ્રીય ઍવોર્ડ વિજેતા સરપંચોને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી ઉપરાંત સ્થાનિકના ધારાસભ્ય તારાચંદભાઈ છેડા તેમજ ભા.જ.પ. ના પદાધિકારીઓએ સરપંચશ્રી જાડેજાને અભિનંદન પાઠવ્યા હતા તથા સમાઘોઘા ગામને 'વૃંદાવન ગામ' જાહેર કરવામાં આવ્યું છે. રાજ્યના ૧૮૫૦૦ ગામમાંથી ૨૫૦ ગામને વૃંદાવન ગ્રામ્ય યોજના અંતર્ગત આવરી લેવામાં આવ્યાં છે.

ગામના સરપંચશ્રીના જણાવ્યા અનુસાર આ યોજનામાં સમાવિષ્ટ થયેલા ગામને રૂ. ૫૦ થી ૬૦ લાખની વધારાની ગ્રાન્ટ સરકાર તરફથી આપવામાં આવશે જેનો ઉપયોગ પુસ્તકાલય - ઈન્ડોર ગેમ્સ હોલ, જીમ સહિતની પ્રવૃત્તિઓના વિકાસ-વિસ્તાર માટે કરવાનો હોય છે. સમાઘોઘા, પ્રાથમિક તમામ સુવિધાઓ સહિત સમાજ જીવનને મજબૂત કરવાની પ્રવૃત્તિઓથી સજ્જ ગામ છે.

## કોટિવૃક્ષ અભિયાન
### કચ્છ ઇકોલોજી ફાઉન્ડેશન - બિદડા

ગ્લોબલ વોર્મિંગ તેમજ ઋતુ બદલાવની વાતોથી કચ્છની સ્થાનિક પ્રજા તદ્દન અજ્ઞાન હતી અને હજી પણ છે. પણ છેલ્લા કેટલાક વર્ષોથી આ વિષયમાં લોકજાગૃતિ કેળવવા આપણે વિવિધ ઉપાયો કર્યા હતા, જેવા કે સંગીત દ્વારા લોકજાગૃતિનાં પ્રોગ્રામો લાલ રાંભિયાનાં નેજા હેઠળ થયેલ છે. જિલ્લાનાં શિક્ષણ વિભાગનાં સહકારથી જિલ્લાની શાળાઓમાં ઈકોક્લબ દ્વારા બાળકોમાં જાગૃતિ લાવવા, ગામેગામ ધાર્મિક તીર્થસ્થાનો પર પર્યાવરણનું મહત્ત્વ સમજાવી વૃક્ષારોપણ કરાવવું વગેરે વગેરે ઉપાયો કરતાં, હમણાં હમણાં ગામેગામ થોડી થોડી જાગૃતિ આવતી દેખાય છે અને કેટલાક ઠેકાણે વૃક્ષારોપણનાં સુંદર કાર્યો થયા છે. હવે ગામ લોકો પરદેશ વસતા વતનપ્રેમી મિત્રોનાં સહકારથી વૃક્ષારોપણ તેમજ જળસંગ્રહની પ્રવૃત્તિઓમાં ભાગ લઈ રહ્યા છે.

"વૃક્ષ એ વિકાસનું પ્રતીક છે."

અમે અનુભવ કર્યો છે, કે જ્યાં જ્યાં વૃક્ષારોપણનાં કાર્યો થયા છે, ત્યાં ત્યાં વિકાસનાં અનેક કાર્યો થઈ રહ્યા છે. દા.ત. ખેતરે ખેતરે સેઢા પર તેમજ અન્ય યોગ્ય જગ્યાએ વૃક્ષો વાવવા, કચ્છની દરેક શાળાઓમાં વૃક્ષારોપણ, ઘરેઘર શાકભાજી તેમજ ફળાઉ રોપાનું વાવેતર, પાંજરાપોળોની જમીનમાં હજારો વૃક્ષોનું વાવેતર, જન્મથી મરણ સુધીનાં દરેક પ્રસંગે લોકોએ વૃક્ષારોપણની પ્રવૃત્તિને અપનાવી છે.

જાણીતા મહાનુભાવો જેવા કે સ્વ. શ્રી બચુભાઈ રાંભિયા અને સ્વ. શ્રી અમરચંદભાઈ ગાલાનો સ્વર્ગવાસ થતાં તેમના નામે સ્મૃતિ વન-વૃક્ષ દત્તક યોજના દાખલ કરી, સમાજનો આર્થિક સહકાર મેળવીને હજારો વૃક્ષો વવાયા છે.

આપણાં જાણીતાં અને માનીતા ઍડવોકેટ સ્વ. શ્રી કે. પી. ગાલા (સ્વ. શ્રી કેશવજી પ્રેમજી ગાલા) નાં ધર્મપત્ની સ્વ. નલિનીબેન ગાલાનું દેહાંત થતાં શ્રી કે.પી. ગાલા સાહેબે મુંદ્રા તાલુકાનાં સમાઘોઘા ગામની એક વાડી વિસ્તારની શાળામાં વૃક્ષારોપણ માટે આર્થિક સહયોગ આપ્યો હતો, જેથી આજે ત્યાં સ્વ. નલિનીબેન ગાલા સ્મૃતિ વનનાં નામે સમાઘોઘા વિસ્તારમાં હરિયાળી ફેલાવવા મદદરૂપ થઈ છે.

જેમ આગળ જણાવ્યું કે વૃક્ષ એ વિકાસનું પ્રતીક છે, એ પ્રમાણે વૃક્ષારોપણ પછી સમાઘોઘા ગામની બધી પ્રવૃત્તિઓમાં વિકાસ થયો છે, અને એ ગામને ગુજરાત રાજયનાં ચોથા મોડેલ ગામ તરીકે ઍવોર્ડ મળ્યો છે અને ગામનાં ઉત્સાહી સરપંચને રાષ્ટ્રીય સહિત અનેક ઍવોર્ડ મળ્યા છે.

હવે સ્વ. કે.પી. ગાલા સાહેબનો સ્વર્ગવાસ થતાં એમનાં સુપુત્ર તુષારભાઈ ગાલાએ પણ એમનાં સ્વર્ગવાસી પિતાજીનાં નામે ગામનો વિકાસ વધારવા માતબર રકમનું દાન શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટને જે શ્રી બચુભાઈ રાંભિયા સ્મૃતિ વન-વૃક્ષ દત્તક યોજના હેઠળ આપેલ છે.

With Best Compliments From
43 YEARS OF CIVIL ENGINEERING EXCELLENCE
We undertake Civil Works in Gujarat, Maharashtra & All Over India
M/s. NARENDRA SHAH & ASSOCIATES & M/s. D.N.D. Enterprises
**Admn. Office :** 16, Shanti Bhuvan, 3rd Floor, Above Mcdonald's, Opp. Railway Station,
Mulund (West), Mumbai-400 080. **Tel. : 25647572 E-mail : narendra_shah2006@yahoo.co.in**

આ વાતની જાણ થતાં ગામનાં ઉત્સાહી સરપંચ શ્રી વિજયસિંહ જાડેજા જેઓ પોતે વકીલ છે, તેમણે પ્રોત્સાહિત થઈ ફક્ત સમાઘોઘા નહિં પણ આજુબાજુનાં દરેક ગામોમાં આ પ્રવૃત્તિ કરવાનો નિર્ણય કર્યો છે. જેના માટે મોટા ફંડની જરૂરત પડે. આ યોજનાને સ્વ. શ્રી. કે.પી. ગાલા સ્મૃતિ વન-વૃક્ષ દત્તક યોજના નામ આપવામાં આવશે. જેમાં શ્રી કે.પી.ગાલા સાહેબનો ચાહક મિત્ર મંડળ તેમજ ગામનાં ભાઈઓ તેમજ સમાજ પોતપોતાના અનુદાન આપશે.

સ્વ. શ્રી કે.પી. ગાલાની સમાજ સેવા વિષે આપણે સૌ માહિતગાર છીએ, તેમણે તેમનાં વિશ્વસનીય કામથી જ સમાજને ઉપર લાવવાથી અથાગ પ્રવૃત્તિ કરેલી છે, ડૉ. મુલજી ગડા તેમજ ડૉ. ઉદય ગડા જેવા મિત્રોનાં સહકારથી સમાજને ઉપર લાવવા અથાગ પ્રયત્નો કર્યા છે.

આપણો સમાજ જ્યારે આર્થિક રીતે પગભર થયો ન હતો, ત્યારે આ પ્રવૃત્તિઓ સમાજ માટે અત્યંત ઉપયોગી સાબિત થયેલ છે, જે આજે આપણે જોઈ શકીએ છીએ.

આટલું બધુ વિગતવાર લખવાનું મારો ઉદ્દેશ એટલો જ છે, કે આપણે સૌ મળીને સ્વ. શ્રી કે.પી. ગાલા સ્મૃતિ વન-વૃક્ષ દત્તક યોજનમાં એક કે એકથી વધુ વૃક્ષો દત્તક લઈ કચ્છ જિલ્લાને દુષ્કાળમાંથી બચાવવા મહત્ત્વનો ફાળો આપી શકીશું.

આ કાર્યનું આયોજન શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ સંચાલિત શ્રી રતનવીર નેચર ક્યોર સેન્ટર, કોટિવૃક્ષ અભિયાન, વી.આર.ટી.આઈ. માંડવી તેમજ વન વિભાગ દ્વારા થઈ રહ્યું છે.

ભાઈ શ્રી કે.પી. ગાલાએ સમાજ માટે પોતાની જાત ઘસી નાખી હતી, તો આપણે આ યોજનાને સફળ બનાવવા પૂરતાં પ્રયત્નો કરીએ. આથી કચ્છને કાયમી રીતે દુષ્કાળમાંથી મુક્ત કરવાનો એક પુણ્યનું કાર્ય થશે. એક વૃક્ષ રૂ. ૨૫ લાખનો ફાયદો સમાજને આપે છે. તો આપણે પણ વૃક્ષને માટે કાંઈક આપીએ.

*એક વૃક્ષ વાટિકા : રૂા. ૧,૨૦,૦૦૦/-*

*એક વૃક્ષ દત્તક : રૂા. ૧૫૦૦/-*

આપનું અનુદાન આપ "શ્રી બિદડા સર્વોદય ટ્રસ્ટ"ના નામે ચેકથી નીચેની વિગત પ્રમાણે આપના શહેરમાંથી પણ ભરાવી શકો છો. રૂા. ૧૦,૦૦૦/- થી વધુ રકમનો ચેક આપનાર દાતાએ પોતાનું પૂરું નામ, સરનામું, ટેલિફોન નંબર તથા પાન કાર્ડ નંબર આપવા નમ્ર વિનંતી.

RTGS
SHREE BIDADA SARVODAYA TRUST
A/C NO. 32590100000555
B.O.B. – BIDADA BRANCH
IFAC CODE : BARBOBIDADA CA/2009/CC

- **વધારે માહિતી માટે સંપર્ક :**

*શ્રી એલ.ડી શાહ*
કોટિવૃક્ષ અભિયાન-બિદડા
મો. : ૦૯૮૭૯૬ ૪૭૯૧૫, ૦૯૯૭૯૬ ૩૯૫૪૦

*શ્રી રતનવીર નેચર ક્યોર સેન્ટર*
ફોન : (૦૨૮૩૪) ૨૪૪૪૪૫

## કચ્છી લોકગીતો

મેઘાણી લોકસાહિત્ય કેન્દ્ર - રાજકોટ અને એન. એન. પટેલ આર્ટસ કૉલેજના સંયુક્ત ઉપક્રમે તા. ૨૨-૨-૨૦૧૭ના રોજ આણંદ ખાતે લોકગીત - વિવેચન આસ્વાદલક્ષી પ્રશ્નો અને પરિસ્થિતિ વિષયક એક દિવસીય પરિસંવાદનું આયોજન કરવામાં આવેલ હતું.

આ પરિસંવાદમાં 'કચ્છના લોકગીતો, પ્રકાર અને પરિસ્થિતિના સંદર્ભે વિમર્શ' — વિષયના પેપરનું વાંચન મહેન્દ્ર દોશીએ કરેલ હતું. કચ્છી લોકગીતોના જુદા જુદા પ્રકારો અને જુદા જુદા વિષયોની લોકગીતોનો સંપાદિત સંગ્રહ પૈકીના કુલ ચાલીસ જુદા જુદા વિષયો અને પ્રકારોનો લોકગીતોનું ભાષા વિજ્ઞાનની પધ્ધતિ અનુસાર આ લોકગીતોનું ભાષાકીય પૃથક્કરણ કરી અને જે તે સમયમાં બોલાતી કચ્છી બોલીના ઉચ્ચારણને IPA (International Phonetic Alphabetic Script) મૂકી કચ્છી ભાષાની વ્યવસ્થાનું વિશ્લેષણની સૌ પ્રથમવાર રજૂઆત કરેલ હતી.

આ પરિસંવાદમાં ગુજરાત રાજ્યમાં જુદા જુદા વિસ્તારમાં બોલાતી બોલીઓમાં જે તે સમૂહ / જુથના રીતરિવાજ, પ્રણાલી, સંસ્કૃતિ, સમાજ દર્શન, ઉત્સવ - પર્વ - પ્રસંગો - ધાર્મિક વિધિ, મુરસિયા, લગ્નવિધિ, અને તેના આનુસંગીક વિષયો ઇત્યાદિ જેવા વિષયક લોકગીતોના માધ્યમથી સમાજ દર્શન કરાવતા લોકગીતોના આસ્વાદ અન્ય વિદ્વાનોએ કરાવેલ હતું.

આ પરિસંવાદમાં પ્રાસંગિક ઉદ્‌બોધન મેઘાણી લોક સાહિત્ય કેન્દ્રના અધ્યક્ષ ડૉ. અંબાદાન રોહડિયાએ કરેલ હતું અને બીજ વ્યાખ્યાન ડૉ. હસુભાઈ યાજ્ઞિકે કરેલ હતું. આભારવિધિ ડૉ. મોહનભાઈ પટેલ (પ્રિન્સિપાલ) અને ડૉ. પ્રશાંત પટેલે કરી હતી.

MILAN® MASALA
K. K. MASALAWALA
31, K.N. ROAD, MASJID (W), MUMBAI-400 009.
TEL. : 2377 4209 2375 7674
TELEFAX : 2379 0883
MILAN® MASALA

# જાણવા જેવું

*સંકલન : રજનીકાંત પારેખ*

(ગતાંકથી આગળ)

ગયા અંકમાં આપણે ગુજરાતના ગામોના નામ વિશે વિવિધ માહિતી મેળવી. હવે વધુ માહિતી.

કેટલાક **ગામોના નામ કઠોળ અને શાકભાજીના નામ ઉપર** હોય છે. આવા ગામો :

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. તુવેર | ખેડબ્રહ્મા |
| ૨. ભાત | દસક્રોઇ, ગાંધીનગર |
| ૩. રાઈ | વઢવાણ |
| ૪. તલ | નખત્રાણા |
| ૫. જીરા | ધારી |
| ૬. મઠ | મોડાસા |
| ૭. આલુ | મોરવા |
| ૮. કપાસિયા | અમીરગઢ |
| ૯. ગુવાર | નાંદોદ |
| ૧૦. ભીંડી | ખંભાળિયા - હાલોલ |
| ૧૧. પુલડી | મોરબી |
| ૧૨. રીંગણી | નાંદોદ |
| ૧૩. મૂળી | મૂળી |
| ૧૪. કોકમ | દેદિયાપાડા |

કેટલાક ગામના નામ સાંભળીને તમે હસવું રોકી શકો નહીં. આવા ગામના નામ છે ઉલ્કાદરથી લઈ અક્કલ ઉતાર. આવા બીજા ગામો :

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. ભેંસ ખેતર | વાલિયા |
| ૨. ભુતડી | વીસાવદર |
| ૩. ચુડેલ | માંડવી / પાવી જેતપુર |
| ૪. ડોન | ડાંગ સોનગઢ |
| ૫. ગંગાજળ | સાયલા |
| ૬. અક્કલ ઉતાર | નિઝર |
| ૭. મરચી પાણી | છોટા ઉદેપુર |
| ૮. ખતરા દેવી | માંડવી |
| ૯. ઉલ્કા દર | ધાનપુર |
| ૧૦. એન્જિનપાડા | આહવા |
| ૧૧. પાડાબેકર | જોડિયા |
| ૧૨. પશુ ટપુ | દ્વારકા |
| ૧૩. રૂપિયાપુરા | પેટલાદ |
| ૧૪. જહાજ | ખંભાત |
| ૧૫. રેલ | તારાપુર, નાંદોદ |
| ૧૬. ગુપ્તિ | ઉના |
| ૧૭. લીંડા | નસવાડી |
| ૧૮. ગાય વાછડા | મેઘરજ |
| ૧૯. રોડાસર લક્કી | લખપત |
| ૨૦. સિંહાન કાકાભાઈ | ખંભાળિયા |
| ૨૧. ગેનાજી આરી ગોળિયા | ડીસા |
| ૨૨. બાગે ફિરદોસ | અમદાવાદ |
| ૨૩. કલજીની સરસવાણી | ઝાલોદ |

ઢોંસા અને ગાંઠિયા ખાધા હશે પણ ગામનાં નામ સાંભળ્યા છે? **ખાવાની વસ્તુ પ્રમાણે ગુજરાતના ગામોના નામ.**

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. લાડવા | ડેડિયાપાડા |
| ૨. સાકર | લખતર |
| ૩. ઢોંસા | ભુજ |
| ૪. ખાખરા | ટંકારા / ધોલ |
| ૫. ગાંઠિયા | છોટા ઉદેપુર |
| ૬. ચીભડા | દિયોદર / લોધિકા |
| ૭. ગોરસ | મહુવા |
| ૮. મલાઈ | ઠાસરા |
| ૯. દીવેલ | બોરસદ |
| ૧૦. શેરડી | માંડવી / માણાવદર |
| ૧૧. અરીઠા | સંખેડા / લુણાવાડા |
| ૧૨. ભાખરી | વાવ |

માસા અને ભાણિયા ગામ ગયા છો ક્યારેય? **સંબંધ પ્રમાણે ગુજરાતના ગામોના નામ.**

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. માસા | હારીજ |
| ૨. ભોજાય | માંડવી |
| ૩. બેટી | દ્વારકા |

૪. ભાણિયા ખાંભા
૫. બાપુપુરા માણસા
૬. કાકાના ચમારિયા લુણાવાડા
૭. મામાના પીપળા ખેડબ્રહ્મા

શાહ, ડાભી અને રાવલ અટક જ નહીં, ગામના નામો પણ છે. **અટક પરથી ગામના નામો.**

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. ભાલોડિયા | ગોધરા |
| ૨. બોરીયા | પોરબંદર |
| ૩. ભાલાળા | લખતર |
| ૪. શાહ | માંગરોળ |
| ૫. ગજેરા | જંબુસર |
| ૬. ઢેબર | ભાણવડ / વીસાવદર |
| ૭. પંચાલ | મેઘરજ |
| ૮. વાઘેલા | લુણાવાડા / વઢવાણ |
| ૯. કાપડિયા | સંખેડા |
| ૧૦. નિનામા | સાયલા |
| ૧૧. ચાવડા | જામનગર |
| ૧૨. શિંગાણા | આહવા |
| ૧૩. રાવલ | કલ્યાણપુર |
| ૧૪. મેવાડા | ધાનેરા |
| ૧૫. વોરા | તિલકવાડા |

પાટડિયા નામના ચાર અને ડાભી નામના ત્રણ ગામો ગુજરાતમાં છે.

મોરથી લઈ જલકૂકડી અને શિયાળથી લઇ વિંછી સુધી **પ્રાણી અને પક્ષીઓ પરથી ગામના નામ.**

| *ગામનું નામ* | *તાલુકો* |
|---|---|
| ૧. દેડકા | ખેડબ્રહ્મા |
| ૨. એરુ (નાગ) | જલાલપોર |
| ૩. ઘેટી | પાલિતાણા |
| ૪. કીડી | બાબરા / ધનસુરા / હળવદ |
| ૫. કુકડા | મૂળી / વાંસદા |
| ૬. કુકડી | ખેડબ્રહ્મા - દાંતા |
| ૭. પારેવા | ઉના / ઝાલોદ |
| ૮. પાડી | સાગબારા |
| ૯. વાઘણ | સંતરામપુર |
| ૧૦. જલકૂકડી | ખાનપુર |
| ૧૧. હાથણી | દ્વારકા |
| ૧૨. હાથી | દ્વારકા |
| ૧૩. બિલોડી | ઘોઘંબા |
| ૧૪. બાજ | આહવા |
| ૧૫. વિંછી | ખેડબ્રહ્મા |
| ૧૬. મંકોડી | કવાંટ |
| ૧૭. શિયાળ | બાવળા |
| ૧૮. ભુંડણી | ખાંભા |
| ૧૯. માંકડી | દાંતા / હિંમતનગર |
| ૨૦. બળદિયા | ભુજ |
| ૨૧. ટીંટોડી | કેશોદ |
| ૨૨. દીપડા | થરાદ |
| ૨૩. રીંછડી | દાંતા |
| ૨૪. મોર | ઓલપાડ / શહેરા |

॥ ઇતિ નામ પુરાણ સમાપ્ત ॥

*જેની ભાષામાં સભ્યતા હોય, એના જીવનમાં ભવ્યતા આવે.*

**પંચગની હવાફેર**
**પ્રકૃતિના સાનિધ્યમાં,**
**સુંદર મનોહર આલ્હાદક વાતાવરણમાં**
**હવાફેર કરવા પધારો.**
**શુધ્ધ સાત્વિક ભોજનશાળાની સુવિધા છે.**
**૩, ૪ અને ૭ દિવસ માટે રૂમ આપવામાં આવે છે.**
**રાજલક્ષ્મી આરોગ્યધામ**
**મુંબઈમાં બુકિંગ માટે સંપર્ક : 08879677709**

Estd. 1955
**Laxmichand Dharshi**
Container Transportation & Handling
Govt. Contractors • Erection Job
Owners & Suppliers
Crane • Top Lifter • Forklift • Trailor • Truck • Labour
Calcuttawala Building, Masjid Bunder,
137/41, Samuel Street, Mumbai-400 009.
**H.O.** : 2347 5611 • 2345 4093 • Fax : 2347 5619
**L. D. Yard (Jasai, JNPT)** : 6522 3399

## NanoNine™ શબ્દ રમત-૧૨૯

*સંકલન : રજનીકાંત પારેખ*

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | | ■ | ■ | ■ | ૬ |
| ૭ | | | ■ | ૮ | | ■ | ■ | ૯ | ૧૦ | | |
| | ■ | | ■ | | ■ | ૧૧ | | ■ | | ■ | ૧૨ |
| ■ | ૧૩ | ■ | ૧૪ | ■ | ૧૫ | | ■ | ૧૬ | ૧૭ | ૧૮ | |
| ૧૯ | | | | | | ■ | ■ | ૨૦ | | ■ | ■ |
| ૨૧ | | ■ | | ■ | | ■ | ૨૨ | ■ | ■ | ■ | ૨૩ |
| | ■ | ■ | ■ | ૨૪ | | ૨૫ | ■ | ૨૬ | | ૨૭ | ૨૮ |
| ૨૯ | ૩૦ | ૩૧ | | | ■ | ૩૨ | | | ■ | ૩૩ | |
| ■ | ૩૪ | | ■ | ૩૫ | ૩૬ | ૩૭ | ■ | ૩૮ | ૩૯ | | ■ |
| ૪૦ | | | ■ | | ■ | ૪૧ | ૪૨ | | ■ | | ■ |
| ૪૩ | | ■ | ૪૪ | ■ | ૪૫ | | ■ | | ૪૬ | | ૪૭ |
| ૪૮ | | | ■ | ૪૯ | | | | ■ | ૫૦ | | |

શબ્દ રમત ભરનારનું નામ : ______________________

સરનામું : ______________________

______________________ ફોન/મો. ______________________

*આપશ્રીના જવાબો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના સરનામે મોકલવા વિનંતી. (શબ્દ રમતનો જવાબ મોકલવાની અંતિમ તારીખ : ૩૦-૬-૨૦૧૭)*

### આડી ચાવીઓ

૧. વાળ ઓળવાનો દાંતિયો (૩)
૨. ગણિકા, વેશ્યા, ગુણકા (૪)
૭. કટિ, કેડ (૩)
૮. એક કઠોળ, _____ લાવે પગ (૨)
૯. શેઠની _____ ઝાંપા સુધી (૪)
૧૧. પથ્થરની છાટ (૨)
૧૫. હાથ, વેરો, મહેસૂલ (૨)
૧૬. કુપાત્ર, નાલાયક, હલકટ (૪)
૧૮. દહીં દૂધ પર મલાઈની પોપડી (૨)
૧૯. હેરફેર, ફેરબદલી (૬)
૨૦. જીવ, પ્રાણ, વર સાથે જનાર સમૂહ (૨)
૨૧. પવન, વાર્તા, કથા, વૃત્તાંત (૨)
૨૨. વિમાનમાં કાર્ય કરતાં એર હોસ્ટેસ, પાઈલોટ જેવાને _____ મેમ્બર કહે છે (૧)
૨૪. ૨૫ ડિસેમ્બરે આવતો ખ્રિસ્તીઓનો તહેવાર (૩)
૨૬. અતિથિ, પરોણો (૪)
૨૯. ઈશ્વર કે ધર્મસંબંધી વાતો અને ભજનો કરવા તે (૫)
૩૨. આવ-જા માટે વપરાતું સાધન (૩)
૩૩. પતિ, વરદાન (૨)
૩૪. પડદો, નદીની પહોળાઈ, વિસ્તાર (૨)
૩૫. દેવું, ઋણ (૩)
૩૬. અણું, ધૂળનો કણ (૨)
૩૮. મોહ પામેલું (૩)
૩૯. કલ્યાણ, શ્રેય, લાભ (૨)
૪૦. બાંધેલો લોટ (૩)
૪૧. ઈચ્છા, ખુશી (૩)
૪૩. હંમેશાં, કાયમ (૨)
૪૪. _____ મસ્ટ ગો ઓન (૧)
૪૮. મોત, મૃત્યુ (૩)
૪૯. બરદાસ્ત, સંભાળ, સારવાર (૪)
૫૦. તાળાવાળું ખાનું, સેફ ડિપોઝીટ વોલ્ટ (૩)

### ઊભી ચાવીઓ

૧. ઝીણો પથ્થર (૩)
૨. સોગન, કસમ, શપથ (૨)
૩. ગૂંથેલો ચાબકો, સાટકો (૩)
૪. ઠીંગણું, બટકું (૩)
૫. કોટની દીવાલની બાજુ (૨)
૬. લગ્નવિધિ વેળા વર કે કન્યા સાથે રહેનાર મિત્ર (૪)
૧૦. ખાવું પીવું તે (૪)
૧૨. પતિ, વરરાજા, વરદાન (૨)
૧૩. ટેવ (૩)
૧૪. પાઠ, ઘડો, દાખલો (અ) (૩)
૧૫. પશ્ચિમ બંગાળનું એક મોટું શહેર (૪)
૧૬. આફત, લુચ્ચાઈ, કજિયો, જુલમ (૨)
૧૭. પાંદડું (૨)
૧૯. મૂંગું, બેભાન (૪)
૨૩. વાંદરો (૩)
૨૪. નાનું (૪)
૨૫. મંગલ મંદિરનું વાર્ષિક _____ રૂા. ૧૫૦/- છે. (૪)
૨૬. મનસ્વી, તરંગી (૪)
૨૭. મા-બાપ, માવીતર (૪)
૨૮. મનુષ્ય, _____ અને નારી (૨)
૩૦. થાપણ ધરાવનાર, થાપણ મૂકનાર (૫)
૩૧. કીડો, જંતુ (૩)
૩૫. મોટી કડી, હાથનું એક ઘરેણું (૨)
૩૭. મૃત્યુનો દેવતા (૨)
૩૮. આનંદી, લહેરી, વિલાસી (૨)
૪૦. સોગન, શપથ (૩)
૪૨. ખેલ, ક્રીડા (૩)
૪૫. હોડી, વહાણ (૨)
૪૬. ઢોરને ખાવાના પાંદડા, પ્યાલો (૨)
૪૭. ગધેડો, તીક્ષ્ણ, કઠોર (૨)

*સીડીની ટોચ પર પહોંચેલો માણસ સીડીના પહેલા પગથિયાનો ઋણી હોવો જોઈએ.*

## NanoNine™ શબ્દ રમત-૧૨૮નો ઉકેલ

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ક | ર્મ | નિ | ષ્ઠ | ■ | ■ | અ | ભા | ગી | ■ | આ | ય |
| શ | ■ | સ્તે | ■ | તા | ન | પૂ | રો | ■ | મ | ગ | જ |
| મ | ગ | જ | મા | રી | ■ | ર્ણ | ■ | ક | ■ | ■ | મા |
| ત | જ | ■ | દ | ફ | ન | ■ | ઓ | પ | રે | શ | ન |
| ■ | પા | દ | ર | ■ | મ | હે | ફિ | લ | ■ | ■ | ■ |
| વે | લ | ■ | પા | ક | ણું | ■ | સ | ■ | છ | લ | ના |
| પા | ■ | પા | ટ | ણ | ■ | રા | ■ | ચે | ત | ક | ■ |
| ર | બ | ર | ■ | બી | ડું | ■ | અ | જ્ઞા | ■ | ■ | ન |
| રો | ■ | સ | ■ | ■ | ગ | ■ | વા | ઇ | ■ | આ | મ |
| જ | ન | મ | કું | ડ | ળી | ■ | ચ | ■ | પ્ર | ■ | સ્કા |
| ગા | ભ | ણિ | ■ | મ | ■ | ■ | ક | રુ | ણા | ક | ર |
| ર | ■ | ■ | સ | રો | જ | ■ | ■ | ખ | મ | ણ | ■ |

*માસ એપ્રિલ-૨૦૧૭ના અંકમાં છપાયેલ નેનો શબ્દ રમત-૧૨૭ના બધા સાચા ઉકેલ મોકલાવનારના નામ*

૧. સરલા શાહ - અમદાવાદ
૨. કલ્પના પોલડિયા - અમદાવાદ
૩. વર્ષાબેન પારેખ - અમદાવાદ
૪. ચંદ્રાબેન શાહ - અમદાવાદ
૫. સ્મિતા શાહ - અમદાવાદ
૬. જયસુખ સંઘવી - અમદાવાદ
૭. ગીતા મહેતા - અમદાવાદ
૮. હર્ષ પરીખ - અમદાવાદ
૯. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૦. લક્ષ્મીબેન ખત્રી - અમદાવાદ
૧૧. તૃપ્તિ સાવલા - અમદાવાદ
૧૨. સિધ્ધાર્થ મહેતા - અમદાવાદ
૧૩. રંજન શાહ - અમદાવાદ
૧૪. ભાનુ શાહ - અમદાવાદ
૧૫. ઈન્દુબેન પટેલ - અમદાવાદ
૧૬. નલિની શેઠ - અમદાવાદ
૧૭. અજિત મહેતા - અમદાવાદ
૧૮. નેહા પારેખ - અમદાવાદ
૧૯. ધર્મિષ્ઠા શાહ - અમદાવાદ
૨૦. ડૉ. અતુલ ધરોડા - અમદાવાદ
૨૧. સુંદરમ્ ક્રિશ્ચિયન - અમદાવાદ
૨૨. કશિશ શાહ - અમદાવાદ
૨૩. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૨૪. ચેતના વોરા - અમદાવાદ
૨૫. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૨૬. નવલબેન શાહ - અમદાવાદ
૨૭. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨૮. નીમુબેન વોરા - ભુજ
૨૯. હસમુખ દેઢિયા - અડાલજ
૩૦. નવલ નીસર - સુરત
૩૧. સરોજબેન શાહ - અગાસ
૩૨. શોભના દંડ - અંકલેશ્વર
૩૩. એન. એચ. શાહ - નાગપુર
૩૪. તારાબેન પોલડિયા - નાગપુર
૩૫. કલ્પના મહેતા - વિદ્યાનગર
૩૬. મુકુંદ મહેતા - આદિપુર
૩૭. હર્ષાબેન મહેતા - ગાંધીધામ
૩૮. દિનેશ શાહ - પૂના
૩૯. હર્ષ પારેખ - સિકંદ્રાબાદ
૪૦. કુમુદબેન શાહ - સિકંદ્રાબાદ
૪૧. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલનારાઓમાંથી લક્કી ડ્રો કરતાં, ત્રણ વિજેતાઓનાં નામ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો સમાજના પાલડી ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯ થી ૧૨, સાંજે ૪ થી ૫) પર જાણ કરી મેળવી લેવા વિનંતી છે.*

**૧. સુંદરમ્ ક્રિશ્ચિયન — અમદાવાદ**
**૨. તૃપ્તિ સાવલા — અમદાવાદ**
**૩. ઈન્દુબેન પટેલ — અમદાવાદ**

## NanoNine™ *Sudoku*

*એપ્રિલ-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ*

૧. પ્રભાબેન શેઠિયા - વલસાડ
૨. હેમલતા દેઢિયા - અડાલજ
૩. પદમશી ગાલા - અડાલજ
૪. કલ્પના મહેતા - વિદ્યાનગર
૫. લતા શાહ - પૂના
૬. સોનલ પોલડિયા - નાગપુર
૭. નિકુંજ મહેતા - ગાંધીધામ
૮. જૈનમ પારેખ - સિકંદ્રાબાદ
૯. કોકીલાબેન - અમદાવાદ
૧૦. ઉષ્મા શાહ - અમદાવાદ
૧૧. ચંદ્રા શાહ - અમદાવાદ
૧૨. સ્મિતા શાહ - અમદાવાદ
૧૩. જયસુખ સંઘવી - અમદાવાદ
૧૪. હર્ષ પરીખ - અમદાવાદ
૧૫. કિરણ પટેલ - અમદાવાદ
૧૬. ગીતા મહેતા - અમદાવાદ
૧૭. જ્યોતિ શાહ - અમદાવાદ
૧૮. અવંતી દંડ - અમદાવાદ
૧૯. સિધ્ધાર્થ મહેતા - અમદાવાદ
૨૦. રોનક શાહ - અમદાવાદ
૨૧. કશિશ શાહ - અમદાવાદ
૨૨. અરવિંદ ભટ્ટ - અમદાવાદ
૨૩. જયંતિલાલ મહેતા - અમદાવાદ
૨૪. શાંતિલાલ શાહ - અમદાવાદ
૨૫. સરોજ ચંદુરા - સુરત

*ઉપર્યુક્ત સાચા જવાબ મોકલાવનારાઓમાંથી લક્કી ડ્રો અનુસાર ત્રણ વિજેતાઓ નીચે પ્રમાણે છે. તેઓએ પોતાના ઈનામો પાલડી ભવન ખાતેના કાર્યાલયમાંથી મોબાઈલ નંબર : ૯૮૯૮૦ ૫૩૫૨૧ (સમય : સવારે ૯થી ૧૨, સાંજે ૪ થી ૫) ફોન પર જાણ કરી મેળવી લેવા વિનંતી.*

**<u>વિજેતાઓ</u> :**

**૧. કલ્પના મહેતા — વિદ્યાનગર**
**૨. કોકીલાબેન — અમદાવાદ**
**૩. કિરણ પટેલ — અમદાવાદ**

## NanoNine™ Sudoku

**એપ્રિલ-૨૦૧૭ના અંકમાં છપાયેલ સુડોકુ-૧૦૮૪ના બધા સાચા ઉકેલ મોકલનારના નામ તથા વિજેતાઓના નામ માટે જુઓ : પાના નંબર-૮૦**

- ★ મનોબળને એટલું મજબૂત બનાવો કે કોઈપણ પરિસ્થિતિમાં આંતરિક સ્વસ્થતા હણાય નહીં.
- ★ દરેક મિત્રની સાથે એવો વ્યવહાર કરો કે તેને એમ લાગે કે તમારે મન તેનું ઘણું જ મહત્ત્વ છે.
- ★ દરેક વસ્તુ અથવા પરિસ્થિતિની ઊજળી બાજુ જોવાની આદત કેળવો.
- ★ ઉત્તમ આયોજન સાથે, ઉત્તમ રીતે કાર્ય કરી ઉત્તમ પરિણામ મેળવવાનું લક્ષ્ય રાખો.
- ★ અન્યની સફળતાને તમારી પોતાની સફળતા જેટલી જ ઉમંગથી વધાવો.
- ★ ભૂતકાળની ભૂલોમાંથી બોધ મેળવીને તેમને વિસારે પાડો અને ભવિષ્યની મહાન ઉપલબ્ધિઓ ઉપર ધ્યાન કેન્દ્રિત કરો.
- ★ વાણી, વર્તન, વ્યવહાર સૌજન્યશીલ રાખો અને ચહેરા પર સદાય સ્મિત જાળવી રાખો.

## NanoNine™ Sudoku

રજનીકાંત પારેખ (૯૮૯૮૦ ૫૩૫૨૧)

સુડોકુ ક્રમાંક-૧૦૮૬ અત્રે રજૂ કરવામાં આવેલ છે. તેના ચારે ભાગ ભરીને 'મંગલ મંદિર' કાર્યાલય પર તા. ૩૦-૬-૨૦૧૭સુધીમાં મોકલી આપવા વિનંતી. તદ્દન ખરા જવાબો મોકલનારનાં નામ ઓગસ્ટ-૨૦૧૭ના અંકમાં પ્રસારિત કરવામાં આવશે.

સુડોકુ ભરનારનું નામ : ____________________

સરનામું : ____________________

____________________ ફોન/મોબાઈલ : ____________________

### ક્રમાંક - ૧૦૮૬

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 9 | | 7 | | | | | 3 | 1 |
| | | | 4 | 9 | | 7 | 6 | |
| 4 | | 1 | | | 7 | | 2 | |
| | | 6 | | | 3 | | 7 | 4 |
| 1 | | | 8 | 7 | | | | 2 |
| | 7 | | 1 | | | | | 9 |
| 7 | 9 | | | 1 | | 2 | | |
| | 1 | 5 | | 4 | 2 | | | |
| | 4 | | | | | 5 | | 7 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | | | | | 3 | | 7 | 2 |
| 7 | | 9 | | | 4 | 6 | | |
| | | | | 6 | 8 | | 3 | |
| 4 | | 8 | 3 | 5 | | | 6 | |
| | 2 | | 8 | | 6 | | 1 | |
| | 6 | | | 4 | | 3 | | 8 |
| | | 4 | 6 | 3 | | 7 | | |
| | 9 | | | | | 8 | | 6 |
| 6 | 7 | | 9 | | | | | 3 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | 4 | 9 | 5 | 6 |
| 1 | | | 8 | 5 | | 7 | | |
| | 5 | 4 | 3 | | | | 8 | |
| | 6 | | | 4 | | 5 | | 9 |
| | 1 | | | 8 | 9 | | 7 | |
| 4 | | 9 | | 7 | | | 6 | |
| | 7 | | 4 | | | 8 | 2 | |
| | | | | 3 | 8 | | | |
| 6 | 4 | 8 | 1 | | | | 9 | |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 4 | | 9 | 7 | | 6 | | |
| | 9 | 2 | | | 8 | | 7 | |
| | 7 | | | 2 | | 1 | | 3 |
| 4 | | 7 | | 9 | | | | 6 |
| | | 1 | 3 | | 6 | 7 | | |
| | | 6 | | 4 | 7 | 2 | | 1 |
| 5 | | | | 8 | | | 6 | 2 |
| | 8 | | 5 | | 9 | | 1 | |
| 7 | | 9 | 2 | | | | 8 | |

### ઉકેલ : ક્રમાંક - ૧૦૮૫

**A**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 7 | 6 | 8 | 9 | 3 | 5 | 2 | 4 |
| 3 | 8 | 2 | 5 | 1 | 4 | 6 | 9 | 7 |
| 5 | 9 | 4 | 7 | 2 | 6 | 1 | 8 | 3 |
| 7 | 3 | 9 | 1 | 8 | 2 | 4 | 6 | 5 |
| 4 | 2 | 1 | 3 | 6 | 5 | 9 | 7 | 8 |
| 8 | 6 | 5 | 4 | 7 | 9 | 2 | 3 | 1 |
| 6 | 1 | 3 | 9 | 4 | 7 | 8 | 5 | 2 |
| 2 | 4 | 7 | 6 | 5 | 8 | 3 | 1 | 9 |
| 9 | 5 | 8 | 2 | 3 | 1 | 7 | 4 | 6 |

**B**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 8 | 1 | 3 | 6 | 9 | 5 | 2 | 7 | 4 |
| 9 | 2 | 4 | 1 | 7 | 3 | 6 | 8 | 5 |
| 6 | 7 | 5 | 8 | 2 | 4 | 9 | 1 | 3 |
| 1 | 4 | 6 | 3 | 5 | 8 | 7 | 9 | 2 |
| 3 | 9 | 7 | 4 | 1 | 2 | 5 | 6 | 8 |
| 5 | 8 | 2 | 7 | 6 | 9 | 3 | 4 | 1 |
| 2 | 6 | 8 | 5 | 4 | 7 | 1 | 3 | 9 |
| 7 | 3 | 9 | 2 | 8 | 1 | 4 | 5 | 6 |
| 4 | 5 | 1 | 9 | 3 | 6 | 8 | 2 | 4 |

**C**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 5 | 8 | 6 | 9 | 7 | 4 | 1 | 2 |
| 4 | 6 | 2 | 1 | 3 | 8 | 5 | 7 | 8 |
| 9 | 1 | 7 | 4 | 2 | 5 | 6 | 8 | 3 |
| 8 | 4 | 1 | 5 | 6 | 2 | 9 | 3 | 7 |
| 2 | 9 | 6 | 7 | 4 | 3 | 1 | 5 | 8 |
| 5 | 7 | 3 | 8 | 1 | 9 | 2 | 4 | 6 |
| 7 | 8 | 9 | 2 | 5 | 4 | 3 | 6 | 1 |
| 8 | 3 | 5 | 2 | 5 | 4 | 3 | 6 | 1 |
| 1 | 2 | 4 | 3 | 7 | 6 | 8 | 9 | 5 |

**D**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 5 | 4 | 7 | 2 | 8 | 9 | 6 | 3 |
| 6 | 8 | 2 | 9 | 3 | 5 | 4 | 1 | 7 |
| 9 | 7 | 3 | 6 | 4 | 1 | 2 | 8 | 5 |
| 5 | 9 | 1 | 8 | 7 | 2 | 3 | 4 | 6 |
| 8 | 3 | 7 | 1 | 6 | 4 | 5 | 9 | 2 |
| 2 | 4 | 6 | 3 | 5 | 9 | 8 | 7 | 1 |
| 3 | 1 | 5 | 4 | 8 | 7 | 6 | 2 | 9 |
| 7 | 2 | 8 | 5 | 9 | 6 | 1 | 3 | 4 |
| 4 | 6 | 9 | 2 | 1 | 3 | 7 | 5 | 8 |




સંકલન : દિનેશચંદ્ર જગજીવન શાહ

★ **૧૨મા વિજ્ઞાન પ્રવાહનું પરિણામ :** ગુજરાત રાજ્યના ૧૨મા ધોરણના બોર્ડનું વિજ્ઞાન પ્રવાહનું ૮૧.૮૯ ટકા પરિણામ આવેલ છે. જે ગત વર્ષ કરતાં ૨.૮૬ ટકા ઊંચું છે. આમાં કચ્છ જિલ્લાનું પરિણામ ૮૭.૮૬ ટકા આવેલ છે. કચ્છ જિલ્લામાં એ-વન ગ્રેડમાં આવેલા તમામ છાત્રો આદિપુરના છે. ૯૩.૫૯ ટકા સાથે અંજાર પ્રથમ સ્થાને, ૮૯.૩૯ ટકા સાથે માંડવી દ્વિતીય સ્થાને તથા ભુજ ૮૭.૨૧ ટકા સાથે ત્રીજા સ્થાને રહેલ છે.

★ **મુંદ્રા શહેરનો સ્થાપના દિવસ :** કચ્છના પેરિસ તરીકે ઓળખાતા મુંદ્રા શહેરના સ્થાપના દિનનો ઉત્તર ઝરપરાના ઈતિહાસકાર અને ચારણી સાહિત્યકાર આશનંદભાઈ ગઢવીએ છાનબીન કરતાં જણાવ્યું કે 'મુનરા' શહેરની સ્થાપના કરનાર વર્ધમાન શાહે રાજા ભોજરાજજીના હસ્તે વિ.સં. ૧૬૮૮ના વૈશાખ વદ-૧૧ના રોજે કરાવેલ હતી. આ મુનરા બંદરે ભોજરાજજીએ વિ.સં. ૧૬૯૬માં મોહનરાયનું મંદિર બનાવ્યું. જેના પરથી 'મુંદ્રા' નામ આવ્યું. પંચાંગની ગણતરી કરતાં અંગ્રેજી તા. ૧૬-૫-૧૬૩૨ મુંદ્રાનો સ્થાપના દિન આવ્યો.

★ **પાણી માટે એ.ટી.એમ. :** અંજાર તાલુકામાં આવેલ વેલસ્પન કંપનીના સહકારથી અંજાર તાલુકાની ૧૦ જેટલી ગ્રામ પંચાયતો દ્વારા ગામોમાં પીવાના શુધ્ધ પાણીના એ.ટી.એમ. વિકસાવ્યા છે. જેમાં કાર્ડ સ્કેચ કરવાથી રૂા. ૫/-માં ૨૦ લિટર પાણી મળે છે.

★ **સ્વચ્છ ભારત અભિયાન :** ભારતના ૪૩૪ શહેરોને સરકાર દ્વારા 'સ્વચ્છ ભારત અભિયાન' સર્વેક્ષણના પરિણામમાં કચ્છનું ગાંધીધામ શહેર ૬૭માં તથા ભુજ શહેર ૯૮માં ક્રમે આવેલ છે. વર્ષ ૨૦૧૪ના સર્વેક્ષણમાં ભુજ ૩૬૧ નંબરે રહ્યું હતું. સુરત શહેરને ૪થું સ્થાન મળેલ છે.

★ **દાડમની દુબઈ ખાતે નિકાસ :** કચ્છની કેસર કેરીએ વિદેશમાં નામના તો મેળવેલ છે પરંતુ છેલ્લા કેટલાય સમયથી કચ્છમાં બાગયત પાક દાડમની ખેતીએ વધુ નામના મેળવી છે. કચ્છમાં થતા સારા દાડમને એ.પી.એમ.સી. મુંદ્રા દ્વારા પ્રથમ વખત વિદેશમાં - દુબઈ ખાતે નિકાસ કરવામાં આવ્યા છે. જેથી ખેડૂતોને મોટો આર્થિક ફાયદો થયેલ છે. ભવિષ્યમાં કચ્છમાં તૈયાર થયેલ પપૈયાની પણ વિદેશ નિકાસ કરવામાં આવશે.

★ **'કેમ છો કચ્છ?' પહેલને રાષ્ટ્રીય સન્માન :** કચ્છના પશ્ચિમ પોલીસ વડા મકરંદ ચૌહાણે જિલ્લામાં દારૂની બંદી, જુગારની લત, અસામાજિક તત્ત્વો દ્વારા થતા ખોટા કાર્યો ઉપર રોક લગાવવા એક નવતર પ્રયોગ 'કેમ છો કચ્છ?' ચાલુ કર્યો. જેના અનુસંધાને તેઓ વહેલી સવારે અને મોડી સાંજના જનતા વચ્ચે જઈ જિલ્લામાં થતી ગેરકાયદેસર પ્રવૃત્તિઓની માહિતી મેળવી તેને કાબૂમાં રાખવા પ્રયાસો શરૂ કર્યા. આ બાબતને ધ્યાનમાં રાખી ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ (ફીકિઆ) દ્વારા ૨૪મી મે ના રોજ દિલ્હીમાં 'આંતરિક સલામતી' વિષય પર યોજાનારી વાર્ષિક પરિષદમાં પશ્ચિમ કચ્છના પોલીસ અધિકારી મકરંદ ચૌહાણને 'ફિક્કી સ્માર્ટ પોલીસીંગ ઍવોર્ડ'થી સન્માનિત કરવામાં આવેલ.

★ **ભુજ રેલવે મથક ફરી શ્રેષ્ઠ મથક :** દર વર્ષે એપ્રિલ માસમાં રેલવે સપ્તાહની ઉજવણી કરવામાં આવતી હોય છે. આ અંતર્ગત પ્રવાસીઓની સુવિધા, સ્ટેશનની સ્વચ્છતા, પર્યાવરણની જાળવણી, કર્મચારીઓની વિનમ્રતા વગેરે પાસાંઓની ચકાસણી બાદ અમદાવાદ ડિવિઝને ભુજ રેલવે મથકને વર્ષ ૨૦૧૭ના શ્રેષ્ઠ મથકનું રનિંગ શિલ્ડ એનાયત કર્યું છે. ૨૦૧૪માં પણ આ ઍવોર્ડ ભુજ રેલવે મથકને મળેલ હતું.

★ **પાસપોર્ટ કેન્દ્ર - ભુજ :** માર્ચની ૩૧મી તારીખે ભુજની પોસ્ટ ઓફિસમાં ખૂલેલ પાસપોર્ટ કેન્દ્રમાં રોજની ૪૫ પાસપોર્ટ અરજીનો નિકાલ થતો હતો. આ બાબતે કચ્છવાસીઓને પડતી મુશ્કેલી અંગે કચ્છ સાંસદ વિનોદ ચાવડાએ અમદાવાદ સ્થિત પાસપોર્ટ અધિકારી નીલમ રાની ભારદ્વાજ પાસે યોગ્ય રજૂઆત કરી હતી. જેના કારણે હવેથી રોજની ૧૦૦ અરજીઓનો નિકાલ થશે.

★ **સૌર ઊર્જા :** ગાંધીધામના મેઈન બજારમાં હંગામી દુકાનમાં દરજીકામ કરતા દિલીપકુમાર દરજીને વીજ જોડાણ માટે અનેક વખત અરજી કરતાં તે ન મળતાં આખરે તેમણે દુકાન ઉપર ૭૫ વોટ્સની બે તથા ૧૫૦ વોટ્સની એક સોલાર સિસ્ટમ લગાવી વીજળીનો કાયમી ઉકેલ મેળવી લીધો છે. જેના વડે તે બે સીલાઈ મશીન, ત્રણ ટ્યુબ લાઈટ અને એક પંખો ચલાવી શકે છે.

★ **રેલવે — ભાભર સ્ટોપેજ મંજૂર :** ગાંધીધામથી ઉપડતી ગાંધીધામ - જોધપુર ત્રિ-સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેનને તા. ૧૭-૫થી ભાભર સ્ટેશનને સ્ટોપ આપવાનો રેલવે વિભાગ દ્વારા નિર્ણય લેવાયો છે.

★ **ભુજમાં જ થશે ડી.એમ.એલ.ટી. કોર્સ :** ગુજરાત અદાણી ઈન્સ્ટિટ્યૂટ ઑફ મેડિકલ સાયન્સીઝના ગેઈમ્સ કૉલેજ દ્વારા, કચ્છ યુનિવર્સિટીના નેજા હેઠળ ડિપ્લોમા સ્તરના લેબોરેટરી ટેકનિશિયનનો કોર્સ આગામી સત્રથી શરૂ કરવાની તૈયારી કરી દેવામાં આવી છે. પી.એચ.સી., સી.એચ.સી. દવાખાનાઓમાં આવા લેબ ટેકનિશિયનોની ઘણી જગ્યા ખાલી હોવાથી માંગ છે.

★ **અબડાસા નર્મદા યોજના અત્યારે ફેલ :** પાણી માટે તરસતા અબડાસાના ૩૫ ગામ માટે રૂા. ૪૦ કરોડના ખર્ચે મંગવાણાથી મોથાળા સુધી નર્મદાના પાણી યોજના હેઠળ બલ્ક પાઈપલાઈન તથા ફિલ્ટર પ્લાન્ટ નાખવામાં આવ્યા છે. પરંતુ તેમાં ૨ કરોડ લિટર પાણી કોટડા (રોહા)ના સ્થાનિક બોરમાંથી ભરવામાં આવેલ છે. જ્યારે આગળના ૩૫ ગામો માટે કોઈ યોજના બનેલ નથી. લાગે છે કે અત્યારે આ યોજના ફેઈલ થયેલ છે.

★ **એર ઇન્ડિયામાં હવે સિનિયર સિટીઝન વય ૬૦ વર્ષ થઈ :** એર ઇન્ડિયાના ઘરેલુ પ્રવાસમાં હવેથી વયસ્ક નાગરિકોને તેના ભાડામાં ૫૦ ટકા સુધી છૂટ આપવામાં આવી છે. અગાઉ આ વયમર્યાદા ૬૩ વર્ષથી શરૂ થતી હતી, જે હવે ૬૦ વર્ષે પહોંચનારા વયસ્ક ભારતીય નાગરિકોને ૫૦ ટકા ભાડા રાહતનો લાભ મળશે.

★ **માકપટમાં સારા ચોમાસાના એંધાણ સમા પીલુનો મબલક પાક :** અનુભવીઓ દ્વારા એમ કહેવામાં આવે છે કે આ વર્ષે પીલુડીનો સારો ફાલ આવવાથી આ વરસે વરસાદ સારો પડશે તેવા એંધાણ જણાય છે. ૫૦૦ વરસથી વધુ આયુષ્ય ધરાવતી આ વનસ્પતિ વરસાદના આકર્ષણ માટે ઉત્તમ વનસ્પતિ ગણાય છે. તેમાંથી નીકળતું તેલ આયુર્વેદિક સાબુ, ટુથપેસ્ટ તથા વિવિધ દવાઓ બનાવવા માટે ઉપયોગ કરવામાં આવે છે.

★ **આ વર્ષે સારા વરસાદનો વરતારો :** દેશના હવામાન વિભાગે પૂર્વાનુમાન આપ્યું છે કે નૈઋત્યનું ચોમાસું આ વર્ષે 'સામાન્ય' રહેશે. વધુમાં જણાવ્યું છે કે દેશમાં ૯૬ ટકા વરસાદ થઈ શકે તેમ છે. અલનીનો અંગે કહે છે કે ઓગસ્ટમાં તે પ્રભાવી થવાથી ચોમાસાની ચાલ નબળી પડી શકે છે. પરંતુ આઈઓડી (ઇન્ડિયન ઓશિયન ડાયપોલ)ના કારણે અલનીનોની અસર ઘટી જશે, જેથી આ વર્ષે સારો વરસાદ થવાની સંભાવના છે. મોસમ વિભાગના અનુસાર ઓગસ્ટ - ઓક્ટોબર સુધીમાં અલનીનોની ૫૦ ટકા સંભાવના જણાવે છે. ચોમાસાના બીજા ભાગમાં અલનીનોનો ખતરો ઓછો છે. આગામી પાંચ વરસમાં અલનીનોની અસર આ રીતે રહેશે તેવું અનુમાન છે.

★ **કચ્છની બેંકોમાં થાપણમાં ૨૯૦૦ કરોડનો ઉછાળો :** ૮મી નવેમ્બર, ૨૦૧૬ના રોજ કેન્દ્ર સરકાર દ્વારા થયેલ નોટબંધીના નિર્ણય બાદ ત્રિમાસિક બાદ કચ્છની બેંકોની થાપણમાં રૂપિયા ૨૯૦૦ કરોડનો જંગી ઉછાળો નોંધાયો છે અને કુલ ડિપોઝીટ રૂા. ૩૧૪૦૦ કરોડ સુધી પહોંચી ગઈ હતી. બીજી તરફ એન.આર.આઈ.ની થાપણમાં રૂા. ૧૦૦ કરોડના ઘટાડા સાતે કુલ ડિપોઝીટ ૯૪૦૦ કરોડ રહી ગઈ. જે ડિપોઝીટ એક વર્ષ પહેલાં રૂા. ૧૦,૩૩૯ કરોડની હતી. નોટબંધી બાદ કચ્છમાં ૨૫ ટકા લોકો ડિજિટલ વ્યવહાર ભણી વળ્યા હોવાનું જાણવા મળ્યું છે.

★ **કચ્છને નર્મદાના નીર :** તા. ૧૦-૪ના રોજ ગાંધીનગર ખાતે કચ્છ અબડાસાના ધારાસભ્ય શક્તિસિંહ ગોહીલે મુખ્યમંત્રીશ્રી તથા પાણી પુરવઠા અને નર્મદા નિગમના અધિકારીઓ સાથે અબડાસાને પૂરતું પાણી મળે તે બાબતમાં મિટિંગ કરેલ હતી. જે અંગે તેમને ખાતરી મળેલ કે આ પ્રશ્નનો તરત જ નિવેડો આવશે. પરંતુ તા. ૨૦-૪ના રોજ શક્તિસિંહ ગોહીલે આ બાબતે માંગણી કરતા જણાવ્યું હતું કે અબડાસા, લખપત તથા નખત્રાણા તાલુકા માટે ખીરસરા પોઈન્ટ ઉપર નર્મદાનું પાણી ઓછામાં ઓછું ૨૫ એમ.એલ.ડી. અપાય અને તેમાં બોરવેલ તથા સ્થાનિક સોર્સનું પાણી ઉમેરીને લોકોને જરૂરિયાત મુજબ પાણી મળી રહે તેવી રજૂઆત કરી હતી. તદુપરાંત જરૂરિયાત પાણીના ટેન્કરો વધારવાની પણ વાત કરેલ. જેની હજુ સુધી કોઈ વ્યવસ્થા થઇ જ નથી. જેથી પીવાના પાણીની સમસ્યા વિકટ બનતી જાય છે તેમ ધારાસભ્યએ મુખ્યમંત્રી પાસે સખેદ રજૂઆત કરી હતી. તેમજ ખીરસરા પોઈન્ટ ઉપર ૧૫થી ૧૯ એમ.એલ.ડી. નર્મદાના પાણીને બદલે ૨૫ એમ.એલ.ડી. પાણી આપવા અંગે વ્યવસ્થા કરવાનું જણાવ્યું હતું.

★ **રેલવે - કચ્છી પ્રવાસીઓને સુવિધા :** રેલવે તંત્રના સુત્રો અનુસાર ભુજ - બાંદ્રા વચ્ચે સપ્તાહમાં ત્રણ વખત દોડતી એ.સી. સુપર ફાસ્ટ ટ્રેનમાં શતાબ્દી - રાજધાની ટ્રેનમાં વપરાતા એલ.એચ.બી. (લિંક હાફમેન બુશ) કોચ જેવા આધુનિક કોચ જોડવા ઉચ્ચ સ્તરે પત્ર વ્યવહાર દ્વારા દરખાસ્ત કરાઈ હોવાનું જાણવા મળે છે. આ આધુનિક કોચ ભુજ - બાંદ્રા - ભુજ વચ્ચે દોડનાર વેકેશન સ્પેશિયલ ટ્રેનમાં જોડી તેનો લાભ તા. ૨૪-૪ તથા ૨૫-૪ના રોજ પ્રવાસીઓને મળશે.

★ **સ્ટાર્ટઅપ ઇન્ડિયા :** ગાડીના ટાયર ફાટવાને લીધે થતા અકસ્માતને સદંતર ટાળવા તોલાણી ફાઉન્ડેશન ગાંધીધામ પોલીટેકનિક કૉલેજના મિકેનિકલ એન્જિનિયરિંગના વિદ્યાર્થીઓ ઓમકાર જાટાણી, મહેશ છાયા, સચીન ડાંગર, વૈભવ પટેલે એક વર્ષ સુધી મહેનત કરીને ઓટોમેટિક ટાયર ઈન્ફલેક્શન સિસ્ટમ (એ.ટી.આઈ.એસ.) વિકસાવી છે. તેઓ દ્વારા આ પેટન્ટ ફાઈલ કરવાનો નિર્ણય લેવાયો છે.

★ **કચ્છી લેખકને સાહિત્ય અકાદમીનું ઇનામ :** ભુજના રહેવાસી રાજેશ અંતાણી દ્વારા કચ્છના પરિવેશ પર આધારિત નવલકથા "મેઘમહેર"ને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ ૨૦૧૫ના શ્રેષ્ઠ પુસ્તકના સ્થાન સાથે ત્રીજું પારિતોષિક જાહેર કરાયું છે. તેમનું આ પ્રથમ પારિતોષિક છે.

★ **કચ્છ રેલવે :** ગાંધીધામમાં પ્રથમ વખત આવેલ રેલવેના નવનિયુક્ત જનરલ મેનેજરે લીધેલ મુલાકાત સમયે જણાવેલ કે કંડલા પોર્ટમાં રેલવે લાઈનના વિસ્તરણ કાર્યો આગામી ત્રણ-ચાર મહિનામાં પૂરા થઈ જશે અને એલ.સી. ગેટ માટેની મંજૂરી તાજેતરમાં મળી ગઈ છે. આગામી દોઢેક મહિનામાં સેફ્ટ કમિટીનો રિપોર્ટ મળતાં ભુજ - નલિયા ટ્રેનને ૩૦ કિ.મી. એટલે કે દેશલપર સુધી જૂન મહિનામાં ટ્રેન દોડાવાશે. વધુ માહિતી આપણાં જણાવ્યું કે અહીં વધુ માત્રામાં પાર્સલ બુકિંગ થાય છે. તે માટે જો કોઈ પાર્ટી પાર્સલ બુકિંગની જવાબદારી સંભાળે તો ૨૦થી ૨૪ રેકની પાર્સલ ટ્રેન અઠવાડિયામાં એક વખત પ્રશાસન દ્વારા દોડાવવાની તૈયારી છે. જેથી કચ્છથી ઉપડતી ટ્રેનોમાં જે પાર્સલ કોચ હોય છે તેના બદલે મુસાફરો માટે વધારાના કોચ લગાવી શકાય. કચ્છની ટ્રેનોમાં પણ આધુનિક એલ.એચ.બી. કોચની સુવિધા મળી જશે. ભુજ - બરેલી ટ્રેનના કોચોની બદતર હાલત અંગે ચર્ચાના જવાબમાં તેમણે કહ્યું કે આ બાબતે ઉત્તર રેલવેના અધિકારીઓને જાણ કરશે.

★ **શહીદોને શ્રદ્ધાંજલિ :** ભચીબાઈ સુંદરજી ભદ્રા મેમોરિયલ ફાઉન્ડેશન, સમાજ નવનિર્માણ ટ્રસ્ટ તથા કચ્છ યુનિવર્સિટીના ઉપક્રમે ભુજના હિલગાર્ડન ખાતે તા. ૨૧-૫ના રોજ સાંજે 'એક શામ શહીદો કે નામ' નામે યોજાયેલ કાર્યક્રમમાં શહીદોને ૧૦૦ મિણબત્તીથી શ્રદ્ધાંજલિના વિશ્વવિક્રમ કાર્યક્રમને લીમ્કા વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન પામ્યું છે. ■

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## 'મંગલ મંદિર'ની જાહેરાતના માસિક દરો

| ક્રમ | ટાઈટલ | કલર | આખુ પાનું | અડધું પાનું | પા પાનું | અન્ય |
|---|---|---|---|---|---|---|
| ૧. | કવર પેઈજ નં.-૪ | મલ્ટી કલર | ૭,૦૦૦ | ૪,૫૦૦ | ૩,૦૦૦ | — |
| ૨. | કવર પેઈજ નં. ૨ તથા ૩ | મલ્ટી કલર | ૬,૦૦૦ | ૩,૫૦૦ | ૨,૫૦૦ | — |
| ૩. | કવર પેઈજ ૨ તથા ૩ની સામેનું પાનું | મલ્ટી કલર | ૫,૫૦૦ | ૩,૨૫૦ | ૨,૨૫૦ | — |
| ૪. | અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦ | ૩,૦૦૦ | ૨,૦૦૦ | — |
| ૫. | અંદરનું પાનું | સીંગલ કલર | ૪,૦૦૦ | ૨,૫૦૦ | ૧,૫૦૦ | — |
| ૬. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦ | ૧,૫૦૦ | ૧,૦૦૦ | — |
| ૭. | ટચુકડી જાહેર ખબર ૧ કોલમ x ૫ સે.મી. | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦ |
| ૮. | સાદા પાનાની નીચે ૧ ઈંચની પટ્ટી | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૩૫૦ |

**નોંધ :** ૧. એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૨. એક સાથે **૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.
૩. એક સાથે **૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા ડિસ્કાઉન્ટ** આપવામાં આવશે.

*"શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ"ના નામનો ચેક **(Payable at AHMEDABAD)** / ડ્રાફ્ટ મોકલાવવા વિનંતી.*

**નોંધ : જાહેરાતની સાઈઝ**

(૧) ફુલ પેજ : ૧૮.૦ x ૨૩.૬ સે.મી. | (૨) હાફ પેજ : ૧૮.૦ x ૧૧.૬ સે.મી.
(૩) ૧/૪ પેજ : ૯.૦ x ૧૧.૬ સે.મી. | (૪) બોટમ પટ્ટી : ૧૮.૦ x ૨.૫૪ સે.મી.

## "મંગલ મંદિર" : લવાજમનાં દરો

૧ વર્ષના : રૂા. ૧૫૦/- | ૫ વર્ષના : રૂા. ૬૦૦/-
૩ વર્ષના : રૂા. ૪૦૦/- | આજીવન (૧૫ વર્ષના) : રૂા. ૧,૫૦૦/-

# સમાજ દર્પણ

## સરનામા ફેરફાર

- **દીપેશ અમૃતલાલ ગડા**
  ૧૦૦૨, સહજાનંદ અપસ્કેલ,
  કોનાર્ક કરિશ્મા ટાવરની સામે,
  વસ્ત્રાપુર,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.

- **અશોક હેમચંદ દોશી**
  એ-૧-૫૦૩, આકાશનિધિ એપાર્ટમેન્ટ,
  રેડિયો મિર્ચી ટાવર પાસે, સેટેલાઈટ,
  અમદાવાદ-૩૮૦ ૦૧૫.

## પુત્ર જન્મ

- **રવિવાર, તા. ૯-૪-૨૦૧૭**
  **ચિ. પાર્શ્વ રીના પ્રશાંત અરવિંદ શેઠ (કાંડાગરા - અમદાવાદ)**
- **સોમવાર, તા. ૧૭-૪-૨૦૧૭**
  **ચિ. ધર્મિલ ધ્વનિ હાર્દિક ધનસુખલાલ પટવા (માંડવી - અમદાવાદ)**
- **સોમવાર, તા. ૨૪-૪-૨૦૧૭**
  **ચિ. દૈવિક પ્રિયંકા હીરેન મહેન્દ્ર મોતા (નલિયા - અમદાવાદ)**

## કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમ

**નીચે જણાવેલ સ્થળે મ્યુઝિયમ નિહાળવા જાહેર જનતાને ભાવભર્યું નિમંત્રણ છે. આ મ્યુઝિયમની મુલાકાતથી અમદાવાદમાં રહીને કચ્છ - દર્શનની એક ઝલક જોઈ શકશો. દેશ-વિદેશથી આવતા આપના કોઈપણ મહેમાનો સાથે આપ આ મ્યુઝિયમની અવશ્ય મુલાકાત લેશો.**

***મ્યુઝિયમ જોવા માટે કોઈ એન્ટ્રી ફી નથી.***

*સ્થળ :* શ્રી કચ્છી વિશ્રામગૃહ, અરિહંતનગર દેરાસરની સામે, રાજસ્થાન હોસ્પિટલ પાસે, શાહીબાગ, અમદાવાદ.

*ફોન સંપર્ક :* (૦૭૯) ૨૨૮૮૪૫૪૭

*સમય :* સવારે ૧૦થી ૨ અને સાંજે ૫ થી ૭.

## સાભાર સ્વીકાર

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાકીય યોજનાઓ માટે નીચે મુજબ દાતાશ્રીઓ તરફથી દાન / ભેટ પ્રાપ્ત થયેલ છે.*

### વયસ્ક સમિતિ ખાતે

રૂા. ૨૧,૦૦૦/- સ્વ. રૂક્ષ્મણીબેન શશીકાંત સંઘવી પરિવાર - અમદાવાદ તરફથી.
હ. શ્રી અનિસ શશીકાંત સંઘવી, શ્રીમતી સીમા હેમેન ઝવેરી, શ્રીમતી મનીષા વીરેન વોરા

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી અન્નપૂર્ણાબેન બાબુભાઈ ખેતશી મહેતા - અમદાવાદ તરફથી

રૂા. ૫,૦૦૦/- શ્રીમતી કમલબેન શાંતિલાલ છગનલાલ શાહ - અમદાવાદ તરફથી

રૂા. ૫,૦૦૦/- શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી - અમદાવાદ તરફથી

### વૈયાવચ્ચ ખાતે

રૂા. ૫,૦૦૦/- સ્વ. ભોગીલાલ પ્રેમચંદ કોરડિયાના સ્મરણાર્થે

રૂા. ૫૦૦/- શ્રી પ્રકાશભાઈ સી. મહેતા - ભુજ

### શ્રી જલારામ અન્નક્ષેત્ર ખાતે

રૂા. ૨,૫૦૧/- પ્રભાવતીબેન સૂરજલાલ મોતીલાલ મહેતા પરિવાર તરફથી સ્વ. સૂરજલાલ મોતીલાલ મહેતાની પાંચમી વાર્ષિક પુણ્યતિથિ નિમિત્તે

રૂા. ૨,૦૦૦/- શ્રીમતી ઉર્મિલાબેન મહેન્દ્રભાઈ વસા - અમદાવાદ

### મંગલ મંદિર ભેટ ખાતે

રૂા. ૫,૦૦૦/- સ્વ. ભોગીલાલ પ્રેમચંદ કોરડિયાના સ્મરણાર્થે

રૂા. ૧,૦૦૧/- સીએ હાર્દિક ધનસુખલાલ પટવા - અમદાવાદ તરફથી પુત્ર ચિ. ધર્મિલના જન્મ નિમિત્તે

### શૈક્ષણિક સહાય ખાતે

રૂા. ૫,૦૦૦/- શ્રી જય ભરતભાઈ ભેદા - અમદાવાદ

### જનરલ ડોનેશન ખાતે

રૂા. ૧,૦૦૧/- શ્રીમતી પ્રિયંકા હીરેન મહેન્દ્ર મોતા - અમદાવાદ તરફથી પુત્ર ચિ. દૈવિકના જન્મ નિમિત્તે

*સંસ્થા ઉપરોક્ત તમામ દાતાશ્રીઓનો ખૂબ ખૂબ આભાર માને છે.*

*જાત ઝાકળની છતાં કેવી ખુમારી હોય છે*
*પુષ્પ જેવા પુષ્પ પર મારી સવારી હોય છે.*

**— ઇર્શાદ**

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**માતુશ્રી સાકરબહેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા)**

**શ્રી કચ્છી જૈન ભવન**

*૪૩-૪૪, બ્રાહ્મણ મિત્રમંડળ સોસાયટી, પાલડી - એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.*

*ફોન : (૦૭૯) ૨૬૫૭૭૪૬૮, ૨૬૫૭૮૮૯૨*


## પરિપત્ર

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની **૩૦મી વાર્ષિક સામાન્ય સભા, રવિવાર તા. ૨૩-૦૭-૨૦૧૭ ના રોજ સવારે ૯.૦૦ કલાકે** "શ્રી કચ્છી જૈન ભવન", પાલડી ખાતે સંસ્થાના કાર્યાલયમાં મળશે. આ સભામાં સંસ્થાના ***ફક્ત નોંધાયેલા*** સભ્યોને પધારવાનું હાર્દિક આમંત્રણ છે.

## સામાન્ય સભાની કાર્યસૂચિ

૧. ***સવારે ૯.૦૦ થી ૧૦.૩૦ દરમ્યાન : જો જરૂરિયાત જણાશે તો નીચે મુજબ ચૂંટણી કરવામાં આવશે.*** બંધારણની કલમ-૫(૨) મુજબ નિવૃત્ત થતા ૩ (ત્રણ) દાતા ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૨ (બે) માનદ્ ટ્રસ્ટીઓની તથા નિવૃત્ત થતા ૧ (એક) સ્વજન ટ્રસ્ટીની ખાલી પડેલી જગ્યા ઉપર ચૂંટણી / વરણી કરવામાં આવશે. તથા બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ (છ) સભ્યોની ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી/વરણી કરવામાં આવશે. **૧૦.૩૦ વાગ્યા સુધી આવનાર સભ્યને જ મત આપવાનો અધિકાર રહેશે.**
ચૂંટણીની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ નીચે મુજબનાં ઍજન્ડા ઉપર કાર્યવાહી શરૂ કરવામાં આવશે.

૨. ગત તા. ૩૧-૦૭-૨૦૧૬ના રોજ મળેલ સામાન્ય સભાની કાર્યવાહીની નોંધનું વાંચન અને બહાલી આપવા બાબત.

૩. ગત વર્ષ દરમિયાન થયેલ કાર્યવાહીનો અહેવાલ અને તેને બહાલી આપવા બાબત.

૪. વર્ષ ૨૦૧૬-૨૦૧૭ના ઓડિટ થયેલ હિસાબો મંજુર કરવા બાબત.

૫. વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે ઓડિટરશ્રીની નિમણૂક કરવા બાબત.

૬. પ્રમુખશ્રીની સંમતિથી રજૂ થનાર અન્ય બાબતો અંગે યોગ્ય નિર્ણય લેવા બાબત.

**કે. આર. શાહ**
*માનદ્ મંત્રી*

**તા.ક.** :

*(૧) કોરમના અભાવે મુલતવી રહેલ સભા અડધા કલાક બાદ ફરી તે જ સ્થળે મળશે અને ત્યારે નિયમાનુસાર કોરમનો બાધ રહેશે નહીં.*

***(૨) તા. ૨૩-૦૧-૨૦૧૭ બાદ નોંધાયેલ સભ્યો સભામાં હાજરી આપી શકશે, પરંતુ બંધારણ અનુસાર ઉમેદવારી કે મતદાન કરી શકશે નહીં.***

*સ્વપ્નમાં મેં જોયું કે જીવન તો આનંદમય છે. જાગીને જોયું તો જાણ્યું કે જીવન તો સેવા છે.*
*હું કાર્યરત થયો અને મળી ગયો તાળો. સેવામાં જ તો છે આનંદ!*

***– રવીન્દ્રનાથ ટાગોર***

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

*તા. ૨૧-૫-૨૦૧૭*

## ચૂંટણી પંચની રચના

સામાન્ય સભાએ નક્કી કરેલ ચૂંટણીના નિયમ-૧ મુજબ વર્ષ ૨૦૧૭-૧૮ માટે ટ્રસ્ટ મંડળના નિવૃત્ત થતા ૬ તેમજ કારોબારી સમિતિના નિવૃત્ત થતા ૬ સભ્યોની ચૂંટણીનું કાર્ય નિયમ મુજબ ચલાવવા માટે નીચેના બે સભ્યોની ચૂંટણી પંચ તરીકે નિમણૂક કરવામાં આવેલ છે.

- **શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી**
  ત્રિવેણી બંગલો, એચ.પી. પેટ્રોલ પંપ પાસે, જજીસ બંગલા ક્રોસ રોડ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
  ફોન : ૨૬૮૭૧૯૨૫
- **શ્રી નરેન્દ્ર જયંતિલાલ કોઠારી**
  ૨૦૩, પી. ડી. એપાર્ટમેન્ટ, પ્રીતમનગર, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬.
  મો. ૯૯૨૪૬ ૩૩૯૪૫

*ટ્રસ્ટ મંડળ વતી,*

**પ્રતાપ નારાણજી દંડ**

*મેનેજિંગ ટ્રસ્ટી અને પ્રમુખ*

*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*

---

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટ મંડળ અને કારોબારી સમિતિ માટે ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત

સંસ્થાના બંધારણ અનુસાર આ વર્ષે નિવૃત્ત થતા ૬ ટ્રસ્ટીઓ તેમજ ૬ કારોબારી સભ્યોની વર્ષ ૨૦૧૭-૨૦૧૮ માટે ચૂંટણી કરવાની નીચે પ્રમાણે અમો જાહેરાત કરીએ છીએ.

- **વિભાગ-૧ દાતા ટ્રસ્ટીઓ (૩ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં મુરબ્બી સભ્યો, પેટ્રન સભ્યો અને ટ્રસ્ટના પ્રતિનિધિ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી પ્રતાપ નારાણજી દંડ (દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ)
૨. શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ (દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ)
૩. શ્રી હીરેન કુંવરજી શાહ (દાતા ટ્રસ્ટના પ્રતિનિધિ)

- **વિભાગ-૨ સામાન્ય ટ્રસ્ટીઓ (માનદ્ ગ્રુપ) - (૨ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં માનદ્ સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટીઓ નિવૃત્ત થાય છે :

૧. શ્રી અશોકકુમાર સાકરચંદ મહેતા
૨. શ્રી મૂકેશ મુળજી સાવલા

- **વિભાગ-૩ સામાન્ય ટ્રસ્ટીઓ (સ્વજન ગ્રુપ) (૧ જગ્યા)**

બંધારણની કલમ-૫(૨) મુજબ આ વિભાગમાં સ્વજન તેમજ જૂના બંધારણ મુજબના આજીવન સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના ટ્રસ્ટી નિવૃત્ત થાય છે.

૧. શ્રી આણંદજી વેલજી વીરા

- **નિવૃત્ત થતા કારોબારી સભ્યો (છ જગ્યા)**

બંધારણની કલમ-૫(૩) મુજબ કારોબારી સમિતિમાં સમાજના નોંધાયેલા સભ્યો ઉમેદવારી કરી શકશે. આ વિભાગમાં નીચેના કારોબારી સભ્યો નિવૃત્ત થાય છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી બચુભાઈ હીરજી રાંભિયા | ૨. | શ્રી ગિરીશ હીરજી દેઢિયા |
| ૩. | શ્રી જશવંતકુમાર જયંતિલાલ કોઠારી | ૪. | શ્રી પંકજ મેઘજી ગોગરી |
| ૫. | શ્રી પીયૂષ હીરજી સાવલા | ૬. | શ્રી વિશાલ મહેન્દ્ર શાહ |

આ મુજબ ૬ ટ્રસ્ટીઓ અને ૬ કારોબારીના સભ્યોની ચૂંટણી કરવાની છે અને તે માટે ઉમેદવારી પત્રકો મંગાવવામાં આવે છે.

- **નોંધ :**

૧. નિવૃત્ત થતા સભ્યો ફરીથી ઉમેદવારી કરી શકશે.

૨. ટ્રસ્ટી તરીકે સામાન્ય સભ્યો તેમજ ૩૫ વર્ષથી નીચેની ઉંમરના સભ્યો ઉમેદવારી કરી શકશે નહીં.

૩. કોઈપણ સભ્ય એકથી વધારે જગ્યા ઉપર તેમજ એક જગ્યાએ ચાલુ રહીને અન્ય જગ્યા ઉપર ઉમેદવારી કરી શકશે નહીં. એક જગ્યાએ રાજીનામું આપીને જ અન્ય જગ્યા માટે ઉમેદવારી કરી શકશે.

૪. સભ્યોએ અધિકૃત ફોર્મમાં માંગવામાં આવેલ પૂરી વિગત સાથે ઉમેદવારી પત્ર ભરીને આપવાનું રહેશે. અધૂરી વિગતવાળું પત્રક રદ થવાને પાત્ર ગણાશે.

૫. જે તે કેટેગરીના સભ્યો, ટ્રસ્ટીપદ માટે તે જ કેટેગરીમાં ઉમેદવારી કરી શકશે.

- **ચૂંટણી પ્રક્રિયાનો કાર્યક્રમ**

૧. ઉમેદવારી પત્રો સમાજની પાલડી ઓફિસેથી તા. ૧૭-૦૬-૨૦૧૭થી તા. ૨૪-૬-૨૦૧૭ દરમ્યાન સવારના ૧૦થી સાંજના ૫ વાગ્યા સુધી મળશે.

૨. પૂરેપૂરાં ભરેલાં ઉમેદવારી પત્રકો બંધ કવરમાં તા. ૨૪-૦૬-૨૦૧૭ના સાંજના ૫ વાગ્યા સુધી સ્વીકારવામાં આવશે.

૩. ઉમેદવારી પત્રકોની ચકાસણી કરી ઉમેદવારોનાં નામ તા. ૨૭-૦૬-૨૦૧૭, મંગળવારના સવારે ઓફિસના નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૪. તા. ૦૩-૦૭-૨૦૧૭, સોમવારના સાંજના ૫ વાગ્યા સુધી ઉમેદવારો પોતાનાં ઉમેદવારી પત્રકો પાછાં ખેંચી શકશે.

૫. ઉમેદવારોની છેલ્લી પરિસ્થિતિની વિગતો તા. ૦૪-૦૭-૨૦૧૭, મંગળવારથી સમાજની ઓફિસે નોટિસ બોર્ડ ઉપર જાહેર કરવામાં આવશે.

૬. જરૂર પડ્યે ચૂંટણી તા. ૨૩-૦૭-૨૦૧૭, રવિવારની સામાન્ય સભામાં કરવામાં આવશે અથવા બિનહરીફ ચૂંટાયેલ ઉમેદવારનાં નામો જાહેર કરવામાં આવશે.

૭. સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.

૮. સમય : જનરલ સભાના પરિપત્રમાં જણાવવામાં આવશે.

૯. કોઈપણ ઉમેદવાર સ્વેચ્છાએ ચૂંટણી પંચ સમક્ષ જાતે હાજર થઈને અથવા પત્ર દ્વારા છેલ્લા દિવસે ઉમેદવારી પાછી ખેંચી શકશે. એ કારણે જો કોઈ અન્ય ઉમેદવાર બિનહરીફ થાય તો ચૂંટણીની જરૂરત નહીં રહે.

- **નોંધ :**

૧. તા. ૨૩-૦૧-૨૦૧૭ સુધી નોંધાયેલા સમાજના સભ્યો જ ઉમેદવારી કરી શકશે તેમજ મત આપી શકશે.

૨. ચૂંટણી અંગેની કોઈ કાર્યવાહી અંગે મતભેદ - વાદવિવાદ થાય તો તે અંગે ચૂંટણી પંચનો નિર્ણય આખરી અને બંધનકર્તા ગણાશે.

**મગનલાલ મોતીચંદ સંઘવી**
**સભ્ય – ચૂંટણી પંચ**

**નરેન્દ્ર જયંતીલાલ કોઠારી**
**સભ્ય – ચૂંટણી પંચ**

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના કર્મચારીઓનો મીટ ટુ ગેધર કાર્યક્રમ

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સ્થિત ત્રણેય ભવનો તથા મેડિકલ સેન્ટરના તમામ કર્મચારીઓનો મીટ ટુ ગેધર કાર્યક્રમ તા. ૨૬-૪-૨૦૧૭ના રોજ યોજાઈ ગયો. જેમાં સંસ્થાના પદાધિકારીઓમાંથી પ્રમુખ શ્રી પ્રતાપ નારાણજી દંડ, ઉપપ્રમુખ શ્રી મનુભાઈ શાહ, મંત્રી શ્રી કે.આર. શાહ, સહમંત્રી શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહ, ખજાનચી શ્રી કે.ડી. શાહ, સહ ખજાનચી શ્રી રમણિકલાલ કુંવરજી ગોસર તથા મેડિકલ સેન્ટરના કન્વીનર / ટ્રસ્ટી ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ ઉપસ્થિત રહેલ હતા. સાથે સંસ્થાના જનરલ મેનેજર શ્રી પ્રકાશ માંડલિયા, મેનેજર શ્રી પરાશર વ્યાસ, મેડિકલ ઑફિસર ડૉ. દક્ષાબેન રામાવત પણ હાજર રહ્યા હતા.

સૌપ્રથમ સંસ્થાના પ્રમુખશ્રીએ સંસ્થાની પ્રવૃત્તિઓ વિશે સમજ આપેલ તથા સંસ્થાએ કર્મચારીઓને સોંપેલ કાર્યવાહી પૂરેપૂરા તન-મનથી કરવાનું સૂચન કરેલ. ત્યારબાદ તમામ ઉપસ્થિત પદાધિકારીઓએ પોતાના પ્રવચનમાં કર્મચારીઓને વિનમ્રતા, કામ કરવાની ધગશ, વિવેક તથા એકબીજાના સહકારથી કામ કરવાની સલાહ આપી હતી. ત્યારબાદ સંસ્થાના કર્મચારીઓ તરફથી ઉપસ્થિત પદાધિકારીઓનું પુષ્પગુચ્છ આપીને અભિવાદન કરવામાં આવેલ અને અંતમાં સૌ સ્વરૂચિ ભોજન લઈને છૂટા પડેલ હતા.

ઉપરોક્ત કાર્યક્રમમાં લગભગ ૮૦ જેટલા કર્મચારીઓએ હાજરી આપેલ હતી.

## બાલ સમૃધ્ધિ સમિતિ

સમિતિ દ્વારા ધોરણ-૫ કે તેથી ઉપર અભ્યાસ કરનાર બાળકો માટે એક ડ્રોઈંગનો વર્કશોપ તા. ૧૪ જૂનથી તા. ૧૭ જૂન સુધી સમય સવારે ૯.૦૦થી ૧૦.૩૦ દરમિયાન રાખવામાં આવેલ છે.

***સ્થળ :*** નવનીત ભવન, બહેરામપુરા, અમદાવાદ.

***નોંધ :*** ભાગ લેવા ઈચ્છુકે પોતાના નામ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે નોંધાવવા.

***મગનલાલ મોતીચંદ સંઘવી - કન્વીનર***

જીવનની નૌકા શ્રદ્ધાના હલેસાંથી જ પાર પડે છે.
**આત્મામાં શ્રદ્ધા, પરમાત્મામાં શ્રદ્ધા, વ્યક્તિમાં શ્રદ્ધા, સમષ્ટિમાં શ્રદ્ધા, સર્જનમાં શ્રદ્ધા, સર્જકમાં શ્રદ્ધા, ભૂત - વર્તમાન - ભવિષ્યમાં શ્રદ્ધા.**
શ્રદ્ધા વિનાનું જીવન અસહ્ય છે.

***– ભાર્ગવી દોશી***

## કમળાના પેશન્ટ માટે ખોરાકની સૂચના

૧. ઘી તેલ બંધ.

૨. બાફેલા શાક ખાવા.

૩. બધા કઠોળ લઈ શકાય. (બાફીને મીઠું, મરી, લીંબુ નાખીને) ચણા, મગ, મગની દાળ.

૪. ફળ બધા લઈ શકાય. (ફળનો ઘરે બનાવેલો જ્યુસ લઈ શકાય.)

૫. દૂધ, મીઠાઈ અને મેંદો બિલકુલ બંધ.

૬. દહીં અને છાસ લઈ શકાય.

૭. વેજીટેબલ સૂપ રોજ પીવો. એના માટે બટાકા, કાંદા, દૂધી, પાલક, ટામેટાને બાફીને ક્રશ કરીને (છૂંદીને) પાણી નાંખી ઉકાળીને સૂપ બનાવવો.

૮. પાલક, તાંદળજો, મેથીના શાક ખાવા.

## તબીબી સાધનો વપરાશ માટે આપવાની યોજના

**શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર નીચે મુજબના તબીબી સાધનો દૈનિક ભાડાના ધોરણે મળી શકશે. જેઓને આ સાધનોની જરૂરિયાત હોય તેઓ શ્રી કચ્છી જૈન ભવન - પાલડી પર ફોન : ૨૬૫૭૮૮૯૨ / ૨૬૫૮૧૫૦૧ પર સંપર્ક સાધી શકશે.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. એર બેડ | રૂા.૧૦/- | ૫. વૉકર | રૂા. ૨/- | ૯. બેડ પાન | રૂા. ૨/- |
| ૨. વ્હીલ ચેર | રૂા. ૩/- | ૬. વોકિંગ સ્ટીક | રૂા. ૧/- | ૧૦. ફાઉલર બેડ | રૂા.૧૦/- |
| ૩. ઓક્સિજન સિલિન્ડર (નાનો) | રૂા. ૫/- | ૭. કમોડ ચેર | રૂા. ૩/- | ૧૧. ટેબલ ટોપ (ફાઉલર બેડ માટે) | રૂા. ૨/- |
| ૪. નેબ્યુલાઈઝર | રૂા. ૫/- | ૮. સેલાઈન સ્ટેન્ડ | રૂા. ૨/- | ૧૨. ઈલેક્ટ્રિક ઓક્સિજન મશીન | રૂા.૫૦/- |

<u>નોંધ</u> : **(૧)** સ્ટોકમાં હશે ત્યાં સુધી આ સાધનો ડીપોઝિટ આપીને ભાડેથી મેળવી શકાશે. **(૨)** સાધનો પાલડી ભવન પરથી લઈને ત્યાં જ પરત કરવાના રહેશે.

***કે. આર. શાહ - માનદ્ મંત્રી, શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ***

# વયસ્ક સમિતિ

સમિતિ તરફથી તા. ૨૨-૫-૨૦૧૭ના રોજ મિમિક્રી અને લોકસાહિત્યનો કાર્યક્રમ યોજાઇ ગયો. સૌપ્રથમ હાલમાં જ અવસાન પામેલા (૧) રૂક્ષ્મણીબેન શશીકાંત સંઘવી, (૨) સ્વ. ભોગીલાલ છગનલાલ શાહ, (૩) સ્વ. ધનસુખલાલ મોતીલાલ શાહ, (૪) સ્વ. જિતેન્દ્ર નાનાલાલ શાહ અને (૫) સ્વ. દિનેશ મણિલાલ શાહને શ્રદ્ધાંજલિ આપવા માટે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.

શ્રી રમેશ જાનીએ લહેકાદાર ભાષામાં લોકસાહિત્યની વાતોથી સૌને મુગ્ધ કર્યા હતા, તો શ્રી કૃષ્ણકાંત ઠક્કરે જાતજાતના અવાજોથી આબેહૂબ યુધ્ધનો માહોલ અને સ્વાતંત્ર્ય દિનની પરેડનો માહોલ ઊભો કર્યો હતો. આ ઉપરાંત વિવિધ પ્રકારના જોક્સથી સૌને મનોરંજન પૂરું પાડ્યું હતું.

શ્રીમતી અન્નપૂર્ણાબેન બાબુલાલ મહેતા અને શ્રી મગનલાલ મોતીચંદ સંઘવીના જન્મ દિવસને કેક કાપીને ઉજવવામાં આવ્યો હતો.

વયસ્ક સમિતિને નીચેના મહાનુભાવો તરફથી અનુદાન મળેલ છે :

૧. સ્વ. રૂક્ષ્મણીબેન શશીકાંત સંઘવી પરિવાર તરફથી રૂા. ૨૧,૦૦૦/- (હસ્તે : (૧) શ્રી અનિસ શશીકાંત સંઘવી, (૨) શ્રીમતી સીમા હેમેન ઝવેરી, (૩) શ્રીમતી મનીષા વીરેન વીરા.)
૨. શ્રીમતી અન્નપૂર્ણાબેન બાબુલાલ મહેતા તરફથી રૂા. ૫,૦૦૦/-
૩. શ્રીમતી કમલબેન શાંતિલાલ છગનલાલ શાહ તરફથી રૂા. ૫,૦૦૦/-
૪. શ્રી મગનલાલ મોતીચંદ સંઘવી તરફથી રૂા. ૫,૦૦૦/-

સમિતિ આ સર્વે દાતાઓની ખૂબ ખૂબ આભારી છે.

કાર્યક્રમ બાદ સૌ ભોજન લઈને છૂટા પડ્યા હતા.

## આગામી કાર્યક્રમ

સમિતિ દ્વારા કોઈપણ જાતના સાધન વગર પેપર કટીંગ કરી વિવિધ આકૃતિ બનાવવી, અંતાક્ષરી અને હાઉસીની રમતનો કાર્યક્રમ યોજવામાં આવનાર છે.

*તા. ૨૫-૬-૨૦૧૭ને રવિવાર*

***સ્થળ :*** શ્રી કચ્છી જૈન ભવન, પાલડી

***સમય :*** સાંજે ૪.૩૦ વાગ્યાથી.

કાર્યક્રમને અંતે સ્વરૂચિ ભોજન રાખેલ છે.

***રજનીકાંત પારેખ, કન્વીનર - વયસ્ક સમિતિ***

# મહિલા ઉત્કર્ષ સમિતિ

## આગામી કાર્યક્રમ

### યોગ દિવસ નિમિત્તે યોગ કેમ્પ

☞ *શું તમને B.P.નો પ્રોબ્લેમ છે?*
☞ *શું તમને ડિપ્રેશનનો પ્રોબ્લેમ છે?*
☞ *શું તમને ડાયાબિટીસનો પ્રોબ્લેમ છે?*
☞ *શું તમને થાઈરોઈડનો પ્રોબ્લેમ છે?*

*તો આવો બહેનો,*

એક એવા નવીન કેમ્પમાં જ્યાં યોગ નિષ્ણાત શ્રીમતી જાગૃતિ પ્રવીણ ગોંદિયા (લકુલીશ યુનિવર્સિટી) (W/o. શ્રી પ્રવીણ ગોંદિયા – ADG of Police) દ્વારા ઓડિયો વિઝ્યુઅલ પ્રેઝન્ટેશનની સાથે યોગ થેરાપી અને નેચરોપથીની સરળ વિસ્તૃત માહિતી આપશે અને આ ઘર કરી ગયેલી બીમારીઓને યોગ થેરાપીની મદદથી નિયંત્રણમાં રાખતા, practically શીખવશે.

યોગ થેરાપી એટલે પ્રાણાયામ, મેડિટેશન, આસન અને સાત્ત્વિક આહારનો સમન્વય ઉપરાંત અનુચિત આહાર વિશે પણ વિસ્તૃત સમજ આપશે, જે બીમારીઓનું મૂળ છે.

જાગૃતિબેન તેમની ટીમ સાથે આવશે. જેથી બીજું પણ ઘણું બધું શીખવા અને જાણવા મળશે.

***થાઈરોઈડ, B.P., ડાયાબિટીસ, ડિપ્રેશન વગેરેને નિયંત્રણમાં રાખીએ. તંદુરસ્ત અને ચુસ્ત રહીએ... અને જિંદગીની મજા લઈએ.***

★ *કાર્યક્રમ : યોગ કેમ્પ*
★ *તારીખ-વાર : તા. ૧૬-૬-૨૦૧૭, શુક્રવાર*
★ *સમય : બપોરના ૨.૦૦ વાગ્યાથી*
★ *સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન, પાલડી.*
★ *રજિસ્ટ્રેશન ફી : રૂા. ૫૦/-*
★ *રજિસ્ટ્રેશનનું સ્થળ : શ્રી કચ્છી જૈન ભવન - પાલડી.*
★ *રજિસ્ટ્રેશન ક્યાં સુધી? : બેચ ફૂલ થાય ત્યાં સુધી જ.*

● **ખાસ નોંધ :**

૧. ફોન ઉપર નામ નોંધવામાં આવશે નહીં.
૨. અગાઉથી રજિસ્ટ્રેશન કરાવેલ બહેનોને જ એન્ટ્રી અપાશે.
૩. બાળકોને સાથે લાવવા નહીં.
૪. સમયસર આવનાર બહેનોને લક્કી ડ્રો પદ્ધતિથી ઇનામો અપાશે.
૫. રજિસ્ટ્રેશન વહેલા તે પહેલાના ધોરણે.
૬. ચૌવિહારની વ્યવસ્થા રાખેલ છે.

***સુલુ જલદીપ શાહ - કન્વીનર***

# શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ

## વાર્ષિક કાર્યક્રમોની વિગત

*સમિતિ દ્વારા દર વર્ષે નીચે મુજબના કાર્યક્રમોનું આયોજન કરાશે, જેની નોંધ લેવા વિનંતી.*

★ જાન્યુઆરી : Positive Parenting

★ ફેબ્રુઆરી / માર્ચ : 'જ્ઞાન સાથે ગમ્મત' – ૧ દિવસીય પિકનિક

★ એપ્રિલ : Career Guidance Workshop – ૮/૧૦ દિવસ માટે
(માત્ર ધોરણ-૧૦ની પરીક્ષા આપી હોય તેવા વિદ્યાર્થીઓ માટે જ.)

★ જૂન : (૧) 'આપના બાળકને ઓળખો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકો અને વાલીઓ માટે વર્કશોપ.
(૨) 'વિદ્યાર્થીઓને પડતાં સ્ટ્રેસમાં તેને કેમ મદદ કરશો?' વિષય ઉપર ધોરણ-૧૧, ૧૨નાં વિદ્યાર્થીઓનાં વાલીઓ માટે વર્કશોપ.

★ જુલાઈ :
- 'કેવી રીતે ભણવું?' વિષય ઉપર ધોરણ-૮ થી ૧૦નાં વિદ્યાર્થીઓની વર્કશોપ.
- ધોરણ-૮થી ૧૦માં ભણતા વિદ્યાર્થીઓના વાલીઓ માટે વર્કશોપ. જેમાં તેમના વર્તન, ભણતરના સ્ટ્રેસ ઉપરાંત ન્યુટ્રીશન અંગે પણ ચર્ચા.

★ ઓગસ્ટ : 'મુગ્ધાવસ્થાના પ્રશ્નો' – ધોરણ-૫, ૬, ૭ના બાળકોના વાલીઓ માટેની ચર્ચા - પ્રશ્નો - વિચારણા.

★ સપ્ટેમ્બર : 'કેરિયર પ્લાનિંગ ધોરણ-૮થી શરૂ થાય છે' ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ અને વાલીઓ માટે.

★ ઓક્ટોબર : "Multiple Intelligence & Life Skills" – ધોરણ-૧ થી ૪નાં બાળકો માટે વર્કશોપ.

★ ડિસેમ્બર : ધોરણ-૮, ૯, ૧૦ના વિદ્યાર્થીઓ માટે એપ્ટિટ્યૂડ ટેસ્ટ.

● **નોંધ :**

૧. કાર્યક્રમો ખૂબ જ રસપ્રદ અને માહિતીસભર રહેશે.
૨. આ વાર્ષિક કેલેન્ડર છે. કાર્યક્રમ દર વર્ષે જે તે મહિનામાં જ રહેશે.
૩. ઉપરોક્ત કાર્યક્રમો જે તે વિષયના વિદ્વાન નિષ્ણાતો દ્વારા યોજવામાં આવશે.
૪. કાર્યક્રમ માટેના નિષ્ણાતો જરૂરિયાત પ્રમાણે આવશે / બદલાશે.
૫. આપણા સમાજના બાળકો - શ્રેષ્ઠ વિદ્યાર્થીઓ અને વાલીઓ (Parents) ખૂબ જ વિચારક વાલીઓ બની શકે તે આશયથી આ આયોજન કરવામાં આવેલ છે. દરેકને લાભ લેવા આગ્રહભરી વિનંતી.
૬. સૂચનો / નાવિન્યસભર ફેરફાર આવકાર્ય રહેશે.
૭. Parents ની વ્યાખ્યા માત્ર 'માતા' જ નથી, પિતા પણ આવે તેવી સમજ ડેવલપ કરવાનો પ્રયત્ન છે.
૮. મા-બાપ સિવાય, પરિવારમાં રહેતા વડીલો, દાદા-દાદી, કાકા-કાકી, નાના-નાની પણ Parents ની વ્યાખ્યામાં આવે છે. ઘરના બાળકોના સર્વાંગી વિકાસમાં બધાની સહિયારી જવાબદારી હોવાથી વડીલો ઉપરોક્ત કાર્યક્રમોમાં આવે, તેવી આશા છે.
૯. આ કાર્યક્રમ અમદાવાદમાં રહેતા સમગ્ર કચ્છી સમાજના બાળકો તથા વાલીઓ માટે છે તથા સમગ્ર ભારતનાં કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે છે.
૧૦. બહારગામથી આવતાં કચ્છી જૈન સમાજનાં બાળકોના વાલીઓએ એક મહિના અગાઉથી બાળકના નામનું રજિસ્ટ્રેશન કરાવવું જરૂરી છે.
૧૧. જે તે મહિનાનાં કાર્યક્રમોની તારીખ તથા સમય અગાઉથી 'મંગલ મંદિર'માં જણાવવામાં આવશે. તે પ્રમાણે કાર્યક્રમો યોજવામાં આવશે.
૧૨. બહારગામથી આવતા કચ્છી જૈન બાળકો તથા વાલીઓ માટે સંસ્થા તરફથી રહેવા તથા જમવાની વ્યવસ્થા કરવામાં આવશે.
૧૩. જે તે સમયે સમિતિ તરફથી જે તે કાર્યક્રમ માટે ફી નિયત કરવામાં આવશે. તે ભાગ લેનાર વિદ્યાર્થી બાળકે ભરવાની રહેશે.
૧૪. ઉપરોક્ત કાર્યક્રમ તથા તેની વિગતોમાં ફેરફાર કરવાની સંપૂર્ણ સત્તા સમિતિની રહેશે.

*કન્વીનર, શિક્ષણ તથા સર્વાંગી વિકાસ સમિતિ*

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

## તબીબી સેવા સમિતિ દ્વારા પ્રસ્તુત માહિતી

### મૂત્રાશયમાં પથરી ધરાવતાં દર્દીઓ માટે આહારસૂચિ

#### ભલામણ કરાતો આહાર

- **નાળિયેર પાણી :** તે પોટેશિયમ અને મેગ્નેશિયમથી સમૃધ્ધ હોય છે. તેથી તે પથરી થતી રોકવામાં મદદ કરે છે.
- **શાકભાજી :**

  **ગાજર કારેલા :** તે ખનિજ તત્ત્વો (મિનરલ)થી સમૃદ્ધ હોય છે. જે પથરી રોધક તરીકે કામ કરે છે.
- **ફળો અને જ્યુસ :**

  **કેળા :** તેમાં વિટામિન બી૬ ભરપૂર હોય છે જે શરીરમાં ઑક્સેલિક એસિડનું ખંડન કરી પથરી થતાં રોકે છે.

  **લીંબુ :** તેમાં સાઇટ્રેટ ભરપૂર હોય છે. જે દ્વારા કેલ્શિયમ ઑક્સલેટ પથરી થતાં રોકે છે.

  **પાઇનેપલ જ્યુસ :** તેમાં ફાઇબ્રિન્સ તોડતાં એન્ઝાઈમ્સ હોય છે જે દ્વારા કિડનીમાં પથરી થતાં ટાળી શકાય છે.
- **ફાઈબર્સ (રેષા) :**

  **જવ :** તેમાં પથરી રોધક તત્ત્વો ભરપૂર હોય છે.

  **બદામ :** તે પોટેશિયમ અને મેગ્નેશિયમથી સમૃદ્ધ હોય છે જે પથરી રોધક તરીકે કામ કરે છે.

**રોજ ઓછામાં ઓછું ૧૨ ગ્લાસ પાણી પીઓ**

#### મર્યાદિત રાખવાનો આહાર

- **શાકભાજી :**

  **ટામેટા, પાલક અને ચોળી :** તેમાં ઑક્સલેટનું પ્રમાણ વધુ હોય છે. જેના લીધે પથરી થઈ શકે છે.

  **કોબી, રીંગણ, મશરૂમ :** તેમાં યુરિક એસિડ / પ્યુરાઇનનું પ્રમાણ વધુ હોય છે. જેને લીધે પથરી થાય છે.
- **ફળો અને જ્યુસ :**

  **ચીકુ અને દ્રાક્ષ :** તેમાં ઑક્સલેટનું પ્રમાણ વધુ હોય છે. જેને લીધે પેશાબમાં પથરી થઈ શકે છે.

  **કોળુ :** તેમાં યુરિક એસિડ / પ્યુરાઇનનું પ્રમાણ વધુ હોય છે. જેને લીધે પથરી થાય છે.
- **માંસાહાર :**

  **મટન, ચીકન, માછલી, ઇંડા :** તેમાં યુરિક એસિડ / પ્યુરાઇન વધારે માત્રામાં હોય છે. જેના દ્વારા કિડનીમાં પથરી થઈ શકે છે.
- **કાજુ :** તેમાં ઑક્સલેટનું પ્રમાણ વધુ હોય છે. જેને લીધે પથરી થઈ શકે છે.
- **ચોકલેટ / કોકો અને ડ્રિંક મિક્સ, ચા અને કોફી :** તેમાં ઑક્સલેટનું પ્રમાણ વધુ હોય છે. જેના લીધે પથરી થઈ શકે છે.

### કિડનીની વિશિષ્ટ પ્રકારની પથરીઓ માટે આહાર

| કેલ્શિયમ અથવા ઑક્સલેટ પથરી | યુરિક એસિડ પથરી | સ્ટ્રુવાઇટ પથરી | સિસ્ટાઇન પથરી |
|---|---|---|---|
| ● દરરોજ ૧૦-૧૨ ગ્લાસ પાણી પીઓ.<br>● વધુ કેલ્શિયમ ધરાવતો આહાર મર્યાદિત રાખો. જેમ કે દૂધ ઉત્પાદનો અને ઉચ્ચ ઑક્સલેટ આહાર જેવા કે કોલા, પીનટ્સ, ચોકલેટ, એન્ટાસિડ્સનો વધુ પડતો ઉપયોગ ન કરો. | ● દરરોજ ૧૦-૧૨ ગ્લાસ પાણી પીઓ.<br>● ઉચ્ચ પ્યુરાઇન ધરાવતો આહાર મર્યાદિત રાખો. જેમકે માંસ, શાકભાજી, બીયર, દારૂ. | ● દરરોજ ૧૦-૧૨ ગ્લાસ પાણી પીઓ.<br>● ચેપ લાગવાથી થાય છે. તમારી એન્ટીબાયોટીક સારવારનું પાલન કરવું જોઈએ અને પુષ્કળ પાણી પીઓ. | ● દરરોજ ૧૦-૧૨ ગ્લાસ પાણી પીઓ.<br>● માછલીનું સેવન મર્યાદિત રાખો. (તેમાં મેથિયોનિન વધુ હોય છે) |

# હાર્ટ એટેક અંગે અગત્યની માહિતી

## કાર્ડિયોપલ્મોનરી રીસસીટેશન (સી.પી.આર.) / કાર્ડિયાક મસાજ

*ડૉ. ધીરેન શાહ, કે જેઓ સિમ્સ હોસ્પિટલ - અમદાવાદના ડાયરેક્ટર તથા ઉચ્ચ કોટીના કાર્ડિયાક સર્જન છે, તેઓએ ગત તા. ૧૮-૧૨-૨૦૧૬ના દિવસે ભાવનગર જઈને ૩૭ વર્ષીય બ્રેઈન ડેડ યુવાનનું હૃદય કાઢી ખાસ વ્યવસ્થા સાથે અમદાવાદ સિમ્સ હોસ્પિટલ ખાતે લાવી, ૪૯ વર્ષીય આધેડ વ્યક્તિના શરીરમાં સફળતાપૂર્વક પ્રત્યારોપણ કરેલ હતું.*

*ડૉ. ધીરેન શાહ તથા તેમની ખાસ ડૉક્ટરોની ટીમ દ્વારા શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ આયોજિત એક કાર્યક્રમમાં અંગદાનના મહત્ત્વ અંગેનું વક્તવ્ય તથા આકસ્મિક મેડિકલ સહાય અંગેનું માર્ગદર્શન આપતું લાઈવ ડેમોન્સ્ટ્રેશન આપેલ હતું. ત્યારબાદ તેમની સાથે આવેલ ડૉક્ટરશ્રીએ જ્યારે કોઈ વ્યક્તિને હાર્ટ ઍટેક આવે ત્યારે તરત જ શું કરવું અને કેવી રીતે દર્દીને પ્રાથમિક સારવાર આપવી તે વિસ્તારપૂર્વક સમજાવેલ હતું. ડૉ. ધીરેન શાહે હાજર રહેલા સભ્યોને જણાવેલ કે તેઓને અત્યારે સમજાવવામાં આવેલ હાર્ટ ઍટેકની પ્રાથમિક સારવાર પધ્ધતિ, ક્રમસર લખીને મોકલે જેથી મોકલનારને યાદ રહે અને બીજાને સમજાવી શકે. તે વખતે કદાચ કોઈએ નોંધ લીધી ન હોય કે ભૂલી ગયા હોય, તો ડૉ. ધીરેન શાહ દ્વારા વ્યવસ્થિતપણે સચોટ માર્ગદર્શન આપતું લખાણ નીચે મુજબ આપવામાં આવ્યું છે.*

- **સીપીઆર શું છે?**

સીપીઆર એ 'એકાએક હૃદય બંધ પડી જવાની ઘટના' દરમિયાન વ્યક્તિને આપવામાં આવતી તાત્કાલિક સારવાર છે. ડૉક્ટર, નર્સ અથવા પેરામેડિકલ વ્યક્તિ અને જો યોગ્ય તાલીમ લીધી હોય તો કોઈપણ સામાન્ય વ્યક્તિ આ સારવાર આપી શકે છે. આ સારવાર આપવાથી ગંભીર વ્યક્તિને આગળની સારવાર માટે કોઈ યોગ્ય હોસ્પિટલ સુધી પહોંચાડી શકાય છે. સીપીઆર કરવાથી વ્યક્તિની ત્યાં સુધી જીવિત રહેવાની શક્યતા ખૂબ વધી જાય છે.

- **સીપીઆરનું મહત્ત્વ :**

સીપીઆર (કાર્ડિયાક મસાજ) આપવાથી હૃદય બંધ પડી ગયેલી વ્યક્તિના શરીરમાં લોહીનું પરિભ્રમણ ચાલુ રાખી શકાય છે. આમ થવાથી શરીરના મહત્ત્વના અંગો જેવા કે મગજ, કિડની, લીવર, હૃદય વગેરેને લોહી મળતું રહે છે અને આવી વ્યક્તિને જો તાત્કાલિક હોસ્પિટલ પહોંચાડવામાં આવે તો તેમની જિંદગી બચવાની શક્યતા ખૂબ વધી જાય છે.

- **સીપીઆર – સામાન્ય વ્યક્તિએ શીખવું જરૂરી છે :**

હાર્ટ ઍટેક, સ્ટ્રોક વગેરે જેવી ગંભીર બીમારી કોઈને પણ, ક્યારે પણ થઈ શકે છે. આવા ઘણાં દર્દીઓમાં હૃદય એકાએક બંધ પડી જાય છે. તબીબી મદદ / એમ્બ્યુલન્સ મળે ત્યાં સુધી દર્દીને કાર્ડિયાક મસાજ આપવો જરૂરી છે. જો કોઈ વ્યક્તિ આ સારવાર પધ્ધતિ શીખી હોય તો પોતાના પરિવાર / સમાજ / પડોશમાં કોઈને પણ મદદરૂપ થઈ શકે છે. (અમારી એમ્બ્યુલન્સને બોલાવવા માટે તમે સિમ્સ હોસ્પિટલને આ નંબર પર જાણ કરો : ૯૮૨૪૦ ૫૦૦૦૦, ૯૭૨૩૪ ૫૦૦૦૦, ૯૦૯૯૦ ૧૧૨૩૪ અથવા ગુજરાત સરકારની '૧૦૮' સેવાને જાણ કરો.)

- **સીપીઆરની સારવાર કેવી રીતે આપવી?**

દર્દીને સપાટ અને નક્કર જગ્યા પર સુવડાવો.

જ્યારે તમે એકલા હો અને અચાનક કોઈ વ્યક્તિને જમીન પર પડેલી જુઓ, તો સૌથી પહેલાં એ ચકાસી લો કે શું એને ખરેખર સીપીઆરની જરૂર છે?

૧. તેના શ્વાસ સામાન્ય ચાલે છે?

૨. તમને તેનામાં કંઈ હલનચલન થતું જણાય છે?

તમને એવું લાગે કે એ વ્યક્તિમાં જીવિત હોવાનાં લક્ષણો જણાતાં નથી, તો તરત જ સીપીઆર આપવાનો સમય છે.

***વ્યક્તિ સાચે બેહોશ છે કે નહીં એ તપાસો...***


★ બંને ખભા ઉપર ઢંઢોળો.

★ પ્રતિક્રિયા ચકાસો.


★ જો કોઈ પ્રતિક્રિયા ન મળે તો તાત્કાલિક ફોન કરી તબીબી મદદ બોલાવો.



*જો વ્યક્તિમાં જીવિત હોવાના કોઈ લક્ષણો જોવા ન મળે તો તરત જ છાતી પર દબાણ આપવાનું શરૂ કરી દો.*




*મિનિટ દીઠ ૧૦૦-૧૨૦ વાર દબાણ આપો.*




- **છાતી પર દબાણ કઈ રીતે આપવું?**

★ વ્યક્તિની છાતીની વચ્ચોવચ્ચ તમારા બંને હાથ મૂકો. તમારા એક હાથ પર બીજો હાથ રાખો.

★ હવે છાતી પર મિનિટમાં ૧૦૦-૧૨૦ વાર દબાણ આવે એ રીતે જોરથી દબાવો અને દરેકવાર દબાણ આપ્યા પછી દર્દીને થોડી રાહત થાય એ ધ્યાન આપો. દરેક દબાણ વખતે છાતી ૨ ઇંચ અથવા ૫ સે.મી. દબાવવી જોઈએ.

★ ક્યારેય મોં દ્વારા શ્વાસોચ્છવાસ આપવાનો પ્રયત્ન ન કરો અને છાતી પર દબાણ આપવાનું ચાલુ રાખો.

જો ઓટોમેટેડ એક્સટર્નલ ડેફિબિલેટર (એઈડી) ઉપલબ્ધ હોય તો તેનો તરત જ ઉપયોગ કરો.

નવી માર્ગદર્શિકા પ્રમાણે, મોં દ્વારા શ્વાચોચ્છવાસ આપવા જરૂરી નથી. જો તમે તાલીમ લીધેલી ન હોય અથવા અનુકૂળ ન લાગતું હોય તો માત્ર છાતી પર દબાણ આપવાનું સતત ચાલુ રાખો.




*એઈડી ઘણા જાહેર સ્થળોએ ઉપલબ્ધ હોય છે.*

*એઈડી – એવું મશીન છે જેના દ્વારા વ્યક્તિના હૃદયના ધબકારાની ગતિનો ખ્યાલ આવે છે અને તે આપોઆપ શોક આપે છે.*

*જો દર્દી બચી જાય, તો પછી તેને આરામદાયક સ્થિતિમાં સુવડાવી દો.*



***દરેક વાચકોને નમ્ર વિનંતી કે ઉપરોક્ત વિગત સમજે તથા સંભાળીને રાખે.***

**તમારા પ્રિયજનોનું જીવન બચાવવા સીપીઆર શીખો**
**(કાર્ડિયોપલ્મોનરી / રીસસીટેશન / કાર્ડિયાક મસાજ)**

**સિમ્સ હોસ્પિટલ નિયમિતપણે સીપીઆર કોર્સિસનું આયોજન કરે છે.**

*અમેરિકામાં તો દરેક ઘરમાં એક પુખ્ત વ્યક્તિને કાર્ડિયાક મસાજ કરતા આવડવું જ જોઈએ તેવો આગ્રહ રાખવામાં આવે છે.*

*....જે વ્યક્તિનું હૃદય એકાએક બંધ પડી ગયું હોય તેને આપવામાં આવતી તાત્કાલિક સારવાર પધ્ધતિ, જેણે યોગ્ય તાલીમ લીધેલી હોય તે વ્યક્તિ આ સારવાર આપી શકે છે.*

*સીપીઆર કોર્સનું સંચાલન નીચે દર્શાવેલ ડૉક્ટર્સ દ્વારા કરવામાં આવે છે*

*(૧) ડૉ. નીરેન ભાવસાર, (૨) ડૉ. ભાગ્યેશ શાહ, (૩) ડૉ. હીરેન ધોળકિયા, (૪) ડૉ. વિપુલ ઠક્કર*

*એક શાંત, સુંદર ઘર, એક સંપભર્યો પરિવાર, થોડાં સુંદર પુસ્તકો, ચાહવા ગમે એવાં અને તમને ચાહતા મિત્રો, થોડી નિર્દોષ, નિષ્કલંક હસી-મજાક, સત્ય પરત્વે નિષ્ઠા, શ્રદ્ધા, વિશ્વાસ, પ્રેમ અને આશાથી ભર્યોભર્યો એક નિર્દંભ ધર્મ – બસ આટલું હોય તો સમગ્ર સૃષ્ટિનાં તમામ સુખો તમારાં ચરણ ચૂમતાં હશે.*

*– ભાર્ગવી દોશી*

# શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદનો માસિક અહેવાલ

## મે - ૨૦૧૭

- **તા. ૧-૫-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ તથા શ્રી આશિષ મહેતાએ વિદ્યુત કન્સલ્ટન્સીવાળા શ્રી વરુણભાઈ મોડાસિયા તથા તેમના પ્રતિનિધિ શ્રી હિતેશભાઈ મિસ્રી સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચારેય માળના ઈલેક્ટ્રિક વાયરિંગ તથા પાવર ડિસ્ટ્રીબ્યુશન અંગે ચર્ચા વિચારણા કરેલ હતી. તેઓએ આપણા ભવનના ચારેય માળ ઉપર વિગતવાર વાયરીંગની સમજ મેળવી હતી અને તેઓનો અભિપ્રાય હતો કે આપણો વીજળીનો વપરાશ, અત્યારનો ઉપલબ્ધ જથ્થો તથા વીજળીની વહેંચણીની પધ્ધતિ બિલકુલ યોગ્ય નથી. જેનો સર્વે કરીને ફરી વ્યવસ્થિત કરવાની જરૂરત છે. આ બદલ તેઓને વ્યવસ્થિત નકશા બનાવવા માટે કેટલો ખર્ચ લાગે તે માટેનું એસ્ટીમેટ મોકલી આપવા જણાવેલ હતું.

- **તા. ૯-૫-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.આર. શાહ તથા શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહે સંસ્થાના સ્ટાફની કામગીરીના ફેરફાર અંગે અત્યાર સુધી થયેલ ચર્ચા વિચારણાની સમીક્ષા કરેલ હતી તથા તે પ્રમાણે બધા જ હોદ્દેદારોની મિટિંગ નક્કી કરી શ્રી પ્રકાશભાઈ માંડલિયાને જણાવવું તેમ નક્કી કરવામાં આવેલ હતું.

- **તા. ૧૦-૫-૨૦૧૭**

★ આજે સવારના ૧૦ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી કે.ડી. શાહ તથા શ્રી રમણિકલાલ કુંવરજી ગોસરે શ્રી પ્રકાશભાઈ માંડલિયા સાથે સંસ્થાના ત્રણેય ભવનોના સ્ટાફની કાર્યવાહી અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી સ્ટાફની કામગીરી અંગેના ફેરફારો નક્કી કરેલ હતા અને તે પ્રમાણેનો ચાર્ટ બનાવવા માટે શ્રી માંડલિયા સાહેબને જણાવવામાં આવ્યું હતું.

- **તા. ૧૨-૫-૨૦૧૭**

★ આજે સવારે શ્રી પ્રતાપ નારાણજી દંડે સંસ્થાના જનરલ મેનેજર શ્રી પ્રકાશ માંડલિયા સાથે સ્ટાફની ફેરબદલી અંગે વાતચીત કરી તથા સૌ હોદ્દેદારોએ નક્કી કરેલ બદલી પ્રમાણે સ્ટાફને કામની વહેંચણી કરવા માટે જનરલ મેનેજરશ્રીને તેમની સહીથી સરક્યુલર રવાના કરવાનું જણાવેલ હતું.

- **તા. ૧૫-૫-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, શ્રી પીયૂષ પારેખ તથા શ્રી આશિષ મહેતાએ આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ તથા ઈલેક્ટ્રિકવાળા શ્રી પીયૂષ સોની સાથે શ્રી કચ્છી જૈન ભવન - પાલડી ખાતે ચોથા માળે ચાલતા રૂમોના રિનોવેશન અંગે તથા વાયરીંગ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરેલ હતી. નક્કી થયા મુજબના ઈલેક્ટ્રિક વાયરીંગ તથા રૂમ ફર્નિચરના એરેન્જમેન્ટના પ્લાન શ્રી મુકુલભાઈ શેઠ બનાવીને મોકલી આપશે તેમ નક્કી કરવામાં આવેલ હતું.

- **તા. ૧૬-૫-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, ડૉ. હિતેન્દ્ર મોહનલાલ શાહ તથા શ્રી હસમુખભાઈ બાબુભાઈ શાહે મેડિકલ સેન્ટરની પ્રવૃત્તિઓ વિકસાવવા માટે ચર્ચા વિચારણા કરેલ હતી. અગાઉ દીપ ઈન્ડસ્ટ્રીઝ તરફથી સી.ટી. સ્કેન તથા એમ.આર.આઈ. સેન્ટર ચાલુ કરવાની જે દરખાસ્ત, તેમાં જો તેઓ સહમત થતા હોય તો શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના હોલોપ્લિન્થમાં ફક્ત સી.ટી. સ્કેન સેન્ટર ચાલુ કરવું તેમ તેઓ સાથે ચર્ચા કરવા માટે નક્કી કરવામાં આવ્યું હતું.

- **તા. ૧૯-૫-૨૦૧૭**

★ આજે સવારના ૧૧ વાગે શ્રી પ્રતાપ નારાણજી દંડ, આર્કિટેક્ટ શ્રી મુકુલભાઈ શેઠ તથા સિવિલ કોન્ટ્રાક્ટર શ્રી અનિલ સથવારાએ શ્રી કચ્છી જૈન ભવન - પાલડીના ૪થા માળે ચાલતા રીનોવેશનના કામનું નિરીક્ષણ કરી બાથરૂમો તથા ડોરમેટરીને વ્યવસ્થિત કરવા માટે જરૂરી ચર્ચા વિચારણા કરેલ હતી અને તે પ્રમાણે કામ કરવા માટે શ્રી અનિલ સથવારાને જણાવવામાં આવેલ હતું.

- **તા. ૨૧-૫-૨૦૧૭**

★ આજરોજ સવારના સંસ્થાના ટ્રસ્ટ મંડળની એક મિટિંગ મળેલ હતી. આ મિટિંગમાં સંસ્થાની પ્રવૃત્તિઓ તથા કાર્યવાહી અંગે ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણયો સર્વાનુમતે લેવામાં આવ્યા હતા. ■

*જે દાન આપી શકે તે જ ધનનો ખરો માલિક છે*
*બાકી તો બધા જ સંપત્તિના વોચમેન છે.*

# ઊડતી નજરે....


**માસ એપ્રિલ-૨૦૧૭ દરમ્યાન શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વિવિધ સેવાઓનો લાભ લેનાર વ્યક્તિઓ**

| ક્રમ | | સેવાઓ | લાભ લેનાર વ્યક્તિઓ |
|---|---|---|---|
| ૧. | | **માતુશ્રી સાકરબેન રવજી મોરારજી લાલન (કોડાય - સુપ્રીમવાલા) શ્રી કચ્છી જૈન ભવન, પાલડી, અમદાવાદ** | |
| | (અ) | **શ્રી નવનીત મેડિકલ સેન્ટર તથા શ્રીમતી પ્રભાવતીબહેન કાંતિલાલ વેલજી સાવલા મેડિકલ ચેક-અપ સેન્ટર, પાલડી, અમદાવાદ.** | |
| | ● | કુલ લાભ લેનાર વ્યક્તિઓ | ૧૧,૫૧૮ |
| | | જેમાંથી – | |
| | ● | શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદની વ્યક્તિઓ ........ **૪૮૬** | |
| | ● | સાધુ-સાધ્વીજી મહારાજ સાહેબો ........ **૧૦૯** | |
| | ● | મોતિયા - આંખનાં ઑપરેશન (સાપ્તાહિક બે દિવસ) ........ **૧૪** | |
| | ● | સોનોગ્રાફી ........ **૧૨૬૭** | |
| | ● | ટી.એમ.ટી. (માત્ર ડૉક્ટર દ્વારા ભલામણથી) ........ **૩૧** | |
| | ● | બોડી ચેક-અપ ........ **૪૮૬** | |
| | ● | અન્ય ........ **૯,૧૨૫** | |
| | (બ) | **માતુશ્રી કંકુબેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, પાલડી, અમદાવાદ** | |
| | | કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૭૧૮** | |
| | | શ્રી કચ્છી જૈન ભવન - પાલડીની કેન્ટીનમાં કુલ લાભ લેનાર વ્યક્તિઓ ........ **૨,૮૧૭** | ૩,૫૩૫ |
| ૨. | | **જી.એમ.ડી.સી. પ્રાયોજિત શ્રી કચ્છી વિશ્રામ ગૃહ - શાહીબાગ, અમદાવાદ** | |
| | ● | શ્રી કચ્છી વિશ્રામ ગૃહમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૨,૦૧૭** | |
| | ● | કેન્ટીનમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૫,૧૬૦** | |
| | ● | શ્રી જલારામ અન્નક્ષેત્રમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૧૧૬** | |
| | ● | કચ્છ સંસ્કૃતિ મ્યુઝિયમની મુલાકાત લેનાર કુલ વ્યક્તિઓ ........ **૮૮૯** | |
| | ● | શ્રી ધીરજલાલ ટોકરશી કાપડિયા ડાયાલિસિસ સેન્ટરમાં લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૪૫૩** | ૮,૬૩૫ |
| ૩. | | **માતુશ્રી કંકુબહેન કાનજીભાઈ રવજી (નાની ખાખરવાલા) સેવા ભવન, ગીતા મંદિર, અમદાવાદ** | |
| | | લાભ લેનાર કુલ વ્યક્તિઓ ........ **૩૬૩** | ૩૬૩ |
| | | માસ એપ્રિલ-૨૦૧૭ દરમ્યાન વિવિધ પ્રકારની સેવાઓનો લાભ લેનાર કુલ વ્યક્તિ ........ | ૨૪,૦૫૧ |

# મેરેજ બ્યુરો

**શ્રી કચ્છી જૈન ભવન પર કોઈ પણ જ્ઞાતિના યુવક - યુવતી માટે મેરેજ બ્યુરો કાર્યરત છે. આપશ્રી આપનું નામ રજિસ્ટર કરાવીને મેચીંગ સંબંધી જરૂરી વિગતો મેળવી શકશો. રૂબરૂ મુલાકાત માટે દર શનિવારે બપોરે ૩.૦૦થી ૬.૦૦નો સમય નક્કી કરવામાં આવેલ છે. જરૂરિયાત અનુસાર આપશ્રી મેરેજ બ્યુરો સમિતિના કન્વીનર શ્રી હીરજી પાસુ શાહનો મોબાઈલ નંબર ૯૮૨૫૩ ૮૦૮૬૬ પર સંપર્ક સાધી શકશો.**

*હીરજી પાસુ શાહ, કન્વીનર - મેરેજ બ્યુરો સમિતિ*
*શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ*


સનગ્લાસ
કલેકશન 2016
GRADED
CLUBMASTER
MORE STYLES
SPORT
WAYFARER
SHIELD
AVIATOR
Powered sunglasses in different styles also available.
GANGAR
EYENATION
INDIA'S LEADING EYEWEAR CHAIN
મુંબઈ | પુણે | નાશિક | ઔરંગાબાદ | સાંગલી | સોલાપુર | નાગપુર | કોલ્હાપુર | અમદાવાદ | આણંદ
સુરત | નવસારી | વડોદરા | ગાંધીનગર | ગાંધીધામ | ભુજ | રાજકોટ | જામનગર Infoline: 022-2419 5555




To know more about us, call us today

**CORPORATE OFFICE : V-Trans India Limited,** 6, Corporate Park, V. N. Purav Marg, Chembur, Mum - 400071
Tel: + 91 25220423 – 26 | Toll Free: 1800 220 180 | Email: info@vtransgroup.com

V-TRANS Driving Excellence

Our other Divisions

V-Xpress Safe and Reliable - For Your Peace of Mind

V-Logis Warehousing & Inventory Management


BLAZO
Blazo Clothing Mfg. Co. Pvt. Ltd.
310, Amit Industrial Estate, 61, Dr. S.S. Rao Road
near Gandhi Hospital, Parel, Mumbai - 400012
Tel: (022) 24124595, 24168645, 24115010, 24104290
blazoorder@yahoo.co.in / www.blazoclothing.com

"Mangal Mandir" - "Regd. under Postal Registration No. GAMC-315/2015-2017 Valid upto 31st December, 2017 issued by the SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 5th of Every Month."
R.N.I. No. of RNP is 33266/1978 • Published on 1st of Every Month

